વાચકવર શ્રીમાન્ ઉમાસ્વાતિજી વિરચિત સ્વોપજ્ઞભાષ્યઅલંકૃત

# તત્ત્વાર્થાધિગમસૂત્ર

શબ્દશઃ વિવેચન

ભાગ - ૧

અધ્યાય : પ્રથમ



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# તત્ત્વાર્થાધિગમસૂત્ર

## શબ્દશઃ વિવેચન

## પ્રથમ અધ્યાય ❖ ભાગ-૧


✻ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ✻

**વાચકવર શ્રીમાન્ ઉમાસ્વાતિજી મહારાજા**

✻ દિવ્યકૃપા ✻

**વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ**
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,**
**પ્રાવચનિકપ્રતિભાધારક પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા**

✻ આશીર્વાદદાતા ✻

**વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ**
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન**
**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

✻ વિવેચનકાર ✻

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✻ સંકલનકારિકા ✻

**સ્મિતા ડી. કોઠારી**



✻ પ્રકાશક ✻

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# તત્ત્વાર્થાધિગમસૂત્ર પ્રથમ અધ્યાય ભાગ-૧ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**


વીર સં. ૨૫૩૫ ✦ વિ. સં. ૨૦૬૫ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

વીર સં. ૨૫૪૧ ✦ વિ. સં. ૨૦૭૧ ✦✦✦ આવૃત્તિ : દ્વિતીય ✦ નકલ : ૨૦૦

**મૂલ્ય : રૂ. ૨૩૦-૦૦**


卐 **આર્થિક સહયોગ** 卐

**પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી**

સુરત નિવાસી

**શ્રીમતિ લલિતાબેન લલ્લુભાઈ ઝવેરી પરિવાર**

હાલ મુંબઈ. હસ્તે : વિનીતભાઈ


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૧૦

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

Visit us online : gitarthganga.wordpress.com

✻ મુદ્રક ✻

મુદ્રેશ પુરોહિત

સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮. ફોન : ૦૨૭૧૭-૨૩૦૧૧૨



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

## તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ-૧ પ્રથમ અધ્યાય શબ્દશઃ વિવેચનની

# સંકલના

આત્મા માટે તત્ત્વભૂત એવી મોક્ષઅવસ્થા છે અને તેના પ્રાપ્તિના ઉપાયોને બતાવનારા એવા પદાર્થોના અધિગમને=બોધને, કરાવનાર સૂત્ર તે "તત્ત્વાર્થાધિગમ સૂત્ર."

તત્ત્વાર્થસૂત્ર રચવાનું પ્રયોજન શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રીએ સ્વોપજ્ઞ સંબંધકારિકા બનાવેલ છે અને તેમાં પણ પ્રથમ કહેલ છે કે આ જન્મ દુઃખનું કારણ છે તોપણ રત્નત્રયીની પ્રાપ્તિથી આ જન્મ સફળ છે. માટે આ જન્મના ઉચ્છેદ અર્થે શક્તિના પ્રકર્ષથી જીવે રત્નત્રયીમાં ઉદ્યમ કરવો જોઈએ. કદાચ તેવી પ્રકર્ષવાળી શક્તિ ન હોય તો મનુષ્યજન્મમાં સદ્ગતિની પરંપરાની પ્રાપ્તિ થાય તેવા કુશળ કૃત્યોમાં જ ઉદ્યમ કરવો જોઈએ.

વળી, રત્નત્રયીમાં ઉદ્યમ કરનારા અને કુશળ કૃત્યમાં ઉદ્યમ કરનારા જીવો કેવા હોય છે ? તેનો બોધ કરાવવા અર્થે સંસારવર્તી સર્વ જીવોને અધમાધમ આદિ છ ભેદોમાં વિભક્ત કરીને બતાવેલ છે અને તેમાં પણ જે ઉત્તમોત્તમ તીર્થંકર છે તેઓ કેવા છે ? અને તેઓ જગતમાં પૂજ્ય છે તેનું સ્વરૂપ બતાવ્યા પછી સંક્ષેપથી વર્તમાન તીર્થના ઉપકારી વીર ભગવાન જન્મથી માંડીને કેવા ઉત્તમ હતા ? તેનું સ્વરૂપ બતાવેલ છે. અને તેઓને નમસ્કાર કરીને જગતના જીવોને રત્નત્રયીની પ્રાપ્તિનું કારણ બને તેવા તત્ત્વાર્થસૂત્રની રચના કરવાની પ્રતિજ્ઞા કરેલ છે અને ભગવાને બતાવેલ રત્નત્રયીનું પરિપૂર્ણ સ્વરૂપ ગ્રંથકારશ્રી માટે બતાવવું અશક્ય હોવા છતાં સ્વશક્તિ અનુસાર પરના હિત માટે ગ્રંથકારશ્રીએ રત્નત્રયીનું સ્વરૂપ પ્રસ્તુત ગ્રંથમાં કાંઈક વિસ્તારથી કરેલ છે. જે દશ અધ્યાયમાં વિભક્ત છે.

તત્ત્વાર્થસૂત્રના પ્રારંભમાં પ્રથમ બતાવ્યું કે રત્નત્રયી જ મોક્ષમાર્ગરૂપ છે અને તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રાત્મક છે. ત્યારપછી તે રત્નત્રયીના અવયવભૂત સમ્યગ્દર્શન તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ છે, તેમ બતાવ્યું અને આ તત્ત્વાર્થનું શ્રદ્ધાન નિસર્ગથી અને અધિગમથી થાય છે.

અધિગમ એટલે સમ્યગ્દર્શનની પ્રાપ્તિના ઉપાયમાં કરાયેલો સમ્યગ્ વ્યાયામ અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સમ્યગ્ વ્યાયામ કરવા અર્થે ગ્રંથકારે જીવાદિ સાત તત્ત્વો સૂત્ર-૧/૪માં બતાવેલ છે. અને તે જીવાદિ તત્ત્વોનો બોધ કરવા માટે કયા-કયા દ્વારોથી બોધ કરવો આવશ્યક છે તે સૂત્ર-૧/૫ થી ૮ સુધી બતાવેલ છે. જે દ્વારોથી જીવાદિ સાત તત્ત્વોનો બોધ કરવામાં આવે તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિના અનન્ય ઉપાયભૂત સાત તત્ત્વોનો મર્મસ્પર્શી બોધ થાય છે અને યોગ્ય જીવને ઉપદેશક તે સાત તત્ત્વોનો સૂક્ષ્મ બોધ કરાવે તો ભગવાને બતાવેલા સાત તત્ત્વોમાં જિનવચન અનુસાર નિષ્પ્રકંપ રુચિ પ્રગટે છે, જેનાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

વળી, સૂત્ર-૧માં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ બતાવેલ. તેથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવ્યા પછી મોક્ષમાર્ગના અવયવભૂત સમ્યગ્જ્ઞાનનું વર્ણન કરતાં ગ્રંથકારે સૂત્ર-૧/૯થી સૂત્ર-૧/૩૧ સુધી પાંચ જ્ઞાનોનું વિસ્તારથી સ્વરૂપ બતાવ્યું. તેમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવલજ્ઞાન એ પાંચે જ્ઞાનો ક્રમસર ચારિત્રની પ્રાપ્તિ પ્રત્યે કઈ રીતે કારણ છે તેનો બોધ કરીને યત્ન કરવામાં આવે તો પાંચે જ્ઞાનોનાં બળથી અંતે કેવલજ્ઞાન દ્વારા સર્વસંવરરૂપ યોગનિરોધની પ્રાપ્તિ થાય છે, જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે તેનો યથાર્થ બોધ થાય.

વળી, આ પાંચે જ્ઞાનો એક સાથે એક જીવમાં કેટલા હોય છે ? તે સૂત્ર-૩૧માં બતાવેલ છે.

વળી, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન આ ત્રણ જ્ઞાન વિપરીત પણ હોય છે. તેથી જેમ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન મોક્ષનું કારણ છે તેમ વિપરીત એવા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન સંસારનું કારણ છે તે સૂત્ર-૩૨માં બતાવેલ છે.

વળી, પ્રથમ સૂત્ર પ્રમાણે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ બતાવ્યા પછી સમ્યક્ચારિત્રનું સ્વરૂપ બતાવવું જોઈએ, છતાં ગ્રંથકારશ્રીએ ખુલાસો કર્યો કે સમ્યક્ચારિત્રનું સ્વરૂપ નવમા અધ્યાયમાં કહીશું અને જીવાદિ સાત તત્ત્વોનો બોધ પ્રમાણનયથી થાય છે. તેથી સૂત્ર-૩૪ અને ૩૫માં નયોનું વર્ણન કર્યું. જેથી નયોની દૃષ્ટિ અને પાંચ જ્ઞાનોરૂપ પ્રમાણની દૃષ્ટિ દ્વારા મોક્ષમાર્ગનો યથાર્થ બોધ કરી શકાય. તેથી નયના જિજ્ઞાસુએ સૂત્ર-૩૪ અને ૩૫ના વર્ણનથી જ તેનું સ્વરૂપ જાણવા યત્ન કરવો જોઈએ.

આ રીતે પ્રથમ અધ્યાયમાં સંક્ષેપથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર મોક્ષમાર્ગ છે, એમ બતાવેલ છે. તેથી એ ફલિત થાય કે કોઈક રીતે જીવમાં નિર્મળ મતિ પ્રગટે તો ભગવાનના વચનની યથાર્થ શ્રદ્ધા થાય અને તે શ્રદ્ધા તીવ્ર ન હોય તો સમ્યક્ત્વ નથી, પરંતુ સમ્યક્ત્વને અભિમુખ ભાવ છે અને સમ્યગ્દર્શનના ઉપાયભૂત જીવાદિ પદાર્થોમાં પ્રસ્તુત અધ્યાયમાં બતાવ્યું તે પ્રમાણે સમ્યગ્ વ્યાયામ કરવામાં આવે તો તે તત્ત્વાર્થશ્રદ્ધાન સ્થિર થાય છે અને જીવને ભગવાનનાં વચનમાં મેરુ જેવી નિષ્પ્રકંપ રુચિ પ્રગટે છે, ત્યારે જિનવચન અનુસાર આખો યોગમાર્ગ અત્યંત સારભૂત દેખાય છે અને સર્વ ઉદ્યમથી તે યોગમાર્ગને સેવવાનો અભિલાષ પ્રગટે છે. ત્યારપછી તે યોગમાર્ગનો વિસ્તારથી બોધ કરવા અર્થે સત્શાસ્ત્રોનું અધ્યયન કરે તો શ્રુતજ્ઞાન પ્રગટે છે અને તે શ્રુતજ્ઞાનથી નિર્મળ થયેલી મતિ સમ્યગ્ચારિત્રમાં યત્ન કરાવે તો ક્રમે કરીને અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન પ્રગટે છે, જે મોક્ષપ્રાપ્તિમાં પ્રબળ કારણ છે અને જેમ શ્રુતથી પરિકર્મિત થયેલી મતિ સમ્યગ્ ચારિત્રમાં ઉદ્યમ કરાવીને કેવળજ્ઞાન સુધીની પ્રાપ્તિ કરાવે છે, તેમ કેવળજ્ઞાન પણ યોગનિરોધરૂપ સર્વસંવરચારિત્રની પ્રાપ્તિ દ્વારા પૂર્ણ યોગમાર્ગને પ્રાપ્ત કરાવે છે. તેથી ચૌદમા ગુણસ્થાનકે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર પ્રકર્ષવાળા બને છે. જેના ફળરૂપે દુઃખનિમિત્ત એવા આ જન્મનો અંત થાય છે અને પૂર્ણ સુખમય એવી જીવની અવસ્થારૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે અને તેની પ્રાપ્તિ અર્થે યોગ્ય જીવના ઉપકાર માટે ગ્રંથકારે પ્રસ્તુત ગ્રંથની રચના કરેલ છે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગાદિથી ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તે બદલ 'મિચ્છા મિ દુક્કડમ્' માંગું છું.

**– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વિ. સં. ૨૦૭૧, શ્રાવણ સુદ-૩**
**તા. ૧૭-૮-૨૦૧૫, સોમવાર**

**૩૦૨, વિમલવિહાર,**
**સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

# ※ સંપાદિકાનું કથન ※

સન્મતિતર્કપ્રકરણ, તત્ત્વાર્થાધિગમસૂત્ર, દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ આદિ જૈનશાસનના મહાન ગ્રંથો છે. બધા જ દર્શનોની દાર્શનિક વાતો એમના એકાદ ગ્રંથમાં જેમ કે ભગવદ્ગીતા, બાઈબલ, કુરાનાદિમાં સમાઈ જતી હોય છે. જૈનદર્શનના શ્રુતસાગરમાં અત્યારે ૪૫ આગમો ઉપલબ્ધ છે. શ્રી ઉમાસ્વાતિવાચકવર વિરચિત શ્રી તત્ત્વાર્થસૂત્રમાં આ શ્રુતસાગરને ઉતારવાનો યત્ન કરેલ છે.

પ્રારંભમાં પ્રથમ સૂત્રમાં જ **"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।"** કહીને આ ત્રણમાંથી એક જ પ્રગટે તો ન ચાલે પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેનો સમૂહ એ જ ભગવાનનાં શાસનમાં બતાવેલો મોક્ષમાર્ગ છે, અને તેનો જ યથાર્થ બોધ થાય તે રીતે કાંઈક વિસ્તારથી અને કાંઈક સંગ્રહથી પ્રસ્તુત ગ્રંથમાં બતાવવા યત્ન કરેલ છે, જેના ૧૦ અધ્યાય છે તેમાંથી પ્રથમ અધ્યાયમાં સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રનો બોધ કરવા અર્થે અનેક દ્વારોથી વિચારણા કરી છે. આ દ્વારોની વિચારણા જૈનશાસનની આગવી વિશેષતા છે જેનાથી પદાર્થોનો અનેક રીતે બોધ થાય છે. જેથી સંસારથી ભય પામેલા અને મોક્ષના અર્થી જીવોને અત્યંત ઉપકારક આ ગ્રંથ છે. તેથી યોગ્ય જીવો તેના પરમાર્થને જાણવા યત્ન કરે અને આત્મહિત સાધે તે જ કામનાથી આ ગ્રંથ સંપાદન કાર્યમાં યત્ન કરેલ છે.

પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ સામાન્ય બુદ્ધિવાળા જીવો જૈનશાસનના અતિગંભીર પદાર્થોનો મર્મ જાણી શકે તે માટે દ્રવ્યાનુયોગના મર્મને બતાવતાં આ યોગગ્રંથોનું સુંદર વિવેચન કરેલ છે. તેઓશ્રીનું મન નિરંતર શ્રુતની ભાવનાથી ભાવિત હોવાને કારણે શ્રુતે બતાવેલી દિશામાં જ ચક્રાકાર હોય છે. વહેલી સવાર-બપોર-સાંજ અને મોડી રાત સુધી તેઓશ્રી શ્રુતનું પઠન કરવા અને કરાવવાના કાર્યમાં વ્યસ્ત હોય છે. તેઓશ્રી પાસે યોગગ્રંથોનું અધ્યયન કરી તેઓના શાસ્ત્રમય માનસને માણવું એ જીવનનો લ્હાવો છે.

આ ગ્રંથના અભ્યાસમાં પ્રેરણા કરવા બદલ પૂ. વિદ્વદ્વર્યા સાધ્વીજી ભગવંત શ્રી ચારુનંદિતાશ્રીજી મહારાજ સાહેબનો ઉપકાર કદાપિ ભૂલી શકાય તેમ નથી.

ગ્રંથકારશ્રીના આશયથી અને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં.

આપણે સૌ તત્ત્વનો નિર્ણય સ્વીકારીને આપણી હરકોઈ પ્રવૃત્તિ કરતી વખતે 'આ પ્રવૃત્તિ માટે શ્રી અરિહંત પરમાત્માએ શું કહ્યું છે ?' તે પ્રમાણે સ્મરણ કરીને તેમના વચન અનુસાર પ્રવૃત્તિ કરીએ અને હરપળ તેમના વચનના શરણથી સુરક્ષિત રહીએ એ જ અભ્યર્થના.

**વિ. સં. ૨૦૭૧, શ્રાવણ સુદ-૩** **– સ્મિતા ડી. કોઠારી**
**તા. ૧૭-૮-૨૦૧૫, સોમવાર**
**૧૨, બેન્ક ઑફ ઈન્ડિયા સોસાયટી,**
**ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.**

## ⁕ તત્ત્વાર્થાધિગમસૂત્રની સ્વોપજ્ઞ સંબંધકારિકાની અનુક્રમણિકા ⁕


| ગાથા | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | રત્નત્રયીની પ્રાપ્તિથી મનુષ્ય જન્મનું સાફલ્ય. | ૧ |
| ૨. | કર્મક્લેશથી યુક્ત જન્મ હોવાના કારણે કર્મ અને ક્લેશના અભાવ માટે ઉચિત યત્ન કરવાનો ઉપદેશ. | ૧-૨ |
| ૩. | કુશલાનુબંધ કૃત્યો કરવાનો ઉપદેશ. | ૨-૩ |
| ૪થી ૬. | છ પ્રકારના પુરુષોનું સ્વરૂપ. | ૩-૪ |
| ૭. | જગતપૂજ્ય એવા તીર્થંકરોનું સ્વરૂપ. | ૫ |
| ૮. | તીર્થંકરોની પૂજાથી આલોક અને પરલોકમાં થતું ફળ. | ૫-૬ |
| ૯-૧૦. | તીર્થંકરનામકર્મના ઉદયને કારણે અને સ્વભાવને કારણે તીર્થંકરની ઉપદેશની પ્રવૃત્તિ. | ૬-૭ |
| ૧૧થી ૧૮. | વીરભગવાનનું જન્મથી માંડીને કેવલજ્ઞાન પ્રાપ્તિનું સ્વરૂપ. | ૭-૧૨ |
| ૧૯-૨૦. | ભગવાને સ્થાપન કરેલા શ્રુતજ્ઞાનરૂપ તીર્થનું સ્વરૂપ. | ૧૨-૧૩ |
| ૨૧-૨૨. | ભગવાનને નમસ્કાર કરીને તત્ત્વાર્થસૂત્રની રચના કરવાની ગ્રંથકારશ્રીની પ્રતિજ્ઞા. | ૧૩-૧૪ |
| ૨૩ થી ૨૮. | ભગવાને કહેલા તત્ત્વને કહેવાનું ગ્રંથકારશ્રીનું અસામર્થ્ય હોવા છતાં ગ્રંથ રચવાનું પ્રયોજન. | ૧૪-૧૮ |
| ૨૯-૩૦. | ગીતાર્થ સાધુને ઉચિત ઉપદેશથી એકાંતે ધર્મની પ્રાપ્તિ. | ૧૮-૨૦ |
| ૩૧. | "મોક્ષમાર્ગના ઉપદેશથી અન્ય હિતનો ઉપદેશ નથી", તેની સ્પષ્ટતા. | ૨૦ |


❖

## ❋ તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ-૧ પ્રથમ અધ્યાયની અનુક્રમણિકા ❋


| સૂત્ર | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગનું સ્વરૂપ. | ૨૧-૨૫ |
| ૨. | સમ્યગ્દર્શનનું લક્ષણ. | ૨૫-૨૮ |
| ૩. | સમ્યગ્દર્શનની નિષ્પત્તિનો હેતુ. | ૨૯-૩૪ |
| ૪. | જીવાદિ સાત તત્ત્વોનું સ્વરૂપ. | ૩૫-૩૭ |
| ૫. | નામાદિ ચાર નિક્ષેપાથી જીવાદિ પદાર્થોનો બોધ. | ૩૭-૪૮ |
| ૬. | પ્રમાણનયથી જીવાદિ તત્ત્વનો બોધ. | ૪૮-૫૦ |
| ૭. | નિર્દેશ, સ્વામિત્વ આદિ દ્વારોથી જીવાદિ તત્ત્વનો બોધ. | ૫૦-૬૫ |
| ૮. | સત્સંખ્યાદિ દ્વારોથી જીવાદિ તત્ત્વનો બોધ. | ૬૬-૮૦ |
| ૯-૧૦. | પાંચ જ્ઞાનના ભેદો અને તે પ્રમાણરૂપ. | ૮૦-૮૨ |
| ૧૧-૧૨. | પાંચ જ્ઞાનોમાં પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ. | ૮૨-૮૯ |
| ૧૩. | મતિજ્ઞાનના પર્યાયવાચી નામો. | ૮૯-૯૨ |
| ૧૪. | મતિજ્ઞાનના બે ભેદો. | ૯૨-૯૪ |
| ૧૫. | મતિજ્ઞાનના ચાર ભેદો. | ૯૪-૧૦૦ |
| ૧૬. | મતિજ્ઞાનના બહુ-બહુવિધ આદિ ૧૨ ભેદો. | ૧૦૧-૧૦૪ |
| ૧૭. | અર્થાવગ્રહનું સ્વરૂપ. | ૧૦૪-૧૦૫ |
| ૧૮-૧૯. | વ્યંજનાવગ્રહનું સ્વરૂપ. | ૧૦૫-૧૦૯ |
| ૨૦. | શ્રુતજ્ઞાનનું સ્વરૂપ. | ૧૦૯-૧૧૯ |
| ૨૧-૨૩. | અવધિજ્ઞાનના ભેદો અને તેનું સ્વરૂપ. | ૧૧૯-૧૨૫ |
| ૨૪-૨૫. | મનઃપર્યાયજ્ઞાનના ભેદો અને તેનું સ્વરૂપ. | ૧૨૫-૧૨૮ |
| ૨૬. | અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન વચ્ચેનો ભેદ. | ૧૨૮-૧૩૧ |
| ૨૭. | મતિ-શ્રુતજ્ઞાનનો વિષય. | ૧૩૧-૧૩૩ |
| ૨૮. | અવધિજ્ઞાનનો વિષય. | ૧૩૩-૧૩૪ |
| ૨૯. | મનઃપર્યાયજ્ઞાનનો વિષય. | ૧૩૪-૧૩૫ |
| ૩૦. | કેવલજ્ઞાનનો વિષય. | ૧૩૫-૧૩૭ |
| ૩૧. | પાંચેય જ્ઞાનોમાં પરસ્પર સંભવ-અસંભવનું સ્વરૂપ. | ૧૩૭-૧૪૩ |
| ૩૨. | અજ્ઞાનના ત્રણ ભેદો. | ૧૪૩-૧૪૬ |
| ૩૩. | મિથ્યાદૃષ્ટિના સર્વ જ્ઞાનને અજ્ઞાન સ્વીકારવાની યુક્તિ. | ૧૪૬-૧૪૯ |
| ૩૪. | નયોના પાંચ ભેદો. | ૧૪૯-૧૫૦ |
| ૩૫. | નૈગમનયના બે ભેદો અને શબ્દનયના ત્રણ ભેદો. | ૧૫૦-૧૮૩ |


❖ ❋ ❖

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

વાચકવર શ્રીમાન્ ઉમાસ્વાતિજી વિરચિત સ્વોપજ્ઞભાષ્યઅલંકૃત

# તત્ત્વાર્થાધિગમસૂત્ર

## સ્વોપજ્ઞા સમ્બન્ધકારિકા

### શબ્દશઃ વિવેચન

**તત્ત્વાર્થસૂત્રની સાથે સંબંધને બતાવનાર વાચકવર શ્રી ઉમાસ્વાતિજી દ્વારા રચાયેલ કારિકા :-**

**ગાથા :-**

**सम्यग्दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति ।**
**दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ।।१।।**

**ગાથાર્થ :-**

**જે=જે પુરુષ, સમ્યગ્દર્શનથી શુદ્ધ એવા જ્ઞાનને અને વિરતિને જ પ્રાપ્ત કરે છે, તેના વડે=તે પુરુષ વડે, દુઃખનું નિમિત્ત એવો પણ આ જન્મ સુલબ્ધ થાય છે=અનિંદ્ય થાય છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

ચાર ગતિમાંથી કોઈપણ ભવની પ્રાપ્તિરૂપ જન્મ દુઃખનું કારણ છે; કેમ કે કર્મને પરવશ જન્મવાનું છે, કર્મને પરવશ જીવવાનું છે અને કર્મને પરવશ મરવાનું છે. જેમ કોઈ પુરુષને બેડીથી બાંધીને કેદખાનામાં પૂરવામાં આવે તેમ સંસારી જીવો કર્મરૂપી બેડીથી બંધાયેલા છે, કર્મને પરવશ છે. તેથી જીવનું પારમાર્થિક સુખ જન્મથી હણાય છે. માટે જન્મ દુઃખનું નિમિત્ત છે. આમ છતાં જે પુરુષ સમ્યગ્દર્શનથી શુદ્ધ એવા જ્ઞાનને=શ્રુતાદિ જ્ઞાનને, અને વિરતિને=શ્રુતાદિ જ્ઞાન અનુસાર પાપની વિરતિને, પ્રાપ્ત કરે છે તે પુરુષ વડે પ્રાપ્ત થયેલો એવો આ જન્મ સુલબ્ધ છે=અનિંદનીય છે અર્થાત્ પ્રશંસા કરવા યોગ્ય છે. **॥૧॥**

**ગાથા :-**

**जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।**
**कर्मक्लेशाभावो, यथा भवत्येष परमार्थः ।।२।।**

**ગાથાર્થ :-**

**કર્મ અને ક્લેશથી અનુબદ્ધ એવો આ જન્મ હોતે છતે=પોતાને પ્રાપ્ત થયેલો જન્મ કર્મ અને ક્લેશથી યુક્ત હોતે છતે, તે પ્રમાણે યત્ન કરવો જોઈએ, જે પ્રમાણે કર્મ અને ક્લેશનો અભાવ**

**થાય=કર્મ અને કર્મકૃત મોહાદિની આકુળતારૂપ ક્લેશનો અભાવ થાય, એ પરમાર્થ છે=જીવનું શ્રેષ્ઠ પ્રયોજન છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે જન્મ દુઃખનું કારણ છે અને આ જન્મ માત્ર આ ભવ પૂરતો નથી, પરંતુ અનેક જન્મની પરંપરા કરાવે તેવો છે; કેમ કે પ્રાપ્ત થયેલો જન્મ મોહનીયકર્મથી પેદા થયેલા ક્લેશવાળો છે અને આ રીતે મોહને વશ જન્મ પૂરો થાય તો જન્મની પરંપરા અવિચ્છિન્ન ચાલુ રહે. તેથી મનુષ્યજન્મને પામીને તે રીતે યત્ન કરવો જોઈએ અર્થાત્ જીવની અસંગભાવની પરિણતિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તે રીતે યત્ન કરવો જોઈએ કે જેથી કર્મનો અભાવ થાય અને મોહનીય કર્મકૃત ક્લેશનો અભાવ થાય. આ પરમાર્થ છે=મનુષ્યજન્મની પ્રાપ્તિનું પરમ પ્રયોજન છે. **।।૨।।**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે કર્મનો અને ક્લેશનો અભાવ થાય, તે પ્રમાણે યત્ન કરવો જોઈએ. હવે જો આ એક ભવમાં કર્મકૃત ક્લેશનો નાશ ન થઈ શકે તો શું કરવું જોઈએ ? જેથી પરમાર્થની પ્રાપ્તિ થાય. એથી કહે છે –**

**ગાથા :-**

**परमार्थालाभे वा, दोषेष्वारम्भकस्वभावेषु ।**
**कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म ।।३।।**

**ગાથાર્થ :-**

**અથવા પરમાર્થનો અલાભ થયે છતે, આરંભક સ્વભાવવાળા દોષો હોતે છતે, જે પ્રમાણે કુશલ અનુબંધવાળું જ અનવદ્ય કર્મ થાય તે પ્રમાણે યત્ન કરવો જોઈએ. ।।૩।।**

❖ 'तथा प्रयतितव्यम्'ની પૂર્વગાથાથી અનુવૃત્તિ છે.

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું એ પ્રમાણે કોઈ સાધક આત્મા સંપૂર્ણ મોહનું ઉન્મૂલન કરવા માટે સતત અસંગભાવની વૃદ્ધિમાં યત્ન કરવા સમર્થ ન હોય તો તેણે શું કરવું જોઈએ ? તે બતાવવા અર્થે કહે છે – કર્મ અને ક્લેશનો અભાવ થાય તેવા પરમાર્થની પ્રાપ્તિ આ ભવમાં થાય તેમ ન હોય અર્થાત્ અસંગઅનુષ્ઠાન પ્રાપ્ત થાય તેમ ન હોય તો કુશલની પરંપરાનું કારણ બને તેવું અનવદ્ય અર્થાત્ અનિંદ્ય એવું શુભ કર્મ કરવું જોઈએ અર્થાત્ વીતરાગતા પ્રત્યેનો રાગ વૃદ્ધિ પામે તે પ્રકારના અનુષ્ઠાનો સેવવાં જોઈએ. જેનાથી બંધાયેલા પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી ઉત્તમ એવા જન્મ આદિની પરંપરાની પ્રાપ્તિ થાય અને ક્રમે કરીને કર્મના ક્લેશનો અભાવ પ્રાપ્ત થાય.

વળી, જો કુશલ અનુબંધવાળું અનવદ્ય કર્મ કરવામાં ન આવે તો જીવમાં વર્તતા કાષાયિક દોષો આરંભક સ્વભાવવાળા હોવાથી સંસારની આરંભની પ્રવૃત્તિ કરાવે તેવા છે અને તે દોષોને કારણે અશુભ કર્મની પ્રવૃત્તિ થશે. જેના કારણે જન્મની પરંપરાનો વિચ્છેદ થશે નહિ. તેથી દુઃખ નિમિત્ત એવા જન્મના વિચ્છેદના અર્થી જીવે કુશલ અનુબંધવાળું જ અનવદ્ય કર્મ કરવું જોઈએ. **।।૩।।**

**અવતરણિકા :-**

**ગાથા-૨માં કહ્યું કે કર્મ અને ક્લેશનો અભાવ થાય તે પ્રમાણે યત્ન કરવો જોઈએ અને ગાથા-૩માં કહ્યું કે જો તે પ્રમાણે યત્ન ન થઈ શકે તેમ હોય તો કુશલ અનુબંધવાળું જ અનવદ્ય કર્મ કરવું જોઈએ. તેથી હવે કયા કયા જીવો કયા કયા પ્રકારનાં કર્મો કરે છે, તે બતાવવાં માટે છ પ્રકારના પુરુષોના વિભાગો ગાથા-૪થી ૬માં કહે છે –**

**ગાથા :-**

**कर्माहितमिह चामुत्र, चाधमतमो नरः समारभते ।**
**इह फलमेव त्वधमो, विमध्यमस्तूभयफलार्थम् ।।४।।**
**परलोकहितायैव, प्रवर्त्तते मध्यमः क्रियासु सदा ।**
**मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमः पुरुषः ।।५।।**
**यस्तु कृतार्थोऽप्युत्तममवाप्य धर्मं परेभ्य उपदिशति ।**
**नित्यं स उत्तमेभ्योप्युत्तम इति पूज्यतम एव ।।६।।**

**ગાથાર્થ :-**

**અહીં=આલોકમાં અને પરલોકમાં, અહિત કરનારું કર્મ અધમતમ પુરુષ આરંભ કરે છે. વળી, આલોકના ફળવાળું જ કર્મ અધમ પુરુષ આરંભ કરે છે. વળી, વિમધ્યમ પુરુષ ઉભયલોકના ફળ માટે કર્મનો આરંભ કરે છે. ।।૪।।**

**પરલોકના હિત માટે જ ક્રિયામાં સદા મધ્યમ પુરુષ પ્રવર્તે છે. વળી, વિશિષ્ટ મતિવાળા એવા ઉત્તમ પુરુષ મોક્ષ માટે જ યત્ન કરે છે. ।।૫।।**

**જે વળી, કૃતાર્થ હોવા છતાં પણ ઉત્તમ ધર્મને પ્રાપ્ત કરીને=ક્ષાયિકભાવના ધર્મને પ્રાપ્ત કરીને, પરને નિત્ય ઉપદેશ આપે છે, તે ઉત્તમ જીવોથી પણ ઉત્તમ પુરુષ છે એથી પૂજ્યતમ જ છે. ।।૬।।**

**ભાવાર્થ :-**

**અધમાધમ પુરુષ :-**

જે પુરુષો આલોકના કે પરલોકના હિતનો વિચાર કરતા નથી, પરંતુ માત્ર પ્રાપ્ત થયેલા વિષયોને

પરવશ થઈને ભોગાદિમાં પ્રવૃત્તિ કરે છે, જેના ફળરૂપે આ ભવમાં પણ શરીરનો નાશ કે અનેક પ્રકારના ક્લેશોની પ્રાપ્તિ કરે છે અને અનુચિત રીતે ધનાદિ મેળવનારા હોવાથી પરલોકમાં પણ અહિતને પ્રાપ્ત કરે છે, તેઓ અધમાધમ પુરુષ છે.

**અધમ પુરુષ :-**

વળી, જેઓ માત્ર આલોકના જ સુખ અર્થે ઉદ્યમ કરે છે, તેઓ અધમ પુરુષ છે. તેવા અધમ પુરુષો શરીરને સાચવવા માટે અનેક પ્રકારના આરંભ-સમારંભ કરે છે, ધનાદિની પ્રાપ્તિ માટે આ લોકમાં અહિત થાય તેવો અનુચિત યત્ન કરતા નથી, પણ પરલોકની ઉપેક્ષા કરીને સર્વ પ્રકારના આરંભ-સમારંભ કરે છે તેઓ અધમ પુરુષ છે.

**વિમધ્યમ પુરુષ :-**

વળી, કેટલાક પુરુષો આલોકમાં પણ સારી પ્રવૃત્તિવાળા હોય છે અને પરલોકની પણ ચિંતા કરનારા હોય છે, તેથી દેહ આદિનો નાશ થાય એ રીતે ભોગાદિ કરતા નથી, ન્યાયનીતિપૂર્વક ધનાર્જન કરે છે, શક્તિ અનુસાર દાનાદિમાં યત્ન કરે છે. તેઓ આલોક અને પરલોક ઉભયના ફળના અર્થી છે, માટે વિમધ્યમ પુરુષ છે.

**મધ્યમ પુરુષ :-**

કેવળ પરલોકના હિત માટે જ=સદ્ગતિની પરંપરાઓની પ્રાપ્તિ માટે જ, સદા પ્રયત્ન કરે તેવા જીવો મધ્યમપુરુષ છે. કદાચ વિશેષ વિવેક પ્રગટ્યો ન હોય તોપણ આલોકના ભોગો પ્રત્યે જેમનું ચિત્ત ઉપેક્ષાવાળું છે અને માત્ર પરલોકના હિતમાં જ જેમનું ચિત્ત સદા જોડાયેલું છે, તેઓ મધ્યમ પુરુષ છે.

**ઉત્તમ પુરુષ :-**

વળી, જેઓને વિશિષ્ટ મતિ પ્રગટી છે, તેઓ સંસારના પારમાર્થિક સ્વરૂપને જ્ઞાનચક્ષુથી યથાર્થ જોઈ શકે છે. તેથી સંસારના ભોગો ક્લેશરૂપ છે અને જન્મ, જરા, મૃત્યુ આદિથી આ સંસાર વ્યાપ્ત છે તેમ તેઓને દેખાય છે. તેથી સંસારનો અંત કરવો એ એકાંતે શ્રેય છે તેવી વિશિષ્ટ મતિ પ્રગટી છે, તેવા સાધકો મોક્ષ માટે જ ચેષ્ટા કરે છે, તેઓ ઉત્તમ પુરુષ છે.

**ઉત્તમોત્તમ પુરુષ :-**

જેઓ ક્ષાયિકભાવના ક્ષમાદિ ગુણોને પ્રાપ્ત કરી ચૂક્યા છે અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયેલી હોવાને કારણે સિદ્ધ પ્રયોજનવાળા છે, આમ છતાં યોગ્ય શ્રોતાઓને નિત્ય ઉપદેશ આપે છે, તે ઉત્તમ જીવોથી પણ ઉત્તમ છે, એથી પૂજ્યતમ જ છે. અહીં પરને નિત્ય ઉપદેશ આપે છે એમ કહ્યું અને આગળની ગાથા-૭માં તીર્થંકરને ગ્રહણ કરેલ છે. તેથી 'ઉત્તમોત્તમ પુરુષ' તરીકે તીર્થંકરોનું ગ્રહણ થાય છે. **॥૪-૫-૬॥**

**અવતરણિકા :-**

**ગાથા-જથી ૬માં છ પ્રકારના પુરુષોને બતાવ્યાં. હવે ઉત્તમોત્તમ પુરુષ તરીકે અરિહંત પૂજાને યોગ્ય છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**तस्मादर्हति पूजामर्हन्नेवोत्तमोत्तमो लोके ।**
**देवर्षिनरेन्द्रेभ्यः, पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम् ।।७।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી=જે કારણથી કૃતાર્થ પણ ઉપદેશ આપે છે તે કારણથી, લોકમાં અન્ય જીવોને પૂજ્ય એવા પણ દેવ, ઋષિ, નરેન્દ્રોથી ઉત્તમોત્તમ એવા અરિહંત જ પૂજાને યોગ્ય છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

જે કારણથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયેલી હોવાને કારણે તીર્થંકરો સિદ્ધ પ્રયોજનવાળા છે, તોપણ ઉપદેશ આપે છે તે કારણથી, અન્ય જીવોને પૂજ્ય એવા દેવો, ઋષિઓ કે રાજાઓથી પણ ઉત્તમોત્તમ એવા તીર્થંકર પૂજાને યોગ્ય છે; કેમ કે તીર્થંકરો પ્રત્યેનો પૂજ્યભાવ તીર્થંકરોનો ઉપદેશ સમ્યક્ પરિણમન પમાડવામાં પ્રબળ કારણ છે અને તીર્થંકરોનો ઉપદેશ સર્વકલ્યાણની પરંપરાનું કારણ છે. માટે કલ્યાણના અર્થી જીવોએ ઉત્તમોત્તમ એવા તીર્થંકરોની પૂજામાં યત્ન કરવો જોઈએ. **।।૭।।**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે ઉત્તમોત્તમ એવા અરિહંતો પૂજાને યોગ્ય છે. ત્યાં પ્રશ્ન થાય કે તેમની પૂજાથી શું હિત થાય ? તેથી કહે છે –**

**ગાથા :-**

**अभ्यर्चनादर्हतां, मनःप्रसादस्ततः समाधिश्च ।**
**तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ।।८।।**

**ગાથાર્થ :-**

**અરિહંતોની અભ્યર્ચનાથી=પૂજનથી, મનનો પ્રસાદ થાય છે=મનની નિર્મળતા થાય છે અને તેનાથી સમાધિ થાય છે. તેનાથી પણ=સમાધિની પ્રાપ્તિથી નિઃશ્રેયસની પ્રાપ્તિ થાય છે=કલ્યાણની પ્રાપ્તિ થાય છે. આથી=જે કારણથી ભગવાનની અભ્યર્ચનાથી કલ્યાણની પરંપરા થાય છે આથી, તેમનું= અરિહંતોનું, પૂજન નક્કી ન્યાય્ય છે. ।।૮।।**

**ભાવાર્થ :-**

ભગવાનની પૂજા કરવી, ભગવાન પ્રત્યેની ભક્તિથી ભગવાનની સન્મુખ જવું, ભગવાનના ગુણોનું સ્મરણ કરીને સ્તુતિ કરી ભગવાનને વંદન કરવું, ભગવાનની પર્યુપાસનાદિ કરવી=સેવા કરવી અને ભગવાનના વચન અનુસાર યોગમાર્ગમાં યત્ન કરવો; તે સર્વ અરિહંતની અભ્યર્ચના છે અને તે અભ્યર્ચનાથી મનનો પ્રસાદ થાય છે અર્થાત્ મન ગુણ તરફ અત્યંત આવર્જિત થવાને કારણે મોહના વમળથી કંઈક મુક્ત થાય છે અને તેના કારણે મનની નિર્મળતા પ્રગટે છે અને તેથી સમાધિ પ્રાપ્ત થાય છે અર્થાત્ આત્મામાં એકાગ્રભાવ પ્રાપ્ત થાય છે; કેમ કે મોહથી આકુળ ચેતના ભટકવાની વૃત્તિવાળી છે. જેમ જેમ મોહની આકુળતા ઘટે છે, તેમ તેમ ચિત્તમાં સ્થિરતા પ્રગટે છે, જે સમાધિરૂપ છે અને સમાધિને પામેલું ચિત્ત શુશ્રૂષા આદિ ગુણોથી યુક્ત બને છે અને તેથી સંસારના તત્ત્વનો બોધ થાય છે; કેમ કે શુશ્રૂષા આદિ ગુણપૂર્વક ભગવાનની ભક્તિ કરવાથી ભગવાનના ગુણોનો અને સંસારની અવસ્થાનો વિશેષ વિશેષતર બોધ થાય છે. તેથી બોધને અનુરૂપ અધિક અધિક ગુણોની પ્રાપ્તિરૂપ હિતમાં પ્રવૃત્તિ થાય છે અને સંસારના ભાવોરૂપ અહિતના પરિહારમાં યત્ન થાય છે. તેથી સમાધિ આદિ ગુણોની પ્રાપ્તિની તરતમતાથી કલ્યાણની તરતમતાની પ્રાપ્તિ થાય છે અને ભગવાનનાં પૂજનથી આ કલ્યાણની પરંપરા થાય છે, તેથી અરિહંતનું પૂજન ન્યાય્ય છે=યુક્તિયુક્ત છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે ભગવાનની પૂજાથી મનપ્રસાદાદિ થાય છે. તેથી ભગવાનનું પૂજન ન્યાય્ય છે. ત્યાં કોઈને શંકા થાય કે ભગવાનની પૂજાથી મનપ્રસાદાદિ થાય છે માટે તેનું પૂજન ન્યાય્ય છે તે યુક્તિયુક્ત છે. પરંતુ ગાથા-૬માં કહ્યું કે ભગવાન કૃતાર્થ હોવા છતાં પણ ઉપદેશ આપે છે, તે કઈ રીતે સંગત થાય; એ પ્રકારની શંકામાં કહે છે –**

**ગાથા :-**

**तीर्थप्रवर्तनफलं, यत्प्रोक्तं कर्म तीर्थकरनाम ।**
**तस्योदयात्कृतार्थोप्यर्हंस्तीर्थं प्रवर्तयति ।।९।।**

**ગાથાર્થ :-**

**તીર્થપ્રવર્તન ફલવાળું જે તીર્થંકરનામકર્મ શાસ્ત્રમાં કહેવાયું છે, તેના ઉદયથી કૃતાર્થ પણ અરિહંત તીર્થનું પ્રવર્તન કરે છે=પ્રવચનનો ઉપદેશ આપે છે. ।।૯।।**

**ભાવાર્થ :-**

જેના દ્વારા જીવો સંસારસમુદ્રથી તરે તે 'તીર્થ' કહેવાય. એ વ્યુત્પત્તિથી ભગવાનનું વચન તીર્થ છે અને તેનું પ્રવર્તન તે ફળ છે જેને એવું તીર્થંકરનામકર્મ છે. ભગવાને પૂર્વભવમાં તીર્થંકરનામકર્મ બાંધેલું છે, તેનો વર્તમાનમાં ઉદય વર્તે છે. તેના કારણે કૃતાર્થ પણ અરિહંત પ્રવચનનો ઉપદેશ આપે છે. **॥૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે તીર્થંકરનામકર્મના ઉદયથી તીર્થંકરો ઉપદેશ આપે છે. ત્યાં શંકા થાય કે તીર્થંકરો કૃતાર્થ હોવાને કારણે તેઓને કોઈ ફળની અપેક્ષા નથી અને કોઈ ફળની અપેક્ષા ન હોય તો પ્રવૃત્તિ કઈ રીતે થાય ? તે શંકાનું નિરાકરણ દૃષ્ટાન્ત દ્વારા કરે છે –**

**ગાથા :-**

**तत्स्वाभाव्यादेव, प्रकाशयति भास्करो यथा लोकम् ।**
**तीर्थप्रवर्तनाय, प्रवर्तते तीर्थकर एवम् ।।१०।।**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે સૂર્ય તત્સ્વભાવપણાથી જ=પ્રકાશક સ્વભાવપણાથી જ, લોકને પ્રકાશિત કરે છે, એ રીતે તીર્થંકર તીર્થ પ્રવર્તાવવા માટે પ્રવર્તે છે=પ્રવચનનો ઉપદેશ આપે છે. ।।૧૦।।**

**ભાવાર્થ :-**

જેમ સૂર્યને જગતના પદાર્થોનું પ્રકાશન કરવાની કે અન્ય કોઈ ફળની ઇચ્છા નથી, તેમ છતાં સૂર્યનો એવો સ્વભાવ છે કે જેથી લોકને પ્રકાશિત કરે છે તે પ્રમાણે તીર્થંકરનો પણ સ્વભાવ છે કે જગતના જીવોના હિત માટે 'તીર્થ'નું પ્રવર્તન કરવું. તે સ્વભાવના કારણે તીર્થંકરો ઉપદેશ આપે છે.

આનાથી એ ફલિત થાય કે તીર્થંકરનામકર્મનો ઉદય છે અને જગતના જીવોનાં હિતને અનુકૂળ પ્રવૃત્તિ કરવી એવો તીર્થંકરનો સ્વભાવ છે અને તે સ્વભાવના કારણે તીર્થંકરની મોહથી અનાકુળ એવા કેવલજ્ઞાન સ્વરૂપ તીર્થ પ્રવર્તાવવાની ઇચ્છા છે, પરંતુ તીર્થપ્રવર્તન કરવાથી "મને આ ફળ મળશે" એવા પ્રકારની ફળની ઇચ્છાપૂર્વક તીર્થ પ્રવર્તાવવાની ઇચ્છા નથી. તેથી અરિહંતો કૃતાર્થ હોવા છતાં પણ તીર્થપ્રવર્તનની ઇચ્છાથી તીર્થપ્રવર્તનને અનુકૂળ પ્રયત્ન કરે છે. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**ગાથા-૯/૧૦માં સર્વ તીર્થંકરો ઉપદેશ આપે છે, તેનું પ્રયોજન શું છે તે બતાવ્યું. હવે જેમનું તીર્થ વર્તમાનમાં પ્રવર્તે છે, તે તીર્થંકરના તીર્થમાં રહેલા આચાર્ય ઉમાસ્વાતિજી ગ્રંથ રચવાના પ્રારંભમાં પોતાના ઉપકારી એવા વર્ધમાનસ્વામીનું જન્મથી માંડીને ઉપદેશ સુધીનું ચરિત્ર વર્ણન કરવાની ઇચ્છાથી કહે છે –**

**ગાથા :-**

**यः शुभकर्मासेवनभावितभावो भवेष्वनेकेषु ।**
**जज्ञे ज्ञातेक्ष्वाकुषु, सिद्धार्थनरेन्द्रकुलदीपः ।।११।।**

**ગાથાર્થ :-**

**અનેક ભવોમાં શુભકર્મના આસેવનથી ભાવિત ભાવવાળા, સિદ્ધાર્થ રાજાનાં કુળમાં દીપક એવા જે=વીરભગવાન, પ્રસિદ્ધ એવા ઈક્ષ્વાકુકુળમાં જન્મ્યા. ।।૧૧।।**

**ભાવાર્થ :-**

વીરભગવાન સિદ્ધાર્થ રાજાના કુળમાં દીપક હતા અર્થાત્ સિદ્ધાર્થ રાજાના કુળને વિશેષરૂપે દીપાવનારા હતા. વળી જેમણે પૂર્વમાં અનેક ભવો સુધી શુભ ક્રિયાઓનું આસેવન કરેલું અને તે શુભક્રિયાઓના આસેવનના અભ્યાસના કારણે ભાવિત અંતરાત્માવાળા હતા, તેથી ચરમભવમાં અનેક ગુણોથી યુક્ત હતા અને આવા અનેક ગુણોથી યુક્ત વીરભગવાન પ્રસિદ્ધ એવા ઇક્ષ્વાકુકુળમાં જન્મ્યા. **।।૧૧।।**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે સિદ્ધાર્થ રાજાના કુળદીપક એવા વીરભગવાન ઈક્ષ્વાકુકુળમાં જન્મ્યા. હવે તેઓ સિદ્ધાર્થ રાજાના કુળમાં જન્મ્યા, તે વખતે કેવા વિશેષ જ્ઞાનવાળા હતા, તે દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**ज्ञानैः पूर्वाधिगतैरप्रतिपतितैर्मतिश्रुतावधिभिः ।**
**त्रिभिरपि शुद्धैर्युक्तः, शैत्यद्युतिकान्तिभिरिवेन्दुः ।।१२।।**

**ગાથાર્થ :-**

**શૈત્ય, દ્યુતિ અને કાન્તિથી યુક્ત ચંદ્રની જેમ પૂર્વભવમાં પ્રાપ્ત કરાયેલ, અપ્રતિપતિત એવા શુદ્ધ મતિ, શ્રુત અને અવધિરૂપ ત્રણે પણ જ્ઞાનોથી યુક્ત, વીરભગવાન જ્ઞાતકુળમાં જન્મ્યા, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

શૈત્ય=શીતલતાથી, દ્યુતિ=દીપ્તિથી અને કાંતિ=તેજથી યુક્ત ચન્દ્ર હોય છે, તેમ ભગવાન શુદ્ધ એવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનથી યુક્ત જ્ઞાત એવા ઇક્ષ્વાકુકુળમાં જન્મ્યા. વીરભગવાનને પૂર્વના ત્રીજા ભવમાં વિશિષ્ટ કોટિનું શુદ્ધ મતિજ્ઞાન હતું અને શાસ્ત્રઅભ્યાસ કરીને જે શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરેલું તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન લઈને દેવભવમાં ગયા અને દેવભવમાં ભવસ્વભાવે અવધિજ્ઞાન પ્રગટ થયું. આ ત્રણે પ્રકારનાં જ્ઞાનો ભગવાનને શુદ્ધ હતા. જેના કારણે ત્રણ જ્ઞાનોથી જે કાંઈ બોધ થાય છે, તે યથાર્થ થાય છે. આવા પ્રકારના શુદ્ધ ત્રણે પણ જ્ઞાનો દેવભવમાંથી સાથે લઈને ભગવાન જન્મ્યા. સામાન્ય રીતે જન્માંતરમાં જતી વખતે અન્ય જીવોને પૂર્વભવમાં જે મતિ આદિ જ્ઞાન હોય છે, તે સર્વ સાથે આવતાં નથી. પરંતુ ભગવાને પૂર્વના ભવોમાં મતિ, શ્રુત અને અવધિ ત્રણે પ્રકારનું શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરેલ, તે ત્રણે જ્ઞાનોને સાથે લઈને જન્મ્યા. **।।૧૨।।**

**અવતરણિકા :-**

**ગાથા-૧૧માં કહ્યું કે સિદ્ધાર્થ રાજાના કુળદીપક એવા વીરભગવાન ઈક્ષ્વાકુકુળમાં જન્મ્યા. હવે સિદ્ધાર્થ રાજાના કુળદીપક એવા વીરભગવાન ઈક્ષ્વાકુકુળમાં જન્મ્યા ત્યારે કેવા વિશેષ ગુણવાળા હતા ? તે બતાવે છે –**

**ગાથા :-**

**शुभसारसत्त्वसंहननवीर्यमाहात्म्यरूपगुणयुक्तः ।**
**जगति महावीर इति, त्रिदशैर्गुणतः कृताभिख्यः ।।१३।।**

**ગાથાર્થ :-**

**શુભ એવા સારથી યુક્ત=શુભ એવા શારીરિક બળથી યુક્ત, શુભ એવા સત્ત્વથી યુક્ત=વિષમ સંજોગોમાં પણ આકુળતા ન થાય તેવા શુભ સત્ત્વથી યુક્ત, શુભ એવા સંહનનથી યુક્ત=શુભ એવા શરીરનાં દૃઢ બંધારણથી યુક્ત, શુભ વીર્યથી યુક્ત=શુભ એવા ઉત્સાહથી યુક્ત, શુભ એવા માહાત્મ્યથી યુક્ત=શુભ એવા કલાદિમાં પ્રાવીણ્યરૂપ કુશળતાથી યુક્ત, શુભ એવા રૂપથી યુક્ત=શુભ એવા સુંદર અંગોનાં અવયવોની રચનાથી યુક્ત, શુભ એવા ગુણોથી યુક્ત=શુભ એવા દાક્ષિણ્યાદિ ગુણોથી યુક્ત અને જગતમાં આ એક જ મહાવીર છે, એ હેતુથી દેવતાઓ વડે ગુણને આશ્રયીને મહાવીર એ પ્રમાણે કરાયેલા નામવાળા સિદ્ધાર્થ રાજાના કુળદીપક વીરભગવાન પ્રસિદ્ધ એવા ઈક્ષ્વાકુકુળમાં જન્મ્યા; એ પ્રમાણે ગાથા-૧૧ સાથે સંબંધ છે. ।।૧૩।।**

**ભાવાર્થ :-**

ભગવાન ઇક્ષ્વાકુકુળમાં જન્મ્યા, તે વખતે કેવા ગુણોથી યુક્ત હતા ? તે બતાવતાં કહે છે –

(૧) વીરભગવાન શુભ સારયુક્ત હતા અર્થાત્ શ્રેષ્ઠ કોટિના શરીરભાવવાળા હતા.

(૨) વીરભગવાન શુભ સત્ત્વયુક્ત હતા અર્થાત્ ગમે તેવા સંજોગોમાં પણ વિહ્વળતા ન થાય તેવા હતા.

(૩) વીરભગવાન શુભ સંહનનયુક્ત હતા અર્થાત્ શરીરનું બંધારણ શ્રેષ્ઠ કોટિની દૃઢતાવાળું હતું.

(૪) વીરભગવાન શુભ વીર્યયુક્ત હતા અર્થાત્ શ્રેષ્ઠ કોટિના ઉત્સાહથી યુક્ત હતા અર્થાત્ પોતાને જે ઇષ્ટ હોય તેને સાધવામાં યત્ન કરવામાં કોઈ વિષમ સંજોગો પ્રાપ્ત થાય તોપણ ઉત્સાહનો ભંગ ન થાય તેવા હતા.

(૫) વીરભગવાન શુભ માહાત્મ્યયુક્ત હતા અર્થાત્ કલાદિવિષયક શ્રેષ્ઠ પ્રાવીણ્યથી યુક્ત હતા.

(૬) વીરભગવાન શુભ રૂપયુક્ત હતા અર્થાત્ શરીરની રચના અત્યંત મનોહર હતી.

(૭) વીરભગવાન શુભ ગુણોથી યુક્ત હતા અર્થાત્ શ્રેષ્ઠ કોટિના દાક્ષિણ્ય, ઔદાર્ય આદિ ગુણોથી યુક્ત હતા.

વળી, દેવતાઓ વડે આ મહાવીર છે અર્થાત્ આ મહાપરાક્રમવાળા છે, એ પ્રકારે કરાયેલા નામવાળા વીરભગવાન ઇક્ષ્વાકુકુળમાં જન્મ્યા. **।।૧૩।।**

**અવતરણિકા :-**

**વળી, વીરભગવાન કેવા વિશેષ ગુણોવાળા છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**स्वयमेव बुद्धतत्त्वः, सत्त्वहिताभ्युद्यताऽचलितसत्त्वः ।**
**अभिनन्दितशुभसत्त्वः, सेन्द्रैर्लोकान्तिकैर्देवैः ।।१४।।**

**ગાથાર્થ :-**

**સ્વયં જ બુદ્ધતત્ત્વવાળા હતા=પરમાર્થને જાણનારા હતા. જીવોના હિત માટે ઉદ્યમશીલ અને અચલિત સત્ત્વવાળા હતા અને ઈન્દ્ર સહિત લોકાંતિક દેવો વડે અભિનંદિત કરાયેલા શુભ સત્ત્વવાળા હતા. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

વીરભગવાન પૂર્વભવમાંથી વિશુદ્ધ કોટિનાં ત્રણ જ્ઞાન લઈને જન્મ્યા હતા. તેથી ચરમભવમાં કોઈના ઉપદેશ વગર સ્વયં મનુષ્યભવને પ્રાપ્ત કરીને શું સાધવા જેવું છે, તેના પરમાર્થને જાણનારા હતા અર્થાત્ આત્મહિત માટે કઈ રીતે યત્ન કરવો જોઈએ, તેનો બોધ કરવા અર્થે કોઈના ઉપદેશની અપેક્ષા રાખતા ન હતા, પરંતુ સ્વજ્ઞાનના બળથી યોગમાર્ગની ઉત્તરોત્તર ભૂમિકાને પ્રાપ્ત કરી શકે તેવા બોધવાળા હતા.

વળી, વીરભગવાન જીવોના હિતમાં અત્યંત તત્પર મતિવાળા અને અચલિત સત્ત્વવાળા હતા, જેથી કોઈપણ યોગ્ય જીવના હિતની ઉપેક્ષા કરનારા ન હતા અને કોઈનું અહિત થાય તેવી પ્રવૃત્તિ કરનારા ન હતા. વળી, ભગવાન ઇન્દ્રોથી સહિત એવા લોકાંતિક દેવો વડે કરીને સ્તુતિ કરાયેલા એવા શુભ સત્ત્વવાળા હતા અર્થાત્ ઇન્દ્રો સહિત લોકાંતિક દેવો ભગવાનના શુભ સત્ત્વને જોઈને સ્તુતિ કરતાં કહેતા કે "ભગવાન ! આપ જગતના હિત માટે ઉદ્યમ કરો, જેથી લોકોનું કલ્યાણ થાય." **॥૧૪॥**

**અવતરણિકા :-**

**ગાથા-૧૧ થી ૧૪માં કેવા ગુણોથી યુક્ત વીરભગવાન ઈક્ષ્વાકુકુળમાં જન્મ્યા, તે બતાવ્યું. હવે ભગવાન દીક્ષા ગ્રહણ કરે છે, તે વખતનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**जन्मजरामरणार्तं, जगदशरणमभिसमीक्ष्य निःसारम् ।**
**स्फीतमपहाय राज्यं, शमाय धीमान्प्रवव्राज ।।१५।।**

**ગાથાર્થ :-**

**નિઃસાર, અશરણ અને જન્મ-જરા-મરણથી આર્ત્ત એવા=જન્મ-જરા-મરણથી હણાયેલા એવા, જગતને જોઈને સ્ફીત=સમૃદ્ધ, રાજ્યને છોડીને બુદ્ધિમાન ભગવાને શમ માટે=મોક્ષ માટે, દીક્ષાને ગ્રહણ કરી. ।।૧૫।।**

**ભાવાર્થ :-**

ભગવાન પાસે નિર્મળ કોટિનું જ્ઞાન હતું. તેથી જગતનું વાસ્તવિક સ્વરૂપ તેઓ જોઈ શકતા હતા અને તેમના જ્ઞાનમાં આખું જગત નિઃસાર, અશરણ અને જન્મ-જરા-મરણથી અભિભૂત જણાતું હતું અર્થાત્ જગતવર્તી પદાર્થો આત્માને માટે કોઈ ઉપયોગી નથી, તેથી નિઃસાર છે, જગતના જીવો કર્મને પરતંત્ર હોવાથી અશરણ છે. વળી, જગતના જીવો જન્મે છે, જરા પામે છે, મરણ પામે છે. તેથી આ બધા ભાવોથી તેઓ અભિભૂત થયેલા છે, તેમ જાણીને સમૃદ્ધ એવું પોતાનું રાજ્ય છોડીને બુદ્ધિમાન એવા વીરભગવાને કર્મોથી મુક્ત થવા માટે પ્રવ્રજ્યાને ગ્રહણ કરી. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે વીરભગવાને દીક્ષા લીધી. હવે ભગવાન દીક્ષા ગ્રહણ કરીને જે વ્રતો ગ્રહણ કરે છે તેનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**प्रतिपद्याशुभशमनं, निःश्रेयससाधकं श्रमणलिङ्गम् ।**
**कृतसामायिककर्मा, व्रतानि विधिवत्समारोप्य ।।१६।।**
**सम्यक्त्वज्ञानचारित्रसंवरतपःसमाधिबलयुक्तः ।**
**मोहादीनि निहत्याशुभानि चत्वारि कर्माणि ।।१७।।**
**केवलमधिगम्य विभुः, स्वयमेव ज्ञानदर्शनमनन्तम् ।**
**लोकहिताय कृतार्थोऽपि देशयामास तीर्थमिदम् ।।१८।।**

**ગાથાર્થ :-**

**અશુભનું શમન છે જેનાથી એવા નિઃશ્રેયસના સાધક=મોક્ષના પ્રાપક, શ્રમણલિંગને સ્વીકારીને કૃતસામાયિક કર્મવાળા ભગવાન વિધિપૂર્વક વ્રતોનું સમારોપણ કરીને. ॥૧૬॥**

**સમ્યક્ત્વ જ્ઞાન, ચારિત્ર, સંવર, તપ, સમાધિના બળથી યુક્ત એવા ભગવાન મોહાદિ ચાર અશુભ કર્મોનો નાશ કરીને. ॥૧૭॥**

**કેવલ એવા=નિરાવરણ એવા, અનંતજ્ઞાન-દર્શનને, સ્વયં જ પ્રાપ્ત કરીને વિભુ એવા ભગવાન કૃતાર્થ હોવા છતાં પણ લોકના હિત માટે આ તીર્થની=વર્તમાન પ્રવચનની, દેશના આપી. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

ભગવાને દીક્ષા ગ્રહણ કરીને સાધુનું લિંગ ધારણ કર્યું. શ્રમણલિંગ બે પ્રકારનાં છે : (૧) પુણ્યનું કારણ અને નિઃશ્રેયસનું કારણ. જે સાધુઓ આ ભવમાં સર્વ કર્મનો નાશ કરવા માટે સમર્થ નથી, તેઓ સરાગ સંયમ પાળીને દેવભવની પ્રાપ્તિ કરે છે અને શક્તિનો સંચય કરે છે. આ પ્રથમ પ્રકારનું શ્રમણલિંગ, સરાગ

સંયમી સાધુઓને હોય છે. (૨) બીજા પ્રકારનું શ્રમણલિંગ સર્વથા સંગ વગરની અવસ્થાવાળા સાધુઓને હોય છે. જેઓ અસંગભાવના બળથી સર્વ કર્મોનો નાશ કરે છે.

ભગવાને પુણ્યનું કારણ બને અને દેવગતિનું કારણ બને તેવું શ્રમણલિંગ ગ્રહણ કર્યું ન હતું, પરંતુ અશુભ એવાં ઘાતિકર્મોનો નાશ કરે અને મોક્ષનું કારણ બને તેવા શ્રમણલિંગને ગ્રહણ કરેલ. આવા લિંગને સ્વીકારીને ભગવાને સ્વયં સામાયિક ઉચ્ચારી અને વિધિપૂર્વક પાંચ મહાવ્રતો પોતાનામાં આરોપણ કર્યા અને પાંચ મહાવ્રતો આરોપણ કર્યા પછી સમ્યક્ત્વ, મતિ આદિ ચાર જ્ઞાનો, ચારિત્ર, મન-વચન અને કાયાની ગુપ્તિરૂપ સંવરભાવ, તપ અને સમાધિના બળથી ભગવાન યુક્ત હતા અને તેના બળથી મોહાદિ ચાર ઘાતિકર્મોનો નાશ કર્યો અને તેથી નિરાવરણ એવું અનંતજ્ઞાન અને અનંતદર્શન સ્વશક્તિથી પ્રાપ્ત કરીને ભગવાન કૃતાર્થ થયા અને કૃતાર્થ એવા પણ ભગવાને લોકના હિત માટે આ તીર્થનો ઉપદેશ આપ્યો અર્થાત્ ગણધરોને દ્વાદશાંગી આપી. **॥૧૬-૧૭-૧૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે કૃતાર્થ હોવા છતાં પણ ભગવાને આ તીર્થનો ઉપદેશ આપેલ. એ તીર્થ કેવા પ્રકારનું છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**द्विविधमनेकद्वादशविधं, महाविषयममितगमयुक्तम् ।**
**संसारार्णवपारगमनाय दुःखक्षयायालम् ।।१९।।**
**ग्रन्थार्थवचनपटुभिः, प्रयत्नवद्भिरपि वादिभिर्निपुणैः ।**
**अनभिभवनीयमन्यैर्भास्कर इव सर्वतेजोभिः ।।२०।।**

**ગાથાર્થ :-**

**બે પ્રકારનું, અનેક પ્રકારનું અથવા બાર પ્રકારનું મહાવિષયવાળું=સર્વ દ્રવ્ય અને અસર્વપર્યાયરૂપ મહાવિષયવાળું, અમિતગમયુક્ત=અસંખ્ય નયરૂપ માર્ગથી યુક્ત, સંસારરૂપી સમુદ્રના પારગમનરૂપ દુઃખક્ષય માટે સમર્થ એવું આ તીર્થ ભગવાને પ્રવર્તાવ્યું, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. ॥૧૯॥**

વળી તે તીર્થ કેવું વિશેષ છે, તે બતાવે છે –

**જેમ સર્વ તેજસ્વી પદાર્થોથી સૂર્ય અભિભવ ન પામે તેમ ગ્રંથમાં, અર્થમાં અને વચનમાં પટુ પ્રયત્નવાળા પણ નિપુણ એવા અન્ય વાદીઓ વડે અનભિભવનીય=અભિભવ ન પામે તેવું=પરાજય ન પામે તેવું, આ તીર્થ ભગવાને પ્રવર્તાવ્યું છે, એમ ગાથા-૧૮ સાથે સંબંધ છે. ॥૨૦॥**

**ભાવાર્થ :-**

ગાથા-૧૮માં બતાવેલ કે કૃતાર્થ એવા પણ ભગવાને આ તીર્થને પ્રવર્તાવ્યું. હવે ભગવાને પ્રવર્તાવેલ તીર્થ કેવા સ્વરૂપવાળું છે, તે બતાવે છે –

ભગવાને બતાવેલ તીર્થ અપેક્ષાએ બે પ્રકારનું છે, અપેક્ષાએ અનેક પ્રકારનું છે અને અપેક્ષાએ બાર પ્રકારનું છે અને મહાવિષયવાળું છે અર્થાત્ જગતમાં વર્તતા સર્વ દ્રવ્ય અને અસર્વ પર્યાયને બતાવનારું છે, માટે મહાવિષયવાળું છે; કેમ કે શ્રુતજ્ઞાનરૂપ તીર્થ છએ દ્રવ્યમાંથી પ્રત્યેક દ્રવ્યનાં સ્વરૂપને બતાવનાર છે અને પ્રત્યેક દ્રવ્યમાં વર્તતા સર્વ પર્યાયોમાંથી અનંતભાગના પણ અનંત પર્યાયોને બતાવનારું છે, તેથી મહાવિષયવાળું છે. 'अमितगमयुक्तम्'=અમિત=અસંખ્ય, ગમો=નયોરૂપી માર્ગો છે જેમાં તેવું શ્રુતજ્ઞાન છે અર્થાત્ ભગવાને બતાવેલા શ્રુતજ્ઞાનનો બોધ કરવાના નયોરૂપી માર્ગો અસંખ્યાત્ છે. તેથી ભગવાનના દરેક વચનો તે તે નયથી તે તે પ્રકારનો બોધ કરાવે છે.

વળી, સંસારરૂપ સમુદ્રના કિનારાની પ્રાપ્તિરૂપ દુઃખક્ષય માટે સમર્થ એવું આ તીર્થ છે અર્થાત્ ભગવાનના શ્રુતરૂપ તીર્થથી સર્વ દુઃખોનો ક્ષય થાય છે, તેથી ભગવાનનું તીર્થ દુઃખક્ષય કરવા માટે સમર્થ છે અને તે દુઃખક્ષય પણ એવા પ્રકારનો છે કે જે દુઃખક્ષયના કારણે જીવ સંસારરૂપ સમુદ્રથી પાર પામે છે; કેમ કે સંસારવર્તી જીવોને થતો દુઃખક્ષય સદા માટેનો દુઃખક્ષય નથી. પરંતુ કિંચિત્ કાળ દુઃખક્ષય થયા પછી ફરી દુઃખો આવે તેવો છે. જીવ સંપૂર્ણ કર્મરહિત થાય ત્યારે સર્વ દુઃખોનો અત્યંત ઉચ્છેદ થાય છે અને ત્યારે જીવ સંસારસમુદ્રના પારને પામેલ હોય છે અને તેવા દુઃખક્ષયની પ્રાપ્તિનું કારણ ભગવાને બતાવેલ શ્રુતજ્ઞાન છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ઔષધ આદિ પણ દુઃખક્ષય કરવા માટે સમર્થ છે, પરંતુ સંસારસમુદ્રના પારગમનરૂપ દુઃખક્ષય કરવા માટે ઔષધાદિ સમર્થ નથી, જ્યારે ભગવાનનું વચન તો સંસારના અંતની પ્રાપ્તિરૂપ દુઃખક્ષય કરવા માટે સમર્થ છે. **||૧૯||**

વળી, ભગવાનનું શાસન અન્યદર્શનવાદીઓ દ્વારા અભિભવ ન પામે તેવું છે. જેમ સૂર્ય કોઈપણ તેજવાળા દ્રવ્યોથી અભિભવ પામતો નથી, તેમ અન્ય દર્શનવાદીઓમાંથી કોઈ વાદી ગ્રંથમાં પટુ હોય, અર્થમાં અને વચનપ્રયોગ કરવામાં પટુ હોય અર્થાત્ નિપુણ હોય અને પોતાના દર્શનના પદાર્થોને સ્થાપન કરવામાં પ્રયત્નવાળો હોય તોપણ તેમનાથી ભગવાને બતાવેલું શ્રુત અભિભવ પામતું નથી; કેમ કે ભગવાને બતાવેલું શ્રુતજ્ઞાન યથાર્થ પરિપૂર્ણ યુક્તિઓવાળું છે, તેથી કોઈપણ દર્શનવાદીની યુક્તિથી ભગવાને બતાવેલ શ્રુતરૂપી વચન હણાતું નથી. **||૨૦||**

**અવતરણિકા :-**

**વિઘ્નના નાશ માટે ગ્રંથકારશ્રીએ વીરભગવાનને નમસ્કાર કરવારૂપ મંગલ કર્યું. હવે "મંગલ કરવું જોઈએ", એ પ્રકારનો બોધ શિષ્યને કરાવવા અર્થે ગ્રંથમાં મંગલનું નિબંધન કરતા ગ્રંથકારશ્રી શિષ્યના અવધાન માટે ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરે છે –**

**ગાથા :-**

**कृत्वा त्रिकरणशुद्धं, तस्मै परमर्षये नमस्कारम् ।**
**पूज्यतमाय भगवते, वीराय विलीनमोहाय ।।२१।।**

**तत्त्वार्थाधिगमाख्यं, बह्वर्थं सङ्ग्रहं लघुग्रन्थम् ।**
**वक्ष्यामि शिष्यहितमिममर्हद्वचनैकदेशस्य ।।२२।।**

**ગાથાર્થ :-**

**પૂર્વમાં વર્ણન કર્યું તે પરમઋષિ, પૂજ્યતમ, વિલીન મોહવાળા વીરભગવાનને ત્રિકરણ શુદ્ધ નમસ્કાર કરીને શિષ્યનું હિત છે જેનાથી એવા બહુ અર્થવાળા, અરિહંત વચનના એક દેશના સંગ્રહરૂપ આ 'તત્ત્વાર્થઅધિગમ' નામના લઘુગ્રંથને હું કહીશ. ॥૨૧-૨૨॥**

**ભાવાર્થ :-**

પરમઋષિ, પૂજ્યતમ, વિલીન મોહવાળા એવાં વિશેષણોથી ગ્રંથકારશ્રી વીરભગવાનનું પારમાર્થિક સ્વરૂપ ઉપસ્થિત કરે છે. જેનાથી ભગવાનની કર્મકાય અવસ્થાની ઉપસ્થિતિ થાય છે અને તેવા ભગવાનને ગ્રંથકારશ્રી ત્રણ કરણથી શુદ્ધ એવો નમસ્કાર કરે છે. અર્થાત્ ગ્રંથકારશ્રી ભગવાનની કર્મકાય અવસ્થાનું સ્મરણ કરીને તદ્ભાવને અભિમુખ મનોયોગને પ્રવર્તાવે છે. તે મનોયોગને ઉપષ્ટંભ કરે તેવો વચનયોગ પ્રવર્તાવે છે અને તે મનોયોગને ઉપષ્ટંભ કરે તેવો કાયયોગ પ્રવર્તાવે છે. આ રીતે ત્રણ કરણથી શુદ્ધ નમસ્કાર કરીને 'તત્ત્વાર્થઅધિગમ' નામનો ગ્રંથ રચવાની ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે અને તત્ત્વાર્થ અધિગમ સૂત્ર બહુ અર્થવાળું છે અને ભગવાનના વચનના એક દેશના સંગ્રહરૂપ આ લઘુ ગ્રંથ છે. વળી, શિષ્યના હિતને કરનારો છે; કેમ કે યોગ્ય જીવો આ ગ્રંથથી મોક્ષમાર્ગનો બોધ કરીને હિત સાધશે. **॥૨૧-૨૨॥**

**અવતરણિકા :-**

**ગાથા-૨૩થી ૨૯માં કહેવાશે એવા પ્રકારના તીર્થમહિમાથી આક્ષિપ્ત બુદ્ધિવાળા, તત્ત્વાર્થસૂત્રની રચના કરનારા આચાર્ય ઉમાસ્વાતિજીની ભગવાનના વચનના એક દેશના સંગ્રહ કરવાની શક્તિની અસંભાવના કરતા એવા આચાર્યદેશીય ગ્રંથકારશ્રીના કથનનો વિરોધ કરતાં અર્થાત્ પૂર્વગાથામાં ગ્રંથકારશ્રીએ કહેલ કે "અરિહંતના વચનના એક દેશનો સંગ્રહ હું કરીશ" એ પ્રકારના તત્ત્વાર્થકારના વચનનો વિરોધ કરતાં કહે છે —**

**ગાથા :-**

**महतोऽतिमहाविषयस्य दुर्गमग्रन्थभाष्यपारस्य ।**
**कः शक्तः प्रत्यासं, जिनवचनमहोदधेः कर्तुम् ।।२३।।**

**ગાથાર્થ :-**

**મહાન, અતિમહાવિષયવાળા, દુર્ગમ છે ગ્રંથનો અને ભાષ્યનો પાર જેને એવા જિનવચન મહોદધિના પ્રત્યાસને=સંગ્રહને, કરવા માટે કોણ સમર્થ છે અર્થાત્ કોઈ સમર્થ નથી. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

ભગવાનના વચનરૂપી સમુદ્ર મહાન છે, અતિમહાવિષયવાળો છે અને વિશિષ્ટ આનુપૂર્વીવાળા પદની

સંતતિરૂપ 'ગ્રંથ' તે મહાન છે. માટે અધ્યયનમાત્રથી તેનો પાર પામવો અશક્ય છે અને તે ગ્રંથના અર્થના વિવરણરૂપ 'ભાષ્ય' નયવાદથી યુક્ત હોવાના કારણે પારને પામવું અશક્ય છે. વળી, કોઈ પુરુષ મોટા આયુષ્યવાળો હોય તોપણ તેનું વર્ણન કરી શકે તેમ નથી. આ રીતે ભગવાનના વચનરૂપી સમુદ્રનો સંગ્રહ કરવા માટે કોઈ શક્તિમાન નથી, આમ છતાં ગ્રંથકારશ્રીએ પૂર્વગાથામાં કહેલ કે અરિહંતના વચનના એક દેશનો હું સંગ્રહ કરીશ. માટે તેમનું તે વચન ઉચિત નથી.

અહીં વિશેષ એ છે કે ગ્રંથકારશ્રીએ ભગવાનનાં સર્વ વચનોનો સંગ્રહ કરવાની પ્રતિજ્ઞા કરી નથી, પરંતુ ભગવાનના વચનના એક દેશનો સંગ્રહ કરવાની પ્રતિજ્ઞા કરી છે. છતાં તેનો વિરોધ કરનાર આચાર્ય કહે છે કે ભગવાનનાં દરેક વચનોનું તાત્પર્ય અતિ વિસ્તૃત છે. તેથી ભગવાનના એક 'સામાયિક સૂત્ર'નો અર્થ પણ સંપૂર્ણ સંગ્રહ કરવા માટે કોઈ સમર્થ નથી, તો પછી ભગવાને બતાવેલ જીવાજીવાદિ સાત તત્ત્વનો સંગ્રહ પણ ગ્રંથકારશ્રી કઈ રીતે કરી શકે ? અર્થાત્ કરી શકે નહિ. આમ છતાં ગ્રંથકારશ્રીએ તેનો સંગ્રહ કરવાની પ્રતિજ્ઞા કરી, તે તેમનું અતિસાહસ છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**જે કોઈ પુરુષ ભગવાનના વચનના એક દેશનો સંગ્રહ કરવાનો મનોરથ કરે છે, તે આગળની ગાથામાં કહેવાશે તેવો અધ્યવસાય કરે છે. તે બતાવવાં માટે કહે છે –**

**ગાથા :-**

**शिरसा गिरिं बिभित्सेदुच्चिक्षिप्सेच्च सक्षितिं दोर्भ्याम् ।**
**प्रतितीर्षेच्च समुद्रं, मित्सेच्च पुनः कुशाग्रेण ।।२४।।**

**ગાથાર્થ :-**

**મસ્તક વડે પર્વતને તોડવાની ઈચ્છા કરે છે અને બે હાથ વડે પૃથ્વી સહિત પર્વતને ફેંકવાની ઈચ્છા કરે છે અને બે બાહુ વડે સમુદ્રને તરવાની ઈચ્છા કરે છે અને વળી, કુશાગ્રથી તે સમુદ્રને માપવાની ઈચ્છા કરે છે=તણખલું લઈને સમુદ્રનું એક એક બિંદુ અન્ય સ્થળે સ્થાપન કરીને પૂર્ણ સમુદ્ર કેટલા બિન્દુ પ્રમાણ છે, તે જાણવા ઈચ્છે છે. ॥૨૪॥**

**ગાથા :-**

**व्योम्नीन्दुं चिक्रमिषेन्मेरुगिरिं पाणिना चिकम्पयिषेत् ।**
**गत्याऽनिलं जिगीषेच्चरमसमुद्रं पिपासेच्च ।।२५।।**

**ગાથાર્થ :-**

**આકાશમાં ચંદ્રનું ઉલ્લંઘન કરવા ઈચ્છે છે=ચંદ્રની ગમન ક્રિયા કરતા અધિક ગમન ક્રિયા કરીને તેનાથી આગળ જવા ઈચ્છે છે, મેરુગિરિને હાથ વડે કરીને કંપાવવાની ઈચ્છા કરે છે, ગતિ વડે પવનને જીતવાની ઈચ્છા કરે છે અને ચરમસમુદ્રને=સ્વયંભૂરમણ સમુદ્રને પીવાની ઈચ્છા કરે છે. ॥૨૫॥**

ગાથા :-

किञ्च-खद्योतकप्रभाभिः, सोऽभिबुभूषेच्च भास्करं मोहात् ।
योऽतिमहाग्रन्थार्थं, जिनवचनं सञ्जिघृक्षेत ।।२६।।

ગાથાર્થ :-

વળી, તે=તે પુરુષ, મોહથી ખદ્યોતની પ્રભા વડે ભાસ્કરને અભિભવ કરવાની ઈચ્છા કરે છે, જે અતિ મહાગ્રન્થાર્થ એવા જિનવચનને સંગ્રહ કરવાની ઈચ્છા કરે છે. ॥૨૬॥

અવતરણિકા :-

ગાથા-૨૩થી ૨૬ સુધી આચાર્યદેશીયે જે વિરોધ કર્યો તેનું સમાધાન કરવા અર્થે ભાષ્યકાર ઉમાસ્વાતિજી શું કહે છે તે સ્પષ્ટ કરવા માટે ટીકાકાર કહે છે કે "જિનવચનનો સંગ્રહ કરવો તે અશક્ય અનુષ્ઠાન છે. તેથી તમારી પ્રવૃત્તિ અનુચિત છે", એ પ્રકારે આચાર્યદેશીયે જે કહેલ તે "સર્વ એમ જ છે"=જિનવચનનો સંગ્રહ કરવો અશક્ય અનુષ્ઠાન છે એ એમ જ છે, તોપણ યથાશક્તિ ભગવાનના વચનના ઉપદેશની પ્રવૃત્તિથી યોગ્ય જીવોમાં જ્ઞાનનો વિનિયોગ કરવો અને પરોપકાર કરવારૂપ શુભફળ પ્રાપ્ત કરવું તે અમારા ગ્રંથરચનાના મનોરથરૂપી વૃક્ષનું ફળ છે. તેથી પ્રસ્તુત ગ્રંથરચનાની પ્રવૃત્તિ અનુચિત નથી, એ પ્રમાણે ગ્રંથકારશ્રી આગળની ગાથામાં સ્પષ્ટ કરે છે –

ગાથા :-

एकमपि तु जिनवचनाद्यस्मान्निर्वाहकं पदं भवति ।
श्रूयन्ते चानन्ताः, सामायिकमात्रपदसिद्धाः ।।२७।।

ગાથાર્થ :-

જિનવચનમાંથી નીકળેલું એક પણ પદ જે કારણથી નિર્વાહક થાય છે અર્થાત્ મોક્ષની પ્રાપ્તિનું કારણ થાય છે. (તે કારણથી જિનવચનમાંથી નીકળેલ એક પણ પદના સંપૂર્ણ અર્થને સંગ્રહ કરવા માટે કોઈપણ છદ્મસ્થ સમર્થ નથી. માટે આચાર્ય ઉમાસ્વાતિજી પણ જિનવચનના એક દેશનો સંપૂર્ણ સંગ્રહ કરી શકે તેમ નથી. આમ છતાં અવતરણિકામાં કહ્યું તેમ ભાષ્યકાર ઉમાસ્વાતિજી પોતાની શક્તિ અનુસાર ભગવાનના વચનના ઉપદેશની પ્રવૃત્તિ દ્વારા યોગ્ય જીવોમાં ભગવાનના વચનરૂપ જ્ઞાનનો વિનિયોગ કરવા ઈચ્છે છે અને પરના ઉપકાર કરવાના શુભ આશયવાળા છે માટે પ્રસ્તુત ગ્રંથની રચના કરે છે, એ અંશ અધ્યાહાર છે.)

ભગવાનના વચનમાંથી નીકળેલું એક પણ પદ નિર્વાહક થાય છે=મોક્ષની પ્રાપ્તિનું કારણ થાય છે, એમ પૂર્વમાં કહ્યું તે કઈ રીતે થાય ? તેથી ગાથાના ઉત્તરાર્ધથી ભાષ્યકાર ઉમાસ્વાતિજી કહે છે –

**અને સામાયિક માત્ર પદથી સિદ્ધ થયેલા અનંતા જીવો સંભળાય છે=શાસ્ત્રમાં સંભળાય છે. ॥૨૭॥**

**ભાવાર્થ :-**

ગાથા-૨૩થી ગાથા-૨૬ સુધી આચાર્યદેશીય, ગ્રંથ રચનાર ઉમાસ્વાતિજીને કહે છે કે ભગવાનના વચનના એક દેશનો સંગ્રહ કરવાની તમે પ્રતિજ્ઞા કરી. વસ્તુતઃ ભગવાનના વચનના એક દેશનો સંગ્રહ કરવો તમારા માટે અશક્ય છે. તેને ભાષ્યના પ્રસ્તુત ગાથાથી ઉમાસ્વાતિજી ઉત્તર આપતાં કહે છે કે ભગવાનના વચનમાંથી નીકળેલું એક પણ પદ નિર્વાહક છે=ભવથી નિસ્તાર કરનારું છે. તેથી "ભગવાનના વચનમાંથી નીકળેલું એક પણ પદ નિર્વાહક છે" તેનો પારમાર્થિક અર્થ વિચારીએ તો પરિપૂર્ણ એવા યોગમાર્ગનો બોધ કરાવવા માટે એક પદ સમર્થ છે એવો અર્થ પ્રાપ્ત થાય અને એક પદના પૂર્ણ અર્થનો જેમને બોધ થાય છે, તેઓ તે પદના બળથી પરિપૂર્ણ યોગમાર્ગને સેવીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તેથી એક પદનો પણ પરિપૂર્ણ અર્થ જો ગ્રંથકારશ્રી કહી શકે અને તે અર્થને બુદ્ધિમાન શ્રોતા અવધારણ કરી શકે અને તે પ્રમાણે અપ્રમાદથી યોગમાર્ગમાં યત્ન કરે તો પરિપૂર્ણ યોગમાર્ગના સેવનથી કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે તેમ માનવું પડે. વસ્તુતઃ ભગવાનના વચનના એક પદથી કેવલજ્ઞાનના આસન્નવર્તી એવા ક્ષપકશ્રેણીના ભાવો કોઈ યોગ્ય જીવો પ્રાપ્ત કરી શકે છે, પરંતુ કેવલજ્ઞાનના આસનવર્તી તે ભાવોનો ગ્રંથકારશ્રીને પણ બોધ નથી. તેથી ભગવાનના વચનના એક પણ પદનો પરિપૂર્ણ અર્થ ગ્રંથકારશ્રી કહી શકે તેમ નથી, તો પછી જિનવચનના એક દેશરૂપ સાત તત્ત્વનો સંગ્રહ ગ્રંથકારશ્રી કઈ રીતે કરી શકે ? અર્થાત્ ગ્રંથકારશ્રી કરી શકે તેમ નથી, તેમ ગાથાના પૂર્વાર્ધથી ગ્રંથકારશ્રી સ્વીકારી લે છે અને તેના દ્વારા એ ઉત્તર આપે છે કે "અમે યથાશક્તિ ભગવાનના વચનની ઉપદેશની પ્રવૃત્તિ કરવા અર્થે અને યોગ્ય જીવોને માર્ગનો બોધ કરાવવા અર્થે પ્રસ્તુત ગ્રંથની રચના કરીએ છીએ." તેથી અમારી ગ્રંથરચનાની પ્રવૃત્તિ વ્યર્થ નથી.

વળી, ભગવાનના એક વચનથી પરિપૂર્ણ યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે, તે બતાવવા ગ્રંથકારશ્રી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે કે "કરેમિ ભંતે ! સામાઈયં." એટલા માત્ર પદથી અનંતા જીવો સિદ્ધ થયા. એમ શાસ્ત્રમાં સંભળાય છે. તેથી ફલિત થાય છે કે સામાયિક માત્ર પદનો અર્થ ભવના નિસ્તારનું કારણ છે માટે સામાયિક માત્ર પદનો પરિપૂર્ણ અર્થ અમે કહી શકીએ તેમ નથી.

અહીં ભગવાનના વચનનું એક પણ પદ નિર્વાહક છે અને નિર્વાહનો અર્થ ભવનિસ્તાર કરનાર છે તેમ કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય છે કે ભગવાને દ્વાદશાંગી ભવનિસ્તાર અર્થે બતાવી છે અને ભગવાનના દ્વાદશાંગીનાં વચનોમાંથી કોઈ એક પદના પરિપૂર્ણ અર્થનો પણ કોઈને બોધ થાય તો તેને પૂર્ણ યોગમાર્ગનો બોધ થાય. તેથી તે મહાત્માનો ભવથી નિસ્તાર થાય અને ભગવાને ભવનિસ્તાર માટે દ્વાદશાંગી આપેલ છે, તેથી ભવનિસ્તારનો નિર્વાહ એક પદથી પણ થાય છે, તે બતાવવા માટે ભગવાનના વચનનું એક પણ પદ નિર્વાહક છે, તેમ કહેલ છે. **॥૨૭॥**

**ગાથા :-**

**तस्मात्तत्प्रामाण्यात्, समासतो व्यासतश्च जिनवचनम्।**
**श्रेय इति निर्विचारं, ग्राह्यं धार्यं च वाच्यं च।।२८।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી=આગમનું એક પદમાત્ર પણ નિર્વાહક છે તે કારણથી, તેના પ્રામાણ્યને કારણે= આગમના પ્રામાણ્યને કારણે, સંક્ષેપથી કે વિસ્તારથી જિનવચન શ્રેય છે એ પ્રમાણે નિર્વિચાર ગ્રહણ કરવું જોઈએ, ધારણ કરવું જોઈએ=આ વચનથી મારું કલ્યાણ થશે કે નહિ એ પ્રકારનો વિકલ્પ કર્યા વગર ગ્રહણ કરવું જોઈએ અને ધારણ કરવું જોઈએ અને અર્થવિચારણા આદિ દ્વારા યોગ્ય જીવોને કહેવું જોઈએ. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે ભગવાનનું એક પણ વચન મોક્ષ પ્રાપ્તિરૂપ ફળ આપવા સમર્થ છે, તેથી અર્થથી એ પ્રાપ્ત થાય કે જે પ્રકારે ભગવાને શ્રુતનું ફળ કહ્યું છે, તે શ્રુતના ફળને આપવામાં ભગવાનનું વચન સમર્થ છે, માટે ભગવાનનું વચન નિર્વાહક છે અને જે વચન જે ફળ પ્રાપ્તિનું કથન કરતું હોય અને તે પ્રમાણે ફળ મળતું હોય તો તે વચન પ્રમાણ કહેવાય. તે નિયમ પ્રમાણે ભગવાનનું વચન પ્રમાણભૂત છે, તેમ સિદ્ધ થાય છે. તેથી જે મહાત્મા સમર્થ હોય તે મહાત્મા ભગવાનનું વચન વિસ્તારથી ગ્રહણ કરે અને જે મહાત્મા સમર્થ ન હોય તે મહાત્મા સંક્ષેપથી ગ્રહણ કરે અને ત્યારપછી તે મહાત્મા તે વચન અનુસાર સુદૃઢ યત્ન કરે તો અવશ્ય કલ્યાણની પ્રાપ્તિ થાય. તેથી ભગવાનના વચનથી કલ્યાણ થશે કે નહિ તે પ્રકારનો વિકલ્પ કરવો ઉચિત નથી, પરંતુ અધ્યયન અને શ્રવણ દ્વારા ભગવાનનું વચન ગ્રહણ કરવું જોઈએ અને અનુપ્રેક્ષાદિ દ્વારા ભગવાનનું વચન ધારણ કરવું જોઈએ અને અર્થવિચારણાદિ દ્વારા યોગ્ય જીવોને ભગવાનનું વચન કહેવું જોઈએ.

અહીં વિશેષ એ છે કે ભગવાનનું વચન શ્રેયકારી છે એવો નિર્ણય થયા પછી સ્વશક્તિ અનુસાર ભગવાનનાં વચનને યોગીઓ પાસેથી સાંભળવાં જોઈએ અને ભગવાનનાં વચનોને કહેનારાં શાસ્ત્રોનું અધ્યયન કરવું જોઈએ અને ભગવાનનાં વચનોનો માત્ર શબ્દથી બોધ કરીને સંતોષ માનવો જોઈએ નહિ, પરંતુ ભગવાનનાં વચનોના ગંભીર અર્થને યથાર્થ જાણવા ઉદ્યમ કરવો જોઈએ. આ રીતે ભગવાનનાં વચનોને ગ્રહણ કર્યા પછી કઈ રીતે આ ભગવાનનું વચન મોહના ઉન્મૂલનને કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે, તે પ્રકારે જાણવા માટે અનુપ્રેક્ષા કરવી જોઈએ=ઊહાપોહ કરવો જોઈએ, જેથી ભગવાનના વચનના બળથી ઉત્તરોત્તર યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા માટે પોતે સમર્થ બને.

વળી, શાસ્ત્રોનું અધ્યયન કર્યા પછી પોતાની શક્તિ હોય તો ભગવાનનાં વચનોના અર્થોની વિચારણાદિ દ્વારા યોગ્ય જીવોને ભગવાનનાં વચનોને સમજાવવાં જોઈએ. જેથી તે જીવોનો પણ ઉપકાર થાય અને પોતાને પણ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે ભગવાનનું વચન નિર્વાહક છે માટે પ્રમાણ છે અને પ્રમાણભૂત એવું વચન શ્રેયકારી છે. તેથી તેને નિર્વિચાર ગ્રહણ કરવું જોઈએ, ધારણ કરવું જોઈએ અને યોગ્ય જીવોને કહેવું જોઈએ. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે ભગવાનનું વચન ગ્રહણ કરવામાં આવે અને ધારણ કરવામાં આવે**

**તો તેનાથી પોતાનું કલ્યાણ થાય. પરંતુ બીજાને કહેવાથી પોતાને શું લાભ થાય ? તેનું નિવારણ કરવા માટે અધ્યાપનની પ્રવૃત્તિ પણ ઉપદેશકના કલ્યાણનું કારણ છે અને પોતે બીજાને અધ્યાપન કરાવવા અર્થે જે ગ્રંથરચના કરે છે તે પણ કલ્યાણનું કારણ છે, માટે ઉચિત છે, તે બતાવવાં માટે કહે છે –**

**ગાથા :-**

**न भवति धर्मः श्रोतुः, सर्वस्यैकान्ततो हितश्रवणात् ।**
**ब्रुवतोऽनुग्रहबुद्ध्या, वक्तुस्त्वेकान्ततो भवति ।।२९।।**

**ગાથાર્થ :-**

**હિતના શ્રવણથી, બધા શ્રોતાને એકાંતથી ધર્મ થતો નથી. વળી, અનુગ્રહ બુદ્ધિથી બોલતા એવા વક્તાને એકાંતથી થાય છે=એકાંતથી ધર્મ થાય છે. ।।૨૯।।**

**ભાવાર્થ :-**

કોઈ શ્રોતા કલ્યાણનો અર્થી હોય છતાં કોઈક કારણથી અન્યમનસ્ક હોય તો હિતશ્રવણથી પણ તે શ્રોતાને નિર્જરાની પ્રાપ્તિ થતી નથી. વળી, કોઈ શ્રોતા સ્વદર્શનના રાગથી સાંભળવા આવેલા હોય અને ઉપદેશક હિતકારી વચન કહેતા હોય તોપણ સ્વદર્શનની યુક્તિની પુષ્ટિ અર્થે તે વચનોનું તે શ્રોતા યોજન કરે તો તે હિતકારી વચનના શ્રવણથી પણ તે શ્રોતાનું હિત થતું નથી.

વળી, તત્ત્વના જાણનારા એવા વક્તા શ્રોતાના અનુગ્રહની બુદ્ધિથી હિતકારી વચન કહેતા હોય તો સ્વઆશયની વિશુદ્ધિ હોવાથી વક્તાને એકાંતે નિર્જરા થાય છે. માટે કલ્યાણના અર્થી એવા સાધકે જેમ ભગવાનનું વચન ગ્રહણ કરવું જોઈએ અને ધારણ કરવું જોઈએ, તેમ યોગ્ય જીવોને ઉપદેશરૂપે કહેવું પણ જોઈએ. આથી ગ્રંથકારશ્રીએ અન્ય જીવોને ઉપદેશ આપવા અર્થે પ્રસ્તુત ગ્રંથની રચના કરી છે, તે એકાન્તે ગ્રંથકારશ્રીના કલ્યાણ માટે છે. **।।૨૯।।**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે અનુગ્રહ બુદ્ધિથી બોલતા વક્તાને એકાંતે ધર્મ થાય છે. આ પ્રમાણે વિચારીને શું કરવું જોઈએ, તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**श्रममविचिन्त्यात्मगतं, तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ।**
**आत्मानं च परं च हि, हितोपदेष्टानुगृह्णाति ।।३०।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી=અનુગ્રહ બુદ્ધિથી ઉપદેશ આપનારને એકાંતે ધર્મ થાય છે તે કારણથી, આત્મગત શ્રમનો વિચાર કર્યા વગર સદા શ્રેયમાર્ગનો ઉપદેશ આપવો જોઈએ.**

અહીં પ્રશ્ન થાય કે શ્રોતાને અનુગ્રહ કરવાની બુદ્ધિથી ઉપદેશ આપનારને ધર્મ થાય છે, તેમાં શું પ્રમાણ છે ? તે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

**હિતનો ઉપદેશ આપનારા ઉપદેશકો પોતાના ઉપર અને પર ઉપર અનુગ્રહ કરે છે. ।।૩૦।।**

**ભાવાર્થ :-**

ઉપદેશ આપનાર વક્તાને એકાંતે ધર્મ થાય છે તે કારણથી ઉપદેશ આપવામાં પોતાને કંઠશોષાદિ શ્રમ થાય છે, એ પ્રકારનો વિચાર કરીને પ્રમાદ કરવો જોઈએ નહિ, પરંતુ હંમેશાં મોક્ષમાર્ગનો ઉપદેશ આપવો જોઈએ; કેમ કે સમ્યગ્ ઉપદેશની પ્રવૃત્તિથી માત્ર પરનો ઉપકાર થાય છે તેમ નથી, પરંતુ પોતાને પણ ધર્મની પ્રાપ્તિ થાય છે અર્થાત્ એકાંતે નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાનના વચનથી આત્માને ભાવિત કરવાથી નિર્લેપ ચિત્ત થાય છે, તેથી નિર્જરા થાય છે, પરંતુ શ્રોતાના અનુગ્રહના આશયથી ઉપદેશની પ્રવૃત્તિ કરવાથી પોતાને ધર્મ પ્રાપ્ત થાય છે એ કેમ નક્કી થાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે કે શ્રોતાના હિત માટે જે ઉપદેશક પ્રવૃત્તિ કરે છે, તે પોતાને અને પરને અનુગ્રહ કરે છે; કેમ કે ઉચિત પ્રવૃત્તિ ઉભયના કલ્યાણનું કારણ છે. **॥૩૦॥**

**અવતરણિકા :-**

**વિદ્યા, શિલ્પ, કલાદિના ઉપદેશમાં પણ ઉપદેશકને હિતબુદ્ધિ હોઈ શકે. તેથી હિતબુદ્ધિથી ઉપદેશ આપનારને એકાંતે ધર્મ થાય છે, એમ કહેવામાં આવે તો વિદ્યાદિના ઉપદેશ આપનારને પણ ધર્મની પ્રાપ્તિ થાય છે તેમ માનવું પડે, તેના નિરાકરણ માટે કહે છે –**

**ગાથા :-**

**नर्ते च मोक्षमार्गाद्धितोपदेशोऽस्ति जगति कृत्स्नेऽस्मिन् ।**
**तस्मात्परमिद(म)मेवेति मोक्षमार्गं प्रवक्ष्यामि ।।३१।।**

**ગાથાર્થ :-**

**મોક્ષમાર્ગને છોડીને આ આખા જગતમાં હિતનો ઉપદેશ નથી, તે કારણથી આ જ=મોક્ષમાર્ગનો ઉપદેશ જ પ્રકૃષ્ટ હિતોપદેશ છે. એથી ગ્રંથકારશ્રી કહે છે - "અમે મોક્ષમાર્ગને કહીશું." ।।૩૧।।**

**ભાવાર્થ :-**

જીવની પૂર્ણસુખમય અવસ્થા મોક્ષ છે અને તેની પ્રાપ્તિનો ઉપાય મોક્ષમાર્ગ છે. તેથી તે મોક્ષમાર્ગને છોડીને જગતમાં જે હિતપ્રાપ્તિના ઉપાયો છે તે પરમાર્થથી હિતની પ્રાપ્તિના ઉપાયો નથી. તેથી ગ્રંથકાર કહે છે, મોક્ષમાર્ગને છોડીને આ જગતમાં હિતનો ઉપદેશ નથી માટે અન્ય સર્વ ઉપદેશને છોડીને મોક્ષમાર્ગને જ કહેવાની પ્રતિજ્ઞા ગ્રંથકારશ્રી કરે છે. **॥૩૧॥**

**॥ તત્ત્વાર્થસૂત્ર સંબંધકારિકા સંપૂર્ણ ॥**

વાચકવર શ્રીમાન્ ઉમાસ્વાતિજી વિરચિત સ્વોપજ્ઞભાષ્યઅલંકૃત

# તત્ત્વાર્થાધિગમસૂત્ર

શબ્દશઃ વિવેચન

## પ્રથમ અધ્યાય

**સૂત્ર :-**

**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।।१-१।।**

**સૂત્રાર્થ :-**

**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે. ।।૧-૧।।**

**ભાષ્ય :-**

**सम्यग्दर्शनं सम्यग्ज्ञानं सम्यक्चारित्रमित्येष त्रिविधो मोक्षमार्गः, तं पुरस्ताल्लक्षणतो विधानतश्च विस्तरेणोपदेक्ष्यामः, शास्त्रानुपूर्वीविन्यासार्थं तूद्देशमात्रमिदमुच्यते, एतानि च समस्तानि मोक्षसाधनानि, एकतराभांवेऽप्यसाधनानीत्यतस्त्रयाणां ग्रहणम्, एषां च पूर्वलाभे भजनीयमुत्तरं, उत्तरलाभे तु नियतः पूर्वलाभः ।**

**ભાષ્યાર્થ :-**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ પ્રકારનો આ ત્રિવિધ મોક્ષમાર્ગ છે. તેને=સમ્યગ્દર્શન આદિ ત્રિવિધ મોક્ષમાર્ગને, આગળમાં લક્ષણથી અને વિધાનથી=ભેદથી, વિસ્તારપૂર્વક અમે ઉપદેશ આપીશું. વળી, શાસ્ત્રની આનુપૂર્વીના સ્થાપન માટે=તત્ત્વાર્થસૂત્રમાં કયા ક્રમથી પદાર્થો કહેવાના છે તેના સ્થાપન માટે, આ=પ્રથમ સૂત્ર, ઉદ્દેશ માત્ર કહેવાય છે=આ સૂત્રમાં બતાવાયેલ મોક્ષમાર્ગ આ ગ્રંથનો ઉદ્દેશ છે એમ કહેવાય છે.

આ સમસ્ત=સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ સમસ્ત, મોક્ષનાં સાધન છે. એકતરના અભાવમાં પણ અસાધન છે=મોક્ષના અકારણ છે. આથી ત્રણનું ગ્રહણ છે અને આના=સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના, પૂર્વના લાભમાં=સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનના લાભમાં, ઉત્તરનું ભજનીય છે=ઉત્તર એવા ચારિત્રની પ્રાપ્તિ થાય કે ન થાય, એ પ્રકારનો વિકલ્પ છે. વળી, ઉત્તરના લાભમાં=ચારિત્રના લાભમાં, નિયત પૂર્વનો લાભ છે=નક્કી પૂર્વના સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનનો લાભ છે. ।।૧-૧।।

**ભાવાર્થ :-**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણનો સમુદાય મોક્ષમાર્ગ છે, પરંતુ અલગ-અલગ મોક્ષના ત્રણ માર્ગો નથી તે બતાવવા માટે સૂત્રમાં 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' એ કથનમાં 'मोक्षमार्गः' એ પ્રમાણે એકવચનમાં પ્રયોગ કરેલ છે. જો સૂત્રમાં 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गाणि' એ પ્રકારનો વચનપ્રયોગ હોત તો મોક્ષના ત્રણ માર્ગો છે, એવો અર્થ પ્રાપ્ત થાત. વસ્તુતઃ મોક્ષના ત્રણ અલગ-અલગ માર્ગો નથી, પણ ત્રણેનો સમુદાય મોક્ષમાર્ગ છે.

સૂત્રમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, મોક્ષમાર્ગ છે એમ કહ્યું. તેથી કોઈને ભ્રમ થાય કે 'દર્શન' શબ્દ સાથે 'સમ્યગ્' શબ્દનો સંબંધ છે. પરંતુ જ્ઞાન, ચારિત્ર સાથે 'સમ્યગ્' શબ્દનો સંબંધ નથી. તેના નિવારણ માટે ભાષ્યકારે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એમ ત્રણેની સાથે 'સમ્યગ્' શબ્દનું યોજન કરેલ છે.

દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેની સાથે સમ્યગ્ શબ્દનું યોજન કરવાથી એ પ્રાપ્ત થયું કે સંસારી જીવોને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે અને તે ત્રણેનો સમુદાય મોક્ષથી વિરુદ્ધ એવો સંસારનો માર્ગ છે અને આ ત્રણે સમ્યગ્ બને ત્યારે મોક્ષમાર્ગ બને છે. જો માત્ર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય પણ સમ્યક્ચારિત્ર ન હોય તો સમ્યક્ચારિત્રરૂપ એક અંગ વિકલ હોવાને કારણે મોક્ષમાર્ગની પ્રવૃત્તિ શરૂ થતી નથી. પરંતુ જ્યારે સમ્યક્ચારિત્ર પ્રગટે છે, ત્યારે મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે અને મોક્ષમાર્ગનો પ્રારંભ થયા પછી મોક્ષપ્રાપ્તિમાં જે કાંઈ વિલંબ થાય છે, તે મોક્ષરૂપ કાર્યનિષ્પત્તિને અનુકૂળ રત્નત્રયીની પૂર્ણતાની પ્રાપ્તિના વિલંબનથી થાય છે. તેથી કોઈ સાધકને રત્નત્રયીની પ્રાપ્તિ થયેલી હોય, આમ છતાં તેની પૂર્ણતા આ ભવમાં ન કરી શકે તો અન્ય ભવમાં પણ તે રત્નત્રયીની પૂર્ણતાને પ્રાપ્ત કરે છે, ત્યારે મોક્ષફળની પ્રાપ્તિ થાય છે.

**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ :-**

જીવના પારમાર્થિક સ્વરૂપને જોવાને અનુકૂળ જે નિર્મળ દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે અર્થાત્ "કર્મના ઉપદ્રવ વગરની નિરાકુળ ચેતના તે જીવની વિડંબણા વગરની અવસ્થા છે" તેવો સ્પષ્ટ બોધ જેમને વર્તે છે, તેવા નિર્મળ દૃષ્ટિવાળા જીવો સ્વશક્તિ અનુસાર મોહની આકુળતાને દૂર કરવાની બળવાન ઇચ્છાવાળા હોય છે. તેથી મોહના ઉન્મૂલનના ઉપાયભૂત ભગવાનના વચન પ્રત્યે અને ભગવાનના વચન અનુસાર મોહના ઉન્મૂલનને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ પ્રત્યે બદ્ધ રાગવાળા હોય છે અને તે જીવોમાં **તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિ છે, તે સમ્યગ્દર્શન છે.** સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી સંસારના ઉચ્છેદના ઉપાયભૂત ભગવાનના વચનનો બોધ કરવા માટે સમ્યગ્ યત્ન કરવાથી **જે શ્રુતનો સમ્યક્ બોધ થાય છે તે સમ્યગ્જ્ઞાન છે** અને સમ્યગ્દર્શનપૂર્વક, સમ્યગ્જ્ઞાનથી નિયંત્રિત એવી સંયમની આચરણા કરવાથી **જે નિર્લેપ પરિણતિ પ્રગટે છે તે સમ્યક્ચારિત્ર છે.** આ ત્રણે પરિણતિઓના પ્રકર્ષથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી રત્નત્રયીનો સમુદાય તે મોક્ષમાર્ગ છે.

ભાષ્યકાર કહે છે કે આ રત્નત્રયીને લક્ષણથી અને આ રત્નત્રયીને ભેદથી વિસ્તાર દ્વારા પ્રસ્તુત ગ્રંથમાં અમે બતાવીશું.

અહીં પ્રશ્ન થાય કે વિસ્તારથી રત્નત્રયીને ગ્રંથકારશ્રી બતાવવાના હોય તો પ્રસ્તુત સૂત્રમાં તે રત્નત્રયી મોક્ષમાર્ગ છે, તેમ સંક્ષેપથી કેમ કહ્યું ? તેથી કહે છે –

શાસ્ત્રની આનુપૂર્વીના વિન્યાસ માટે ઉદ્દેશ માત્ર આ સૂત્ર કહેવાયું છે અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એમ કહેવાથી પ્રસ્તુત ગ્રંથમાં "પ્રથમ સમ્યગ્દર્શન, પછી સમ્યગ્જ્ઞાન અને પછી સમ્યક્ચારિત્ર કહેવાશે" એ પ્રકારની આનુપૂર્વી પ્રસ્તુત ગ્રંથમાં છે, એ બતાવવા માટે અને "આખા ગ્રંથનો ઉદ્દેશ આ પ્રથમ સૂત્રમાં કહેલ પદાર્થ છે." એ પ્રકારનો શ્રોતાને બોધ કરાવવા માટે આ પ્રથમ સૂત્રની રચના કરેલ છે.

વળી, ભાષ્યકાર કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ ત્રણેય સાથે હોય તો મોક્ષનાં સાધનો છે, પરંતુ ત્રણમાંથી કોઈ એકનો પણ અભાવ હોય તો મોક્ષનાં સાધન નથી. તેથી મોક્ષમાર્ગરૂપે ત્રણેનું ગ્રહણ કરેલ છે. આનાથી એ ફલિત થાય કે કોઈને આ ત્રણમાંથી કોઈ એકનો અભાવ હોય તો તે દેવગતિનું કારણ બને, પરંતુ મોક્ષનું કારણ બને નહિ.

વળી, ત્રણમાંથી કોના લાભમાં કોનો લાભ વિકલ્પે હોય છે તે કહે છે – આ ત્રણમાં પૂર્વના લાભમાં= સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના લાભમાં, ઉત્તરના લાભની=સમ્યક્ચારિત્રના લાભની ભજના છે અર્થાત્ ઉત્તરનો લાભ=સમ્યક્ચારિત્રનો લાભ હોય પણ અને ન પણ હોય. વળી, ઉત્તરના લાભમાં=ચારિત્રના લાભમાં, નિયમથી પૂર્વનો લાભ=સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો લાભ હોય છે.

**ઉત્થાન :-**

સૂત્રમાં કહેલા સમ્યગ્દર્શન આદિ પદોના દરેક અવયવોનો અર્થ પ્રતિપાદન કરવા માટે ભાષ્યકાર કહે છે -

**ભાષ્ય :-**

**तत्र सम्यगिति प्रशंसार्थो निपातः, समञ्चतेर्वा, भावे दर्शनमिति दृशेरव्यभिचारिणी सर्वेन्द्रिया-निन्द्रियार्थप्राप्तिः, एतत्सम्यग्दर्शनं, प्रशस्तं दर्शनं सम्यग्दर्शनं, संगतं वा दर्शनं सम्यग्दर्शनम्, एवं ज्ञानचारित्रयोरपि ।।१-१।।**

**ભાષ્યાર્થ :-**

**ત્યાં=પ્રથમ સૂત્રમાં, સમ્યગ્ એ પ્રકારનું પ્રશંસા અર્થવાળું નિપાત છે અથવા समञ्चतेर्वा=સમપૂર્વક 'अञ्च' ધાતુનું આ રૂપ છે. भावे दर्शनम्=ભાવ અર્થમાં દર્શન શબ્દ છે. એથી દૃષ્ટિની અવ્યભિચારી સર્વ ઇન્દ્રિય અનિન્દ્રિયના અર્થની પ્રાપ્તિ એ સમ્યગ્દર્શન છે.**

બન્ને અર્થનું નિગમન કરે છે અર્થાત્ સમ્યગ્ શબ્દ પ્રશંસા અર્થવાળો નિપાત છે એમ કહ્યું અથવા સમપૂર્વક 'अञ्च' ધાતુનું રૂપ છે એમ કહ્યું તે બન્ને અર્થોનો ફલિતાર્થ કહે છે.

**પ્રશસ્ત દર્શન સમ્યગ્દર્શન છે અથવા સંગત દર્શન સમ્યગ્દર્શન છે. આ રીતે=જે રીતે સમ્યગ્દર્શનનો અર્થ કર્યો એ રીતે, જ્ઞાન-ચારિત્રનો પણ અર્થ કરવો.**

**ભાવાર્થ :-**

ભાષ્યમાં 'तत्र' શબ્દ છે, તેના ત્રણ રીતે અર્થો થઈ શકે. (૧) तत्र=ત્યાં=પ્રથમ સૂત્ર 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' છે એ સૂત્રમાં જે શબ્દો છે, તે સર્વ શબ્દોનો અર્થ કરવા માટે 'तत्र' નો પ્રયોગ છે. (૨) ભાષ્યમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ પ્રકારનો મોક્ષમાર્ગ છે એમ કહ્યું. તેમાં જે 'સમ્યગ્' શબ્દ છે, તેનો અર્થ શું છે તે બતાવવા માટે तत्र નો પ્રયોગ કરેલ છે. આ અર્થ સિદ્ધસેનગણિ ટીકાકારે કરેલ છે. (૩) तत्र શબ્દ 'વાક્ય પ્રસ્તાવ' અર્થમાં છે, તેથી ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ સાહેબે 'तत्र' નો ઉલ્લેખ કર્યા વગર અવશેષ ભાષ્યનું સ્પષ્ટીકરણ કરેલ છે.

દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણેની સાથે 'સમ્યગ્' શબ્દનું યોજન પૂર્વમાં ભાષ્યકારે કર્યું તે 'સમ્યગ્' શબ્દના બે અર્થ થાય છે.

(૧) સમ્યગ્ શબ્દ પ્રશંસા અર્થમાં નિપાત છે=વ્યુત્પત્તિ રહિત 'સમ્યગ્' શબ્દ છે.

(૨) વ્યુત્પત્તિ અર્થનો આશ્રય કરીએ તો 'સમપૂર્વક' 'अञ्च' ધાતુનું આ રૂપ છે.

વળી, સમ્યગ્દર્શનમાં રહેલ 'દર્શન' શબ્દ 'दृश' ધાતુને ભાવ અર્થમાં 'अनट्' પ્રત્યય લાગીને બન્નેલો છે અને 'दृश' શબ્દનો અર્થ કરે છે - દૃષ્ટિ એટલે જ્ઞાનની પરિણતિ અને તે જ્ઞાનની પરિણતિ અવ્યભિચારી હોય તો યથાર્થ બોધ કરાવનાર છે અને તે બોધનો વિષય ઇન્દ્રિયના અને અનિન્દ્રિયના અર્થની પ્રાપ્તિ છે= પાંચ ઇન્દ્રિયના વિષયો અને અનિન્દ્રિયરૂપ મનના વિષયો અને ઓઘજ્ઞાનના વિષયોની પ્રાપ્તિ છે. અને તે બોધ યથાર્થ હોય તો તે સમ્યગ્દર્શન છે.

આનાથી એ ફલિત થાય કે પાંચ ઇન્દ્રિય અને મનથી થતો બોધ વિપર્યાસ વગરનો હોય તો તે યથાર્થ છે અને તે યથાર્થ બોધ સામાન્ય અને વિશેષરૂપ છે અને જે પુરુષને સામાન્ય અને વિશેષ બંનેમાંથી કોઈનો અપલાપ ન કરે તેવો બોધ થાય તે પુરુષનો તે બોધ યથાર્થ છે.

શબ્દાદિ નયોની દૃષ્ટિથી ભાષ્યકારે આ વ્યાખ્યા કરી છે, એમ ટીકાકારશ્રી કહે છે; કેમ કે શબ્દાદિ નયના મતમાં 'જ્ઞાન અને વિપરીત' એ સંભવે નહિ અર્થાત્ જે જ્ઞાન હોય તે યથાર્થ જ હોય અને શબ્દાદિ નયના મતે બધા જ જીવો સમ્યગ્દૃષ્ટિ છે. વળી, શબ્દાદિ નય સિવાયના નયોની દૃષ્ટિથી વિચારીએ તો મોક્ષને અનુકૂળ એવું યથાર્થ જ્ઞાન જેમને થાય તેમનામાં જ સમ્યગ્દર્શન છે, અન્યમાં નહિ.

'સમ્યગ્' શબ્દના બે અર્થ કર્યા. (૧) નિપાતથી વિચારીએ તો પ્રશંસા અર્થ (૨) સમપૂર્વક 'अञ्च' ધાતુનું આ રૂપ છે, એ પ્રકારની વ્યુત્પત્તિથી વિચારીએ તો સંગત અર્થ. પ્રથમ અર્થ પ્રમાણે (૧) પ્રશસ્ત દર્શન સમ્યગ્દર્શન છે અને બીજા અર્થ પ્રમાણે (૨) સંગત દર્શન સમ્યગ્દર્શન છે. તેથી એ પ્રાપ્ત થાય કે મુક્તિનું કારણ એવું જે યથાર્થ દર્શન તે પ્રશસ્ત દર્શન છે અને સર્વ નયોના આલંબનથી પ્રવૃત્ત એવું જે યથાર્થ દર્શન તે સંગત દર્શન છે.

જે રીતે સમ્યગ્દર્શનમાં રહેલા 'સમ્યગ્' શબ્દનો અર્થ છે, તે જ રીતે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં રહેલા 'સમ્યગ્' શબ્દનો અર્થ પણ જાણવો. તેથી પ્રશસ્ત જ્ઞાન અથવા સર્વ નયના આલંબનવાળું જ્ઞાન તે

સમ્યગ્જ્ઞાન છે. અને પ્રશસ્ત ચારિત્ર અથવા સર્વ નયના આલંબનવાળું ચારિત્ર તે સમ્યગ્ ચારિત્ર છે એમ પ્રાપ્ત થાય. **॥૧-૧॥**

**અવતરણિકા :-**

**પ્રથમ સૂત્રમાં કહ્યું કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે. તે સૂત્રના ક્રમ અનુસાર પ્રથમ સમ્યગ્દર્શનના લક્ષણને કહે છે –**

**સૂત્ર :-**

**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ।।१-२।।**

**સૂત્રાર્થ :-**

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR
SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382007.
Phone : (079) 23276252, 23276204-05

**તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. ॥૧-૨॥**

**ઉત્થાન :-**

ભાષ્યકાર સમાસના ભેદથી સૂત્રમાં કહેલ સમ્યગ્દર્શનના લક્ષણને બતાવે છે –

**ભાષ્ય :-**

**तत्त्वानामर्थानां श्रद्धानं तत्त्वेन वाऽर्थानां श्रद्धानं तत्त्वार्थश्रद्धानं तत् सम्यग्दर्शनम्, तत्त्वेन भावतो निश्चितमित्यर्थः, तत्त्वानि जीवादीनि वक्ष्यन्ते (१-४), त एव चार्थास्तेषां श्रद्धानं=तेषु प्रत्ययावधारणम्, तदेवं प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्याऽऽभिव्यक्तिलक्षणं तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमिति ।।१-२।।**

**ભાષ્યાર્થ :-**

**તત્ત્વરૂપ અર્થોનું=સ્યાદ્વાદની મર્યાદાનો અતિક્રમ કર્યા વગર રહેલા અર્થોનું, શ્રદ્ધાન અથવા તત્ત્વથી=ભાવથી અર્થોનું શ્રદ્ધાન તત્ત્વાર્થશ્રદ્ધાન છે, તે સમ્યગ્દર્શન છે.**

બીજા સમાસ વિગ્રહમાં તત્ત્વ શબ્દનો અને શ્રદ્ધાન શબ્દનો અર્થ ભાષ્યકાર કરે છે –

**તત્ત્વથી=ભાવથી=નિશ્ચિત એ પ્રમાણે અર્થ છે=તત્ત્વ શબ્દનો નિશ્ચિત એ પ્રમાણે અર્થ છે અર્થાત્ જીવાદિ અર્થોનો 'આ આમ જ છે' એ પ્રકારનો નિશ્ચય તત્ત્વાર્થશ્રદ્ધાન શબ્દનો અર્થ છે.**

પ્રથમ સમાસના ભેદમાં તત્ત્વ શું છે અને અર્થ શું છે, એ બતાવવા માટે કહે છે –

**તત્ત્વ જીવાદિ છે.**

અહીં કોઈને પ્રશ્ન થાય કે 'તત્ત્વ જીવાદિ છે' એમ કેમ કહ્યું ? તેથી કહે છે –

**એ પ્રમાણે આગળમાં સૂત્ર (૧-૪)માં કહેવાશે. તે જ=જીવાદિ તત્ત્વો જ, અર્થો છે; તેઓનું શ્રદ્ધાન=તેઓમાં પ્રત્યયથી અવધારણ=પ્રતીતિપૂર્વકનું અવધારણ તત્ત્વાર્થશ્રદ્ધાન છે, એમ અન્વય છે.**

'તત્ત્વાર્થશ્રદ્ધાન'નો સમાસવિગ્રહ કર્યા પછી તે કથનનું નિગમન કરતાં કહે છે –

**तद्=તે કારણથી, एवं=આવા સ્વરૂપવાળું=પૂર્વમાં ભાષ્યકારે તત્ત્વાર્થશ્રદ્ધાનનું સ્વરૂપ બતાવ્યું એવા સ્વરૂપવાળું, પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્યની અભિવ્યક્તિ લક્ષણવાળું તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. ॥૧-૨॥**

**ભાવાર્થ :-**

તત્ત્વાર્થશ્રદ્ધાન એ સમ્યગ્દર્શનનું લક્ષણ છે અને ભાષ્યકારે તે લક્ષણનો બે રીતે સમાસવિગ્રહ કરેલ છે.

(૧) તત્ત્વોરૂપ જીવાદિ અર્થોનું શ્રદ્ધાન=તત્ત્વોરૂપ જીવાદિ અર્થોમાં પ્રતીતિપૂર્વકનું અવધારણ, તત્ત્વાર્થશ્રદ્ધાન છે. જેમ જીવને શાતા અનુકૂળ છે તેથી શાતામાં ઉપાદેય બુદ્ધિનો અને અશાતા પ્રતિકૂળ છે તેથી અશાતામાં હેયબુદ્ધિનો પ્રતીતિપૂર્વકનો નિર્ણય છે, તેની જેમ ભગવાને કહેલા જીવાદિ સાત તત્ત્વોમાં પ્રતીતિપૂર્વકનો નિર્ણય તે તત્ત્વાર્થશ્રદ્ધાન છે.

(૨) તત્ત્વથી=ભાવથી, અર્થોનો=જીવાદિ અર્થોનો, શ્રદ્ધાન=નિર્ણય, તત્ત્વાર્થશ્રદ્ધાન છે. તેથી આ બીજા સમાસવિગ્રહ પ્રમાણે ભાવથી=અંતરંગ પ્રતીતિથી જીવાદિ અર્થોનો નિર્ણય તે તત્ત્વાર્થશ્રદ્ધાન છે.

આ બન્ને સમાસવિગ્રહથી પ્રાપ્ત થતા અર્થમાં કોઈ ભેદ નથી. આમ છતાં ભાષ્યકારે બન્ને રીતે સમાસનો વિગ્રહ થઈ શકે છે, તે બતાવવા માટે બે રીતે સમાસવિગ્રહ કરેલ છે.

પ્રથમ સમાસવિગ્રહ પ્રમાણે તત્ત્વ શબ્દનો અર્થ "સ્યાદ્વાદનો અનતિક્રમ કરીને રહેલા એવા જીવાદિ અર્થો" એમ ટીકાકારે કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સ્યાદ્વાદની મર્યાદાથી રહેલા જીવાદિ અર્થોનો પ્રતીતિપૂર્વકનો નિર્ણય એ સમ્યગ્દર્શન છે. આ પ્રથમ સમાસવિગ્રહ પ્રમાણે તત્ત્વ શબ્દ અર્થપદનું વિશેષણ બને છે અને તે તત્ત્વ શબ્દ "જીવાદિ અર્થો સ્યાદ્વાદનો અતિક્રમ કર્યા વગર રહેલા છે" એ અર્થને સ્પષ્ટ કરે છે.

વસ્તુતઃ કોઈ અર્થો સ્યાદ્વાદનો અતિક્રમ કરીને રહેલા નથી, પરંતુ જગતવર્તી સર્વ અર્થો સ્યાદ્વાદની મર્યાદાથી જ રહેલા છે. તેથી અર્થના વિશેષણરૂપ તત્ત્વ શબ્દથી કોઈ વસ્તુની વ્યાવૃત્તિ થતી નથી, પરંતુ અર્થના સ્વરૂપનો બોધ થાય છે. જેમ નીલઘટ કહેવાથી પીતાદિ ઘટની વ્યાવૃત્તિ થાય છે, તેમ તત્ત્વરૂપ અર્થ કહેવાથી કોઈ અન્ય અર્થની વ્યાવૃત્તિ થતી નથી, પરંતુ બધા અર્થો સ્યાદ્વાદનો અતિક્રમ કર્યા વગર રહેલા છે, તે પ્રકારના સ્વરૂપનો બોધ થાય છે અને આ પ્રકારનો સ્વરૂપનો બોધ કરાવવાથી કેટલાક દર્શનકારો "જગતવર્તી અર્થો સ્યાદ્વાદની મર્યાદાથી રહેલા છે, તેમ સ્વીકારતા નથી" તે મતનું નિરાકરણ થાય છે; કેમ કે જગતવર્તી તમામ અર્થો સ્યાદ્વાદની મર્યાદાથી રહેલા છે અને "સ્યાદ્વાદની જે પ્રમાણે મર્યાદા છે તે પ્રમાણે અર્થો રહેલા છે" તેવો યથાર્થ બોધ જેને થાય તેને તત્ત્વાર્થ શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન છે. આમ છતાં આ પ્રથમ વ્યુત્પત્તિ પ્રમાણે તત્ત્વ શબ્દ 'અર્થ'નું સ્વરૂપ ઉપરંજક વિશેષણ થવાથી ભાષ્યકારે 'તત્ત્વ' શબ્દનો સ્વતંત્ર અર્થ બતાવવા માટે બીજા પ્રકારનો સમાસ વિગ્રહ કરેલ છે.

**સમ્યગ્દર્શનના લિંગો :-**

તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન કોઈ જીવને પ્રગટ થયું છે કે નહિ તેનો નિર્ણય કરવા માટે સમ્યગ્દર્શનના લિંગો બતાવે છે અને તે લિંગો પાંચ છે. (૧) પ્રશમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) અનુકંપા, (૫) આસ્તિક્ય.

**(૧) પ્રશમ :- प्रशमः सुपरीक्षितप्रवक्तृप्रवाच्यप्रवचनतत्त्वाभिनिवेशाद्दोषाणामुपशमः, इन्द्रियार्थपरिभोगनिवृत्तिर्वा ।**

સુપરીક્ષિત એવા પ્રવક્તાથી કહેવા યોગ્ય પ્રવચનના તત્ત્વમાં અભિનિવેશ થવાને કારણે દોષોનો ઉપશમ પ્રશમ છે અથવા ઇન્દ્રિયોના અર્થના પરિભોગની નિવૃત્તિ પ્રશમ છે.

તત્ત્વાતત્ત્વનો જેણે સારી રીતે નિર્ણય કર્યો છે, તે સુપરીક્ષિત પ્રવક્તા કહેવાય અને તે પ્રવક્તાથી કહેવા યોગ્ય એવું સર્વજ્ઞનું વચન છે અને તે સર્વજ્ઞના વચનના પરમાર્થમાં જેમને અભિનિવેશ થાય તેવા યોગ્ય જીવોમાં શક્તિના પ્રકર્ષથી યોગમાર્ગને જાણવામાં અને યોગમાર્ગ જાણીને સ્વશક્તિ અનુસાર યોગમાર્ગને સેવવામાં પ્રતિબંધક એવા દોષોનો ઉપશમ થાય છે, તે પ્રશમ છે. આ પ્રકારનું પ્રશમનું લક્ષણ ચોથા ગુણસ્થાનક આદિમાં રહેલ સમ્યગ્દૃષ્ટિ જીવોને અવશ્ય પ્રાપ્ત થાય છે.

અથવા

ઇન્દ્રિયોના અર્થના પરિભોગની નિવૃત્તિ પ્રશમ છે. તત્ત્વના અભિનિવેશના કારણે જેઓનું ચિત્ત ઇન્દ્રિયના વિષયોથી પરાઙ્મુખ થયેલું છે એવા સમિતિ-ગુપ્તિવાળા અપ્રમત્ત મુનિઓને આ બીજા પ્રકારનો પ્રશમ હોય છે. આ મહાત્મા સમ્યગ્દૃષ્ટિ છે, એવું અનુમાન આ પ્રશમના બળથી થાય છે.

**(૨) સંવેગ :- संवेगः संसारभीतिः ।**

જે સાધકને તત્ત્વનું યથાર્થ દર્શન થાય છે તેના કારણે સંસાર પ્રત્યે અત્યંત ભય વર્તે છે, આવા સાધક સંસારના ઉપાયોને સેવવાથી વિમુખભાવવાળા બને છે, આમ છતાં કર્મના પારતંત્ર્યથી સંસારના ઉપાયભૂત ભોગાદિ પ્રવૃત્તિ કરતા હોય તોપણ તેઓ શક્તિના પ્રકર્ષથી તેનાથી નિવર્તન પામવા માટે ઉદ્યમ કરનારા હોય છે. આથી સંસારના ભયવાળા એવા ચોથા ગુણસ્થાનકવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોની ભોગાદિની પ્રવૃત્તિ 'તપ્તલોહપદન્યાસ' તુલ્ય હોય છે.

વળી, વિશેષ પ્રકારનો સંસારનો ભય ગ્રહણ કરીએ તો 'તેલધારા પાત્ર'ની જેમ અપ્રમાદભાવથી સંયમની ક્રિયાઓ કરતા હોય તેવા મુનિઓમાં સંસારનો ભય હોય છે અને તે સંસારના ભયના લક્ષણ ઉપરથી આ મુનિમાં સમ્યક્ત્વ છે, તેમ અનુમાન થઈ શકે છે. માટે સંવેગ એ સમ્યક્ત્વનું લક્ષણ છે.

**(૩) નિર્વેદ :- निर्वेदो विषयानभिष्वङ्गः ।**

વિષયો પ્રત્યેના રાગનો અભાવ એ નિર્વેદ છે. વિષયોના પારમાર્થિક સ્વરૂપના બોધના કારણે વિષયો પ્રત્યેની ઇચ્છાનો અભાવ એ નિર્વેદ છે.

અનંતાનુબંધી કષાય આદિના ક્ષયોપશમ આદિથી જનિત વિષયોનું અનભિષ્વંગ ગ્રહણ કરીએ તો ચોથા ગુણસ્થાનકવાળા શ્રેણિક આદિ જીવોમાં પણ નિર્વેદ સંગત થાય છે; કેમ કે સમ્યક્ત્વને કારણે શ્રેણિક આદિને સંસારના વિષયો પરમાર્થથી આત્મા માટે અસાર છે, તેવો સ્થિર બોધ વર્તે છે.

વળી, વિષયો પ્રત્યેની ઇચ્છાના અભાવરૂપ નિર્વેદ ગ્રહણ કરીએ તો વિષયોનો ત્યાગ કરીને સંયમયોગમાં યત્ન કરનારા મુનિઓમાં નિર્વેદ વર્તે છે અને મુનિમાં રહેલા નિર્વેદના પરિણામથી અનુમાન થઈ શકે છે કે આ મહાત્મામાં સમ્યગ્દર્શન છે.

**(૪) અનુકંપા :- अनुकम्पा निरुपधिपरदुःखप्रहाणेच्छा ।**

તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટી છે તે જીવો સંસારવર્તી જીવોને દુઃખી જોઈને તેઓના દુઃખને દૂર કરવાની ઇચ્છા કરે છે એ અનુકંપા છે. 'આ મારા સંબંધી છે' કે 'આ મારા મિત્ર છે' એવી ઉપાધિને આશ્રય કર્યા વગર દયાળુ હૈયું થવાને કારણે સંસારી જીવોના દુઃખને દૂર કરવાની ઇચ્છા થાય છે, તે સંબંધની ઉપાધિથી રહિત પરના દુઃખને દૂર કરવાની ઇચ્છારૂપ અનુકંપા છે.

વળી, સમ્યગ્દૃષ્ટિ જીવોમાં વિવેકપૂર્વકની અનુકંપા હોવાથી શારીરિક આદિ દુઃખોથી દુઃખિત જીવોના દુઃખને દૂર કરવાની ઇચ્છા થાય છે તેમ અજ્ઞાનને કારણે તત્ત્વનો પારમાર્થિક બોધ થયો નથી તેવા જીવોના ભવપરંપરારૂપ દુઃખોને પણ દૂર કરવાની ઇચ્છા થાય છે. તેથી અન્ય જીવોની અનુકંપાથી સ્વશક્તિ હોય તો યોગ્ય જીવોને બીજાધાનની પ્રાપ્તિ થાય તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ સમ્યગ્દૃષ્ટિ જીવો કરે છે.

વળી, ષટ્કાયના જીવો પ્રત્યે દયાપર એવા સુસાધુને નિરુપધિ પર દુઃખના પ્રહાણની ઇચ્છા વર્તે છે, તે અનુકંપા છે અને આવી અનુકંપાવાળા મુનિઓ પોતાની પ્રવૃત્તિથી કોઈ જીવને પીડા ન થાય, કોઈ જીવના પ્રાણનો નાશ ન થાય કે કોઈ જીવનાં કષાયના ઉદ્રેકમાં પોતે નિમિત્ત ન થાય તેવી યતના કરે છે અને સ્વશક્તિ અનુસાર યોગ્ય જીવોને યોગમાર્ગની પ્રાપ્તિ થાય તેવો યત્ન કરે છે, તે ચારિત્રવાળા મુનિઓની અનુકંપા છે.

**(૫) આસ્તિક્ય :- आस्तिक्यं 'तदेव सत्यं निःशङ्कं यज्जिनेन्द्रैः प्रवेदितम्,' इत्येवं स्वारसिकः परिणामः ।**

સમ્યગ્દર્શનનું આસ્તિક્ય લક્ષણ સમ્યગ્દૃષ્ટિ જીવોમાં નિયમા હોય છે અને સમ્યગ્દૃષ્ટિ જીવોમાં તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટેલી હોવાને કારણે ભગવાને આત્માદિ પદાર્થો જે રીતે કહ્યા છે, તે તેવા છે તે પ્રકારનો સ્વાભાવિક પરિણામ વર્તે છે એ આસ્તિક્ય છે. તેથી આવી નિર્મળ દૃષ્ટિવાળા જીવો સ્વશક્તિ અનુસાર ભગવાનના વચનના પરમાર્થને જાણવા, જાણીને સ્વશક્તિ અનુસાર જીવનમાં ઉતારવા બળવાન યત્ન કરે છે.

વળી, જે જીવો ભગવાને કહ્યું છે, તે તેમ જ છે તેમ માનતા હોય, આમ છતાં ભગવાનના વચનને જાણવા કંઈક યત્ન કરે છે તોપણ સ્થૂલથી જ યત્ન કરે છે અને શક્તિ અનુસાર ભગવાનનના વચન અનુસાર ઉચિત કૃત્યો કરવા યત્ન કરતા નથી, તેઓમાં સ્થૂલથી ભગવાનના વચનમાં શ્રદ્ધા હોવા છતાં પરમાર્થને જોવાની નિર્મળ પ્રજ્ઞા નથી. આથી આવા જીવો કલ્યાણના અર્થી હોવા છતાં અપુનર્બંધકદશામાં છે. માટે તેઓમાં આસ્તિક્યનું બીજ હોવા છતાં સમ્યક્ત્વના લક્ષણરૂપ આસ્તિક્ય નથી. **॥૧-૨॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-(૧/૨)માં સમ્યગ્દર્શનનું લક્ષણ બતાવ્યું. હવે તે સમ્યગ્દર્શનના હેતુ દ્વારા ભેદની જિજ્ઞાસામાં કહે છે અર્થાત્ સમ્યગ્દર્શનના હેતુના ભેદથી સમ્યગ્દર્શનનો ભેદ છે કે નહિ એવી જિજ્ઞાસામાં ગ્રંથકારશ્રી કહે છે -**

**સૂત્ર :-**

**तन्निसर्गादधिगमाद्वा ।।१-३।।**

**સૂત્રાર્થ :-**

**તે=સમ્યગ્દર્શન નિસર્ગથી અથવા અધિગમથી થાય છે. ।।૧-૩।।**

**ભાષ્ય :-**

**तदेतत्सम्यग्दर्शनं द्विविधं भवति-निसर्गसम्यग्दर्शनमधिगमसम्यग्दर्शनं च, निसर्गादधिगमाद्वोत्पद्यत इति द्विहेतुकं द्विविधम्, निसर्गः परिणामः स्वभावः अपरोपदेश इत्यनर्थान्तरम् । ज्ञानदर्शनोपयोगलक्षणो जीव इति वक्ष्यते, तस्यानादौ संसारे परिभ्रमतः कर्मत एव कर्मणः स्वकृतस्य बन्धनिकाचनोदयनिर्जरापेक्षं नारकतिर्यग्योनिमनुष्यामरभवग्रहणेषु विविधं पुण्यपापफलमनुभवतो ज्ञानदर्शनोपयोगस्वाभाव्यात् तानि तानि परिणामाध्यवसायस्थानान्तराणि गच्छतोऽनादिमिथ्यादृष्टेरपि सतः परिणामविशेषादपूर्वकरणं तादृग्भवति येनास्यानुपदेशात्सम्यग्दर्शनमुत्पद्यत इत्येतन्निसर्गसम्यग्दर्शनम् । अधिगमः अभिगमः आगमो निमित्तं श्रवणं शिक्षा उपदेश इत्यनर्थान्तरम्, तदेवं परोपदेशाद्यत्तत्त्वार्थश्रद्धानं भवति तदधिगमसम्यग्दर्शनमिति ।।१-३।।**

**ભાષ્યાર્થ :-**

**તે આ સમ્યગ્દર્શન=પૂર્વસૂત્રમાં જેનું લક્ષણ કર્યું તે અને તત્ત્વાર્થકારના માનસમાં ઉપસ્થિત એવું આ સમ્યગ્દર્શન, બે પ્રકારનું છે.**

સમ્યગ્દર્શનના બે પ્રકાર સ્પષ્ટ કરે છે –

**(૧) નિસર્ગ સમ્યગ્દર્શન, (૨) અધિગમ સમ્યગ્દર્શન.**

સમ્યગ્દર્શન સ્વયં બે પ્રકારનું નથી, પરંતુ હેતુના ભેદથી બે પ્રકારનું સમ્યગ્દર્શન છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**નિસર્ગથી અથવા અધિગમથી ઉત્પન્ન થાય છે, એથી બે હેતુવાળું એવું સમ્યગ્દર્શન બે પ્રકારનું છે.**

નિસર્ગ અને અધિગમરૂપ બે હેતુથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, એથી પ્રથમ નિસર્ગ સમ્યગ્દર્શનનો યથાર્થ બોધ કરાવવા અર્થે નિસર્ગના પર્યાયવાચી શબ્દો કહે છે –

**નિસર્ગ, પરિણામ, સ્વભાવ, અપરોપદેશ એ અનર્થાન્તર છે=એક અર્થવાળા શબ્દો છે.**

નિસર્ગ શબ્દના પર્યાયવાચી શબ્દો બતાવ્યા પછી નિસર્ગથી ઉત્પન્ન થતા સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવે છે -

**જ્ઞાન-દર્શન ઉપયોગ લક્ષણવાળો જીવ છે, એ પ્રમાણે બીજા અધ્યયનમાં કહેવાશે. કર્મથી જ અનાદિ સંસારમાં ભ્રમણ કરતા, સ્વકૃત એવા કર્મના બંધ, નિકાચના, ઉદય અને નિર્જરાની અપેક્ષાવાળું નારક, તિર્યંચયોનિ, મનુષ્ય અને દેવભવ ગ્રહણમાં વિવિધ પુણ્યપાપ ફળને અનુભવતા જ્ઞાન-દર્શનના ઉપયોગનું સ્વભાવપણું હોવાને કારણે તે તે પરિણામરૂપ અધ્યવસાય સ્થાનને પામતા અનાદિ મિથ્યાદૃષ્ટિ પણ છતાં એવા તસ્ય=તેને=જ્ઞાન, દર્શન, ઉપયોગ લક્ષણવાળો જીવ છે એમ પૂર્વમાં કહ્યું તેવા લક્ષણવાળા જીવને, પરિણામવિશેષથી તેવાપ્રકારનું અપૂર્વકરણ થાય છે જેના કારણે આને=જીવને, અનુપદેશથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, એ નિસર્ગ સમ્યગ્દર્શન છે.**

નિસર્ગમાં પર્યાયવાચી શબ્દો કહીને નિસર્ગ સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવ્યું. હવે અધિગમથી થતા સમ્યગ્દર્શનનો બોધ કરાવવા અર્થે અધિગમ શબ્દના પર્યાયવાચી શબ્દો કહે છે –

**અધિગમ, અભિગમ, આગમ, નિમિત્ત, શ્રવણ, શિક્ષા, ઉપદેશ એ અનર્થાન્તર છે=એકાર્થવાચી શબ્દો છે.**

અધિગમ સમ્યગ્દર્શનમાં વર્તતા અધિગમ શબ્દના પર્યાયવાચી શબ્દો દ્વારા અધિગમ સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવ્યું. હવે 'तदेवं' શબ્દથી અધિગમ સમ્યગ્દર્શનનાં ફલિતાર્થને બતાવે છે –

**પરોપદેશથી જે તત્ત્વાનશ્રદ્ધાન થાય છે, તે અધિગમ સમ્યગ્દર્શન છે. 'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ॥૧-૩॥**

**ભાવાર્થ :-**

નિસર્ગથી=ગુરુ આદિના ઉપદેશરહિત જીવના સ્વભાવથી જે ઉત્પન્ન થાય અને અધિગમથી=ગુરુ આદિના ઉપદેશથી જે ઉત્પન્ન થાય તે બે હેતુના ભેદથી થનારું બે પ્રકારનું સમ્યગ્દર્શન છે અર્થાત્ સમ્યગ્દર્શનમાં કોઈ ભેદ નથી, પરંતુ તત્ત્વની રુચિરૂપ સમ્યગ્દર્શન સમાન હોવા છતાં બે હેતુથી થાય છે તેને આશ્રયીને બે ભેદ છે.

પ્રસ્તુત સૂત્રમાં બે હેતુના ભેદથી થનારું સમ્યગ્દર્શન બે પ્રકારનું છે તેમ કહ્યું. વળી, ગ્રંથકારશ્રી આગળ સૂત્ર-૧/૭માં 'निर्देशस्वामित्व' ઇત્યાદિ સૂત્રમાં સમ્યગ્દર્શનના ભેદ કહેવાના છે, છતાં પ્રસ્તુત સૂત્રમાં આગળના સૂત્ર-૧/૭ કરતાં પૃથગ્ સમ્યગ્દર્શનના ભેદ કહેલ છે, છતાં તેમાં દોષ નથી; કેમ કે આ સૂત્રમાં હેતુના ભેદથી સમ્યગ્દર્શનના ભેદનું વર્ણન છે અને સૂત્ર-૧/૭માં ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારના સમ્યગ્દર્શનને બતાવવાના છે. તેથી તે ત્રણ ભેદવાળું સમ્યગ્દર્શન પરસ્પર વિલક્ષણ છે અને પ્રસ્તુત સૂત્રમાં બતાવેલ સમ્યગ્દર્શનના સ્વરૂપમાં ભેદ નથી, માત્ર ઉત્પત્તિના કારણોના ભેદથી જ ભેદ છે.

**નિસર્ગ સમ્યગ્દર્શન :-**

(૧) **નિસર્ગ :-** નિસર્ગ શબ્દના પર્યાયાવાચી શબ્દો બતાવે છે –

નિસર્ગ, પરિણામ, સ્વભાવ અને અપરોપદેશ.

**સમ્યગ્દર્શનરૂપ કાર્ય પ્રાપ્ત થાય ત્યારે જેનો ત્યાગ થાય તે નિસર્ગ કહેવાય. 'निसृज्यते=त्यज्यते कार्यनिवृत्तौ सत्यां इति निसर्गः ।'** એ પ્રકારની વ્યુત્પત્તિ છે. તેથી અનિવૃત્તિકરણને 'નિસર્ગ' કહેલ છે; કેમ કે સમ્યગ્દર્શનરૂપ કાર્ય થાય છે ત્યારે અનિવૃત્તિકરણનો ત્યાગ થાય છે અને આ અનિવૃત્તિકરણ શું છે તે બતાવવા માટે નિસર્ગનો અર્થ પરિણામ કર્યો.

(૨) **પરિણામ :- અનિવૃત્તિકરણ એ જીવનો પરિણામ છે** અને સમ્યગ્દર્શનકાળમાં તેનો ત્યાગ થાય છે. માટે નિસર્ગનો અર્થ પરિણામ કર્યો, જેથી બોધ થાય કે જીવના અન્ય પરિણામો સમ્યગ્દર્શનના હેતુ નથી, પણ જીવનો અનિવૃત્તિકરણનો પરિણામ સમ્યગ્દર્શનનો હેતુ છે.

(૩) **સ્વભાવ :-** નિસર્ગ શબ્દમાં 'સૃજ્' ધાતુ છે અને તે સર્જન અર્થમાં અર્થાત્ સ્વભાવ અર્થમાં છે તેથી 'નિસર્ગ' શબ્દથી 'પરિણામ' અર્થની પ્રતીતિ થાય નહિ, તેથી પરિણામનો અર્થ સ્વભાવ કરેલ છે.

પરિણામ બે પ્રકારના છે : (૧) પ્રયોગથી થનારો પરિણામ, (૨) વિસસ્રાથી થનારો પરિણામ.

(૧) **પ્રયોગથી થનારો પરિણામ :-** પ્રયોગથી ઘટાદિનો પરિણામ થાય, તેને પ્રયોગથી થનારો પરિણામ કહેવાય છે. (૨) **વિસસ્રાથી થનારો પરિણામ :-** વાદળાંઓ કે ઇન્દ્રધનુષ આદિનો થનારો પરિણામ, તેને વિસસ્રાથી થનારો પરિણામ કહેવાય છે. નિસર્ગથી થતા સમ્યગ્દર્શનની વિચારણામાં વિસસ્રાથી થનારો પરિણામ ગ્રહણ થાય છે; કેમ કે આ પરિણામ સ્વાભાવિક થયેલો છે અર્થાત્ પોતાના વડે આ ભાવ કરાયેલો છે તે બતાવવા માટે પરિણામનો અર્થ 'સ્વભાવ' ગ્રહણ કરેલ છે.

અહીં પ્રશ્ન થાય કે સર્વજ્ઞના વચન અનુસાર સર્વ કાર્યો દૈવ અને પુરુષકાર ઉભયથી થાય છે, તેમ સમ્યગ્દર્શન પણ દૈવ અને પુરુષકાર ઉભયથી થનારું છે. આમ છતાં સમ્યગ્દર્શન સ્વભાવથી થયું છે, તેમ કેમ કહ્યું ? તેથી 'સ્વભાવ'નો અર્થ અપરોપદેશ કરે છે.

(૪) **અપરોપદેશ :-** અપરોપદેશથી=કોઈના ઉપદેશ વગર અનિવૃત્તિકરણનો પરિણામ જીવને થયેલો છે અને તે પરિણામના ત્યાગથી જે સમ્યગ્દર્શન થાય તે નિસર્ગ સમ્યગ્દર્શન છે અર્થાત્ કોઈ બીજાના ઉપદેશથી તે પરિણામ કરાયેલો નથી પરંતુ આ સમ્યગ્દર્શનનો પરિણામ સ્વભાવથી થયેલ છે.

અહીં વિશેષ એ છે કે અનાદિકાળથી જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. કોઈક રીતે જીવ 'તત્ત્વ'ને અભિમુખ બને છે. ત્યારે રાગાદિથી અનાકુળ થઈને તત્ત્વને યથાર્થ જાણવા માટે ઉદ્યમ કરે તો પ્રથમ યથાપ્રવૃત્તિકરણ થાય છે અર્થાત્ યથાપ્રવૃત્તિકરણનો પરિણામ થાય છે. પછી અપૂર્વકરણનો પરિણામ થાય છે અને પછી અનિવૃત્તિકરણનો પરિણામ થાય છે અને આ અનિવૃત્તિકરણના પરિણામનો સમ્યગ્દર્શનરૂપ કાર્યની પ્રાપ્તિકાળમાં ત્યાગ થાય છે. તેથી અનિવૃત્તિકરણને 'નિસર્ગ' કહેવામાં આવે છે અને આ નિસર્ગ જીવના 'પરિણામ'રૂપ છે, તે બતાવવા માટે નિસર્ગનો અર્થ પરિણામ કરેલ અને પ્રયોગથી થતા પરિણામનો

ત્યાગ કરવા માટે અને વિસસ્રાથી થતા પરિણામને ગ્રહણ કરવા માટે તે પરિણામનો અર્થ 'સ્વભાવ' કર્યો. તેથી એ પ્રાપ્ત થયું કે જીવને સ્વભાવથી અનિવૃત્તિકરણનો પરિણામ પેદા થાય તે નિસર્ગ છે અને તે નિસર્ગથી પેદા થનારું દર્શન તે નિસર્ગ સમ્યગ્દર્શન છે.

અહીં પ્રશ્ન થાય કે કેવલ જીવના પ્રયત્નથી કોઈ કાર્ય થતું નથી, પણ કર્મ અને જીવના પ્રયત્નથી સર્વ કાર્ય થાય છે, તે નિયમ પ્રમાણે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ કર્મ અને જીવના પ્રયત્નથી થાય છે, તેથી સ્વભાવથી સમ્યગ્દર્શન થાય છે, તેમ કહીને પોતાના પ્રયત્નથી જ સમ્યગ્દર્શન થાય છે, તેમ કેમ કહી શકાય ? અર્થાત્ પોતાના પ્રયત્નથી અને કર્મથી જન્ય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ છે એમ કહેવું જોઈએ. વસ્તુતઃ સમ્યગ્દર્શન પણ કર્મ અને પ્રયત્ન ઉભયજન્ય છે, માત્ર પ્રયત્નજન્ય નથી. તે સ્પષ્ટ કરવા 'સ્વભાવ'થી સમ્યગ્દર્શન થાય છે, તેનો અર્થ કર્યો કે 'અપરોપદેશ'થી નિસર્ગ સમ્યગ્દર્શન થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે અધિગમ સમ્યગ્દર્શનની જેમ 'પરોપદેશ'થી નિસર્ગ સમ્યગ્દર્શન થતું નથી અર્થાત્ પરોપદેશ સ્થળમાં જેવા પ્રકારનો પુરુષનો વ્યાપાર છે તેવો નિસર્ગ સ્થળમાં પુરુષનો વ્યાપાર નથી, તેથી પરોપદેશથી થનારા સમ્યગ્દર્શનમાં જેમ પરના ઉપદેશને અવલંબીને તત્ત્વને જાણવા ઉત્કટ યત્ન વર્તે છે તેવો ઉત્કટ પુરુષ વ્યાપાર નિસર્ગ સમ્યગ્દર્શનસ્થળમાં નહિ હોવાને કારણે સ્વભાવથી સમ્યગ્દર્શન થયું છે તેમ કહેવાય છે. તેથી પરોપદેશની સહાયતા વગર જીવના પ્રયત્નથી અને કર્મથી જે સમ્યગ્દર્શન થાય છે, તે નિસર્ગ સમ્યગ્દર્શન છે, તે બતાવવા માટે ભાષ્યકારે નિસર્ગ શબ્દના પરિણામ, સ્વભાવ, અપરોપદેશ વગેરે એકાર્થવાચી શબ્દો કહેલ છે.

**અનિવૃત્તિકરણનો પરિણામ :-**

પૂર્વમાં કહ્યું કે અનિવૃત્તિકરણના પરિણામથી થનારું સમ્યગ્દર્શન નિસર્ગથી થનારું સમ્યગ્દર્શન છે. તેથી હવે અનિવૃત્તિકરણનો પરિણામ કોને થાય છે અને કેવી રીતે પ્રાપ્ત થાય છે, તે બતાવવા માટે ભાષ્યકાર કહે છે –

અનિવૃત્તિકરણનો પરિણામ જીવને થાય છે. ત્યાં જિજ્ઞાસા થઈ કે જીવ કેવા લક્ષણવાળો છે, તેથી ભાષ્યકારે કહ્યું કે જ્ઞાન-દર્શનના ઉપયોગ લક્ષણવાળો જીવ છે, એ પ્રમાણે અમે આગળમાં કહીશું.

હવે જીવને કઈ રીતે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

કર્મથી જ જીવ અનાદિ સંસારમાં પરિભ્રમણ કરે છે અને પોતાનાથી કરાયેલા કર્મના બંધ, નિકાચના, ઉદય અને નિર્જરાની અપેક્ષાએ ચાર ગતિઓમાં વિવિધ પ્રકારના પુણ્યપાપના ફળને અનુભવતો અને જ્ઞાન-દર્શનના ઉપયોગનો સ્વભાવ હોવાને કારણે તે તે પરિણામરૂપ અધ્યવસાયના સ્થાનને પામતો અનાદિ મિથ્યાદૃષ્ટિ છતો પણ જીવ પરિણામવિશેષથી તેવું અપૂર્વકરણ કરે છે, જેના કારણે ઉપદેશ વગર પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે, એ નિસર્ગ સમ્યગ્દર્શન છે.

અહીં ભાષ્યકારે કહ્યું કે બંધ, નિકાચના, ઉદય અને નિર્જરાની અપેક્ષાએ પુણ્યપાપના ફળને અનુભવતો જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે ત્યાં સ્થૂલથી દેખાય કે "કર્મના ઉદયને કારણે કર્મના ફળનો અનુભવ છે."

આમ છતાં ભાષ્યકારે પુણ્યપાપના ફળનો અનુભવ બંધ, નિકાચના, ઉદય અને નિર્જરા એ ચારની અપેક્ષાએ છે, તેમ કેમ કહ્યું ? તેનો ખુલાસો સિદ્ધસેન ગણિએ કરેલ છે કે બંધ, નિકાચના, ઉદય અને નિર્જરા હોય ત્યારે જ પુણ્ય કે પાપના ફળનો અનુભવ છે. માટે બંધાદિ ચારેની અપેક્ષાએ પુણ્યપાપના ફળનો અનુભવ છે અને ઉપાધ્યાયજી યશોવિજયજીએ ટીકામાં તેનો ખુલાસો કર્યો કે બંધ અને નિકાચના ઉદય દ્વારા ફળપ્રાપ્તિમાં કારણ છે અને ઉદયમાન કર્મની ધારાના અવિચ્છેદથી નિર્જરા ફળની પરિપુષ્ટિમાં હેતુ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જીવે પૂર્વમાં કર્મ બાંધેલું અને તેમાંથી કેટલાંક કર્મો નિકાચિત થયેલાં અને તે બંધાયેલાં અને નિકાચિત થયેલાં બન્ને પ્રકારનાં કર્મ ઉદયમાં આવીને ફળ નિષ્પન્ન કરે છે અને તે સમયે જે કર્મો ઉદયમાં આવે છે, તે કર્મો ફળ બતાવીને નિર્જરાને પામે છે. તેથી ફળપ્રાપ્તિ પ્રત્યે બંધ અને નિકાચના ઉદય દ્વારા કારણ છે અને ઉદયમાન કર્મ નિર્જરાને પામે છે. તેથી ફળ પ્રત્યે નિર્જરાની ધારા પણ હેતુ છે; કેમ કે ઉદયમાન કર્મની ધારા નિર્જરાને પામ્યા વિના ફળ આપવા સમર્થ નથી. તેથી સંસારમાં જીવ જે પ્રકારના સુખદુઃખાદિને અનુભવે છે, તે પ્રકારના કર્મના ઉદયની ધારા અને કર્મની નિર્જરાની ધારા ચાલુ છે અને તે બન્ને ધારા દ્વારા કર્મના ફળની પ્રાપ્તિ છે.

અહીં ભાષ્યકારે કહ્યું કે પરિણામવિશેષથી તેવા પ્રકારનું અપૂર્વકરણ થાય છે. તેથી ઉપદેશ વગર સમ્યગ્દર્શન થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે અપૂર્વકરણ કર્યા પછી અનિવૃત્તિકરણથી સમ્યગ્દર્શન થાય છે. તેથી ભાષ્યકારે અનિવૃત્તિકરણનો ઉલ્લેખ કેમ ન કર્યો ? વસ્તુતઃ નિસર્ગથી અર્થાત્ અનિવૃત્તિકરણથી થનારું સમ્યગ્દર્શન નિસર્ગ સમ્યગ્દર્શન છે. તેથી અનિવૃત્તિકરણનો ઉલ્લેખ કરવો જોઈએ. પરંતુ અનિવૃત્તિકરણનો ઉલ્લેખ કેમ કર્યો નથી, તેનો ખુલાસો કરતાં ટીકાકાર કહે છે કે અપૂર્વકરણ પછી અનિવૃત્તિકરણ થાય છે, તેમ અન્ય ગ્રંથોથી સિદ્ધ છે, તેથી ભાષ્યકારે અનિવૃત્તિકરણનો ઉલ્લેખ કર્યો નથી અથવા સમ્યગ્દર્શનરૂપ કાર્ય સાથે સહભાવી કારણ અનિવૃત્તિકરણ છે. તેથી અનિવૃત્તિકરણનો અવશ્ય લાભ છે, એ અભિપ્રાયથી ભાષ્યકારે અનિવૃત્તિકરણનો ઉલ્લેખ કર્યો નથી, તોપણ અર્થથી અનિવૃત્તિકરણ દ્વારા સમ્યગ્દર્શન થાય છે તેવો અર્થ ગ્રહણ થાય છે.

**અધિગમ સમ્યગ્દર્શન :-**

વળી, જીવનો ઉપયોગ સ્વભાવ હોવાને કારણે સમ્યગ્દર્શન અધિગમથી પણ પ્રાપ્ત થાય છે. ત્યાં અધિગમ શું છે, તે નિર્ણય કરવા માટે ભાષ્યકાર 'અધિગમ' શબ્દના પર્યાયવાચી શબ્દો કહે છે –

અધિગમ, અભિગમ, આગમ, નિમિત્ત, શ્રવણ, શિક્ષા અને ઉપદેશ એ અધિગમ શબ્દના એકાર્થવાચી શબ્દો છે.

(૧) **અધિગમ**=અધિક જ્ઞાનને આશ્રયીને જે સમ્યગ્દર્શન થાય તે અધિગમ સમ્યગ્દર્શન છે.

(૨) **અભિગમ**=ગુરુને અભિમુખપણાથી આલંબન કરીને જે જ્ઞાન પ્રાપ્ત થાય તેનાથી જે સમ્યગ્દર્શન થાય તે અભિગમ સમ્યગ્દર્શન છે.

(૩) **આગમ**=સિદ્ધાન્તને આશ્રયીને જે સમ્યગ્દર્શન થાય તે આગમ સમ્યગ્દર્શન છે.

(૪) **નિમિત્ત**=સમ્યગ્દર્શન ઉત્પાદક બાહ્ય પ્રતિમાદિ વસ્તુ, તેને આશ્રયીને જે સમ્યગ્દર્શન થાય તે નિમિત્તથી થનારું સમ્યગ્દર્શન છે.

(૫) **શ્રવણ**=વિચારથી સહિત વાક્યના શ્રવણથી જનિત એવું જ્ઞાન. અર્થાત્ તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ એવા વિચારથી યુક્ત શાસ્ત્રવચનના શ્રવણથી પેદા થયેલું જ્ઞાન. તેને આશ્રયીને જે સમ્યગ્દર્શન થાય તે શ્રવણથી થનારું સમ્યગ્દર્શન છે.

(૬) **શિક્ષા**=આપ્તપ્રણિત એવા ગ્રંથને અનુસરનાર એવો પુનઃ પુનઃ અભ્યાસ અર્થાત્ સર્વજ્ઞના વચન અનુસાર રચાયેલા ગ્રંથને અનુસરનાર એવો પુનઃ પુનઃ અભ્યાસ તે શિક્ષા અને તેનાથી થનારું સમ્યગ્દર્શન તે શિક્ષાથી થનારું સમ્યગ્દર્શન છે.

(૭) **ઉપદેશ**=ગુરુ વડે માર્ગનો જે બોધ કરાવાય તે ઉપદેશ, અને તેને આશ્રયીને જે સમ્યગ્દર્શન થાય તે ઉપદેશથી થનારું સમ્યગ્દર્શન છે.

આનાથી એ ફલિત થાય કે નિસર્ગથી થનારા સમ્યગ્દર્શન કરતા ભિન્ન એવું જે સમ્યગ્દર્શન છે, તે અધિગમ સમ્યગ્દર્શન છે અને તે અધિગમ સમ્યગ્દર્શન પણ ભિન્ન ભિન્ન નિમિત્તોથી થાય છે, તેથી તે સર્વ નિમિત્તોને બતાવવા માટે ભાષ્યકારે 'અધિગમ' શબ્દના એકાર્થવાચી શબ્દો કહેલ છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે કોઈક સાધકને અધિક જ્ઞાનની પ્રાપ્તિથી સમ્યગ્દર્શન થાય તે અધિગમ સમ્યગ્દર્શન. વળી, કોઈક સાધક ગુરુને અભિમુખ થઈને જે જ્ઞાન પ્રાપ્ત કરે અને તેના કારણે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય તે અભિગમ સમ્યગ્દર્શન. વળી, કોઈક સાધકને આગમ ભણતાં ભણતાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો તે આગમ સમ્યગ્દર્શન છે. વળી, કોઈક સાધકને પ્રતિમાદિ બાહ્ય વસ્તુને આશ્રયીને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો તે નિમિત્ત સમ્યગ્દર્શન છે. વળી કોઈક સાધકને કોઈક વાક્યના શ્રવણથી ઊહાપોહ પ્રગટે તો તે શ્રવણ સમ્યગ્દર્શન છે. વળી, કોઈક સાધક આપ્તપુરુષોના ગ્રંથોનો પુનઃ પુનઃ અભ્યાસ કરે અને તેના કારણે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તે શિક્ષા સમ્યગ્દર્શન છે. વળી, કોઈક સાધકને ઉપદેશથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો તે ઉપદેશ સમ્યગ્દર્શન છે.

અધિગમના પર્યાય શબ્દો બતાવ્યા પછી ભાષ્યકાર તેનું નિગમન કરતાં तदेवं થી કહે છે – આ રીતે પરોપદેશથી જે તત્ત્વાર્થનું શ્રદ્ધાન થાય છે, તે અધિગમ સમ્યગ્દર્શન છે. આ પ્રમાણે ભાષ્યકારે કહ્યું ત્યાં 'પરોપદેશ' શબ્દ પ્રતિમા આદિથી થતા સમ્યગ્દર્શનનું ઉપલક્ષણ છે. તેથી પ્રતિમા આદિ નિમિત્તથી કે શાસ્ત્ર ભણવાથી તત્ત્વાર્થશ્રદ્ધાન્ થાય તે અધિગમ સમ્યગ્દર્શન છે.

અધિગમસમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ યથાપ્રવૃત્તિકરણાદિ ત્રણ કરણથી જ થાય છે, પરંતુ તે ત્રણ કરણો નિસર્ગસમ્યગ્દર્શનની જેમ સ્વભાવથી થયા નથી પરંતુ ઉપદેશાદિથી થયેલ છે એ પ્રકારનો નિસર્ગસમ્યગ્દર્શન અને અધિગમસમ્યગ્દર્શન વચ્ચેનો ભેદ છે. **||૧-૩||**

**ભાષ્યકારની અવતરણિકા :-**

**अत्राह-तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमित्युक्तम्, तत्र किं तत्त्वमिति । अत्रोच्यते –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=સૂત્ર-૧/૨માં સમ્યગ્દર્શનનું લક્ષણ બતાવ્યું એના વિષયમાં, કોઈક પ્રશ્ન કરતાં કહે છે - તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન એ પ્રમાણે કહેવાયું=સૂત્ર-૧/૨માં કહેવાયું. ત્યાં=સમ્યગ્દર્શનના લક્ષણમાં, શું તત્ત્વ છે=તત્ત્વ શબ્દથી શું વાચ્ય છે ? એ પ્રકારના પ્રશ્નમાં કહેવાય છે –**

**ભાવાર્થ :-**

ભાષ્યકાર સૂત્ર-૧/૪નું ઉત્થાન કરતાં કહે છે કે ગ્રંથકારશ્રીએ સૂત્ર-૧/૨માં સમ્યગ્દર્શનનું લક્ષણ બતાવ્યું. તે લક્ષણમાં 'તત્ત્વ' શબ્દ શેનો વાચક છે ? એ પ્રકારની જિજ્ઞાસાનો ઉત્તર આપતાં સૂત્રકાર કહે છે --

**સૂત્ર :-**

**जीवाजीवास्त्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ।।१-४।।**

**સૂત્રાર્થ :-**

**જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ તત્ત્વ છે. ।।૧-૪।।**

**ભાષ્ય :-**

**जीवा अजीवा आस्त्रवा बन्धः संवरो निर्जरा मोक्ष इत्येष सप्तविधोऽर्थस्तत्त्वम्, एते वा सप्त पदार्थास्तत्त्वानि, ताँल्लक्षणतो विधानतश्च पुरस्ताद्विस्तरेणोपदेक्ष्यामः ।।१-४।।**

**ભાષ્યાર્થ :-**

**જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ પ્રકારનો આ સપ્તવિધ અર્થ તત્ત્વ છે અથવા આ સાત પદાર્થો તત્ત્વો છે. તેઓને=સાત પદાર્થોને, લક્ષણથી અને વિધાનથી=ભેદથી, આગળમાં વિસ્તારથી અમે ઉપદેશ આપીશું=વિસ્તારી અમે બતાવીશું. ।।૧-૪।।**

**ભાવાર્થ :-**

તત્ત્વાર્થકારને અભિમત એવો જે મોક્ષ તેનો જનક એવું જે સમૂહ આલંબનજ્ઞાન તેનો જે વિષય તેમાં 'તત્' પદ રૂઢ છે, એ પ્રકારે તત્ત્વ શબ્દમાં રહેલા તત્ શબ્દનો અર્થ કરીને ટીકાકાર કહે છે કે તેવા પ્રકારના જ્ઞાનનું વિષયપણું જ તત્ત્વ શબ્દમાં રહેલું એકત્વ છે=સૂત્રકાર દ્વારા કરાયેલાં તત્ત્વ શબ્દનાં એકવચનના પ્રયોગનો અર્થ છે.

આનાથી એ ફલિત થાય કે આ જીવાદિ સાતે તત્ત્વનો યથાર્થ બોધ મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે કારણ છે, પરંતુ સાતથી ઓછા તત્ત્વનું જ્ઞાન મોક્ષ પ્રત્યે કારણ નથી, તે બતાવવા માટે સૂત્રમાં "मोक्षाः तत्त्वानि" એ પ્રકારનો બહુવચનમાં પ્રયોગ કરવાને બદલે "मोक्षाः तत्त्वम्" એ પ્રકારનો તત્ત્વ શબ્દનો એકવચનમાં પ્રયોગ કરેલ છે અને ભાષ્યકારે તે અર્થ સ્પષ્ટ કરવા માટે "एष सप्तविधोऽर्थस्तत्त्वम्" બતાવ્યું. વળી, 'तत्त्वम्' એ પ્રમાણે એકવચનના પ્રયોગ કર્યા પછી ભાષ્યકારે આ સાતે પદાર્થો મોક્ષના ઉપાયભૂત છે, તેથી મોક્ષના ઉપાયભૂત જ્ઞાનના વિષયરૂપે સાત પદાર્થો હોવાથી તત્ત્વ એક નથી, પરંતુ સાત પદાર્થોરૂપ સાત તત્ત્વો છે. તે બતાવવા 'सप्त पदार्थास्तत्त्वानि' એ પ્રમાણે બહુવચનનો પ્રયોગ છે.

જીવાદિ સાત તત્ત્વોનું સ્વરૂપ આ પ્રમાણે છે –

**(૧) જીવ :-** ઉપયોગસ્વભાવવાળા જીવો છે.

**(૨) અજીવ :-** ઉપયોગસ્વભાવ વગરના અજીવો છે.

**(૩) આસ્રવ :-** આત્મધર્મપણું હોતે છતે કર્મબંધનું અસાધારણ કારણ આશ્રવ છે=જીવનો એવો પરિણામ છે કે જે હોય તો અવશ્ય કર્મબંધ થાય તે આશ્રવ છે અને તે આશ્રવ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એમ પાંચ ભેદવાળો છે.

**(૪) બંધ :-** નવાં કર્મોનું ગ્રહણ બંધ છે. 'નવાં કર્મ' શબ્દથી સંક્રમણનો વ્યવચ્છેદ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંક્રમણ દ્વારા પણ કર્મનું ગ્રહણ છે અને નવાં કર્મોનું પણ ગ્રહણ છે. તેમાંથી જે નવાં કર્મોનું ગ્રહણ છે, તે બંધ છે.

**(૫) સંવર :-** આશ્રવથી વિપરીત જીવનો પરિણામ તે સંવર છે અર્થાત્ આત્મધર્મપણું હોતે છતે કર્મબંધનું અકારણ અને નિર્જરાનું કારણ એવો જે જીવનો પરિણામ તે સંવર છે અને તે સંવરનો પરિણામ આશ્રવના પાંચ પરિણામના પ્રતિપક્ષ એવા સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને યોગનિરોધરૂપ છે અને તે ક્રમસર પ્રાપ્ત થાય છે.

**(૬) નિર્જરા :-** કર્મના વિપાકથી કે તપથી કર્મનો પરિશાટ તે=આત્મામાંથી કર્મનું પૃથક્ થવું તે, નિર્જરા છે.

**(૭) મોક્ષ :-** આત્માનું પોતાના સ્વરૂપમાં રહેવું તે મોક્ષ છે.

ગ્રંથકારશ્રીએ સાત તત્ત્વો કહ્યાં અને અન્યત્ર નવ તત્ત્વનો ઉલ્લેખ સંભળાય છે. તેથી શંકા થાય કે ગ્રંથકારશ્રીએ સાત પદાર્થો કેમ કહ્યાં ? તેનો ખુલાસો કરતાં ટીકાકાર કહે છે કે પુણ્ય અને પાપનો 'બંધ'માં અંતર્ભાવ કરેલ છે. તેથી 'બંધ' શબ્દથી પુણ્ય અને પાપનું ગ્રહણ થઈ જાય છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે આશ્રવ આદિ પાંચને જીવ-અજીવ બે પદાર્થમાં જ અંતર્ભાવ કરીએ તો સાત તત્ત્વને બદલે જીવ અને અજીવ એવાં બે જ તત્ત્વ પ્રાપ્ત થઈ શકે. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે મોક્ષના અર્થી જીવોને તત્ત્વજ્ઞાનમાં પ્રવૃત્તિ કરાવવી છે. તેથી હેય એવા સંસારનાં કારણો આશ્રવ અને બંધ છે, તે બતાવવું છે અને ઉપાદેય એવા મોક્ષનાં કારણો સંવર અને નિર્જરા છે, એ બતાવવું છે અને મોક્ષ જીવનું પરમ

પ્રયોજન છે માટે મોક્ષને અવશ્ય જુદો કહેવો જોઈએ. તેથી મોક્ષના અર્થી માટે સાત તત્ત્વોનું કથન આવશ્યક છે. **॥૧-૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વસૂત્રમાં સાત પદાર્થો છે તેમ કહ્યું અને પદની શક્તિનો જે વિષય હોય તે પદાર્થ કહેવાય. જેમ જીવ પદની શક્તિનો વિષય જીવ દ્રવ્ય છે, તેથી જીવ પદાર્થ કહેવાય. તેથી પ્રશ્ન થાય કે જીવાદિ પદની શક્તિનું ગ્રહણ કઈ રીતે થાય ? અર્થાત્ જીવાદિ સાત પદોની શક્તિ કયા પદાર્થમાં છે અને તેનો બોધ કરવાનો ઉપાય શું છે ? તેથી કહે છે –**

**સૂત્ર :-**

**नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः ।।१-५।।**

**સૂત્રાર્થ :-**

**નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી તેનો ન્યાસ કરવો=જીવાદિ તત્ત્વોનો નિક્ષેપ કરવો=જીવાદિ પદોની શક્તિનું ગ્રહણ કરવું. ।।૧-૫।।**

**ભાષ્ય :-**

**एभिर्नामादिभिश्चतुर्भिरनुयोगद्वारैस्तेषां=जीवादीनां तत्त्वानां, न्यासो भवति, विस्तरेण लक्षणतो विधानतश्चाधिगमार्थं न्यासो, निक्षेप इत्यर्थः, तद्यथा-नामजीवः स्थापनाजीवो द्रव्यजीवो भावजीव इति । नाम संज्ञा कर्म इत्यनर्थान्तरम्, चेतनावतोऽचेतनस्य वा द्रव्यस्य जीव इति नाम क्रियते स नामजीवः । यः काष्ठपुस्तचित्रकर्माक्षनिक्षेपादिषु स्थाप्यते जीव इति स स्थापनाजीवो, देवताप्रतिकृतिवद् इन्द्रो रुद्रः स्कन्दो विष्णुरिति । द्रव्यजीव इति गुणपर्यायवियुक्तः प्रज्ञास्थापितोऽनादिपारिणामिकभावयुक्तो जीव उच्यते, अथवा शून्योऽयं भङ्गः, यस्य ह्यजीवस्य सतो भव्यं जीवत्वं स्यात् स द्रव्यजीवः स्याद्, अनिष्टं चैतत् । भावतो जीवा औपशमिकक्षायिकक्षायोपशमिकौदयिकपारिणामिकभावयुक्ताः, उपयोगलक्षणाः संसारिणो मुक्ताश्च द्विविधा वक्ष्यन्ते । एवमजीवादिषु सर्वेष्वनुगन्तव्यम् ।**

**ભાષ્યાર્થ :-**

**આ નામાદિ ચાર અનુયોગ દ્વાર વડે તેઓનો=જીવાદિ તત્ત્વોનો, ન્યાસ થાય છે.**

અહીં પ્રશ્ન થાય કે જીવાદિ તત્ત્વોનો ન્યાસ કરવાનું પ્રયોજન શું ? તેથી કહે છે –

**વિસ્તાર દ્વારા લક્ષણથી જીવાદિ સાત પદાર્થોનો નામાદિરૂપે વિસ્તાર દ્વારા બોધ કરાવીને જીવાદિના લક્ષણથી અને વિધાનથી=ભેદથી, જીવાદિ સાત પદાર્થોનો નામાદિરૂપ ચાર ભેદથી અધિગમ માટે=જીવાદિ તત્ત્વોના બોધ માટે, ન્યાસ છે=નિક્ષેપ છે=જીવાદિ સાત પદોનો નામાદિ ચાર અર્થોમાં નિક્ષેપ છે.**

**તે આ પ્રમાણે છે=નામાદિ ચાર નિક્ષેપા વડે જીવાદિ સાત તત્ત્વોનો નિક્ષેપ આ પ્રમાણે છે – નામજીવ, સ્થાપનાજીવ, દ્રવ્યજીવ અને ભાવજીવ. 'इति' શબ્દ જીવના ચાર નિક્ષેપાની સમાપ્તિ માટે છે.**

નામજીવમાં 'નામ' શબ્દના અર્થનો બોધ કરાવવા માટે 'નામ' શબ્દના પર્યાયવાચી શબ્દ બતાવે છે –

**નામ, સંજ્ઞા, કર્મ એ અનર્થાન્તર છે=એકાર્થવાચી શબ્દો છે.**

**(૧) નામજીવ :-**

**ચેતનાવાળા દ્રવ્યનું કે અચેતન દ્રવ્યનું જીવ એ પ્રમાણે નામ કરાય તે 'નામજીવ' છે.**

**(૨) સ્થાપનાજીવ :-**

**ઈન્દ્ર, રુદ્ર, સ્કન્દ, વિષ્ણુ એ પ્રકારની દેવતાની પ્રતિકૃતિની જેમ=દેવતાની મૂર્તિની જેમ, કાષ્ઠ-પુસ્ત-ચિત્રકર્મ અને અક્ષ-નિક્ષેપ આદિમાં=સદ્ભાવ સ્થાપનારૂપ કાષ્ઠકર્મ, પુસ્તકર્મ, ચિત્રકર્મ અને અસદ્ભાવ સ્થાપનારૂપ અક્ષ-નિક્ષેપ આદિમાં, જે જીવ એ પ્રમાણે સ્થાપના કરાય તે 'સ્થાપનાજીવ' છે.**

❖ 'निक्षेपादि'માં 'आदि' શબ્દનું જોડાણ કાષ્ઠાદિ પ્રથમ ત્રણ કર્મ સાથે અને અક્ષ-નિક્ષેપની સાથે કરેલ છે. કાષ્ઠાદિ ત્રણમાં આકારરૂપે સ્થાપના કરવામાં આવે છે અને અક્ષ-નિક્ષેપ આદિમાં જીવનો આકાર કરાતો નથી, પરંતુ બુદ્ધિથી જીવના આકારની રચના કરવામાં આવે છે.

❖ 'काष्ठादि'માં 'आदि' શબ્દથી કાષ્ઠ જેવી અન્ય વસ્તુ જેમાં જીવનો આકાર અંકિત કરવામાં આવતો હોય તેનું ગ્રહણ કરવું અને 'अक्षनिक्षेपादि'માં 'आदि' શબ્દથી પુસ્તક, ધર્મનાં ઉપકરણો વગેરેમાં ભાવાચાર્યની સ્થાપના કરાય છે તેનું ગ્રહણ કરવું.

**(૩) દ્રવ્યજીવ :-**

**અનાદિ પારિણામિક ભાવથી યુક્ત=અનાદિ પારિણામિક ભાવરૂપ જીવત્વથી યુક્ત, પ્રજ્ઞાથી સ્થાપન કરાયેલ=બુદ્ધિથી કલ્પિત, ગુણપર્યાયથી રહિત=જીવના ગુણો અને જીવના પર્યાયોથી રહિત એવો જીવ, 'દ્રવ્યજીવ' એ પ્રમાણે કહેવાય છે અથવા આ ભંગ શૂન્ય છે='દ્રવ્યજીવ' એ ભાંગો નથી. हि=यस्मात्=જે કારણથી, અજીવના છતાં એવા જેનું ભવ્ય=જીવને યોગ્ય, જીવત્વ થાય, તે દ્રવ્યજીવ છે અને આ=અજીવનું છતું જીવને યોગ્ય એવું જીવત્વ અનિષ્ટ છે.**

**(૪) ભાવજીવ :-**

**ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક ભાવથી યુક્ત ઉપયોગલક્ષણવાળા જીવો ભાવથી જીવો છે. સંસારી અને મુક્ત બે પ્રકારના કહેવાશે=બે પ્રકારના ભાવજીવો કહેવાશે.**

**આ રીતે=જેમ જીવમાં ચાર નિક્ષેપા બતાવ્યા એ રીતે, અજીવ આદિ સર્વમાં=અજીવ આદિ છ પદાર્થોમાં જાણવા=ચાર નિક્ષેપા જાણવા.**

**ભાવાર્થ :-**

સૂત્રમાં કહ્યું કે "નામાદિ ચાર દ્વારા જીવાદિ તત્ત્વોનો નિક્ષેપ કરવાથી જીવાદિ પદોની શક્તિનો બોધ થાય છે." આ કથનને ભાષ્યકાર સ્પષ્ટ કરતાં કહે છે – પદાર્થના અર્થનો બોધ કરવા માટે ચાર અનુયોગ-દ્વાર છે=ચાર બોધ કરવાના માર્ગો છે અને આ નામાદિ ચાર અનુયોગદ્વાર વડે જીવાદિ તત્ત્વોનો નિક્ષેપ થાય છે અને તે નિક્ષેપ બતાવતા જીવમાં ચાર નિક્ષેપાનું યોજન ભાષ્યકાર બતાવે છે – નામજીવ, સ્થાપનાજીવ, દ્રવ્યજીવ અને ભાવજીવ. આ રીતે જીવપદનો ચારમાં નિક્ષેપ થાય છે=યોજન થાય છે. તેથી જીવપદથી ચાર અર્થની પ્રાપ્તિ થાય છે.

જો જીવ એ પ્રમાણે કોઈ ચેતન કે અચેતન દ્રવ્યનું નામ હોય તો તેનો 'જીવ' પદથી બોધ થાય છે. વળી, જીવની સ્થાપના હોય તો તે સ્થાપનાનો પણ જીવ પદથી બોધ થાય છે. જો જીવની નિષ્પત્તિનું કારણ એવું દ્રવ્ય હોય તો તે દ્રવ્યનો પણ જીવપદથી બોધ થાય છે અને ભાવજીવ હોય તો તેનો પણ જીવપદથી બોધ થાય છે. તેથી જીવપદથી ચાર અર્થની ઉપસ્થિતિ થાય છે અને તે રીતે બોધ કર્યા પછી પ્રયોજનને અનુરૂપ જે અર્થનો બોધ કરવો હોય તેનું ગ્રહણ અને જે અર્થનું પ્રયોજન ન હોય તેનું અપાકરણ=અગ્રહણ એ નિક્ષેપાનું ફળ છે.

જેમ fine=સુંદર અને fine=દંડ એમ fine શબ્દના બે અર્થો છે અને વક્તાના વચનપ્રયોગને અનુરૂપ બન્ને અર્થમાંથી ઉચિત અર્થનો બોધ શ્રોતાને સંદર્ભથી થાય છે. તેમ જીવ શબ્દથી ચાર અર્થ વાચ્ય હોય અને જે સંદર્ભ હોય તે પ્રમાણે અર્થનો બોધ કરવો આવશ્યક છે. તેથી બોધ કરવાના ઉપાયરૂપે ચાર નિક્ષેપા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

ચાર નિક્ષેપાનો અર્થ કરતાં પ્રથમ 'નામજીવ'નો અર્થ બતાવતાં ભાષ્યકાર કહે છે - કોઈ ચેતન દ્રવ્ય હોય અથવા કોઈ અચેતન દ્રવ્ય હોય અને 'આ જીવ છે' એ પ્રમાણે સંજ્ઞા કરવામાં આવે તો તે સંજ્ઞાવાળી વસ્તુને 'નામજીવ' કહેવાય છે.

વળી સ્થાપનાથી જીવ તે સ્થાપનાજીવ છે અર્થાત્ કાષ્ઠ, પુસ્ત અને ચિત્રમાં જીવના આકારની રચના કરવામાં આવે અને અક્ષમાં બુદ્ધિથી જીવની સ્થાપના કરવામાં આવે તો તેમાં રહેલ આકારને કે બુદ્ધિથી કરાયેલી સ્થાપનાને 'સ્થાપના' જીવ કહેવાય છે. જેમ ઇન્દ્રની આકૃતિ એ સ્થાપનાઇન્દ્ર છે, રુદ્રની આકૃતિ સ્થાપનારુદ્ર છે. તેની જેમ કાષ્ઠાદિમાં જીવની સ્થાપના કરાય તે સ્થાપનાજીવ છે.

દ્રવ્યથી જીવ તે દ્રવ્યજીવ છે અર્થાત્ અનાદિ પારિણામિક ભાવરૂપ જીવત્વથી યુક્ત હોય અને પ્રજ્ઞાથી કલ્પના કરાયેલું હોય કે જીવમાં જીવના ગુણ અને પર્યાય નથી તે દ્રવ્યજીવ કહેવાય. વસ્તુતઃ 'દ્રવ્યજીવ' શબ્દથી જ કહેવાય છે, પરંતુ નામજીવ અને સ્થાપનાજીવની જેમ દ્રવ્યજીવરૂપે કોઈ વસ્તુની પ્રાપ્તિ નથી. આમ છતાં કોઈ 'જીવદ્રવ્ય'ને ગ્રહણ કરીને કલ્પના કરવામાં આવે કે આ જીવદ્રવ્યમાં જીવના ગુણો અને પર્યાયો નથી અને ભવિષ્યમાં જીવના ગુણો અને પર્યાયો પ્રગટ થવાના છે, તેથી ભવિષ્યમાં પ્રગટ થનારા ભાવજીવ પ્રત્યે આ દ્રવ્યજીવ કારણ છે માટે દ્રવ્યજીવ છે.

આ રીતે કલ્પનાથી 'દ્રવ્યજીવ'નો ભાંગો કેવી રીતે પ્રાપ્ત થાય તે બતાવ્યું. હવે 'અથવા'થી કહે છે કે આ ભાંગો શૂન્ય છે=દ્રવ્યજીવ એ પ્રકારના વિકલ્પવાળી વસ્તુ જગતમાં નથી. આ ભાંગો શૂન્ય કેમ છે, તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

આ વસ્તુ ત્યારે સંભવે કે વર્તમાનમાં કોઈ વસ્તુ અજીવ હોય અને તેમાં જીવરૂપે થવાની યોગ્યતા હોય તો તે અજીવ દ્રવ્ય ભવિષ્યમાં થનારા જીવદ્રવ્યનું કારણ છે માટે દ્રવ્યજીવ છે તેમ કહી શકાય. પરંતુ જગતમાં એવું કોઈ અજીવ દ્રવ્ય નથી કે જે ભવિષ્યમાં જીવદ્રવ્ય થવાનું હોય. માટે દ્રવ્યજીવનો ભાંગો શૂન્ય છે અર્થાત્ 'દ્રવ્યજીવ' એ ભાંગો જ નથી. ફક્ત જીવાદિ સાત પદાર્થોમાંથી આશ્રવ આદિ પદાર્થોમાં દ્રવ્યભાંગાની પ્રાપ્તિ થાય છે. તેથી ભાષ્યકારે નામાદિ ચાર નિક્ષેપા દ્વારા જીવાદિ સાતે પદાર્થોનું બોધ કરવાનું સૂચન કરેલ છે અને તે બતાવવા અર્થે 'દ્રવ્યજીવ' કેવો હોય તેનું સ્વરૂપ સ્પષ્ટ કરેલ છે. પરંતુ તેવા સ્વરૂપવાળી વસ્તુ જગતમાં ઉપલબ્ધ નથી માટે 'દ્રવ્યજીવ'નો ભાંગો ફક્ત બોધ કરવા માટે ઉપયોગી છે. વસ્તુતઃ દ્રવ્યજીવ નથી.

ભાવથી જીવ તે 'ભાવજીવ' છે. જીવમાં ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક ભાવ હોય છે. તેથી આ પાંચ ભાવોમાંથી યથાયોગ્ય જેનામાં કોઈપણ ભાવ હોય અને ઉપયોગ લક્ષણવાળો હોય એવો જીવ તે 'ભાવજીવ' છે.

ભાવજીવના બે ભેદ છે : (૧) સંસારી જીવો અને (૨) મુક્ત જીવો. સંસારી જીવોમાં ઔપશમિક આદિ પાંચ ભાવોમાંથી યથાયોગ્ય ભાવોની પ્રાપ્તિ છે. વળી, કોઈક જીવમાં પાંચે ભાવોની પણ પ્રાપ્તિ છે જેમ કે કોઈ જીવ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય અને ઉપશમ શ્રેણીમાં હોય ત્યારે ઉપશમ શ્રેણીમાં હોવાને કારણે ઔપશમિકભાવ છે, વળી ક્ષાયિક સમ્યક્ત્વ હોવાને કારણે ક્ષાયિકભાવ છે અને ક્ષયોપશમ ભાવના જ્ઞાનાદિ હોવાને કારણે ક્ષાયોપશમિકભાવ છે અને મનુષ્ય આદિ પર્યાય હોવાને કારણે ઔદયિકભાવ છે અને જીવત્વ હોવાને કારણે પારિણામિકભાવ છે. તેથી કોઈક સંસારી જીવમાં પાંચે ભાવની પ્રાપ્તિ છે.

મુક્ત જીવોમાં ક્ષાયિક અને પારિણામિક બે ભાવોની પ્રાપ્તિ છે. જીવત્વ હોવાને કારણે પારિણામિકભાવ છે અને જ્ઞાનાવરણીય આદિ કર્મના ક્ષયથી ક્ષાયિકભાવ છે.

જેમ જીવમાં ચાર નિક્ષેપા ભાષ્યકારે બતાવ્યા, તેમ અજીવ આદિમાં પણ ચારે નિક્ષેપાનું યોજન સ્વયં કરવું, તેમ ભાષ્યકારે સૂચન કરેલ છે અને તેનું યોજન ટીકા અનુસાર આ પ્રમાણે છે –

**અજીવ :–**

અજીવ એ પ્રમાણે કોઈનું નામ કરાય તે 'નામઅજીવ.' કાષ્ઠાદિમાં અજીવની સ્થાપના કરાય તે 'સ્થાપનાઅજીવ.' અહીં પ્રશ્ન થાય કે અજીવ એવા ધર્માસ્તિકાયની સ્થાપના કઈ રીતે કરી શકાય ? તેથી ટીકાકાર કહે છે - સ્મારક એવી લિપિના આકારથી અભિપ્રાયીકી એવી ધર્માસ્તિકાય આદિની પણ સ્થાપના થાય છે અર્થાત્ ધર્માસ્તિકાયના આકારને ઉપસ્થિત કરવા માટે પુસ્તકાદિમાં લિપિના આકારથી ધર્માસ્તિકાયના

આકારને ચિત્રરૂપે અંકિત કરવામાં આવે અને કહેવામાં આવે કે 'આ ધર્માસ્તિકાય છે' તે ધર્માસ્તિકાયની સ્થાપના છે. 'દ્રવ્યઅજીવ' ગુણપર્યાયથી રહિત બુદ્ધિથી સ્થાપિત જાણવો અર્થાત્ જેમ દ્રવ્યજીવનો ભાંગો નથી, ફક્ત કલ્પનાથી પ્રાપ્ત થાય છે. તેમ દ્રવ્યઅજીવનો ભાંગો નથી, ફક્ત કલ્પનાથી પ્રાપ્ત થાય છે. ગત્યાદિમાં ઉપકાર કરનાર ધર્માસ્તિકાયઆદિ દ્રવ્યો 'ભાવઅજીવ' છે.

**આશ્રવ :-**

આશ્રવ એ પ્રમાણે કોઈનું નામ કરવામાં આવે તે 'નામઆશ્રવ' છે અને આશ્રવ=પાણીનું ઝરણું. आस्रवणं आस्रवः એ પ્રકારની વ્યુત્પત્તિથી ઝરવાની ક્રિયા તે આશ્રવ છે. પાણીનું ઝરણું વહેતું હોય એવું ચિત્ર બતાવવામાં આવે ત્યાં પાણીના આશ્રવણની ક્રિયારૂપ ઝરણું ચિત્રમાં છે તે 'સ્થાપનાઆશ્રવ' છે. આત્મામાં કર્મો આવે છે તે આશ્રવણની ક્રિયા છે અને તેને આશ્રવ કહેવાય છે. 'દ્રવ્યઆશ્રવ' અને 'ભાવઆશ્રવ'નો વિચાર ત્રણ રીતે થઈ શકે :

(૧) રાગાદિ પરિણામરૂપે ઉદયને ન પામેલાં હોય એવા આત્મામાં ચોંટેલા કર્મપુદ્ગલો તે 'દ્રવ્યઆશ્રવ' છે અને રાગાદિ પરિણામરૂપે ઉદયને પામેલાં એવા કર્મપુદ્ગલો 'ભાવઆશ્રવ' છે. આ રીતે 'પુદ્ગલ' દ્રવ્યને આશ્રયીને દ્રવ્યઆશ્રવ અને ભાવઆશ્રવનો ભેદ સિદ્ધસેનગણિએ કરેલ છે.

(૨) વળી, આત્મા અને કર્મનો એકદ્રવ્યરૂપે ઉપચાર કરનાર ઉપચરિતનયથી વિચારીએ તો રાગાદિ પરિણામના ઉદયને પામેલાં કર્મો દ્રવ્યઆશ્રવ છે અને તે કર્મના ઉદયથી આત્મામાં નિષ્પન્ન થયેલ રાગાદિનો પરિણામ 'ભાવઆશ્રવ' છે.

(૩) વળી, કર્મ અને આત્માના એકત્વને નહિ સ્વીકારનાર નિશ્ચયનયથી વિચારીએ તો પૂર્વપૂર્વના રાગાદિને અનુકૂળ એવા આત્માના પરિણામો 'દ્રવ્યઆશ્રવ' છે અને ઉત્તર ઉત્તરના રાગાદિને અનુકૂળ એવા આત્માના પરિણામો પૂર્વપૂર્વના પરિણામથી જન્ય હોવાને કારણે 'ભાવઆશ્રવ' છે. દ્રવ્યઆશ્રવ અને ભાવઆશ્રવનો આ બીજો અને અને ત્રીજો ભેદ ટીકાકાર ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીએ કરેલ છે.

**બંધ :-**

'દ્રવ્યબંધ' - બેડી આદિનો બંધ એ દ્રવ્યબંધ છે, 'ભાવબંધ' - પ્રકૃતિ આદિનો બંધ એ ભાવબંધ છે.

**સંવર :-**

'દ્રવ્યસંવર' પિધાન છે=આચ્છાદન છે=કોઈક વસ્તુને ઢાંકવાની ક્રિયા એ દ્રવ્યસંવર છે.

'ભાવસંવર' જીવનો ગુપ્તિ આદિનો પરિણામ છે.

**નિર્જરા :-**

છેદનભેદનથી ધાન્ય આદિને થતી, મોક્ષઅધિકારથી શૂન્ય એવી=મોક્ષનું અકારણ એવી, નિર્જરા એ 'દ્રવ્યનિર્જરા' છે અર્થાત્ અકામનિર્જરા એ 'દ્રવ્યનિર્જરા' છે. સમ્યગ્જ્ઞાનાદિના ઉપદેશથી નિયંત્રિત એવા અનુષ્ઠાનના સેવનથી થતી કર્મની નિર્જરા એ 'ભાવનિર્જરા' છે અર્થાત્ સકામનિર્જરા એ ભાવનિર્જરા છે.

**મોક્ષ :-**

બેડી આદિથી મુક્ત થવું તે 'દ્રવ્યમોક્ષ' છે. સમસ્ત કર્મક્ષયથી પ્રાપ્ત થતો મોક્ષ તે 'ભાવમોક્ષ' છે.

નામાદિ ચાર નિક્ષેપાથી જીવ-અજીવ આદિ સાત તત્ત્વોનો બોધ કરાવીને હવે સૂત્ર-૧/૧માં કહેલ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો ચાર નિક્ષેપાથી બોધ કરાવવા અર્થે દ્રવ્યનિક્ષેપાથી અને ભાવનિક્ષેપાથી રત્નત્રયીનો અર્થ બતાવતાં ટીકાકાર કહે છે –

**સમ્યગ્દર્શન :-**

ભવ્ય જીવનાં જે મિથ્યાદર્શનનાં પુદ્ગલો સમ્યગ્દર્શનપણારૂપે શુદ્ધિને પ્રાપ્ત થશે, તે મિથ્યાદર્શનનાં પુદ્ગલો દ્રવ્ય સમ્યગ્દર્શન છે અને તે મિથ્યાદર્શનના પુદ્ગલો જ વિશુદ્ધ થયા પછી તેનાથી ઉત્પન્ન થતો આત્માનો પરિણામ=સમ્યગ્દર્શનનો પરિણામ, ભાવસમ્યગ્દર્શન છે.

**સમ્યગ્જ્ઞાન :-**

આત્માની અનુપયુક્તતારૂપ અવસ્થા દ્રવ્યજ્ઞાન છે=કોઈક અર્થનો યથાર્થ બોધ હોય છતાં તે અર્થમાં ઉપયોગ ન વર્તતો હોય તે વખતે તે અર્થનું જ્ઞાન દ્રવ્યજ્ઞાન છે. જેમ કોઈ શ્રાવકને "આ પ્રકારના જ્ઞાનથી નિયંત્રિત આ ભાવથી યુક્ત પૂજાદિ અનુષ્ઠાન મારા હિતનો ઉપાય છે" તેવો યથાર્થ બોધ હોય, આમ છતાં તે ક્રિયા કરતી વખતે તે અર્થનો જે રીતે બોધ છે તે રીતે ઉપયોગ સ્ફુરાયમાન ન થતો હોય તો તે અર્થના વિષયમાં તેની અનુપયુક્ત અવસ્થા છે, તેથી હિતને અનુકૂળ તે અર્થનો યથાર્થ બોધ દ્રવ્યજ્ઞાન છે.

આત્માના ઉપયોગની પરિણતિવિશેષવાળી અવસ્થા ભાવજ્ઞાન છે=કોઈક અર્થનો યથાર્થ બોધ હોય અને તે બોધ પ્રમાણે તે અર્થનો ઉપયોગ હોય તો તે અર્થનું જ્ઞાન ભાવજ્ઞાન છે. જેમ કોઈ શ્રાવકને "આ પ્રકારના જ્ઞાનથી નિયંત્રિત આ ભાવથી યુક્ત પૂજાદિ અનુષ્ઠાન મારા હિતનો ઉપાય છે, એવો યથાર્થ બોધ હોય અને પૂજાની ક્રિયા કરતી વખતે તે અર્થનો જે રીતે બોધ છે, તે રીતે ઉપયોગ સ્ફુરાયમાન થતો હોય ત્યારે તે અર્થના વિષયમાં તેના ઉપયોગની પરિણતિવિશેષ વર્તી રહી છે. આ ઉપયોગની પરિણતિવિશેષવાળી જીવની અવસ્થા તે ભાવજ્ઞાન છે.

**સમ્યક્ચારિત્ર :-**

'દ્રવ્યચારિત્ર' બે પ્રકારનું છે :

**(૧) પ્રધાન દ્રવ્યચારિત્ર :-** કોઈ ભવ્ય જીવને ચારિત્રાચારની ક્રિયાની વિધિનો યથાર્થ બોધ હોય અને 'તે અનુષ્ઠાનના સેવનથી કઈ રીતે સમભાવની વૃદ્ધિ થાય' તેનું યથાર્થ જ્ઞાન હોય, આમ છતાં લક્ષ્યને અનુરૂપ ક્રિયામાં ઉપયોગ ન પ્રવર્તતો હોય તો તેની ક્રિયા પ્રધાન દ્રવ્યચારિત્ર છે.

સાધુવેશમાં રહેલા અપુનર્બંધકને અને સંવિગ્નપાક્ષિકને પ્રધાન દ્રવ્યચારિત્ર હોય છે.

**(૨) અપ્રધાન દ્રવ્યચારિત્ર :-**

**અપ્રધાન દ્રવ્યચારિત્ર**

- વિપરીત ફલ પ્રયોજક (માતૃસ્થાનબહુલને=માયા સેવનારા સાધુને.)
- ઇષ્ટ ફલ અપ્રયોજક
  - અધિકારની પ્રાપ્તિના વિરહવાળા ઉપયોગપૂર્વકની ક્રિયા કરતા પણ સાધુને. (અભવ્ય, દૂરભવ્ય આદિને.)
  - અધિકારી હોવા છતાં પ્રણિધાનાદિ ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ નહિ કરવાવાળા સાધુને. (અનુપયુક્ત ભવ્યજીવને.)

અભવ્યનું અથવા અનુપયુક્ત એવા ભવ્યનું ક્રિયાઅનુષ્ઠાન દ્રવ્યચારિત્ર છે અને તે દ્રવ્યચારિત્ર અપ્રધાનપણાની અપેક્ષાએ છે. અપ્રધાન દ્રવ્યચારિત્ર બે પ્રકારનું છે –

(૧) વિપરીત ફલપ્રયોજક અપ્રધાન દ્રવ્યચારિત્ર :- માયા સેવનારા સાધુઓમાં વિપરીત ફલપ્રયોજક અપ્રધાન દ્રવ્યચારિત્ર હોય છે.

(૨) ઇષ્ટ ફલઅપ્રયોજક અપ્રધાન દ્રવ્યચારિત્ર :- અભવ્ય, દૂરભવ્ય અને અનુપયુક્ત ભવ્યજીવનું અપ્રધાન દ્રવ્યચારિત્ર ઇષ્ટફલ અપ્રયોજક છે અને તે બે પ્રકારે છે.

(I) અધિકારની પ્રાપ્તિના વિરહના કારણે છે અર્થાત્ સંયમ લેવાના અધિકારની પ્રાપ્તિ નહિ થયેલી હોવાથી અપ્રધાન દ્રવ્યચારિત્ર ઇષ્ટફલઅપ્રયોજક છે.

(II) અધિકારની પ્રાપ્તિ હોવા છતાં પ્રણિધાનાદિ ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ નહિ કરવાને કારણે છે અર્થાત્ સંયમ લેવાના અધિકારની પ્રાપ્તિ થયેલી હોવા છતાં સંયમની ક્રિયાઓ લક્ષ્યના ઉપયોગપૂર્વક નહિ કરવાને કારણે અપ્રધાન દ્રવ્યચારિત્ર ઇષ્ટફલ અપ્રયોજક છે.

અહીં વિશેષ એ છે કે અધિકારની પ્રાપ્તિના વિરહને કારણે ઇષ્ટફલ અપ્રયોજક અપ્રધાનદ્રવ્યચારિત્ર ગ્રંથીદેશમાં રહેલા અભવ્યને કે દૂરભવ્યને હોય છે. આવા જીવો તીર્થંકરઆદિની પૂજાઆદિના દર્શનને કારણે સંયમ ગ્રહણ કરવાનો પરિણામ થવાથી સંયમ ગ્રહણ કરે છે. આવા સાધુઓ શાસ્ત્રો ભણેલા હોય અને ઉપયોગપૂર્વક ક્રિયાઓ કરતા હોય તોપણ સંયમ લેવાનો અધિકાર પ્રાપ્ત નહિ થયેલો હોવાને કારણે તેઓની સંયમની ક્રિયા ઇષ્ટ એવા મોક્ષને અનુકૂળ નિર્જરારૂપ ફળની પ્રાપ્તિનું કારણ બનતી નથી.

વળી, જે સાધુઓ સંયમ ગ્રહણ કરવાના અધિકારને પામેલા છે, આમ છતાં લક્ષ્યને અનુરૂપ પ્રણિધાન

આદિ ઉપયોગપૂર્વક સંયમની ક્રિયાઓ કરતા નથી, તેઓનું તે સંયમઅનુષ્ઠાન ઉપયોગશૂન્ય સંયમની ક્રિયાવાળું હોવાને કારણે ઇષ્ટ એવા મોક્ષને અનુકૂળ નિર્જરાનું કારણ બનતું નથી.

**ભાવચારિત્ર :-** કોઈક સાધુને "આ અનુષ્ઠાન આ પ્રકારના ઉપયોગપૂર્વક સેવન કરવાનું આગમમાં કહેલ છે" તેવો યથાર્થબોધ છે અને તે બોધથી નિયંત્રિત તે ક્રિયા કરીને સંવરભાવના પરિણામને નિષ્પન્ન કરી શકે છે તે સાધુની ચારિત્રાચારની ક્રિયા 'ભાવચારિત્ર' છે.

**ભાષ્ય :-**

**पर्यायान्तरेणापि नामद्रव्यं स्थापनाद्रव्यं द्रव्यद्रव्यं भावतो द्रव्यमिति । यस्य जीवस्य वा अजीवस्य वा नाम क्रियते द्रव्यमिति तन्नामद्रव्यम् । यत्काष्ठपुस्तचित्रकर्माक्षनिक्षेपादिषु स्थाप्यते द्रव्यमिति तत् स्थापनाद्रव्यं, देवताप्रतिकृतिवद् इन्द्रो रुद्रः स्कन्दो विष्णुरिति । द्रव्यद्रव्यं नाम गुणपर्यायवियुक्तं प्रज्ञास्थापितं धर्मादीनामन्यतमत्, केचिदप्याहुः-यद् द्रव्यतो द्रव्यं भवति, तच्च, पुद्गलद्रव्यमेवेति प्रत्येतव्यम्, अणवः स्कन्धाश्च, सङ्घातभेदेभ्य उत्पद्यन्त इति वक्ष्यामः । भावतो द्रव्याणि धर्मादीनि सगुणपर्यायाणि प्राप्तिलक्षणानि वक्ष्यन्ते,**

**ભાષ્યાર્થ :-**

**પર્યાયાન્તરથી પણ નામદ્રવ્ય, સ્થાપનાદ્રવ્ય, દ્રવ્યદ્રવ્ય અને ભાવદ્રવ્ય, એ પ્રમાણે ચાર નિક્ષેપા છે. 'इति' શબ્દ ચાર નિક્ષેપાના નામોની સમાપ્તિ માટે છે.**

હવે પર્યાયાન્તરથી ચાર નિક્ષેપા જીવ-અજીવનાં બતાવે છે –

**જે જીવ અથવા અજીવનું દ્રવ્ય એ પ્રમાણે નામ કરાય તે 'નામદ્રવ્ય' છે.**

**ઈન્દ્ર, રુદ્ર, સ્કન્દ, વિષ્ણુ એ પ્રકારની દેવતાની પ્રતિકૃતિની જેમ=દેવતાની મૂર્તિની જેમ, કાષ્ઠ, પુસ્ત, ચિત્રકર્મ અને અક્ષ-નિક્ષેપ આદિમાં=સદ્ભાવ સ્થાપનારૂપ કાષ્ઠકર્મ, પુસ્તકર્મ અને ચિત્રકર્મ આદિમાં અને અસદ્ભાવસ્થાપનારૂપ અક્ષ-નિક્ષેપ આદિમાં, જે દ્રવ્ય એ પ્રમાણે સ્થાપના કરાય તે 'સ્થાપનાદ્રવ્ય' છે.**

❖ 'निक्षेपादि'માં 'आदि' શબ્દનું જોડાણ કાષ્ઠાદિ પ્રથમ ત્રણ કર્મ સાથે અને અક્ષનિક્ષેપની સાથે કરેલ છે.

❖ 'काष्ठादि'માં 'आदि' શબ્દથી કાષ્ઠ જેવી અન્ય વસ્તુ જેમાં જીવનો આકાર અંકિત કરવામાં આવતો હોય તેવી વસ્તુનું ગ્રહણ કરવું.

**કાષ્ઠાદિ ત્રણમાં આકારરૂપે સ્થાપના કરવામાં આવે છે અને અક્ષાદિમાં જીવનો આકાર કરાતો નથી, પણ બુદ્ધિથી જીવની સ્થાપના કરાય છે જેમ પુસ્તકાદિમાં ભાવાચાર્યની સ્થાપના કરાય છે.**

**ધર્માદિનો=ધર્માસ્તિકાય આદિનો, કોઈ અન્યતમદ્રવ્ય, ગુણપર્યાયથી રહિત, પ્રજ્ઞાથી સ્થાપિત=બુદ્ધિથી કલ્પિત, 'દ્રવ્યદ્રવ્ય' છે.**

**કેટલાક પણ કહે છે - જે દ્રવ્યથી=માટી આદિ દ્રવ્યથી, ઘટાદિ દ્રવ્ય, થાય છે, તે પુદ્ગલ દ્રવ્ય જ 'દ્રવ્યદ્રવ્ય' છે, એ પ્રમાણે જાણવું.**

પુદ્ગલમાં જ દ્રવ્યદ્રવ્યની પ્રાપ્તિ છે, તે સિવાય ધર્માદિમાં દ્રવ્યદ્રવ્યની પ્રાપ્તિ નથી, એમ કેટલાક કહે છે. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

**અણુઓ અને સ્કંધો સંઘાત અને ભેદથી ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે અમે કહીશું.**

'દ્રવ્યદ્રવ્ય'નું નિરૂપણ કર્યા પછી ભાવથી દ્રવ્ય શું છે, તે બતાવે છે –

**ભાવથી દ્રવ્યો ગુણપર્યાયથી સહિત પ્રાપ્તિ લક્ષણવાળા ધર્માદિ કહેવાશે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં જીવ અને અજીવમાં ચાર નિક્ષેપા બતાવ્યા અને તે રીતે આશ્રવ આદિ સર્વ તત્ત્વોમાં ચાર નિક્ષેપાનું યોજન બતાવ્યું. હવે જીવ-અજીવમાં જીવ-અજીવ પર્યાયથી અતિરિક્ત અન્ય પર્યાય ગ્રહણ કરીને પણ નિક્ષેપા થાય છે, તે બતાવવા માટે પર્યાયાન્તરથી પણ ચાર નિક્ષેપા બતાવે છે.

**(૧) નામદ્રવ્ય :-** જે જીવ કે અજીવનું "દ્રવ્ય" એ પ્રમાણે નામ કરાય તે 'નામદ્રવ્ય' છે.

**(૨) સ્થાપનાદ્રવ્ય :-** કાષ્ઠ, પુસ્ત આદિમાં કોઈ દ્રવ્યનો આકાર ચીતરવામાં આવે અને તે ચીતરેલો આકાર તે સ્થાપનાદ્રવ્ય છે.

**(૩) દ્રવ્યદ્રવ્ય :-** 'દ્રવ્યદ્રવ્ય' નિક્ષેપો કલ્પનાથી પ્રાપ્ત થાય છે. જેમ જીવનો દ્રવ્યનિક્ષેપો પ્રાપ્ત થતો નથી, કેમ કે પહેલાં કોઈ દ્રવ્ય, જીવ ન હોય અને પછી તે દ્રવ્ય, જીવ થાય તો તે જીવ થવાને યોગ્ય દ્રવ્યને 'દ્રવ્યજીવ' કહી શકાય. પરંતુ તેવો ભાંગો પ્રાપ્ત થતો નથી. તેમ પહેલાં જે વસ્તુ દ્રવ્ય ન હોય અને પાછળથી તે વસ્તુ દ્રવ્ય થાય તો તે વસ્તુને 'દ્રવ્ય' કહી શકાય. પરંતુ તેવો ભાંગો પ્રાપ્ત થતો નથી. પણ કલ્પનાથી ગુણપર્યાયથી રહિત સ્થાપન કરાયેલ એવા ધર્માદિમાંથી કોઈ દ્રવ્યને 'દ્રવ્યદ્રવ્ય' કહી શકાય.

વળી, કેટલાક આચાર્યો કહે છે કે 'દ્રવ્યદ્રવ્ય' નિક્ષેપો પુદ્ગલદ્રવ્યમાં જ પ્રાપ્ત થાય છે; કેમ કે પુદ્ગલ દ્રવ્ય જ અન્ય અન્ય ભાવરૂપે થાય છે. તેથી માટીરૂપ દ્રવ્ય ઘટ થાય છે. માટે ઘટરૂપ દ્રવ્યનું કારણ માટી દ્રવ્ય છે. તેથી પુદ્ગલદ્રવ્યમાં દ્રવ્યથી દ્રવ્યની પ્રાપ્તિ થાય છે, અન્ય ધર્માસ્તિકાય આદિમાં 'દ્રવ્યદ્રવ્ય'ની પ્રાપ્તિ થતી નથી અને તેમાં યુક્તિ આપે છે કે પુદ્ગલ દ્રવ્યો અણુઓ અને સ્કંધો છે અને સંઘાત અને ભેદથી અણુઓની અને સ્કંધોની નિષ્પત્તિ થાય છે, એમ પાંચમા અધ્યાયમાં ગ્રંથકારશ્રી કહેવાના છે. તેથી એ ફલિત થાય કે અણુઓ અને સ્કંધો ઉત્પન્ન થાય છે. તેથી અણુ અને સ્કંધની ઉત્પત્તિનું જે કારણ હોય તે 'દ્રવ્યદ્રવ્ય' નિક્ષેપો કહેવાય છે.

વળી, અણુઓ સ્કંધના ભેદથી થાય છે. તેથી જે સ્કંધના ભેદથી અણુઓ થાય છે, તે સ્કંધ, અણુરૂપ દ્રવ્યનો દ્રવ્યનિક્ષેપો છે.

વળી, સ્કંધો ભેદથી પણ થાય છે અને સંઘાતથી પણ થાય છે. માટે જે સ્કંધના ભેદથી નાનો સ્કંધ પેદા થાય તે નાના સ્કંધ પ્રત્યે તે મોટો સ્કંધ કારણ છે. તેથી નાના સ્કંધરૂપ દ્રવ્યનું કારણ એવો મોટો સ્કંધ દ્રવ્યથી દ્રવ્ય છે અને સંઘાતથી પણ સ્કંધો થાય છે. તેથી જે અણુઓના સંઘાતથી સ્કંધરૂપ દ્રવ્ય બને તે અણુઓ, સ્કંધરૂપ દ્રવ્યનો દ્રવ્યનિક્ષેપો છે.

**(૪) ભાવદ્રવ્ય :-** દ્રવ્યનો ભાવનિક્ષેપો બતાવે છે. ગુણપર્યાયથી યુક્ત એવા ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો ભાવથી દ્રવ્ય છે. વળી, તે દ્રવ્યો નવા નવા પર્યાયને પ્રાપ્ત કરવાના સ્વભાવવાળા છે, એ પ્રમાણે આગળમાં ગ્રંથકારશ્રી કહેશે.

ભાવથી દ્રવ્ય ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યો છે અને તે ગુણપર્યાયથી યુક્ત છે અને પ્રાપ્તિલક્ષણવાળા છે. વળી, દ્રવ્યો પ્રાપ્તિલક્ષણવાળા છે, તે ભાષ્યકાર હવે કહેશે અર્થાત્ આના પછીની પંક્તિમાં તરત ભાષ્યકાર કહે છે.

પર્યાયાન્તરથી દ્રવ્યના ચાર નિક્ષેપા બતાવ્યા. તેમાં 'भावतो द्रव्यम्' એ પ્રમાણે પ્રથમ એકવચનમાં પ્રયોગ કરીને તેનું વર્ણન કરતી વખતે ભાષ્યકારે બહુવચનમાં પ્રયોગ કર્યો. તેનો આશય એ છે કે દ્રવ્ય એક નથી, ઘણા દ્રવ્યો છે. બધા દ્રવ્યો પોતાની સ્વતંત્ર સત્તાને ધારણ કરનારા છે.

વળી, ભાવથી દ્રવ્ય ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યો છે. તેમાં જીવ અને પુદ્ગલ સંખ્યાથી અનંતા છે અને બધા દ્રવ્યો ગુણ અને પર્યાયથી યુક્ત છે અને નવી નવી અવસ્થાની પ્રાપ્તિ કરવાના સ્વભાવવાળા છે.

વળી, દ્રવ્યો પ્રાપ્તિલક્ષણવાળા છે, તે સ્વયં ભાષ્યકાર આગળ બતાવે છે અને તે બતાવવાં માટે ભાષ્યમાં 'वक्ष्यन्ते' શબ્દપ્રયોગ કરેલ છે.

**ભાષ્ય :-**

**आगमतश्च प्राभृतज्ञो द्रव्यमिति भव्यमाह, द्रव्यं च भव्ये, भव्यमिति प्राप्यमाह, भू प्राप्तावात्मनेपदी, तदेवं प्राप्यन्ते प्राप्नुवन्ति वा द्रव्याणि, एवं सर्वेषामनादीनामादिमतां च जीवादीनां भावानां मोक्षान्तानां तत्त्वाधिगमार्थं न्यासः कार्य इति ।।१-५।।**

**ભાષ્યાર્થ :-**

**અને આગમમાં=પૂર્વનામના આગમમાં પ્રાભૃતના જાણનારા=વ્યાકરણની ઉત્પત્તિના મૂળરૂપ શબ્દના પ્રાભૃતને જાણનારા દ્રવ્યને 'ભવ્ય' કહે છે અને તે સ્પષ્ટ કરે છે –**

**'દ્રવ્ય' શબ્દ 'ભવ્ય' અર્થમાં છે.**

દ્રવ્ય શબ્દને ભવ્ય અર્થમાં કહેવાથી દ્રવ્ય શબ્દથી પ્રાપ્તિ અર્થ પ્રાપ્ત થતો નથી અને ભાષ્યકારે દ્રવ્ય પ્રાપ્તિલક્ષણવાળા છે, તે બતાવવા પ્રારંભ કરેલ. તેથી હવે દ્રવ્ય શબ્દથી પ્રાપ્તિ અર્થ કઈ રીતે પ્રાપ્ત થાય, તે સ્પષ્ટ કરવા કહે છે –

**'ભવ્ય' એ શબ્દ 'પ્રાપ્ય' અર્થને કહે છે; કેમ કે 'भू' ધાતુ પ્રાપ્તિ અર્થમાં આત્મનેપદી છે અર્થાત્ 'સત્તા અર્થવાળા' પરસ્મૈપદી 'भू' ધાતુ કરતાં 'પ્રાપ્તિ અર્થવાળો' આત્મનેપદી 'भू' ધાતુ અન્ય છે. તેથી ભવ્ય શબ્દથી પ્રાપ્ય અર્થની પ્રાપ્તિ થાય છે.**

'પ્રાપ્તિલક્ષણવાળા' દ્રવ્યો છે, તે બતાવવાનો પ્રારંભ કરેલ તેનું 'तदेवं'થી નિગમન કરે છે.

**દ્રવ્યો પ્રાપ્ત કરાય છે=સ્વધર્મો વડે દ્રવ્યો પ્રાપ્ત કરાય છે અથવા દ્રવ્યો પ્રાપ્ત કરે છે=સ્વધર્મોને દ્રવ્યો પ્રાપ્ત કરે છે.**

જીવાદિ પદાર્થોનો ન્યાસ બતાવ્યો. હવે અન્યત્ર=દ્રવ્યથી અન્ય એવા ગુણક્રિયાદિમાં, નામાદિ નિક્ષેપાના ન્યાસ કરવાનો અતિદેશ કરતાં ભાષ્યકાર કહે છે –

**આ રીતે સર્વના અને મોક્ષ છે અંતમાં જેને એવા અનાદિમાન અને આદિમાન એવા જીવાદિ ભાવોના તત્ત્વના અધિગમ માટે ન્યાસ કરવો જોઈએ=જે રીતે જીવાદિના 'દ્રવ્ય' શબ્દનો નિક્ષેપ કર્યો તે રીતે સર્વના અર્થાત્ ગુણક્રિયાદિ સર્વ શબ્દોના, તત્ત્વનો બોધ કરવા માટે અને જીવાજીવાદિ સાતે પદાર્થોના ભવ્ય અભવ્યાદિરૂપ અનાદિમાન ભાવોનો અને મનુષ્ય આદિ પર્યાયરૂપ આદિમાન ભાવોના તત્ત્વનો બોધ કરવા માટે ચાર નિક્ષેપાથી ન્યાસ કરવો જોઈએ. 'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ॥૧-૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં જીવ, અજીવ આદિ સાતે તત્ત્વના ચાર નિક્ષેપા બતાવ્યા. પછી દ્રવ્યના ચાર નિક્ષેપા બતાવ્યા, જેથી જીવાદિ સાત તત્ત્વોના જેમ ચાર નિક્ષેપા છે, તેમ જીવ-અજીવ દ્રવ્યને આશ્રયીને પણ ચાર નિક્ષેપા છે, તેનો બોધ થાય છે. દ્રવ્યના ચાર નિક્ષેપા બતાવ્યા તેમાં દ્રવ્યનો ભાવનિક્ષેપો બતાવતાં કહ્યું કે ભાવથી દ્રવ્યધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યો છે અને તે ગુણપર્યાયથી યુક્ત છે. આટલું કથન કરવાથી કોઈને ભ્રમ થાય કે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો ગુણપર્યાયથી યુક્ત છે. પરંતુ નવા નવા ભાવોને પામનારા નથી. તેનું નિરાકરણ કરવા માટે ભાવથી ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો પ્રાપ્તિલક્ષણવાળા છે, એમ ભાષ્યકાર કહે છે.

અહીં પ્રશ્ન થાય કે ભાવથી દ્રવ્ય પ્રાપ્તિલક્ષણવાળા છે. તેમ કેમ નક્કી થાય ? તેથી ભાષ્યકાર કહે છે કે પૂર્વ નામના આગમમાં પ્રાભૃતને જાણનારા ગુરુ 'દ્રવ્ય' શબ્દ 'ભવ્ય' અર્થમાં છે, એમ કહે છે. તેથી એ ફલિત થાય કે શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને વિચારીએ તો 'દ્રવ્ય' શબ્દનો અર્થ 'ભવ્ય' થાય; કેમ કે તે તે પર્યાયોને જે પામે તે 'દ્રવ્ય' કહેવાય તે પ્રકારની 'દ્રવ્ય' શબ્દની વ્યુત્પત્તિ છે, તેથી દ્રવ્ય શબ્દનો અર્થ 'ભવ્ય' કરેલ છે.

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્ય શબ્દનો અર્થ ભવ્ય કરવાથી દ્રવ્ય પર્યાયોથી પ્રાપ્ય છે, તેવા અર્થનો બોધ પ્રાપ્ત થતો નથી. તેથી ભાષ્યકાર કહે છે કે ભવ્ય શબ્દ પ્રાપ્ય અર્થને કહે છે.

અહીં પ્રશ્ન થાય કે 'भू' ધાતુમાંથી 'ભવ્ય' શબ્દ બનેલો છે. તેથી 'भू' ધાતુમાંથી બનેલા 'ભવ્ય' શબ્દનો અર્થ પ્રાપ્ય કઈ રીતે થઈ શકે, તેના સ્પષ્ટીકરણ માટે ભાષ્યકાર કહે છે કે સત્તા અર્થવાળા 'भू' ધાતુને અહીં ગ્રહણ કરેલ નથી, પણ પ્રાપ્તિ અર્થવાળા આત્મનેપદી 'भू' ધાતુને અહીં ગ્રહણ કરેલ છે અને પ્રાપ્તિ

અર્થવાળા 'ભૂ' ધાતુમાંથી બનેલો ભવ્ય શબ્દ ગ્રહણ કરીએ તો "જે પ્રાપ્ત થવાનો હોય તે ભવ્ય કહેવાય" એવો અર્થ પ્રાપ્ત થાય. તેથી દ્રવ્ય શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને વિચારીએ તો બધા દ્રવ્યો પ્રાપ્તિલક્ષણવાળા છે, એવો અર્થ પ્રાપ્ત થાય.

આ પ્રમાણે દ્રવ્ય શબ્દની વ્યુત્પત્તિ બતાવીને તેનું નિગમન કરતાં કહે છે –

'દ્રવ્યો તે તે ધર્મ વડે પ્રાપ્ત કરાય છે' માટે પ્રાપ્તિલક્ષણવાળા છે અથવા દ્રવ્યો તે તે ધર્મને પ્રાપ્ત કરે છે માટે પ્રાપ્તિલક્ષણવાળા છે.

આ રીતે જીવાદિ સાત તત્ત્વોના ચાર નિક્ષેપા બતાવ્યા. ત્યારપછી પર્યાયાન્તરથી દ્રવ્યના ચાર નિક્ષેપા બતાવ્યા. એ પ્રમાણે અન્ય નિક્ષેપાઓ તત્ત્વજિજ્ઞાસુએ સ્વયં જાણી લેવા, એ બતાવવા અર્થે અતિદેશથી કહે છે –

જે રીતે જીવાદિ દ્રવ્ય શબ્દના ભાવનિક્ષેપાના બોધ માટે ચાર નિક્ષેપા ગ્રંથકારશ્રીએ બતાવ્યા. તે રીતે ગુણક્રિયા આદિ શબ્દોના પણ ભાવનિક્ષેપાના બોધ માટે ચાર નિક્ષેપા કરવા જોઈએ.

વળી, જીવથી માંડીને મોક્ષ સુધીના સાત પદાર્થોના અનાદિમાન એવા ભવ્ય-અભવ્યાદિ ભાવોના અને આદિમાન એવા મનુષ્ય આદિ પર્યાયના ભાવનિક્ષેપાનો બોધ કરવા માટે દરેકના ચાર નિક્ષેપા કરવા જોઈએ. વસ્તુતઃ જીવાદિ દરેક પદાર્થોના ચાર નિક્ષેપાનું જ્ઞાન પરમાર્થની પ્રવૃત્તિ માટે ઉપયોગી નથી, પરંતુ પરમાર્થપ્રાપ્તિ માટેની પ્રવૃત્તિ કરવા અર્થે જીવાદિ દરેક પદાર્થોના ભાવનિક્ષેપાનો બોધ આવશ્યક છે, તોપણ ચારે નિક્ષેપાથી દરેક પદાર્થનો બોધ કરવામાં આવે તો પ્રસ્તુત એવો ભાવનિક્ષેપો કયો છે અને અપ્રસ્તુત એવા નામાદિ ત્રણ નિક્ષેપા કયા છે એવું જ્ઞાન થવાથી નામાદિ ત્રણ નિક્ષેપાથી પૃથગ્ભૂત ભાવનિક્ષેપાનો બોધ થાય છે અને જીવાદિ બધા પદાર્થોમાં ભાવનિક્ષેપાનો બોધ થવાથી મોક્ષ પ્રયોજન અર્થે કઈ રીતે પ્રવૃત્તિ કરવી જોઈએ, તેનો યથાર્થ બોધ થાય છે. માટે ચાર નિક્ષેપા દ્વારા જીવાદિ સર્વ પદાર્થોનો બોધ કરવાથી વિસ્તારથી તત્ત્વનો અધિગમ થાય છે. **॥૧-૫॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧/૪માં ઉદ્દિષ્ટ કરાયેલા અને સૂત્ર-૧/૫માં ચાર નિક્ષેપાથી નિક્ષિપ્ત કરાયેલા જીવાદિ તત્ત્વોનો કયા હેતુ દ્વારા કાર્ત્સ્ન્યથી=સંપૂર્ણપણાથી અને દેશથી વિસ્તારરૂપે બોધ થાય, એ પ્રકારની જિજ્ઞાસામાં કહે છે –**

**સૂત્ર :-**

**प्रमाणनयैरधिगमः ।।१-६।।**

**સૂત્રાર્થ :-**

**પ્રમાણથી અને નયથી અધિગમ થાય છે અર્થાત્ બે પ્રમાણો વડે સંપૂર્ણપણાથી અને પાંચ નયો વડે દેશથી જીવ આદિ પદાર્થોનો બોધ થાય છે. ।।૧-૬।।**

ભાષ્ય :-

**एषां च जीवादीनां तत्त्वानां यथोद्दिष्टानां नामादिभिर्न्यस्तानां प्रमाणनयैर्विस्तराधिगमो भवति, तत्र प्रमाणं द्विविधं, परोक्षं प्रत्यक्षं च वक्ष्यते, चतुर्विधमित्येके, नयवादान्तरेण, नयाश्च नैगमादयो वक्ष्यन्ते ।।१-६।।**

ભાષ્યાર્થ :-

**અને યથાઉદ્દિષ્ટ=જે પ્રમાણે સૂત્ર-૧/૪માં ઉદ્દિષ્ટ છે, તે પ્રમાણે નામાદિ ચાર નિક્ષેપા દ્વારા ન્યસ્ત એવા આ જીવાદિ તત્ત્વોનો વિસ્તારથી અધિગમ પ્રમાણનય વડે થાય છે. ત્યાં=પ્રસિદ્ધ એવા નન્દી આદિ સિદ્ધાન્તમાં, બે પ્રકારનું પ્રમાણ કહેવાયું છે, જે પ્રત્યક્ષ અને પરોક્ષ છે એમ આગળમાં કહેવાશે. નયવાદાન્તરથી એક આચાર્ય "પ્રમાણ ચતુર્વિધ" છે, એ પ્રમાણે કહે છે અને નયો નૈગમ આદિ પાંચ કહેવાશે. ।।૧-૬।।**

ભાવાર્થ :-

સૂત્ર-૧/૪માં જીવ-અજીવ આદિ સાત પદાર્થોને ઉદ્દેશીને તત્ત્વનું નિરૂપણ કરવાનો પ્રારંભ કર્યો. તેથી સૂત્ર-૧/૪થી જીવાદિ સાત પદાર્થો ઉદ્દિષ્ટ છે. વળી, ચોથા સૂત્રમાં જે ક્રમથી તે જીવાદિ પદાર્થો ઉદ્દિષ્ટ હતા તે ક્રમથી પાંચમા સૂત્રમાં ચાર નિક્ષેપાથી તે જીવાદિ પદાર્થોનો ભાષ્યકારે ન્યાસ કર્યો.

વળી, ઉદ્દિષ્ટ અને નામાદિરૂપે નિક્ષિપ્ત એવા જીવાદિનો વિસ્તારથી અધિગમ પ્રમાણનયથી થાય છે. જીવાદિને 'તત્ત્વ' કહેવાથી એ પ્રાપ્ત થાય કે જીવાદિ મોક્ષની પ્રાપ્તિના ઉપાયભૂત એવા જ્ઞાનના વિષયભૂત પદાર્થો છે, પરંતુ અન્ય કોઈ વસ્તુ નથી અને તેનો બોધ મોક્ષની પ્રાપ્તિમાં કારણ છે.

વળી, ચોથા સૂત્રમાં આ જીવાદિ તત્ત્વોનું સામાન્ય કથન કર્યું, જે ઉદ્દેશમાત્રરૂપ હતું. તેથી તે જીવાદિ શબ્દોનો માત્ર સામાન્ય બોધ થયો અને પાંચમા સૂત્રમાં તે જીવાદિ તત્ત્વોનો ચાર નિક્ષેપાથી ન્યાસ કર્યો. તેથી તે જીવાદિ શબ્દો નામાદિ ચાર વસ્તુના વાચક છે અને તેમાંથી ભાવનિક્ષેપારૂપ જીવાદિ તત્ત્વો પ્રસ્તુત ગ્રંથમાં કહેવાના છે, તેટલો શાબ્દબોધ માત્ર થયો અને તે બોધ કર્યા પછી તે જીવાદિ સર્વ તત્ત્વોનો પ્રમાણનય દ્વારા બોધ કરવામાં આવે તો વિશદ વિશદતર આદિ સ્વભાવરૂપ સામાન્ય વિશેષાદિ યાવત્ પ્રકારરૂપ વિસ્તારથી બોધ થાય છે.

જેમ આશ્રવ શબ્દના ચાર નિક્ષેપાથી બોધ કર્યા પછી ભાવઆશ્રવને 'આશ્રવ' શબ્દથી ગ્રહણ કરીને સર્વ નયોની દૃષ્ટિથી આશ્રવની વિચારણા કરવામાં આવે તો પૂર્વપૂર્વના નયથી આશ્રવનો સામાન્ય બોધ થાય છે ને ઉત્તર ઉત્તરના નયથી આશ્રવનો વિશેષ બોધ થાય છે અને સર્વ નયોથી બોધ કરવામાં આવે તો વિસ્તારથી બોધ થાય છે.

વળી, સર્વ નયોથી બોધ કર્યા પછી પ્રમાણથી બોધ કરવામાં આવે તો તે નયની દૃષ્ટિ કરતાં પ્રમાણની દૃષ્ટિ કઈ રીતે જુદી પડે છે, તેનો પણ બોધ થાય છે. તેથી તે આશ્રવ તત્ત્વનો બોધ કરવાના જેટલા પણ માર્ગો છે તે સર્વ માર્ગોથી આશ્રવનો બોધ થાય છે.

ભાષ્યમાં પ્રમાણનય દ્વારા વિસ્તારથી અધિગમ થાય છે. તેમ કહ્યા પછી પ્રમાણ અને નયથી સંખ્યાના નિયમને કહે છે. પ્રસિદ્ધ એવા નન્દી આદિ સિદ્ધાન્તમાં પ્રમાણ બે પ્રકારનું કહ્યું છે અને તે બે પ્રકાર જેમ બૌદ્ધ દર્શનવાદી કે વૈશેષિક પ્રત્યક્ષ અને અનુમાન એમ બે રીતે સ્વીકારે છે, તેવા બે ભેદવાળું પ્રમાણ નથી. પરંતુ પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે ભેદવાળું પ્રમાણ છે એમ આગળમાં કહેવાશે.

આ રીતે પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે ભેદ પાડ્યા. તેથી અન્ય રીતે અનેક પ્રકારના સંભવતા સર્વ પ્રમાણોનો પ્રત્યક્ષ અને પરોક્ષરૂપ બે ભેદોમાં અંતર્ભાવ થવાથી પ્રમાણના વિભાગમાં ન્યૂનતારૂપ દોષ નથી, પણ પ્રત્યક્ષ અને અનુમાન એમ બે પ્રમાણ કહેવામાં આવે તો સંભવતા અન્ય પ્રમાણોમાં અંતર્ભાવ તે બેમાં નહિ થવાથી ન્યૂનતાનો દોષ આવે=પ્રમાણના વિભાગમાં સર્વ પ્રમાણોનો સંગ્રહ થતો નથી.

ભાષ્યકારે પ્રમાણના પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે ભેદ કહ્યા. તેથી કોઈને પ્રશ્ન થાય કે અનુયોગદ્વારમાં પ્રમાણના ચાર ભેદો કહ્યા છે, તે કેવી રીતે સંગત થાય ? તેથી ભાષ્યકાર કહે છે કે “પ્રમાણના ચાર ભેદો છે” એમ એક આચાર્ય કહે છે=પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમના ભેદથી એ ચાર પ્રમાણો નયવાદાન્તરથી અર્થાત્ નૈગમ આદિ નયના ભેદથી એક આચાર્ય કહે છે. વળી, આ ચાર પ્રમાણના ભેદો દુ:સ્થિત છે=સર્વપ્રમાણોના ભેદને સંગ્રહ કરવા સમર્થ નથી, એ પ્રમાણે ભાષ્યકાર સ્વયં આગળમાં કહેશે.

પ્રમાણના ભેદો બતાવ્યા પછી હવે નયના ભેદો બતાવે છે – નૈગમ આદિ પાંચ નયો છે.

અહીં પ્રશ્ન થાય કે સાત નયો પ્રસિદ્ધ છે, આમ છતાં પાંચ નયો કેમ કહ્યા ? તેથી ટીકાકાર કહે છે કે શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય એ ત્રણ નયોનો એક જ ‘શબ્દ’ સંજ્ઞાથી સંગ્રહ કરેલ છે, તેથી સાત નયોને બદલે તત્ત્વાર્થકારે પાંચ નયો કહેલ છે.

આશય એ છે કે કેટલાક સ્થાનોમાં શબ્દાદિ ત્રણ નયો સમાન અર્થના વાચક છે, તે સ્થાનને આશ્રયીને તે ત્રણ નયોને એક કરીને “શબ્દ” સંજ્ઞા તત્ત્વાર્થકારે આપેલ છે. તેથી સાત નયોને બદલે પાંચ નયોની પ્રાપ્તિ થાય છે. **॥૧-૬॥**

**ભાષ્યકારની અવતરણિકા :-**

**किञ्चान्यत् –**

**અવતરણિકાર્થ :-**

**વળી, અન્ય શું છે=વિસ્તારથી અધિગમનો ઉપાય અન્ય શું છે ?**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વિસ્તારથી અધિગમ કરવાનો ઉપાય બતાવ્યો. વળી, જીવાદિ તત્ત્વોનો વિસ્તારથી બોધ કરવાનો ઉપાય તેનાથી અન્ય પણ છે અને તે ‘નિર્દેશ આદિ’ છે. તેથી નિર્દેશ આદિ શું છે, તે બતાવે છે –

**સૂત્ર :-**

**निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ।।१-७।।**

**સૂત્રાર્થ :-**

**નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને વિધાનથી=ભેદથી, જીવાદિ તત્ત્વોનો અધિગમ થાય છે. ॥૧-૭॥**

**ભાષ્ય :-**

**एभिश्च निर्देशादिभिः षड्भिरनुयोगद्वारैः सर्वेषां भावानां जीवादीनां तत्त्वानां विकल्पशो विस्तरेणाधिगमो भवति ।**

**ભાષ્યાર્થ :-**

**આ=સૂત્રમાં બતાવેલા આ, નિર્દેશ આદિ છ અનુયોગદ્વારો વડે=બોધ કરવાનાં દ્વારો વડે, સર્વ ભાવોનો અધિગમ થાય છે, તેમ કહેવાથી જીવાદિ કેટલાક ભાવોનો માત્ર બોધ થાય છે એવો અર્થ નથી, પરંતુ સર્વ ભાવોનો વિકલ્પથી વિસ્તારરૂપે બોધ થાય છે, એવો અર્થ પ્રાપ્ત થાય છે.**

**વળી, 'જીવાદિ'નો બોધ થાય છે, એમ ન કહેતાં 'જીવાદિ' તત્ત્વોનો બોધ થાય છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનના વચનરૂપ શ્રુતજ્ઞાનથી પ્રયુક્ત એવી શ્રદ્ધાના વિષયભૂત એવા જે જીવાદિ તત્ત્વોરૂપ પદાર્થો છે, તેનો નિર્દેશ આદિ છ દ્વારો વડે બોધ થાય છે.**

**ભાષ્ય :-**

**तद्यथा-**

**ભાષ્યાર્થ :-**

**તે આ પ્રમાણે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે નિર્દેશ આદિ દ્વારા જીવાદિ તત્ત્વોનો અધિગમ થાય છે. તેથી હવે '**तद्यथा**' દ્વારા ભાષ્યકાર નિર્દેશ આદિથી કઈ રીતે જીવાદિ તત્ત્વોનો બોધ થાય છે, તે બતાવે છે –

**ભાષ્ય :-**

**निर्देशः, को जीवः ?, औपशमिकादिभावयुक्तो द्रव्यं जीवः, सम्यग्दर्शनपरीक्षायां किं सम्यग्दर्शनं ?, द्रव्यं, सम्यग्दृष्टिर्जीवोऽरूपी नोस्कन्धो नोग्रामः ।**

**ભાષ્યાર્થ :-**

**(૧) निर्देश=નિર્દેશ.**

**કોણ જીવ છે ? ઔપશમિકાદિ ભાવથી યુક્ત દ્રવ્ય જીવ છે. સમ્યગ્દર્શનની પરીક્ષામાં=સમ્યગ્દર્શનની નિર્દેશથી વિચારણામાં, શું સમ્યગ્દર્શન છે ? તો કહે છે કે સમ્યગ્દર્શન 'દ્રવ્ય' છે.**

પૂર્વમાં કહ્યું એ પ્રમાણે જો સમ્યગ્દર્શન તત્ત્વની રુચિને કરાવનારા કર્મપુદ્ગલરૂપ દ્રવ્ય હોય તો ક્ષીણમોહવાળામાં સમ્યગ્દર્શન નથી, પરંતુ ક્ષીણમોહવાળા જીવો સમ્યગ્દષ્ટિ છે, તે બતાવવા માટે કહે છે –

સમ્યગ્દષ્ટિ જીવ છે=ક્ષીણમોહવાળા જીવ સમ્યગ્દર્શની નથી, પરંતુ સમ્યગ્દષ્ટિ જીવ છે.

સમ્યગ્દષ્ટિ જીવ કેવા છે, તેથી કહે છે –

સમ્યગ્દષ્ટિ જીવ અરૂપી છે. વળી, તે સ્કંધ છે કે ગ્રામ છે તે પ્રકારની શંકામાં કહે છે –

તે સ્કંધ નથી, પરંતુ નોસ્કંધ છે અને ગ્રામ નથી પરંતુ નોગ્રામ છે.

**ભાષ્ય :-**

**स्वामित्वं, - कस्य सम्यग्दर्शनमिति, एतद् आत्मसंयोगेन परसंयोगेनोभयसंयोगेन चेति वाच्यम्, आत्मसंयोगेन जीवस्य सम्यग्दर्शनं, परसंयोगेन जीवस्याजीवस्य जीवयोरजीवयोर्जीवानामजीवानामिति विकल्पाः, उभयसंयोगेन जीवस्य नोजीवस्य जीवयोरजीवयोर्जीवानामजीवानामिति विकल्पा न सन्ति, शेषाः सन्ति ।**

**ભાષ્યાર્થ :-**

(૨) स्वामित्वं=સ્વામીપણું.

કોને સમ્યગ્દર્શન છે ? એથી આ=સમ્યગ્દર્શનનું સ્વામીપણું આત્મસંયોગથી, પરસંયોગથી અને ઉભયસંયોગથી છે, એ પ્રમાણે કહેવું.

હવે તે આત્મસંયોગ આદિથી સમ્યગ્દર્શનનું સ્વામીપણું સ્પષ્ટ કરે છે –

(i) આત્મસંયોગથી સ્વામીપણું : આત્મસંયોગથી જીવનું સમ્યગ્દર્શન છે.

(ii) પરસંયોગથી સ્વામીપણું : (૧) જીવનું સમ્યગ્દર્શન છે, (૨) અજીવનું સમ્યગ્દર્શન છે, (૩) બે જીવનું સમ્યગ્દર્શન છે, (૪) બે અજીવનું સમ્યગ્દર્શન છે, (૫) બહુ બધા જીવનું સમ્યગ્દર્શન છે, (૬) બહુ બધા અજીવોનું સમ્યગ્દર્શન છે, એ પ્રમાણે વિકલ્પો છે=છ વિકલ્પો છે.

(iii) ઉભયસંયોગથી સ્વામીપણું :- (૧) જીવનું સમ્યગ્દર્શન છે, (૨) નોજીવનું સમ્યગ્દર્શન છે, (૩) બે જીવનું સમ્યગ્દર્શન છે, (૪) બે નોજીવનું સમ્યગ્દર્શન છે, (૫) બહુ બધા જીવનું સમ્યગ્દર્શન છે, (૬) બહુ બધા નોજીવોનું સમ્યગ્દર્શન છે, એ વિકલ્પો નથી=આ છ વિકલ્પો નથી, શેષ છે=છ વિકલ્પો સિવાયના શેષ વિકલ્પો છે.

**ભાષ્ય :-**

**साधनं, - सम्यग्दर्शनं केन भवति ?, निसर्गादधिगमाद्वा भवतीत्युक्तम्, तत्र निसर्गः पूर्वोक्तः, अधिगमस्तु सम्यग्व्यायामः, उभयमपि तदावरणीयस्य कर्मणः क्षयेणोपशमेन क्षयोपशमाभ्यामिति ।**

ભાષ્યાર્થ :-

(૩) साधनं=ઉપાય.

સમ્યગ્દર્શન કોના વડે થાય છે ? નિસર્ગથી અથવા અધિગમથી થાય છે=સમ્યગ્દર્શન થાય છે, એ પ્રમાણે કહેવાયું. ત્યાં=નિસર્ગ અને અધિગમ એ બેમાં, નિસર્ગ પૂર્વમાં કહેવાયો. વળી, અધિગમ સમ્યગ્ વ્યાયામ છે=સમ્યગ્દર્શનને કરવા માટે શાસ્ત્રાનુસારી સમ્યગ્ માનસિક, વાચિક, કાયિક કસરત છે. ઉભય પણ=નિસર્ગ સમ્યગ્દર્શન અને અધિગમ સમ્યગ્દર્શનરૂપ ઉભય પણ, તદ્આવરણીય કર્મના ક્ષયથી, અથવા ઉપશમથી અથવા ક્ષયોપશમથી થાય છે. 'इति' શબ્દ સમ્યગ્દર્શનના ત્રણ હેતુઓની સમાપ્તિ માટે છે.

ભાષ્ય :-

अधिकरणं त्रिविधं-आत्मसन्निधानेन परसन्निधानेनोभयसन्निधानेनेति वाच्यम्, आत्मसन्निधानमभ्यन्तर-सन्निधानमित्यर्थः, परसन्निधानं बाह्यसन्निधानमित्यर्थः, उभयसन्निधानं बाह्याभ्यन्तरसन्निधानमित्यर्थः, कस्मिन् सम्यग्दर्शनं ?, आत्मसन्निधाने तावत् जीवे सम्यग्दर्शनं, जीवे ज्ञानं, जीवे चारित्रमित्येतदादि, बाह्यसन्निधाने जीवे सम्यग्दर्शनं नोजीवे सम्यग्दर्शनमिति यथोक्ता विकल्पाः, उभयसन्निधाने चाप्यभूताः सद्भूताश्च यथोक्ताः भङ्गविकल्पा इति ।

ભાષ્યાર્થ :-

(૪) अधिकरण=સમ્યગ્દર્શનનો આશ્રય.

અધિકરણ ત્રણ પ્રકારનાં છે. એ ત્રણ પ્રકાર કહે છે —

(i) આત્મસંનિધાનથી=આત્મઆધારતાથી, (ii) પરસંનિધાનથી=પરઆધારતાથી અને (iii) ઉભયસંનિધાનથી=ઉભયઆધારતાથી, એ પ્રમાણે કહેવું=એ પ્રમાણે ત્રણ પ્રકારના અધિકરણ કહેવા.

એ ત્રણ પ્રકારના અધિકરણ સ્પષ્ટ કરે છે —

(i) આત્મસંનિધાન=અભ્યંતર સંનિધાન=અભ્યંતર આધારતા, એ પ્રમાણેનો અર્થ છે. (ii) પરસંનિધાન=બાહ્ય સંનિધાન=બાહ્ય આધારતા, એ પ્રમાણેનો અર્થ છે. (iii) ઉભયસંનિધાન=બાહ્ય અને અભ્યંતર આધારતા એ પ્રમાણેનો અર્થ છે.

વળી, સમ્યગ્દર્શનના અધિકરણને સ્પષ્ટ કરતાં કહે છે — કોનામાં સમ્યગ્દર્શન છે ?

(i) આત્મસંનિધાનમાં જીવમાં સમ્યગ્દર્શન છે. જીવમાં જ્ઞાન છે, જીવમાં ચારિત્ર છે એ વગેરે કહેવું.

(ii) બાહ્યસંનિધાનમાં જીવમાં સમ્યગ્દર્શન છે, નોજીવમાં સમ્યગ્દર્શન છે, એ પ્રકારે યથોક્ત વિકલ્પો છે=એ પ્રમાણે યથોક્ત છ વિકલ્પો છે, અર્થાત્ જીવમાં સમ્યગ્દર્શન છે, નોજીવમાં સમ્યગ્દર્શન છે, બે

જીવમાં સમ્યગ્દર્શન છે, બે નોજીવમાં સમ્યગ્દર્શન છે, બહુ બધા જીવોમાં સમ્યગ્દર્શન છે, બહુ બધા નોજીવમાં સમ્યગ્દર્શન છે, એ પ્રમાણે યથોક્ત છ વિકલ્પો છે અને

(iii) ઉભયસંનિધાનમાં પણ અભૂત અને સદ્ભૂત એવા યથોક્ત ભંગ વિકલ્પો છે=ઉભયસંયોગમાં જેમ છ વિકલ્પો નથી અને શેષ વિકલ્પો છે તેમ કહ્યું, તેમ ઉભયસંનિધાનમાં પણ અભૂત એવા છ વિકલ્પો નથી અને સદ્ભૂત એવા છ વિકલ્પો છે. 'इति' શબ્દ અધિકરણ દ્વારની સમાપ્તિ માટે છે.

ભાષ્ય :-

स्थितिः, - सम्यग्दर्शनं कियन्तं कालम् ?, सम्यग्दृष्टिर्द्विविधा-सादिः सपर्यवसाना सादिरपर्यवसाना च, सादि सपर्यवसानमेव च सम्यग्दर्शनम्, तज्जघन्येनान्तर्मुहूर्तं, उत्कृष्टेन षट्षष्टिः सागरोपमाणि साधिकानि, सम्यग्दृष्टिः सादिरपर्यवसाना, सयोगः शैलेशीप्राप्तश्च केवली सिद्धश्चेति ।

ભાષ્યાર્થ :-

(૫) स्थितिः=કાળમર્યાદા.

સમ્યગ્દર્શન કેટલો કાળ હોય છે ? સમ્યગ્દર્શનની કાળમર્યાદા સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

સમ્યગ્દષ્ટિ=શોભનદૃષ્ટિ બે પ્રકારની છે –

(i) સાદિ સપર્યવસાના=સાદિ સાંત.

(ii) સાદિ અપર્યવસાના=સાદિ અનંત.

અને સાદિ સપર્યવસાના જ સમ્યગ્દર્શન છે=સમ્યગ્દષ્ટિ નથી પરંતુ સમ્યગ્દર્શન છે અને તે=સમ્યગ્દર્શન, જઘન્યથી અંતર્મુહૂર્ત ટકે છે અને ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમથી કંઈક અધિક ટકે છે. સમ્યગ્ દૃષ્ટિ=કેવળજ્ઞાન વખતે પ્રગટ થયેલી શોભન દૃષ્ટિ, સાદિ અપર્યવસાન છે અર્થાત્ સાદિ અપર્યવસાન સમ્યગ્દર્શન નથી, પરંતુ સમ્યગ્ એવી દૃષ્ટિ છે.

અહીં પ્રશ્ન થાય કે સાદિ અપર્યવસાન એવી સમ્યગ્ દૃષ્ટિ કયા જીવોને હોય છે ? તે બતાવે છે –

સયોગ=સયોગકેવલી, શૈલેશીપ્રાપ્તકેવલી અને સિદ્ધ. આ ત્રણને સમ્યગ્ એવી દૃષ્ટિ સાદિ અપર્યવસાન હોય છે. 'इति' શબ્દ સ્થિતિ દ્વારની સમાપ્તિ માટે છે.

ભાષ્ય :-

विधानं, - हेतुत्रैविध्यात् क्षयादित्रिविधं सम्यग्दर्शनम्, तदावरणीयस्य कर्मणो दर्शनमोहनीयस्य च क्षयादिभ्यः, तद्यथा-क्षयसम्यग्दर्शनं उपशमसम्यग्दर्शनं क्षयोपशमसम्यग्दर्शनमिति, अत्र चौपशमिक-क्षायोपशमिकक्षायिकाणां परतः परतो विशुद्धिप्रकर्षः ।।१-७।।

**ભાષ્યાર્થ :-**

**(૬) विधानं=ભેદ.**

**હેતુના ત્રૈવિધ્યથી=ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમરૂપ હેતુના ત્રૈવિધ્યથી, ક્ષયાદિ ત્રિવિધ=ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમરૂપ ક્ષયાદિ ત્રિવિધ, સમ્યગ્દર્શન છે.**

ક્ષયાદિ ત્રિવિધ સમ્યગ્દર્શનને સ્પષ્ટ કરતાં કહે છે –

**તદ્આવરણીય કર્મના=સમ્યગ્દર્શનના આવરણીય એવા મતિજ્ઞાનાવરણીય કર્મના (ક્ષયોપશમથી), અને દર્શનમોહનીય કર્મના, ક્ષયાદિથી થનારું ક્ષયાદિ ત્રિવિધ સમ્યગ્દર્શન છે એમ અન્વય છે.**

અને તે સમ્યગ્દર્શનના ત્રણ ભેદોને 'तद्यथा'થી સ્પષ્ટ કરે છે –

**તે=ત્રણ પ્રકારનું સમ્યગ્દર્શન, આ પ્રમાણે છે. ક્ષયસમ્યગ્દર્શન, ઉપશમસમ્યગ્દર્શન અને ક્ષયોપશમસમ્યગ્દર્શન. 'इति' શબ્દ હેતુના ત્રૈવિધ્યથી થનારા ક્ષયાદિ સમ્યગ્દર્શનના ભેદની સમાપ્તિ માટે છે.**

પૂર્વમાં ત્રણ પ્રકારનું સમ્યગ્દર્શન બતાવ્યું. ત્યાં જિજ્ઞાસા થાય કે તે ત્રણ પ્રકારના સમ્યગ્દર્શનમાં કોણ અધિક વિશુદ્ધ છે ? તેથી કહે છે –

**અહીં=ત્રણ પ્રકારના સમ્યગ્દર્શનમાં ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યગ્દર્શનની આગળ આગળ વિશુદ્ધિનો પ્રકર્ષ છે અર્થાત્ ઔપશમિક સમ્યગ્દર્શન કરતાં ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનમાં વિશુદ્ધિનો પ્રકર્ષ છે અને ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન કરતાં ક્ષાયિક સમ્યગ્દર્શનમાં વિશુદ્ધિનો પ્રકર્ષ છે. ॥૧-૭॥**

**ભાવાર્થ :-**

પ્રથમ ભાષ્યકારે મૂળ સૂત્રનો પૂર્વના સૂત્ર સાથે શું સંબંધ છે, તે સ્પષ્ટ કર્યું. હવે સૂત્રમાં કહેલ નિર્દેશાદિ છ અનુયોગદ્વારોને સ્પષ્ટ કરવા અર્થે 'तद्यथा'થી કહે છે. તેમાં પ્રથમ 'નિર્દેશ' દ્વાર બતાવે છે –

**(૧) निर्देशः=નિર્દેશ :-**

'નિર્દેશ' દ્વાર કહેવાનો પ્રારંભ કરીને ભાષ્યકારે 'को जीवः' એ પ્રકારનું ઉદ્દેશ વાક્ય કહ્યું. તેનું કારણ ઉદ્દેશ વાક્ય કર્યા વગર નિર્દેશ વાક્ય થઈ શકે નહિ. તેથી જીવ કોણ છે, તે પ્રકારનું ઉદ્દેશ વાક્ય કહીને ઔપશમિકાદિભાવયુક્ત એવું દ્રવ્ય જીવ છે, તેમ નિર્દેશ કરેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે 'જીવ' શબ્દનો ચાર નિક્ષેપાથી બોધ કરાવીને 'ભાવજીવ'ને પ્રસ્તુત ગ્રંથમાં ગ્રહણ કરવાનો છે, એમ પૂર્વમાં બતાવ્યું. ત્યાં જિજ્ઞાસા થાય કે ભાવજીવ કોણ છે ? તેથી 'નિર્દેશ' દ્વાર દ્વારા ઔપશમિક આદિભાવયુક્ત એવું દ્રવ્ય 'ભાવજીવ' છે, તેવો અર્થ પ્રાપ્ત થાય છે.

વળી, આ કથનના ઉપલક્ષણથી અજીવાદિ અન્ય પદાર્થનો પણ તે રીતે બોધ કરવાથી વિસ્તારથી અજીવાદિ તત્ત્વોનો બોધ થાય છે, તેમ સમજવું.

વળી, પ્રસ્તુત ગ્રંથ મોક્ષમાર્ગ બતાવવા માટે રચાયો છે અને તે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ છે. તેથી જિજ્ઞાસા થાય કે સમ્યગ્દર્શન શું છે ? અર્થાત્ સમ્યગ્દર્શન દ્રવ્ય છે કે ગુણ છે ? એ પ્રકારનું ઉદ્દેશ વાક્ય કરીને ભાષ્યકારે ખુલાસો કર્યો કે સમ્યગ્દર્શન દ્રવ્ય છે અર્થાત્ શુભ અધ્યવસાયવાળા જીવ વડે વિશોધન કરીને જે મિથ્યાત્વનાં પુદ્ગલો પ્રતિસમય ભોગવાય છે તત્સ્વરૂપ પુદ્ગલદ્રવ્ય સમ્યગ્દર્શન છે અને મુખ્ય વૃત્તિથી રુચિ સ્વરૂપ આત્માનો જ્ઞાનનો પરિણામ જે શ્રદ્ધા સંવેગાદિરૂપ છે, તત્સ્વરૂપ એવું આત્મદ્રવ્ય સમ્યગ્દર્શન છે.

આશય એ છે કે નિસર્ગ અને અધિગમથી સમ્યગ્દર્શન થાય છે. અધિગમ સમ્યગ્દર્શન શાસ્ત્રાનુસારી સમ્યગ્ કસરતથી થાય છે. તેથી કોઈ જીવને નિસર્ગથી શુભ અધ્યવસાય થવાને કારણે અથવા શાસ્ત્રવચન અનુસાર તત્ત્વાતત્ત્વને જાણવા માટે કસરત કરવાથી શુભ અધ્યવસાય થવાને કારણે સત્તામાં રહેલા મિથ્યાત્વના દળિયા વિશુદ્ધિને પામે છે અને વિશુદ્ધિને પામેલા મિથ્યાત્વના દળિયા ઉદયરૂપે અનુભવાય છે, તે ગૌણ વૃત્તિથી સમ્યગ્દર્શન છે અને તે વિશુદ્ધ એવા મિથ્યાત્વમોહનીયના દળિયા જ્યારે અનુભવાતા હોય ત્યારે આત્મામાં શ્રદ્ધા સંવેગાદિરૂપ પરિણામ વર્તે છે, તે સંવેગાદિ પરિણામરૂપ આત્મા મુખ્ય વૃત્તિથી સમ્યગ્દર્શન છે અને તેને આશ્રયીને ભાષ્યકારે સમ્યગ્દર્શન દ્રવ્ય છે એમ કહેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સમ્યક્ત્વ મોહનીયના દળિયારૂપ દ્રવ્ય ઉપચારથી સમ્યગ્દર્શન છે અને શ્રદ્ધા આદિ પરિણામવાળો આત્મા મુખ્યવૃત્તિથી સમ્યગ્દર્શન છે. તેથી પુદ્ગલરૂપ દ્રવ્યને અને આત્મારૂપ દ્રવ્યને સમ્યગ્દર્શન કહેલ છે.

આ રીતે આત્મામાં તત્ત્વની રુચિને પેદા કરાવનારા વિશુદ્ધ થયેલા મિથ્યાત્વના કર્મપુદ્ગલો અને શ્રદ્ધા સંવેગાદિરૂપ મતિજ્ઞાનના પરિણામ સ્વરૂપ આત્મા સમ્યગ્દર્શન છે એમ કહેવામાં આવે તો ક્ષીણમોહવાળા એવા કેવલીમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય નહિ, તેથી કેવલી સમ્યગ્દર્શનવાળા નથી, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે કે "સમ્યગ્દૃષ્ટિ જીવ છે=શોભનદૃષ્ટિ છે જેને એવો આત્મા જીવ જ છે, પુદ્ગલ નથી." તેથી ક્ષીણમોહવાળા એવા કેવલી સમ્યગ્દૃષ્ટિ છે, સમ્યગ્દર્શની નથી.

આનાથી એ ફલિત થાય કે મિથ્યાત્વમોહનીયના વિશુદ્ધ થયેલા દળિયાનો અનુભવ કરનાર અને મતિજ્ઞાનનાં રુચિરૂપ પરિણામવાળો જે જીવ છે, તેમાં સમ્યગ્દર્શન છે. તેથી તે જીવ સમ્યગ્દર્શની છે, પરંતુ સમ્યગ્દૃષ્ટિ નથી અને જે જીવમાં મિથ્યાત્વના દળિયાનો અભાવ છે અને મતિજ્ઞાનના ક્ષયોપશમભાવરૂપ તત્ત્વની રુચિનો પણ અભાવ છે, કેવળજ્ઞાન પ્રગટેલું છે. તેથી તત્ત્વ યથાર્થ ભાસે તેવી શોભન દૃષ્ટિ કેવલીમાં છે, માટે કેવલી સમ્યગ્દૃષ્ટિ જીવ છે, સમ્યગ્દર્શની નથી.

પૂર્વમાં કહ્યું કે ક્ષીણમોહવાળા સમ્યગ્દૃષ્ટિ જીવ છે. ત્યાં પ્રશ્ન થાય કે ક્ષીણમોહવાળા સમ્યગ્દૃષ્ટિ જીવ રૂપી છે કે અરૂપી છે ? તેથી કહે છે - "અરૂપી" છે.

વળી, પ્રશ્ન થાય કે અરૂપી એવા સમ્યગ્દૃષ્ટિ જીવ શું સ્કંધ છે ? અથવા ગ્રામ છે ? તે શંકામાં કહે છે - સમ્યગ્દૃષ્ટિ જીવ નોસ્કંધ છે=સ્કંધ નથી, પરંતુ સ્કંધનો એક દેશ છે; કેમ કે પંચાસ્તિકાયના સમુદાયને સ્કંધ

કહેવાય છે અને સમ્યગ્દૃષ્ટિ જીવ પંચાસ્તિકાયના સમુદાયનો એક દેશ છે, તેથી સ્કંધ નથી, પરંતુ સ્કંધના એક દેશરૂપ 'નોસ્કંધ' છે.

વળી, ક્ષીણમોહવાળા એવા સમ્યગ્દૃષ્ટિ જીવ નોગ્રામ છે અર્થાત્ ચૌદ ભૂતગ્રામરૂપ નથી, પરંતુ ચૌદ ભૂતગ્રામનાં એક દેશરૂપ છે. આશય એ છે કે અપેક્ષાએ સંસારી જીવોના એકેન્દ્રિયાદિરૂપ ચૌદ ભેદના સમુદાયરૂપ સર્વ સંસારી જીવો છે અને સર્વ સંસારી જીવોના સમુદાયને 'ગ્રામ' કહેવાય છે અને તે ગ્રામનો એક દેશ સમ્યગ્દૃષ્ટિ જીવ છે, તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ "નોગ્રામ" છે.

**(૨) 'स्वामित्वं'=સમ્યગ્દર્શનનું સ્વામીપણું :-**

સ્વામિત્વ દ્વારની પરીક્ષા કરાય છે. કોનું સમ્યગ્દર્શન છે ? એ ઉદ્દેશવાક્ય છે. અને તે સ્વામીપણું સમવાય સંબંધથી અને સંબંધાન્તરથી કહેવાય છે. નિશ્ચયનયની દૃષ્ટિથી સમવાયસંબંધથી સ્વામીપણું કહેવાય છે અને વ્યવહારનયની દૃષ્ટિથી સંબંધાન્તરથી સ્વામીપણું કહેવાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવમાં સમ્યગ્દર્શન પેદા થાય છે, તે જીવમાં સમવાય સંબંધથી સ્વામીપણું છે અને જે જીવ કે અજીવનાં નિમિત્તે કોઈક જીવમાં સમ્યગ્દર્શન પેદા થાય છે, તે જીવમાં સમ્યક્ત્વ પેદા કરવામાં જે જીવ કે અજીવ નિમિત્ત છે, તેમાં સંબંધાન્તરથી સ્વામીપણું છે.

હવે સમ્યગ્દર્શનનું સ્વામીપણું બતાવતાં કહે છે –

(I) આત્મસંયોગથી, (II) પરસંયોગથી અને (III) ઉભયસંયોગથી સમ્યગ્દર્શનનું સ્વામીપણું છે અને તેને સ્પષ્ટ કરે છે –

**(I) આત્મસંયોગથી :-** આત્મસંયોગથી જીવનું સમ્યગ્દર્શન છે. આ વિકલ્પમાં સમવાય સંબંધને ગ્રહણ કરીને જે જીવમાં સમ્યગ્દર્શન પેદા થાય છે, તે જીવનું સમ્યગ્દર્શન છે તેમ કહેલ છે. આ સ્થાનમાં સમવાય સંબંધને ગ્રહણ કરીને જીવનું સમ્યગ્દર્શન કહ્યું છે.

જે જીવમાં સમ્યગ્દર્શન પેદા થયું છે તે જીવમાં આત્મસંયોગથી સમ્યગ્દર્શન છે તેમ બતાવ્યું અને તે પ્રમાણે જે જીવમાં સમ્યગ્દર્શન છે તે જીવનું સમ્યગ્દર્શન પરસંયોગથી તે જીવમાં નથી, પરંતુ તે પરસંયોગથી કોનામાં છે તે હવે બતાવે છે –

**(II) પરસંયોગથી :-** (૧) જીવનું સમ્યગ્દર્શન છે, (૨) અજીવનું સમ્યગ્દર્શન છે, (૩) બે જીવનું સમ્યગ્દર્શન છે, (૪) બે અજીવનું સમ્યગ્દર્શન છે, (૫) બહુ બધા જીવોનું સમ્યગ્દર્શન છે, (૬) બહુ બધા અજીવોનું સમ્યગ્દર્શન છે, એ પ્રમાણે પરસંયોગથી છ વિકલ્પો છે.

આ છ વિકલ્પો સમવાય સંબંધથી નથી, તેથી આત્મસંયોગથી નથી. પરંતુ સંબંધાન્તરથી છે, તેથી પરસંયોગથી છે, તે આ પ્રમાણે.

(૧) જીવનું સમ્યગ્દર્શન છે :- કોઈક ઉપદેશકથી કોઈક શ્રોતાને સમ્યગ્દર્શન થાય તે સમ્યગ્દર્શનનું સ્વામીપણું તે ઉપદેશકનું છે, તેથી પરસંયોગથી જીવનું=ઉપદેશકનું સમ્યગ્દર્શન છે.

(૨) અજીવનું સમ્યગ્દર્શન છે :- કોઈક જીવને પ્રતિમા, પુસ્તક આદિથી સમ્યગ્દર્શન થાય, તે સમ્યગ્દર્શનનું સ્વામીપણું તે પ્રતિમાદિનું છે. તેથી પરસંયોગથી અજીવનું=પ્રતિમાદિનું સમ્યગ્દર્શન છે.

(૩) બે જીવનું સમ્યગ્દર્શન છે :- બે ઉપદેશકથી કોઈક શ્રોતાને સમ્યગ્દર્શન થાય તે સમ્યગ્દર્શનનું સ્વામીપણું તે બે ઉપદેશકનું છે. તેથી પરસંયોગથી બે જીવનું=બે ઉપદેશકનું સમ્યગ્દર્શન છે.

(૪) બે અજીવનું સમ્યગ્દર્શન છે :- બે પ્રતિમાદિથી કોઈક જીવને સમ્યગ્દર્શન થાય, તે સમ્યગ્દર્શનનું સ્વામીપણું તે બે પ્રતિમાદિનું છે. તેથી પરસંયોગથી બે અજીવનું=બે પ્રતિમાદિનું સમ્યગ્દર્શન છે.

(૫) બહુ બધા જીવોનું સમ્યગ્દર્શન છે :- ત્રણ કે તેથી વધુ ઉપદેશકથી કોઈક શ્રોતાને સમ્યગ્દર્શન થાય, તે સમ્યગ્દર્શનનું સ્વામીપણું તે ત્રણ આદિ ઉપદેશકોનું છે. તેથી પરસંયોગથી બહુ બધા જીવોનું સમ્યગ્દર્શન=ત્રણ આદિ ઉપદેશકોનું સમ્યગ્દર્શન છે.

(૬) બહુ બધા અજીવોનું સમ્યગ્દર્શન છે :- ત્રણ કે તેથી વધુ પ્રતિમાથી કોઈક જીવને સમ્યગ્દર્શન થાય, તે સમ્યગ્દર્શનનું સ્વામીપણું તે ત્રણ આદિ પ્રતિમાનું છે. તેથી પરસંયોગથી બહુ બધા અજીવોનું=ત્રણ આદિ પ્રતિમાનું, સમ્યગ્દર્શનનું સ્વામીપણું છે.

**(III) ઉભયસંયોગથી :-**

સમ્યગ્દર્શનના આધારરૂપ જીવ અને જીવ-અજીવરૂપ ઉભયના સંયોગથી જે સમ્યગ્દર્શન થાય, તેના સ્વામી સમ્યગ્દર્શનનો આધાર જીવ અને નિમિત્ત એવા જીવ-અજીવ બે થાય. આ ઉભયસંયોગથી સ્વામીપણું સમવાયસંબંધથી અને સંબંધાન્તરથી છે. ઉભયસંયોગથી સ્વામીપણું નીચેના છ વિકલ્પોમાં નથી.

(૧) જીવનું સમ્યગ્દર્શન છે અર્થાત્ ઉપદેશકરૂપ જીવનું સમ્યગ્દર્શન છે.

(૨) નોજીવનું=અજીવનું સમ્યગ્દર્શન છે અર્થાત્ પ્રતિમારૂપ અજીવનું સમ્યગ્દર્શન છે.

(૩) બે જીવનું સમ્યગ્દર્શન છે અર્થાત્ ઉપદેશકરૂપ બે જીવનું સમ્યગ્દર્શન છે.

(૪) બે અજીવોનું સમ્યગ્દર્શન છે અર્થાત્ બે પ્રતિમાદિરૂપ અજીવનું સમ્યગ્દર્શન છે.

(૫) બહુ બધા જીવોનું સમ્યગ્દર્શન છે અર્થાત્ ત્રણ કે તેથી વધુ ઉપદેશકરૂપ જીવોનું સમ્યગ્દર્શન છે.

(૬) બહુ બધા અજીવોનું સમ્યગ્દર્શન છે અર્થાત્ ત્રણ કે તેથી વધુ પ્રતિમાદિરૂપ અજીવોનું સમ્યગ્દર્શન છે.

આ છ વિકલ્પો નથી; કેમ કે આ છ વિકલ્પમાં સમવાયસંબંધથી સમ્યક્ત્વનાં સ્વામીપણાની અને સંબંધાન્તરથી સમ્યક્ત્વનાં સ્વામીપણાની પ્રાપ્તિ નથી. પરંતુ માત્ર સંબંધાન્તરથી સમ્યક્ત્વનાં સ્વામીપણાની પ્રાપ્તિ છે. તેથી આ છ વિકલ્પો 'અભૂતા' છે.

ઉભયસંયોગથી શેષ છ વિકલ્પો આ પ્રમાણે છે.

(૧) સ્વનું અને જીવનું=ઉપદેશકનું :-

આત્મસંયોગથી જે જીવમાં સમ્યગ્દર્શન પેદા થયું તે જીવનું સમ્યગ્દર્શન છે અને પરસંયોગથી જે ઉપદેશક સાધુથી સમ્યગ્દર્શન પેદા થયું તે ઉપદેશક સાધુનું સમ્યગ્દર્શન છે. તેથી ઉભયસંયોગથી સમ્યક્ત્વના આધારરૂપ જીવનું અને ઉપદેશક સાધુના જીવનું સમ્યગ્દર્શન છે.

(૨) સ્વનું અને બે જીવનું=બે ઉપદેશકનું :-

આત્મસંયોગથી જે જીવમાં સમ્યગ્દર્શન પેદા થયું તે જીવનું સમ્યગ્દર્શન છે અને પરસંયોગથી જે બે ઉપદેશકથી સમ્યગ્દર્શન પેદા થયું તે બે ઉપદેશકનું સમ્યગ્દર્શન છે. તેથી ઉભયસંયોગથી સમ્યક્ત્વના આધારરૂપ જીવનું અને ઉપદેશક બે સાધુનું સમ્યગ્દર્શન છે.

(૩) સ્વનું અને ત્રણ કે તેથી વધુ જીવનું=ત્રણ આદિ સાધુના જીવનું :-

જે જીવમાં સમ્યગ્દર્શન પેદા થયું તે જીવનું સમ્યગ્દર્શન છે અને પરસંયોગથી ત્રણ આદિ ઉપદેશકથી સમ્યગ્દર્શન પેદા થયું, તે ત્રણ આદિ સાધુના જીવનું સમ્યગ્દર્શન છે. તેથી ઉભયસંયોગથી સમ્યક્ત્વના આધારરૂપ આત્માનું અને ઉપદેશક ત્રણ આદિ સાધુનું સમ્યગ્દર્શન છે.

(૪) સ્વનું અને અજીવનું=પ્રતિમાદિનું :-

આત્મસંયોગથી જે જીવમાં સમ્યગ્દર્શન પેદા થયું, તે જીવનું સમ્યગ્દર્શન છે અને પરસંયોગથી જે પ્રતિમાદિથી સમ્યગ્દર્શન પેદા થયું તે અજીવનું=પ્રતિમાદિનું સમ્યગ્દર્શન છે. તેથી ઉભયસંયોગથી સમ્યક્ત્વના આધારરૂપ આત્માનું અને પ્રતિમાદિ અજીવનું સમ્યગ્દર્શન છે.

(૫) સ્વનું અને બે અજીવોનું=બે પ્રતિમાદિનું :-

આત્મસંયોગથી જે જીવમાં સમ્યગ્દર્શન પેદા થયું, તે જીવનું સમ્યગ્દર્શન છે અને પરસંયોગથી જે બે પ્રતિમાદિથી સમ્યગ્દર્શન પેદા થયું, તે અજીવનું=પ્રતિમાદિનું સમ્યગ્દર્શન છે. તેથી ઉભયસંયોગથી સમ્યક્ત્વના આધારરૂપ આત્માનું અને પ્રતિમાદિ બે અજીવોનું સમ્યગ્દર્શન છે.

(૬) સ્વનું અને ત્રણાદિ અજીવોનું=ત્રણાદિ પ્રતિમાદિનું :-

આત્મસંયોગથી જે જીવમાં સમ્યગ્દર્શન પેદા થયું તે જીવનું સમ્યગ્દર્શન છે અને પરસંયોગથી જે ત્રણ કે તેથી વધુ પ્રતિમાદિથી સમ્યગ્દર્શન પેદા થયું, તે ત્રણ આદિ પ્રતિમાનું સમ્યગ્દર્શન છે. તેથી ઉભયસંયોગથી સમ્યક્ત્વના આધારરૂપ આત્માનું અને પ્રતિમાદિ ત્રણ કે તેથી વધુ અજીવોનું સમ્યગ્દર્શન છે.

અહીં વિશેષ એ છે કે જીવ તત્ત્વનો અર્થી થાય ત્યારે તત્ત્વને જાણવા યત્ન કરે છે, તે વખતે એક ઉપદેશકથી કંઈક બોધ થવા છતાં ગ્રંથિભેદ માટે આવશ્યક બોધ ન થયો હોય ત્યારે અન્ય અન્ય ઉપદેશકના પ્રયત્નથી તે જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, ત્યારે પરસંયોગમાં એકથી અધિક ઉપદેશકની પ્રાપ્તિ છે. વળી, તે રીતે જિનપ્રતિમાના દર્શનથી ભગવાનની સિદ્ધમુદ્રા જોઈને કોઈ જીવને માર્ગાનુસારી ઊહ પ્રગટે તો સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, છતાં કોઈકને એક પ્રતિમાના દર્શનથી કંઈક માર્ગાનુસારી ઊહ થવા છતાં અન્ય-અન્ય પ્રતિમાના દર્શનકાળમાં થતા અધિક-અધિક માર્ગાનુસારી ઊહના બળથી ઘણી પ્રતિમાના દર્શન પછી સમ્યગ્દર્શન થાય છે. તેથી અજીવને આશ્રયીને પણ એક-અનેકના સંયોગથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

**(૩) સાધનં=જેના વડે સમ્યગ્દર્શન પ્રગટ થાય તે સાધન.**

સાધન દ્વારમાં પ્રથમ પૃચ્છા સમ્યગ્દર્શન કોનાથી થાય છે ?=સુવિશુદ્ધ એવા સમ્યક્ત્વના દલિકથી યુક્ત એવી જે આ રુચિ છે, તે કોનાથી થાય છે ? તે પ્રકારની પૃચ્છા છે.

તેનો ઉત્તર આપે છે –

નિસર્ગથી અથવા અધિગમથી સમ્યગ્દર્શન થાય છે એ પ્રમાણે સૂત્ર-૧/૩માં કહેવાયું. આશય એ છે કે નિસર્ગ અથવા અધિગમ એ બે સાક્ષાત્ તેવા પ્રકારની રુચિ જીવમાં પેદા કરતા નથી=સમ્યક્ત્વકાળમાં જીવમાં જેવા પ્રકારની રુચિ વર્તે છે તેવા પ્રકારની રુચિ નિસર્ગ અથવા અધિગમ સાક્ષાત્ પેદા કરતા નથી, પરંતુ નિસર્ગ અથવા અધિગમ દ્વારા કર્મોનો ક્ષયોપશમ આદિ થાય છે અને તે ક્ષયોપશમ આદિથી તેવા પ્રકારની રુચિ થાય છે જે સમ્યગ્દર્શન છે.

અહીં પ્રશ્ન થાય કે નિસર્ગ અથવા અધિગમ દ્વારા ક્ષયોપશમાદિ થાય છે અને ક્ષયોપશમાદિ દ્વારા સમ્યગ્દર્શન થાય છે તો નિસર્ગ અથવા અધિગમ શેનાથી થાય છે ? તેથી ટીકાકાર કહે છે –

નિસર્ગ અથવા અધિગમ પણ કર્મના ક્ષયોપશમાદિ દ્વારા થાય છે. તેથી એ ફલિત થાય છે કે કર્મના ક્ષયોપશમાદિથી જીવમાં નિસર્ગ અથવા અધિગમનો પરિણામ થાય છે અને તે નિસર્ગનો અથવા અધિગમનો પરિણામ ઉત્તરોત્તર વિશુદ્ધ વિશુદ્ધતર ક્ષયોપશમાદિને પેદા કરે છે અને જ્યારે તે નિસર્ગ અથવા અધિગમના પરિણામ દ્વારા પ્રતિવિશિષ્ટ ક્ષયોપશમ થાય છે અર્થાત્ સમ્યગ્દર્શન માટે જેવા પ્રકારનો ક્ષયોપશમ આવશ્યક છે, તેવા પ્રકારનો ક્ષયોપશમ થાય છે ત્યારે તેનાથી=નિસર્ગથી અથવા અધિગમથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે.

ત્યાં પ્રશ્ન થાય કે નિસર્ગ શું છે ? તેથી ટીકાકાર કહે છે કે સૂત્ર-૧/૩ના ભાષ્યમાં પર્યાયવાચી શબ્દો દ્વારા ભાષ્યકારે નિસર્ગનો અર્થ કર્યો. તેથી નિસર્ગનો બોધ થાય છે. સૂત્ર-૧/૩ના ભાષ્યમાં જેમ ભાષ્યકારે પર્યાયવાચી શબ્દો દ્વારા નિસર્ગનો અર્થ કર્યો, તેમ સૂત્ર-૧/૩ના ભાષ્યમાં પર્યાયવાચી શબ્દો દ્વારા અધિગમનો પણ અર્થ કરેલ છે, તોપણ અધિગમ અત્યંત અભ્યહિત છે=પ્રશંસનીય છે અર્થાત્ નિસર્ગથી થયેલા સમ્યગ્દર્શનને પણ સુવિશુદ્ધ બનાવનાર હોવાથી વધારે ગુણપ્રાપ્તિ કરાવનાર છે. તેથી પ્રશંસનીય છે, માટે પર્યાયવાચી શબ્દો દ્વારા નિસર્ગ અને અધિગમનો બોધ કરાવ્યા પછી અધિગમનો વિશેષ બોધ કરાવવા અર્થે અધિગમનું સ્વરૂપ ભાષ્યકાર ફરી જણાવે છે –

વળી, અધિગમ સમ્યગ્ વ્યાયામ છે=ગુરુ વડે બતાવાયેલ દર્શનાચારની ક્રિયારૂપ છે અર્થાત્ યોગ્ય ગુરુ યોગ્ય શ્રોતાને દર્શન શુદ્ધિ માટે તે શ્રોતાની ભૂમિકાને અનુરૂપ દર્શન શુદ્ધિના ઉપાયરૂપ ભગવદ્‌ભક્તિ કે શાસ્ત્ર અધ્યયન આદિ જે ક્રિયાઓ બતાવે તે ક્રિયા સૂક્ષ્મ ઉપયોગપૂર્વક કરવામાં આવે તો તે સમ્યગ્ વ્યાયામ છે અને દર્શનશુદ્ધિને અનુકૂળ કરાયેલા સમ્યગ્ વ્યાયામથી પ્રગટ થયેલું સમ્યગ્દર્શન નિર્મળ થાય છે. આથી નિસર્ગથી સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી શાસ્ત્રઅધ્યયનાદિ દ્વારા નિસર્ગથી પ્રગટ થયેલું કે અધિગમથી પ્રગટ થયેલું સમ્યગ્દર્શન નિર્મળ-નિર્મળતર થાય છે અને પ્રગટ ન થયું હોય તો પ્રગટ થાય છે. માટે અધિગમ-સમ્યગ્દર્શન અત્યંત પ્રશંસનીય છે.

આ રીતે નિસર્ગ અથવા અધિગમરૂપ બે હેતુથી થનારું બે પ્રકારનું સમ્યગ્દર્શન છે, તેમ બતાવ્યું. હવે તે બન્ને પ્રકારનું પણ સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનનાં આવરણ કરનારા કર્મના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ દ્વારા થાય છે, તેથી ત્રણ પ્રકારનું છે.

વસ્તુતઃ મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી આ સમ્યગ્દર્શનકાળમાં વર્તતી રુચિ થાય છે, તેથી એક જ પ્રકારનું સમ્યગ્દર્શન છે તોપણ મતિજ્ઞાનાવરણીયનાં ક્ષયોપશમની સાથે અવિનાભાવી એવા અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વમોહનીય એમ કુલ પાંચના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમથી ત્રણ પ્રકારનું સમ્યગ્દર્શન છે.

આનાથી એ ફલિત થાય કે સમ્યક્ત્વકાળમાં વર્તતી રુચિની અપેક્ષાએ વિચારીએ તો તથાપ્રકારના મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થયેલી સમ્યગ્દર્શનની રુચિ છે, માટે સમ્યગ્દર્શન એક જ પ્રકારનું છે અને આ રુચિ પ્રગટ કરવામાં નિસર્ગ અથવા અધિગમ બે કારણ છે, તે અપેક્ષાએ તે સમ્યગ્દર્શન બે પ્રકારનું છે. વળી, નિસર્ગ અથવા અધિગમ દ્વારા જ્યારે સમ્યક્ત્વને અનુકૂળ એવો મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કરવા યત્ન થાય છે, ત્યારે તેની સાથે અવિનાભાવી એવા અનંતાનુબંધી ચાર કષાયનો અને મિથ્યાત્વમોહનીય કર્મનો કોઈક જીવને ઉપશમ થાય તો તે જીવમાં ઉપશમ સમ્યગ્દર્શન પ્રગટે છે, કોઈક જીવને અનંતાનુબંધી ચાર કષાયનો અને મિથ્યાત્વમોહનીયકર્મનો ક્ષયોપશમ થાય અર્થાત્ મિથ્યાત્વના દળિયાં સમ્યક્ત્વમોહનીય-કર્મરૂપે શુદ્ધ થઈને ઉદયમાં આવે તો તે જીવમાં ક્ષયોપશમ સમ્યગ્દર્શન પ્રગટે છે અને કોઈક જીવને અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વમોહનીયકર્મ, મિશ્રમોહનીયકર્મ અને સમ્યક્ત્વમોહનીયકર્મ એ સાત પ્રકૃતિનો ક્ષય થાય તો તે જીવમાં ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટે છે, તે અપેક્ષાએ સમ્યગ્દર્શન ત્રણ પ્રકારનું છે.

**(૪) अधिकरणं=સમ્યગ્દર્શનનો આધાર.**

આ અધિકરણ દ્વાર સ્વામી દ્વારની સમાન છે. ફક્ત સ્વામી દ્વારમાં આત્મસંયોગથી, પરસંયોગથી અને ઉભયસંયોગથી વિકલ્પો બતાવેલ. જ્યારે અધિકરણ દ્વારમાં 'સંયોગના સ્થાને સંનિધાન' શબ્દ ગ્રહણ કરીને આત્મસંનિધાનથી, પરસંનિધાનથી અને ઉભયસંનિધાનથી તે સર્વ વિકલ્પો પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે સ્વામી દ્વાર અને અધિકરણ દ્વારમાં ભેદ શું છે ? તેથી ટીકાકાર કહે છે –

'સંયોગ' શબ્દથી સંબંધનું ગ્રહણ થાય છે અને 'સંનિધાન' શબ્દથી આધારતાનું ગ્રહણ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે આત્મસંયોગથી જીવનું સમ્યગ્દર્શન છે, એમ કહેવાથી જીવ સ્વામી બને છે અને આત્મસંનિધાનથી જીવમાં સમ્યગ્દર્શન છે, એમ કહેવાથી જીવ સમ્યગ્દર્શનનો આધાર છે, એમ પ્રાપ્ત થાય છે. સ્વામી દ્વારના અને અધિકરણ દ્વારના સર્વ વિકલ્પો સમાન છે. પરંતુ સ્વામીદ્વારમાં સમ્યગ્દર્શનનો 'જીવ સ્વામી છે' તેવો બોધ થાય છે અને અધિકરણ દ્વારમાં સમ્યગ્દર્શનનો 'આધાર જીવ છે' તેવો બોધ થાય છે.

**(i) આત્મસંનિધાનથી :-** ભાષ્યકારે આત્મસંનિધાનનો અર્થ કર્યો કે અભ્યંતર સંનિધાન અર્થાત્ અભ્યંતર આધારતા. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવમાં સમ્યગ્દર્શન પેદા થયું છે, તે જીવના અંદરમાં સમ્યગ્દર્શનનું સંનિધાન છે, તેથી તે જીવ સમ્યગ્દર્શનનું અધિકરણ છે.

**(ii) પરસંનિધાનથી :-** વળી, પરસંનિધાનનો અર્થ કર્યો કે બાહ્ય સંનિધાન. અર્થાત્ બાહ્ય આધારતા. તેથી એ પ્રાપ્ત થાય કે સમવાયસંબંધથી સમ્યગ્દર્શન જે આત્મામાં પેદા થયું છે, તેમાં સમ્યગ્દર્શનનું અભ્યંતર સંનિધાન છે અને તે જીવમાં સમ્યગ્દર્શન પેદા કરવામાં જે ઉપદેશક કે પ્રતિમાદિ નિમિત્ત કારણ બને છે, તે ઉપદેશકમાં કે પ્રતિમામાં સ્વનિરૂપિતનિમિત્તતાસંબંધથી સમ્યગ્દર્શન છે તે બાહ્ય સંનિધાન છે અર્થાત્ જીવમાં સમ્યગ્દર્શન પેદા કરવાનું નિમિત્ત તે ઉપદેશક કે પ્રતિમા થયેલ છે. તેથી તેમાં સમ્યગ્દર્શનનું સંનિધાન નથી, પરંતુ ઉપચારથી સંનિધાન છે. માટે બાહ્ય સંનિધાન છે.

આશય એ છે કે જે જીવમાં સમવાય સંબંધથી સમ્યગ્દર્શન પેદા થયું છે, તે સમ્યગ્દર્શનને સ્વથી ગ્રહણ કરવાનું છે. તેથી સ્વથી નિરૂપિત નિમિત્તતા નિમિત્ત કારણોમાં છે અર્થાત્ સમ્યગ્દર્શનની નિષ્પત્તિમાં નિમિત્ત કારણ એવા ઉપદેશકમાં કે પ્રતિમામાં નિમિત્તતા છે. માટે સ્વનિરૂપિત નિમિત્તતા સંબંધથી જીવમાં ઉત્પન્ન થયેલું સમ્યક્ત્વ ઉપદેશકમાં કે પ્રતિમામાં રહેલું છે. તેથી બાહ્ય સંનિધાનથી તે ઉપદેશક કે પ્રતિમા સમ્યગ્દર્શનનું અધિકરણ છે.

**(iii) ઉભયસંનિધાનથી :-** વળી, ઉભયસંનિધાનનો અર્થ કર્યો કે બાહ્ય અને અભ્યંતર સંનિધાન. અર્થાત્ બાહ્ય અને અભ્યંતર આધારતા. તેથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દર્શનમાં જે નિમિત્ત કારણો છે, તેમાં સમ્યગ્દર્શનનું બાહ્ય સંનિધાન છે અને જે જીવમાં સમ્યગ્દર્શન પ્રગટે છે, તે જીવ સમ્યગ્દર્શનનું અભ્યંતર સંનિધાન છે.

આ રીતે આત્મસંનિધાનથી, પરસંનિધાનથી અને ઉભયસંનિધાનથી અધિકરણના સર્વ વિકલ્પો સ્વામી દ્વાર જેવા છે, તે પૂર્વમાં બતાવ્યું. તેને સ્પષ્ટ કરવા અર્થે ભાષ્યકાર કહે છે કે કોનામાં સમ્યગ્દર્શન થાય છે ? આ પ્રકારનો પ્રશ્ન કરીને ઉત્તર આપતાં ભાષ્યકાર કહે છે –

**(i) આત્મસંનિધાનથી :-** આત્મસંનિધાનથી જીવમાં સમ્યગ્દર્શન છે.

વળી, જેમ સમ્યગ્દર્શનમાં જીવ અધિકરણ છે, તેમ જ્ઞાન અને ચારિત્રમાં પણ જીવ અધિકરણ છે. તે બતાવવા અર્થે ભાષ્યકાર કહે છે કે જીવમાં જ્ઞાન છે, જીવમાં ચારિત્ર છે. માટે સમ્યક્ત્વનું અધિકરણ, જ્ઞાનનું અધિકરણ, ચારિત્રનું અધિકરણ જીવ છે. વળી, અધિકરણ દ્વાર બતાવતાં ભાષ્યમાં કહ્યું કે "ચારિત્ર વગેરે છે" તેથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાન, દર્શન, ચારિત્રથી અતિરિક્ત ભવ્યત્વ, અભવ્યત્વ આદિ ભાવોનું અધિકરણ આત્મા છે, એમ જાણવું.

**(ii) પરસંનિધાનથી :-** આત્મસંનિધાનથી સમ્યગ્દર્શનનું અધિકરણ બતાવ્યા પછી બાહ્ય સંનિધાનથી કોનામાં સમ્યગ્દર્શન થાય છે, એ બતાવતાં ભાષ્યકાર કહે છે કે બાહ્ય સંનિધાનમાં જીવમાં સમ્યગ્દર્શન છે અર્થાત્ ઉપદેશકરૂપ જીવમાં સમ્યગ્દર્શન છે, નોજીવમાં સમ્યગ્દર્શન છે અર્થાત્ નોજીવ રૂપ પ્રતિમાદિમાં સમ્યગ્દર્શન છે, એ પ્રમાણે, વગેરે સ્વામી દ્વારમાં બતાવાયેલા છ વિકલ્પો જાણવા.

**(iii) ઉભયસંનિધાનથી :-** ઉભયસંનિધાનથી કોનામાં સમ્યગ્દર્શન છે, તે બતાવતાં ભાષ્યકાર કહે છે કે સ્વામી દ્વારમાં ઉભયસંયોગમાં જે છ વિકલ્પો થતા નથી, એમ કહ્યું તે છ વિકલ્પો અધિકરણ દ્વારમાં પણ

થતા નથી અને તે બતાવવા માટે અહીં કહ્યું કે ઉભયસંનિધાનમાં અભૂત છ ભંગ વિકલ્પો છે અર્થાત્ નહિ થનારા છ વિકલ્પો છે. વળી, સ્વામી દ્વારમાં ઉભયસંયોગમાં શેષ છ વિકલ્પો થાય છે, એમ જે કહ્યું તે શેષ છ વિકલ્પો અધિકરણ દ્વારમાં પણ થાય છે. તે બતાવવા માટે ઉભયસંનિધાનમાં સદ્ભૂત છ ભંગ વિકલ્પો છે, તેમ કહેલ છે.

**(૫) સ્થિતિ=કાળમર્યાદા.**

હવે સમ્યગ્દર્શનની કાળમર્યાદા કહે છે –

સમ્યગ્દર્શન ઉત્પન્ન થયે છતે કેટલો કાળ રહે છે, એ પ્રમાણે પ્રશ્ન છે. પ્રશ્ન કરનારનો આશય એ છે કે કેટલુંક ઉત્પન્ન થયેલું સમ્યગ્દર્શન મનુષ્યત્વ આદિની જેમ સાદિ સાંત દેખાય છે અને કેટલુંક ઉત્પન્ન થયેલું સમ્યગ્દર્શન સિદ્ધપણાની જેમ સાદિ અનંત દેખાય છે. તે આ કઈ રીતે થાય, એ પ્રકારનો આશય રાખીને પ્રશ્ન કરે છે અને આચાર્ય પણ તેના અભિપ્રાય મુજબ ઉત્તર આપે છે.

સમ્યગ્દૃષ્ટિ=શોભનદૃષ્ટિ બે પ્રકારની છે.

(I) સાદિ સાંત.

(II) સાદિ અનંત.

**(I) સાદિ સાંત :-** સાદિ સાંત એવી શોભનદૃષ્ટિના બે ભેદો છે.

**A** અપાયસદ્વ્યયવાળી છે=મતિજ્ઞાનના અપાયરૂપ અને સમ્યક્ત્વમોહનીયના દલિકથી યુક્ત છે.

**B** માત્ર અપાયવાળી છે=મતિજ્ઞાનના અપાયરૂપ અને શુદ્ધ દલિકરૂપ સમ્યક્ત્વમોહનીય દલિકના અપગમ થયે છતે ક્ષીણ મોહવાળા શ્રેણિક આદિ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવોને છે.

આ બન્ને પ્રકારની શોભનદૃષ્ટિ સાદિ સાંત છે; કેમ કે સમ્યગ્દર્શન પ્રગટે છે ત્યારે તેનો પ્રારંભ છે અને પ્રથમ સાદિ સાંત શોભનદૃષ્ટિ મિથ્યાત્વનો ઉદય થયે છતે નાશ પામે છે, અથવા ક્ષાયિકસમ્યક્ત્વ પામે છે ત્યારે નાશ પામે છે. તેથી સાંત છે અને બીજી સાદિ સાંત શોભનદૃષ્ટિ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવોને કેવળજ્ઞાનની ઉત્પત્તિ વખતે મતિજ્ઞાનના અપાયનો નાશ થવાથી થાય છે માટે સાદિ સાંત છે.

**(II) સાદિ અનંત :-** બીજા પ્રકારની સાદિ અનંત એવી શોભનદૃષ્ટિના ત્રણ ભેદો છે.

**A** સયોગી એવા ભવસ્થ કેવલીને,

**B** અયોગી એવા ભવસ્થ કેવલીને,

**C** સિદ્ધના જીવોને.

દર્શનમોહનીય સપ્તકના ક્ષયથી અને મતિજ્ઞાનના અપાયરૂપ રુચિના ક્ષયથી ઉત્પન્ન થનારી શોભનદૃષ્ટિ સાદિ અનંત છે.

આ રીતે શોભનદૃષ્ટિના સાદિ સાંત અને સાદિ અનંત બે ભેદો બતાવ્યા. પછી સાદિ સાંત જે શોભનદૃષ્ટિ છે, તે સમ્યગ્દર્શન છે અને જે સાદિ અનંત શોભનદૃષ્ટિવાળા જીવો છે, તે સમ્યગ્દર્શની નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિ છે તે સ્પષ્ટ કરવા અર્થે ભાષ્યકાર કહે છે –

સાદિ સાંત જ શોભનદૃષ્ટિ એ સમ્યગ્દર્શન છે; કેમ કે જે શોભનદૃષ્ટિમાં મતિજ્ઞાનનો અપાય હોય અને સમ્યક્ત્વમોહનીયના દલિયા ઉદયમાં હોય ત્યાં સમ્યગ્દર્શન શબ્દ જ રૂઢ છે અને મતિજ્ઞાનનો અપાય હોય અને સમ્યક્ત્વમોહનીયનો અભાવ હોય ત્યાં પણ સમ્યગ્દર્શન શબ્દ રૂઢ છે.

અહીં પ્રશ્ન થાય કે જો સાદિ સાંત જ શોભનદૃષ્ટિ સમ્યગ્દર્શન હોય તો ભાષ્યકારે સમ્યગ્દૃષ્ટિ બે પ્રકારનાં છે, એમ કહીને પ્રથમ ભેદવાળા સમ્યગ્દૃષ્ટિ સાદિ સાંત છે અને બીજા ભેદવાળા સમ્યગ્દૃષ્ટિ સાદિ અનંત છે, એમ કેમ કહ્યું ? તેથી ટીકાકાર સ્પષ્ટતા કરે છે કે –

યોગના આશ્રયણથી=સમ્યગ્દૃષ્ટિ શબ્દના વ્યુત્પત્તિના આશ્રયણથી, સમ્યગ્દર્શનવાળાને પણ સમ્યગ્દૃષ્ટિ શબ્દથી ગ્રહણ કરેલ છે. તેથી ભાષ્યમાં સમ્યગ્દૃષ્ટિના બે ભેદ કર્યા પછી સાદિ સાંત નામનો ભાંગો જ સમ્યગ્દર્શન છે, તેમ કહ્યું. તેથી અર્થથી એ પ્રાપ્ત થયું કે સાદિ અનંત ભાંગો સમ્યગ્દૃષ્ટિનો છે, સમ્યગ્દર્શનનો નથી અને સાદિ સાંત ભાંગો સમ્યગ્દર્શનનો છે.

આ રીતે સમ્યગ્દર્શનવાળા જીવો અને સમ્યગ્દૃષ્ટિવાળા જીવો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યા પછી સમ્યક્ત્વમોહનીયના દલિક સહિતની મતિજ્ઞાનની અપાયરૂપ રુચિ કેટલો કાળ રહે છે તે બતાવતાં ભાષ્યકાર કહે છે કે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમથી કંઈક અધિક આ રુચિ રહે છે.

આનાથી એ ફલિત થાય કે કોઈ જીવ સમ્યગ્દર્શન પામીને અંતર્મુહૂર્તમાં મિથ્યાદૃષ્ટિ થાય અથવા તો કેવલી થાય ત્યારે સમ્યગ્દૃષ્ટિ થવાથી સમ્યગ્દર્શન નાશ પામે; કેમ કે જીવ મિથ્યાત્વને પામે ત્યારે મિથ્યાત્વના ઉદયથી સમ્યગ્દર્શન નાશ પામે અને કેવલી થાય ત્યારે મતિજ્ઞાનના અપાયરૂપ રુચિના ક્ષયથી ઉત્પન્ન થનારી શોભનદૃષ્ટિ થવાથી સમ્યગ્દર્શન નાશ પામે અને આ સમ્યગ્દર્શન ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમથી કંઈક અધિક ટકે છે. ત્યારપછી તે સમ્યગ્દર્શનવાળો જીવ અવશ્ય કેવળજ્ઞાન પામીને સિદ્ધ થાય છે. તેથી સમ્યગ્દર્શન નાશ પામે છે, માટે સમ્યગ્દર્શન સાદિ સાંત છે, સાદિ અનંત નથી.

વળી, સમ્યગ્દૃષ્ટિ પદમાં રૂઢિના વિષયવાળી જે રુચિ છે, અર્થાત્ કેવલજ્ઞાન થાય ત્યારે જે નિર્મળ દૃષ્ટિ પ્રગટે છે તેને જ સમ્યગ્દૃષ્ટિ કહેવું એ પ્રકારની શાસ્ત્રીય રૂઢિના વિષયવાળી જે રુચિ છે, તે સાદિ અનંત છે અને આવી રૂઢિના વિષયવાળી જે રુચિ છે તે સયોગીકેવળીને, અયોગીકેવળીને કે સિદ્ધના જીવોને છે.

**(૬) વિધાન=ભેદ.**

હેતુના ત્રણ ભેદોથી ક્ષયાદિ ત્રણ પ્રકારનું સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનના આવરણ કરનારા એવા મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અને દર્શનમોહનીય કર્મના ક્ષયાદિથી ત્રણ પ્રકારનું સમ્યગ્દર્શન છે. તે આ પ્રમાણે –

(૧) જે જીવોને સમ્યગ્દર્શનને આવરણ કરનારા મતિજ્ઞાનનો ક્ષયોપશમ છે અને દર્શનમોહનીયકર્મનો ક્ષય થયો છે, તે જીવોને ક્ષયસમ્યગ્દર્શન છે.

(૨) જે જીવોને સમ્યગ્દર્શનને આવરણ કરનારા મતિજ્ઞાનનો ક્ષયોપશમ છે અને દર્શનમોહનીયકર્મનો ઉપશમ થયો છે, તે જીવોને ઉપશમસમ્યગ્દર્શન છે.

(૩) વળી, જે જીવોને સમ્યગ્દર્શનને આવરણ કરનારા મતિજ્ઞાનનો ક્ષયોપશમ છે અને દર્શનમોહનીયકર્મનો ક્ષયોપશમ થયો છે, તે જીવોને ક્ષયોપશમસમ્યગ્દર્શન છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દર્શન એ મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ છે અને જે જીવોને તત્ત્વ યથાર્થ દેખાડે તેવો મતિજ્ઞાનનો ક્ષયોપશમ થયો છે, તે જીવમાં સમ્યગ્દર્શન છે અને આ પ્રકારના મતિજ્ઞાનના ક્ષયોપશમમાં નિમિત્ત કારણ દર્શનમોહનીયનો ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ ત્રણ હેતુ છે અને તે ત્રણ હેતુને આશ્રયીને સમ્યગ્દર્શન ત્રણ ભેદવાળું છે, તેમ કહેલ છે.

વસ્તુતઃ સમ્યગ્દર્શનનું આવારક કર્મ મતિજ્ઞાનાવરણ છે અને તેના ક્ષયોપશમની અપેક્ષાએ આ સમ્યગ્દર્શન એક ભેદવાળું છે. આથી જેને તે પ્રકારનું મતિજ્ઞાનાવરણીયકર્મ ક્ષયોપશમભાવવાળું છે, તે જીવો જીવની સંસારની અવસ્થા, જીવની મુક્તઅવસ્થાને યથાર્થ જાણી શકે છે અને તેમનામાં સંસારથી છુટવાનો એક ઉપાય જિનવચન અનુસાર પ્રવૃત્તિ છે એવો સ્થિર નિર્ણય છે, તેથી શક્તિના પ્રકર્ષથી જિનવચનને જાણવા અવશ્ય યત્ન કરે છે. અને તે ક્ષયોપશમ પેદા કરવામાં સહાયક એવા દર્શનમોહનીયના ક્ષયાદિના ત્રણ ભેદથી તે સમ્યગ્દર્શનને ત્રણ પ્રકારનું કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે ક્ષયથી, ઉપશમથી અને ક્ષયોપશમથી થયેલું સમ્યગ્દર્શન સર્વથા સમાન છે કે કાંઈક ભેદ છે ? તેથી કહે છે –

ઉપશમ સમ્યગ્દર્શન કરતાં ક્ષયોપશમ સમ્યગ્દર્શનમાં વિશુદ્ધિનો પ્રકર્ષ છે અને ક્ષયોપશમ સમ્યગ્દર્શન કરતાં ક્ષાયિક સમ્યગ્દર્શનમાં વિશુદ્ધિનો પ્રકર્ષ છે. આથી ઉપશમ સમ્યક્ત્વ ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત માત્ર ટકી શકે છે અને તેનાથી વધુ વિશુદ્ધ ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન હોવાથી ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમથી કંઈક અધિક ટકી શકે છે અને ક્ષાયિક સમ્યગ્દર્શન, દર્શન સપ્તકના અપગમથી થયેલું હોવાથી અને મિથ્યાત્વના ઉદયથી પાત નહિ થનારું હોવાથી અધિક વિશુદ્ધતર છે. વળી, મિથ્યાત્વના દળિયાનો સર્વથા અભાવ હોવાને કારણે સ્પષ્ટ તત્ત્વનો બોધ કરાવનાર હોવાથી પણ ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન કરતાં ક્ષાયિકસમ્યગ્દર્શન વધુ વિશુદ્ધતર છે. ફક્ત ક્ષાયિક સમ્યગ્દર્શન પણ મતિજ્ઞાનના ક્ષયોપશમની અપેક્ષાએ કેવળજ્ઞાનની ઉત્પત્તિ વખતે જાય છે. માટે સાદિ સાંત છે, પરંતુ ક્ષયોપશમ સમ્યક્ત્વની જેમ મિથ્યાત્વના ઉદયથી ક્ષાયિક સમ્યગ્દર્શનનો પાત થતો નથી. તેથી ક્ષયોપશમ સમ્યક્ત્વ કરતાં ક્ષાયિક સમ્યગ્દર્શન અધિક વિશુદ્ધતર છે. ॥૧-૭॥

**અવતરણિકા :-**

**किञ्चान्यत् –**

**અવતરણિકાર્થ :-**

**વળી અન્ય શું છે ? –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં જીવાદિ પદાર્થોના અધિગમના ઉપાયરૂપે નિર્દેશ, સ્વામિત્વ આદિ ૬ દ્વાર બતાવ્યાં. તે ૬ દ્વાર માત્રથી જ જીવાદિનો વિસ્તારથી બોધ થતો નથી. પરંતુ અન્ય પણ દ્વારો છે, જેના વડે જીવાદિ પદાર્થોનો વિસ્તારથી બોધ થાય છે. હવે તે દ્વારને ગ્રંથકારશ્રી બતાવે છે –

**સૂત્ર :-**

**सत्संख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ।।१-८।।**

**સૂત્રાર્થ :-**

**અને સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાલ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ વડે જીવાદિ પદાર્થોનો વિસ્તારથી બોધ થાય છે, એમ અન્વય છે. ।।૧-૮।।**

**ભાષ્ય :-**

**सत् संख्या क्षेत्रं स्पर्शनं कालः अन्तरं भावः अल्पबहुत्वमित्येतैश्च सद्भूतपदप्ररूपणादिभिरष्टाभिरनुयोगद्वारैः सर्वभावानां विकल्पशो विस्तराधिगमो भवति, कथमिति चेद्, उच्यते,**

**ભાષ્યાર્થ :-**

**અને "સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાલ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ" એ પ્રકારના આ સદ્ભૂતપદ પ્રરૂપણાદિ આઠ અનુયોગદ્વારો વડે=જીવાદિ તત્ત્વોના બોધ કરવાનાં દ્વારો વડે, સર્વ ભાવોનો=જીવાદિ સર્વ ભાવોનો, વિકલ્પથી વિસ્તારરૂપે બોધ થાય છે.**

**કેવી રીતે ? એ પ્રમાણે કોઈ પ્રશ્ન કરે છે તેને ભાષ્યકાર કહે છે - "કહેવાય છે"=ઉત્તર અપાય છે.**

**ભાવાર્થ :-**

જીવાદિ તત્ત્વોનો વિસ્તારથી બોધ કરવાનો ઉપાય જેમ નિર્દેશસ્વામિત્વ આદિ છે તેમ સત્ સંખ્યા આદિ આઠ અનુયોગદ્વારો પણ છે તે બતાવવા માટે સૂત્રમાં અંતે 'च' શબ્દ છે. અને તેમાં સત્ એટલે સદ્ભૂતપદ અને તે સદ્ભૂતપદની પ્રરૂપણા કરવામાં આવે અર્થાત્ જીવાદિ પદાર્થો સદ્ભૂત છે કે નથી અને સદ્ભૂત છે તો કયા છે ઇત્યાદિની વિચારણા કરવામાં આવે તે સદ્ભૂતપદની પ્રરૂપણા છે અને તેવા સદ્ભૂતપદ

પ્રરૂપણા આદિ આઠ દ્વારો છે અને તે આઠ દ્વારો વડે જીવાદિ સાત તત્ત્વોનો અને સમ્યક્ત્વ આદિ ભાવોનો વિસ્તારથી બોધ થાય છે અને તે રીતે વિસ્તારથી બોધ કરવાથી જીવમાં મોક્ષમાર્ગનો વિસ્તારથી બોધ પ્રગટે છે. તેથી તે બોધ કરવાના ઉપાયભૂત સદ્ભૂત પદ પ્રરૂપણા આદિ આઠ દ્વારો ભાષ્યકાર ક્રમસર બતાવે છે. ત્યાં પ્રથમ પ્રશ્ન કરે છે કે સદ્ભૂત પ્રરૂપણા આદિ આઠ દ્વારથી મોક્ષમાર્ગનો વિસ્તારથી કેવી રીતે બોધ થાય ? તેના જવાબરૂપે ભાષ્યકાર કહે છે - ઉત્તર અપાય છે.

**ભાષ્ય :-**

**सत्, सम्यग्दर्शनं किमस्ति नास्ति ?, अस्तीत्युच्यते, क्वास्तीति चेदुच्यते-अजीवेषु तावन्नास्ति, जीवेषु तु भाज्यं, तद्यथा-गतीन्द्रियकाययोगकषायवेदलेश्यासम्यक्त्वज्ञानदर्शनचारित्राहारोपयोगेषु त्रयोदशस्वनुयोगद्वारेषु यथासम्भवं सद्भूतप्ररूपणा कर्तव्या । संख्या, कियत्सम्यग्दर्शनं?, किं संख्येयमसंख्येयमनन्तमिति?, उच्यते, असंख्येयानि सम्यग्दर्शनानि, सम्यग्दृष्टयस्त्वनन्ताः । क्षेत्रम्, सम्यग्दर्शनं कियति क्षेत्रे?, लोकस्यासंख्येयभागे। स्पर्शनम्, सम्यग्दर्शनेन किं स्पृष्टम्?, लोकस्यासंख्येयभागः, अष्टौ चतुर्दश भागा देशोनाः सम्यग्दृष्टिना तु सर्वलोक इति । अत्राह-सम्यग्दृष्टिसम्यग्दर्शनयोः कः प्रतिविशेष इति, उच्यते, अपायसद्द्रव्यतया सम्यग्दर्शनम्, अपाय आभिनिबोधिकं, तद्योगात्सम्यग्दर्शनं, तत् केवलिनो नास्ति, तस्मात् न केवली सम्यग्दर्शनी, सम्यग्दृष्टिस्तु भवति । कालः, सम्यग्दर्शनं कियन्तं कालमिति, अत्रोच्यते, तद् एकजीवेन नानाजीवैश्च परीक्ष्यं, तद्यथा-एकजीवं प्रति जघन्येनान्तर्मुहूर्तं, उत्कृष्टेन षट्षष्टिः सागरोपमाणि साधिकानि, नानाजीवान् प्रति सर्वाद्धा । अन्तरम्, सम्यग्दर्शनस्य को विरहकालः?, एकं जीवं प्रति जघन्येनान्तमुहूर्तं, उत्कृष्टेन उपार्धपुद्गलपरिवर्तः, नानाजीवान् प्रति नास्त्यन्तरम्। भावः, सम्यग्दर्शनमौपशमिकादीनां भावानां कतमो भावः?, उच्यते, औदयिकपारिणामिकवर्जं त्रिषु भावेषु भवति। अल्पबहुत्वम्, अत्राह-सम्यग्दर्शनानां त्रिषु भावेषु वर्तमानानां किं तुल्यसंख्यत्वमाहोस्विदल्पबहुत्वमस्तीति, उच्यते, सर्वस्तोकमौपशमिकं, ततः क्षायिकमसंख्येयगुणं, ततोऽपि क्षायोपशमिकमसंख्येयगुणं, सम्यग्दृष्टयस्त्वनन्तगुणा इति। एवं सर्वभावानां नामादिभिर्न्यासं कृत्वा प्रमाणादिभिरभिगमः कार्यः ।।१-८।।**

**ભાષ્યાર્થ :-**

**(૧) સત્=સત્ દ્વાર. सत्, सम्यग्दर्शनं ..... कर्तव्या ।। સમ્યગ્દર્શન શું છે ? અથવા નથી એ પ્રમાણે પ્રશ્ન છે. તેને ઉત્તર આપે છે - 'છે' એ પ્રમાણે કહેવાય છે.**

**ક્યાં છે ? એ પ્રમાણે કોઈ પ્રશ્ન કરે તેને ભાષ્યકાર કહે છે - "કહેવાય છે"=ઉત્તર અપાય છે. અજીવોમાં નથી=અજીવોમાં સમ્યગ્દર્શન નથી. જીવોમાં ભાજ્ય છે=ભજના છે અને જીવોમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિની ભજનાને 'તદ્યથા'થી સ્પષ્ટ કરે છે –**

ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, કષાય, વેદ, લેશ્યા, સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આહાર અને ઉપયોગરૂપ ૧૩ અનુયોગદ્વારમાં યથાસંભવ સદ્ભૂત પ્રરૂપણા કરવી=સમ્યક્ત્વના અસ્તિત્વની પ્રરૂપણા કરવી.

**(૨) સંખ્યા=સંખ્યાદ્વાર. संख्या ..... त्वनन्ताः । કેટલું સમ્યગ્દર્શન છે=શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. તેને ભાષ્યકાર કહે છે – "કહેવાય છે". સમ્યગ્દર્શનો અસંખ્યાતા છે. વળી, સમ્યગ્દૃષ્ટિ અનંતા છે.**

**(૩) ક્ષેત્ર=ક્ષેત્રદ્વાર. क्षेत्रम् ..... लोकस्यासंख्येयभागे । સમ્યગ્દર્શન કેટલા ક્ષેત્રમાં છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. તેનો ઉત્તર કહેવાય છે. સમ્યગ્દર્શન લોકના અસંખ્યાતા ભાગમાં છે.**

**(૪) સ્પર્શન=સ્પર્શનદ્વાર. स्पर्शनम् ..... भवति । સમ્યગ્દર્શન વડે કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. તેનો ઉત્તર કહેવાય છે. લોકનો અસંખ્યાતભાગ સ્પૃષ્ટ છે. તે લોકનો અસંખ્યાતભાગ પણ ૧૪ રજ્જુઆત્મક ત્રસનાડી છે, તેમાંથી કેટલો ભાગ સ્પર્શે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે – ૧૪ રજ્જુઆત્મક નાડીના જે ચતુર્દશ ભાગો છે, તેમાંથી દેશોન આઠ=દેશોન આઠ રજ્જુ પ્રમાણ ભાગ સમ્યગ્દર્શનથી સ્પૃષ્ટ છે. વળી, સમ્યગ્દૃષ્ટિ વડે સર્વ લોક સ્પૃષ્ટ છે. 'इति' શબ્દ સ્પર્શન દ્વારની સમાપ્તિ માટે છે.**

**(જુઓ પૃ. ૭૬ પર આપેલ ૧૪ રજ્જુલોકનું ચિત્ર તથા નીચે આપેલ સમજૂતી.)**

**અહીં=સમ્યગ્દૃષ્ટિની અને સમ્યગ્દર્શનની ભિન્ન સ્પર્શના બતાવી એમાં, કોઈ શંકા કરે છે. સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દર્શનમાં શું પ્રતિવિશેષ છે ?=શું ભેદ છે ? 'इति' શબ્દ શંકાની સમાપ્તિ માટે છે. તેને ભાષ્યકાર કહે છે - કહેવાય છે – અપાયસદ્દ્રવ્યસ્વરૂપે=મતિજ્ઞાનનાં રુચિરૂપ અપાય સ્વરૂપે અને વિશુદ્ધ એવા દર્શનમોહનીયકર્મરૂપ દ્રવ્ય સ્વરૂપે, સમ્યગ્દર્શન છે. અપાય શું છે ? તે સ્પષ્ટ કરે છે – અપાય આભિનિબોધિક છે=મતિજ્ઞાન છે અને તેના યોગથી="સર્વજ્ઞનું વચન આમ જ છે" એ પ્રકારના નિર્ણયાત્મક મતિજ્ઞાનના યોગથી સમ્યગ્દર્શન છે. તે=સમ્યગ્દર્શન, કેવલીને નથી. તે કારણે કેવલી સમ્યગ્દર્શની નથી. વળી સમ્યગ્દૃષ્ટિ છે=કેવલી શોભનદૃષ્ટિવાળા છે.**

❖ "अपायसद्द्रव्यतया' શબ્દમાં 'તા' પ્રત્યય સ્વાર્થમાં છે અને તૃતીય વિભક્તિ સ્વરૂપ અર્થમાં છે. તેથી "અપાય-સદ્દ્રવ્યરૂપે સમ્યગ્દર્શન છે" એવો અર્થ થાય.

**(૫) કાળદ્વાર :- कालः ..... सर्वाद्धा । સમ્યગ્દર્શન કેટલો કાળ છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. 'इति' શબ્દ પ્રશ્નની સમાપ્તિ માટે છે. અહીં=એ પ્રકારના પ્રશ્નમાં, ઉત્તર અપાય છે=ભાષ્યકાર ઉત્તર આપે છે. તે=સમ્યગ્દર્શનનો કાળ, એક જીવ વડે અને નાના જીવો વડે=સર્વ જીવો વડે, પરીક્ષા કરવા યોગ્ય છે. તે આ પ્રમાણે – એક જીવને આશ્રયીને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કંઈક અધિક ૬૬**

**સાગરોપમ સમ્યગ્દર્શનનો કાળ છે અને નાના જીવને આશ્રયીને સર્વ કાળ છે=સમ્યગ્દર્શનવાળા સર્વ જીવોને આશ્રયીને સર્વ કાળ સમ્યગ્દર્શનવાળા જીવોની પ્રાપ્તિ છે.**

**(૬) અન્તરદ્વાર=વિરહકાળ :- अन्तरम् ..... नास्त्यन्तरम् । સમ્યગ્દર્શનનો શું વિરહકાળ છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. એક જીવને આશ્રયીને જઘન્યી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અર્ધ પુદ્ગલપરાવર્તથી કંઈક ન્યૂન સમ્યગ્દર્શનનો વિરહકાળ છે અને નાના જીવોને આશ્રયીને=સમ્યગ્દર્શનવાળા સર્વ જીવોને આશ્રયીને અંતર નથી=ક્યારેય પણ સમ્યગદર્શનવાળા જીવોનો વિરહકાળ નથી.**

**(૭) ભાવદ્વાર :- भावः ..... भावेषु भवति । સમ્યગ્દર્શન ઔપશમિકાદિભાવોનો કયો ભાવ છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. તેને ભાષ્યકાર કહે છે - ઉત્તર અપાય છે. ઔદયિક અને પારિણામિકને છોડીને ત્રણ ભાવોમાં થાય છે=ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક, આ ત્રણ ભાવોમાં સમ્યગ્દર્શન થાય છે.**

**(૮) અલ્પબહુત્વદ્વાર :- अल्पबहुत्वम् ..... इति । અહીં કહે છે - ત્રણ ભાવોમાં વર્તમાન એવા=ઔપશમિકાદિ ત્રણ ભાવોમાં વર્તતા એવા, સમ્યગ્દર્શનોનું શું તુલ્ય સંખ્યાપણું છે ? અથવા અલ્પબહુત્વ છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. 'इति' શબ્દ પ્રશ્નની સમાપ્તિ માટે છે.**

**ભાષ્યકાર ઉત્તર આપે છે – સર્વસ્તોક=સર્વ સમ્યગ્દર્શનોમાં સહુથી અલ્પસંખ્યામાં ઔપશમિક સમ્યગ્દર્શન છે. તેનાથી=ઔપશમિક સમ્યગ્દર્શનથી, ક્ષાયિકસમ્યગ્દર્શન અસંખ્યાતગુણ છે. તેનાથી પણ=ક્ષાયિકસમ્યગ્દર્શનથી પણ, ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન અસંખ્યાતગુણ છે. વળી, સમ્યગ્દૃષ્ટિ અનંતગુણા છે.**

સત્સંખ્યા આદિ બધા દ્વારો બતાવ્યા પછી પાંચમા સૂત્રથી અત્યાર સુધીના સર્વ દ્વારોનું નિગમન કરતાં કહે છે –

**एवं ..... कार्यः ।। આ રીતે=પાંચમા સૂત્રથી અત્યાર સુધી બતાવ્યું એ રીતે, સર્વ ભાવોનો=જીવાદિ અને સમ્યગ્દર્શનાદિ સર્વ ભાવોનો, નામાદિ દ્વારા ન્યાસ કરીને પ્રમાણાદિ દ્વારા બોધ કરવો જોઈએ. ।।૧-૮।।**

❖ અહીં "नामादि"માં 'आदि' પદથી સ્થાપનાદિ ત્રણ નિક્ષેપાનું ગ્રહણ કરવું. "प्रमाणादि"માં 'आदि' પદથી નિર્દેશ, સ્વામિત્વ આદિ છ દ્વારોથી અને સત્, સંખ્યા આદિ આઠ અનુયોગદ્વારોનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**(૧) સત્ દ્વાર :-**

સત્ દ્વારમાં પ્રથમ પ્રશ્ન કર્યો કે સમ્યગ્દર્શન છે કે નથી ? તેથી એ પ્રાપ્ત થાય કે ગ્રંથકારશ્રીએ પ્રથમ મોક્ષમાર્ગ બતાવતાં કહ્યું કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે અને જીવાદિ સાત તત્ત્વો છે અને તે સર્વનો 'સત્' આદિ દ્વારો વડે બોધ કરવાથી વિસ્તારથી અધિગમ થાય છે. તેથી વિસ્તારથી અધિગમ કરવાના વિષયભૂત સમ્યગ્દર્શન આદિ પદાર્થોમાં રહેલો 'સમ્યગ્દર્શન' શબ્દ 'શશશૃંગ'ની જેમ

માત્ર શબ્દાત્મક છે કે કોઈ વાચ્યાર્થ વસ્તુનો બોધ કરાવનાર છે, તે પ્રકારની જિજ્ઞાસાથી પ્રશ્ન કરવામાં આવેલ છે અને તેનો ઉત્તર આપતાં ભાષ્યકાર કહે છે કે સમ્યગ્દર્શન છે અર્થાત્ સમ્યગ્દર્શન શબ્દ પ્રામાણિક અર્થનો બોધક છે; કેમ કે આપ્ત એવા સર્વજ્ઞ વડે મોક્ષના માર્ગરૂપે સમ્યગ્દર્શનને કહેલ છે. તેથી સમ્યગ્દર્શનથી વાચ્ય કોઈક પ્રામાણિકભાવ છે. વળી, પ્રશમાદિ લિંગ દ્વારા સમ્યગ્દર્શનનો નિર્ણય પણ થાય છે. તેથી સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શનનું અસ્તિત્વ આગમ અને યુક્તિથી છે, એમ બતાવ્યું. તેથી સમ્યગ્દર્શનના અસ્તિત્વનો નિર્ણય થયો. હવે સમ્યગ્દર્શનના આધારમાં શંકા થાય છે. તેથી કહે છે - સમ્યગ્દર્શન ક્યાં છે ? અર્થાત્ જગતમાં જીવ અને અજીવ બે પદાર્થો છે, તેથી સમ્યગ્દર્શન જીવમાં છે કે અજીવમાં છે, એ પ્રકારની શંકા છે. તેનો ઉત્તર આપતાં કહે છે : અજીવ એવા ધર્માસ્તિકાય આદિમાં સમ્યગ્દર્શન નથી; કેમ કે નિશ્ચયનયથી ચેતનાના ગુણ એવા સમ્યગ્દર્શનનું અચેતનમાં અસંભવ છે. આમ છતાં સ્વામિત્વ ચિંતામાં અજીવનું સમ્યગ્દર્શન કહ્યું છે, તે ઉપચારથી છે.

જીવોમાં સમ્યગ્દર્શન છે, એમ કહેવાથી કોઈને શંકા થાય કે સર્વ જીવોમાં સમ્યગ્દર્શન છે ? તેથી કહે છે –

જીવોમાં સમ્યગ્દર્શન ભાજ્ય છે અર્થાત્ સર્વ જીવોમાં અવશ્ય સમ્યગ્દર્શન છે એવું નથી અર્થાત્ કેટલાક જીવોમાં સમ્યગ્દર્શન છે અને કેટલાક જીવોમાં સમ્યગ્દર્શન નથી.

હવે તે ભજના 'तद्यथा'થી બતાવે છે.

જીવોમાં સમ્યગ્દર્શનની ભજના છે તે ગતિ, ઇન્દ્રિય આદિ દ્વારોમાં બતાવે છે અને ગતિ આદિ તેર દ્વારોમાં યથાસંભવ સદ્ભૂત પ્રરૂપણા કરવી, તેમ ભાષ્યકાર નિર્દેશ કરે છે અને ટીકાકાર ગતિ આદિ તેર દ્વારોમાં યથાસંભવ સદ્ભૂતની પ્રરૂપણા કંઈક બતાવે છે, તે આ પ્રમાણે છે –

ગતિ આદિ દ્વારમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવોની વિચારણા કરાય છે.

**(i) ગતિ દ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

નરક આદિ ચારે ગતિમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો સદા હોય છે.

નરક, તિર્યંચ અને દેવગતિમાં ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન સદા હોય છે.

મનુષ્યગતિમાં ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન સદા હોય છે.

**(ii) ઇન્દ્રિય દ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

સામાન્યથી સર્વ ઇન્દ્રિયને આશ્રયીને વિચારીએ તો પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો સદા પ્રાપ્ત થાય છે; કેમ કે સર્વ ઇન્દ્રિયોની વિચારણામાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોનું ગ્રહણ છે. તેથી તેમાં પંચેન્દ્રિય જીવોનું પણ ગ્રહણ છે અને તે પંચેન્દ્રિય જીવોમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો સદા પ્રાપ્ત થાય છે.

એકેન્દ્રિયમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા જીવો નથી અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો પણ નથી.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં સાસ્વાદન સમ્યક્ત્વને આશ્રયીને પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા જીવો ક્યારેક પ્રાપ્ત થાય છે અને ક્યારેક પ્રાપ્ત થતા નથી. વળી, વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં નથી જ.

સંજ્ઞી પંચેન્દ્રિયમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા એવા બન્ને પ્રકારના જીવો હોય છે.

**(iii) કાયદ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

સામાન્યથી વિચારીએ તો પૃથ્વી આદિ છ કાયોને આશ્રયીને પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા બન્ને પ્રકારના જીવો છે; કેમ કે છ કાયોમાં ત્રસજીવો પણ છે અને ત્રસમાં પંચેન્દ્રિય જીવો પણ છે અને પંચેન્દ્રિય જીવોમાં સમ્યક્ત્વને પામેલા અને પામતા સદા મળે છે.

વળી, વિશેષથી વિચારીએ તો છ કાયોમાંથી પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય એ પાંચ કાયમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા એ પ્રકારના જીવો સંભવતા નથી.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં સાસ્વાદન સમ્યક્ત્વને આશ્રયીને પૂર્વમાં સમ્યક્ત્વ પામેલા જીવો હોય છે, પણ વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો નથી.

વળી, સંજ્ઞી પંચેન્દ્રિય અને ત્રસકાયમાં બન્ને પ્રકારના જીવો છે અર્થાત્ પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા બન્ને પ્રકારના જીવો પણ છે.

**(iv) યોગદ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

સામાન્યથી વિચારીએ તો મનયોગ, વચનયોગ અને કાયયોગ એ ત્રણ યોગમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા બન્ને પ્રકારના જીવો છે. માત્ર કાયયોગવાળા એવા પૃથ્વીકાય આદિથી માંડીને વનસ્પતિકાય સુધીના પાંચેય કાયમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા બન્ને પ્રકારના જીવો નથી. મનોયોગ વગરના અને કાયયોગ અને વાગ્યોગવાળા બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં સાસ્વાદન સમ્યક્ત્વને આશ્રયીને પૂર્વમાં પામેલા જીવો છે અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો નથી.

**(v) કષાયદ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

અનંતાનુબંધી કષાયના ઉદયમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો નથી. અપ્રત્યાખ્યાન આદિ શેષ કષાયના ઉદયમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો છે.

**(vi) વેદદ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

વેદના ઉદયમાં પુરુષવેદ અને સ્ત્રીવેદમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા બન્ને પ્રકારના જીવો છે.

નપુંસકવેદના ઉદયમાં (i) એકેન્દ્રિય જીવોને આશ્રયીને પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા બન્ને પ્રકારના જીવો નથી. (ii) વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને આશ્રયીને પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા સાસ્વાદન સમ્યક્ત્વવાળા જીવો છે, વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો નથી. (iii) એકેન્દ્રિય આદિનો વિભાગ કર્યા વગર સામાન્યથી નપુંસકવેદમાં વિચારીએ તો પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા બન્ને પ્રકારના જીવો છે.

**(vii) લેશ્યાદ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

મન, વચન અને કાયાના જે યોગો છે, તે યોગોની પ્રવૃત્તિને અનુકૂળ એવો જીવનો અધ્યવસાય તે લેશ્યા છે. આ અધ્યવસાય ક્વચિત્ ધ્યાન અને લેશ્યા ઉભયરૂપ હોય અને ચિત્તની એકાગ્રતારૂપ ધ્યાન ન હોય ત્યારે લેશ્યારૂપ હોય. તત્ત્વની રુચિથી સંવલિત (યુક્ત) એવી શુભલેશ્યા વર્તતી હોય તો તે લેશ્યા મોક્ષનું કારણ છે અને તત્ત્વની રુચિથી સંવલિત (યુક્ત) ન હોય એવી માત્ર શુભલેશ્યા હોય તો તે શુભલેશ્યાથી દેવગતિ આદિની પ્રાપ્તિ થઈ શકે પણ તે લેશ્યા મોક્ષનું કારણ બની શકે નહિ.

કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા ત્રણ અશુભલેશ્યા છે. તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા ત્રણ શુભલેશ્યા છે. વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો પહેલી ત્રણ અશુભલેશ્યામાં હોય નહિ, પરંતુ પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા જીવો છએ લેશ્યામાં હોય છે અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો નિયમા પાછળની ત્રણ શુભલેશ્યામાં હોય છે.

ભગવાનના વચનની રુચિ વગરના દુર્ભવ્ય આદિ જીવો સંયમ ગ્રહણ કરીને અહિંસાનું પાલન કરતા હોય ત્યારે તેઓને ષટ્કાયના પાલનના પરિણામરૂપ શુભલેશ્યા છે, પણ તે શુભલેશ્યા મોક્ષનું કારણ નથી અને તેઓની અશુભલેશ્યા તો સંસારનું કારણ છે જ.

**(viii) સમ્યક્ત્વદ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

શું સમ્યગ્દષ્ટિ સમ્યક્ત્વ પામે છે કે મિથ્યાદૃષ્ટિ સમ્યક્ત્વ પામે છે, એ પ્રકારનો પ્રશ્ન છે.

(i) નિશ્ચયનયની દૃષ્ટિથી સમ્યગ્દષ્ટિ જ સમ્યક્ત્વ પામે છે; કેમ કે આત્મામાં સમ્યગ્દર્શન ન હોય તો પ્રયત્નથી સમ્યગ્દર્શન પ્રગટ થઈ શકે નહિ. તેથી શક્તિરૂપે વિદ્યમાન એવું સમ્યગ્દર્શન જ જીવના પ્રયત્નથી પ્રગટ થાય છે. માટે સમ્યગ્દષ્ટિને જ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. (ii) વ્યવહારનયથી મિથ્યાદૃષ્ટિ સમ્યક્ત્વ પામે છે; કેમ કે સમ્યક્ત્વ હોય તો સમ્યક્ત્વને પ્રાપ્ત કરવાનું રહે નહિ. પરંતુ આત્મામાં સમ્યક્ત્વ ન હતું પણ મિથ્યાત્વ હતું, તેથી આત્માએ પ્રયત્ન કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું, તેમ વ્યવહારનય કહે છે. (iii) વળી, ઋજુસૂત્રરૂપ નિશ્ચયનયનું આશ્રયણ કરવામાં આવે તો સમ્યક્ત્વની પ્રાપ્તિની ક્રિયાથી અન્ય ક્રિયાકાળમાં આત્મામાં સમ્યગ્દર્શન અસદ્ હતું, તોપણ જે વખતે સમ્યક્ત્વની પ્રાપ્તિની ક્રિયા કરી તે વખતે સદ્ એવું કાર્ય જ તે ક્રિયાથી પ્રગટ થાય છે. તેથી ઋજુસૂત્રરૂપ નિશ્ચયનયની દૃષ્ટિએ સમ્યગ્દષ્ટિ જ સમ્યક્ત્વ પામે છે.

**(ix) જ્ઞાનદ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

નિશ્ચયનયથી જ્ઞાની સમ્યગ્દર્શન પામે છે. વ્યવહારનયથી અજ્ઞાની સમ્યગ્દર્શન પામે છે.

**(x) દર્શનદ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

ચક્ષુદર્શનવાળા જીવોમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામતા અને વર્તમાનમાં સમ્યગ્દર્શનને પામેલા બન્ને પ્રકારના જીવો છે. ચક્ષુદર્શનવાળા એવા માખી આદિ અસંજ્ઞી જીવોમાં સાસ્વાદન સમ્યક્ત્વને આશ્રયીને પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા જીવો છે, પરંતુ વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો નથી.

સંજ્ઞી પંચેન્દ્રિય ચક્ષુદર્શનવાળા જીવોમાં પૂર્વમાં સમ્યગ્દર્શન પામેલા જીવો છે અને વર્તમાનમાં સમ્યગ્દર્શન પામતા જીવો પણ છે.

પૃથ્વી આદિ પાંચ એકેન્દ્રિય અચક્ષુદર્શનવાળા જીવોમાં પૂર્વમાં સમ્યગ્દર્શનને પામેલા એવા જીવો નથી અને વર્તમાનમાં સમ્યગ્દર્શનને પામતા જીવો પણ નથી.

વળી, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય એવા અચક્ષુદર્શનવાળા જીવોમાં સાસ્વાદન સમ્યક્ત્વને આશ્રયીને પૂર્વમાં પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનવાળા જીવો છે, પરંતુ વર્તમાનમાં સમ્યગ્દર્શનને પામતા જીવો નથી.

સંજ્ઞી પંચેન્દ્રિય એવા અચક્ષુદર્શનવાળા જીવોમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા સમ્યગ્દર્શનવાળા જીવો છે અને સમ્યગ્દર્શનને પામતા જીવો પણ છે.

**(xi) ચારિત્રદ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

ચારિત્રીમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા સમ્યગ્દર્શનવાળા જીવો છે. અચારિત્રીમાં પૂર્વમાં પામેલા સમ્યગ્દર્શનવાળા જીવો છે અને વર્તમાનમાં સમ્યગ્દર્શનને પામતા જીવો પણ છે.

**(xii) આહારદ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

આહારદ્વાર અર્થાત્ આહારને ગ્રહણ કરતા જીવોમાં સમ્યગ્દર્શનની વિચારણા. આહારને ગ્રહણ કરતા જીવોમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા જીવો છે અને વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા પણ જીવો છે. અનાહારક અર્થાત્ આહારને નહિ ગ્રહણ કરતા જીવ અનાહારક વિગ્રહગતિમાં જ પ્રાપ્ત થાય છે અને અનાહારક એવા વિગ્રહ ગતિમાં જતા જીવોમાં પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા જીવો છે, પરંતુ વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા જીવો નથી; કેમ કે સમ્યક્ત્વને લઈને પરભવમાં જનાર જીવો હોય છે, પરંતુ પરભવમાં જતો કોઈ જીવ વિગ્રહ ગતિકાળમાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરવાનો યત્ન કરતો નથી.

**(xiii) ઉપયોગદ્વારમાં સમ્યક્ત્વના સદ્ભૂતની પ્રરૂપણા :-**

સાકાર ઉપયોગવાળા જીવો અર્થાત્ જ્ઞાનના ઉપયોગવાળા જીવો સમ્યક્ત્વ પામે છે કે અનાકાર ઉપયોગવાળા જીવો અર્થાત્ દર્શનના ઉપયોગવાળા જીવો સમ્યક્ત્વ પામે છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. તેનો ઉત્તર આપે છે - સાકાર ઉપયોગવાળા જીવો પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા હોય છે અને વર્તમાનમાં પણ સમ્યક્ત્વને પામતા હોય છે.

વળી, અનાકાર ઉપયોગવાળા જીવો પૂર્વમાં સમ્યક્ત્વને પામેલા હોય છે, પરંતુ વર્તમાનમાં સમ્યક્ત્વને પામતા નથી; કેમ કે સર્વ લબ્ધિઓ સાકાર ઉપયોગમાં પ્રગટે છે, એ પ્રકારનું ભગવાનનું વચન છે.

(૨) **સંખ્યાદ્વાર :-** સંખ્યાની દૃષ્ટિએ કેટલું સમ્યગ્દર્શન છે એ પ્રકારનો પ્રશ્ન છે. અર્થાત્ કેટલા પરિમાણવાળા સમ્યગ્દર્શનવાળા જીવો છે ? સંખ્યાતા પરિમાણવાળા, અસંખ્યાતા પરિમાણવાળા કે અનંતા પરિમાણવાળા એ પ્રકારનો પ્રશ્ન છે. તેનો ઉત્તર આપતાં ભાષ્યકાર કહે છે - અસંખ્યાતા પરિમાણવાળા સમ્યગ્દર્શનવાળા જીવો છે. સિદ્ધ અને કેવલીને છોડીને જે સમ્યગ્દર્શનવાળા જીવો છે, તે અસંખ્યાત સંખ્યાપ્રમાણ છે. વળી, સમ્યગ્દૃષ્ટિ જીવો અનંતા છે અને તે સમ્યગ્દૃષ્ટિ ભવસ્થ કેવલી અને સિદ્ધની દૃષ્ટિએ અનંતા છે.

(૩) **ક્ષેત્રદ્વાર :-** જેમાં જીવાદિ દ્રવ્યો નિવાસ કરે તે ક્ષેત્ર આકાશ છે અને જે અસંખ્યાતા સમ્યગ્દર્શનવાળા જીવો છે અને જે અનંતા સમ્યગ્દૃષ્ટિ જીવો છે, તે પ્રમાણે પૂર્વમાં સંખ્યાથી નિર્ણય કરાયો તે સર્વ જીવો કેટલા આકાશમાં વ્યાપ્ત છે, એ પ્રકારના સંશયમાં ભાષ્યકાર પૃચ્છા કરે છે કે કેટલા ક્ષેત્રમાં સમ્યગ્દર્શન છે ?

અહીં પ્રશ્ન થાય કે કેટલા ક્ષેત્રમાં સમ્યગ્દર્શન છે, એ પ્રકારના વચનમાં સમ્યગ્દર્શન શબ્દથી સમ્યગ્દૃષ્ટિનું ગ્રહણ નથી. તેથી અસંખ્યાત સમ્યગ્દર્શનવાળા અને અનંતા સમ્યગ્દૃષ્ટિવાળા બંનેને આશ્રયીને ક્ષેત્રની પૃચ્છા છે, તે કેમ નક્કી થાય ? તેથી ટીકાકાર કહે છે –

'સમ્યગ્દર્શન' શબ્દની ભાવવ્યુત્પત્તિથી સમ્યગ્દૃષ્ટિનું પણ ગ્રહણ છે અથવા સમ્યગ્દર્શન શબ્દથી સમ્યગ્દૃષ્ટિનો આક્ષેપ કરીને ઉભયને આશ્રયીને કેટલું ક્ષેત્ર વ્યાપ્ત છે, એ પ્રકારની પૃચ્છા છે અથવા વિવક્ષિત એવા એક સમ્યગ્દર્શનને આશ્રયીને કેટલું ક્ષેત્ર વ્યાપ્ત છે, એ પ્રકારનો અર્થ કરવો.

આશય એ છે કે ભાષ્યકારે પ્રશ્ન કર્યો છે કે કેટલા ક્ષેત્રમાં સમ્યગ્દર્શન વ્યાપ્ત છે, એ પ્રશ્નમાં –

(૧) "સમ્યગ્દર્શન" શબ્દની ભાવને આશ્રયીને વ્યુત્પત્તિ કરીએ તો "સુંદર દૃષ્ટિ છે જેને તે સમ્યગ્દર્શનવાળા" એવો અર્થ પ્રાપ્ત થાય. તેથી "સમ્યગ્દર્શન" શબ્દથી સમ્યગ્દર્શનવાળા અને સમ્યગ્દૃષ્ટિ બન્ને પ્રકારના જીવોનું ગ્રહણ થાય.

(૨) અથવા "સમ્યગ્દર્શન" શબ્દથી સમ્યગ્દૃષ્ટિનો આક્ષેપ કરીને સમ્યગ્દર્શનવાળા અને સમ્યગ્દૃષ્ટિવાળા એ બન્ને પ્રકારના જીવોનું ગ્રહણ થાય છે.

(૩) અથવા વિવક્ષિત એવા એક સમ્યગ્દર્શનનું જ ગ્રહણ છે. તેથી સમ્યગ્દૃષ્ટિ એવા કેવલી અને સિદ્ધના જીવોને છોડીને સમ્યગ્દર્શનવાળા સર્વ જીવોનું ગ્રહણ છે.

અહીં પ્રશ્નમાં કેટલા ક્ષેત્રમાં સમ્યગ્દર્શની છે, તેમ પૃચ્છા કરેલ નથી, પરંતુ કેટલા ક્ષેત્રમાં સમ્યગ્દર્શન છે, તેમ પૃચ્છા કરેલ છે. તોપણ સમ્યગ્દર્શનગુણ અને સમ્યગ્દર્શનગુણવાળા જીવોનો અભેદ કરીને સમ્યગ્દર્શન શબ્દથી સમ્યગ્દર્શનવાળા જીવોનું ગ્રહણ કરવું.

ભાષ્યકારે કરેલા પ્રશ્નનો ઉત્તર આપે છે - લોકના અસંખ્યાતભાગમાં સમ્યગ્દર્શન છે. આ કથન કોઈ એક સમ્યગ્દર્શનવાળા જીવને આશ્રયીને પણ થાય છે અને સર્વ સમ્યગ્દર્શનવાળા જીવોને આશ્રયીને પણ

ગ્રહણ કરીએ તો અધિકતર લોકનો અસંખ્યાત ભાગ ગ્રહણ થાય છે અને સમ્યગ્દર્શનવાળા અને સમ્યગ્દૃષ્ટિ બંનેને ગ્રહણ કરીએ તો તેનાથી પણ અધિકતર લોકનો અસંખ્યાત ભાગ ગ્રહણ થાય છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ એવા કેવલીનું અને સિદ્ધના જીવોનું પણ ગ્રહણ થાય છે. વળી, કેવલી સમુદ્ઘાતની અપેક્ષાએ વિચારીએ તો ૧૪ રાજલોક પ્રમાણ અવગાહના પણ થાય છે. છતાં કેવલી સમુદ્ઘાતને આશ્રયીને ભાષ્યકારે ક્ષેત્રની અવગાહના કહેલ નથી, પરંતુ ટીકાકારે તેની સ્પષ્ટતા કરેલ છે.

(૪) **સ્પર્શનાદ્વાર** :- સમ્યગ્દર્શન વડે કેટલું આકાશ સ્પર્શાયું છે, એ પ્રકારનો પ્રશ્ન છે.

અહીં પ્રશ્ન થાય કે ક્ષેત્રદ્વારમાં સમ્યગ્દર્શનની અવગાહના બતાવી. તેનાથી સ્પર્શનાદ્વારમાં શું ભેદ છે ? તેથી ટીકાકાર સ્પષ્ટતા કરે છે કે જે આકાશપ્રદેશમાં સમ્યગ્દર્શનવાળા જીવની અવગાહના છે, તે જીવનો સર્વ દિશાઓથી તેના છેડે રહેલ એક એક પ્રદેશ સાથે સંબંધ છે. તેથી અવગાહના કરતાં સ્પર્શનામાં અધિક આકાશપ્રદેશની પ્રાપ્તિ થાય છે.

જેમ –

પરમાણુ જે એક આકાશપ્રદેશમાં અવગાહીને રહેલો છે, તે આકાશપ્રદેશને સ્પર્શીને રહેલો છે અને આકાશની છએ દિશામાં રહેલા એક એક આકાશપ્રદેશને સ્પર્શીને રહેલો છે. તેથી કુલ સાત પ્રદેશોને સ્પર્શીને રહેલો છે. તેથી પરમાણુની અવગાહના એક આકાશપ્રદેશની છે અને સ્પર્શના સાત આકાશપ્રદેશની છે.

તેમ –

સમ્યગ્દર્શનવાળો જીવ પણ જે આકાશપ્રદેશમાં રહેલો છે, તે આકાશપ્રદેશને સ્પર્શીને રહેલો છે અને તે જીવના દેહની અવ્યવધાનથી રહેલા છએ દિશાઓમાં એક એક આકાશપ્રદેશને પણ સ્પર્શીને રહેલો છે.


સમ્યગ્દર્શન વડે કેટલું આકાશ સ્પર્શાયું છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. તેનો ઉત્તર ભાષ્યકાર આપે છે - લોકનો અસંખ્યાતભાગ સમ્યગ્દર્શન વડે સ્પર્શાયેલો છે. આનાથી એ પ્રાપ્ત થાય કે એક સમ્યગ્દર્શનવાળા જીવને આશ્રયીને વિચારીએ તો જે આકાશપ્રદેશને અવગાહીને તે સમ્યગ્દર્શનવાળો જીવ રહેલો છે, તે સમ્યગ્દર્શનવાળો જીવ તેનાથી અધિક આકાશપ્રદેશને સ્પર્શેલો છે અને તે આકાશપ્રદેશ લોકના અસંખ્યાતભાગરૂપ છે.

વળી, સર્વ સમ્યગ્દર્શનવાળા જીવોને આશ્રયીને વિચારીએ તો સર્વ સમ્યગ્દર્શનવાળા જીવો જે આકાશપ્રદેશને અવગાહીને રહેલા છે, તે આકાશપ્રદેશની સ્પર્શના છે અને તે જીવોના શરીરથી અવ્યવધાનવાળા આકાશપ્રદેશની પણ સ્પર્શના છે. તેથી સર્વ સમ્યગ્દર્શનવાળા જીવોની સ્પર્શના ક્ષેત્રદ્વારમાં બતાવેલી ક્ષેત્રસ્પર્શના કરતાં અધિક છે.

વળી, સમ્યગ્દર્શનવાળા જીવો ત્રસ નાડીની બહાર નથી અને તે ત્રસ નાડી ચૌદ રજ્જુ પ્રમાણ છે અને તે ચૌદ રજ્જુના એક એક રજ્જુ પ્રમાણ ચૌદ ભાગો કરીએ તો તે ચૌદ રજ્જુ ભાગમાંથી કંઈક દેશથી ન્યૂન એવા આઠ રજ્જુને સમ્યગ્દર્શનવાળો જીવ સ્પર્શ કરે છે. તે આ રીતે –

**સમ્યગ્દૃષ્ટિ એવા ભાવસાધુ મહાવિદેહમાંથી મૃત્યુ પામીને અનુત્તરવાસીદેવ થાય ત્યારે ચૌદ રજ્જુમાંથી દેશોન આઠ રજ્જુમાં આત્મપ્રદેશોનો સ્પર્શ થાય તે આ પ્રમાણે....**

# ચૌદ રજ્જુ લોક.



અધોલોક ૭ રજ્જુ પ્રમાણ છે. ત્યારપછી ત્રસનાડી ઉપર ૯૦૦ યોજન અને નીચે ૯૦૦ યોજન તિર્યગ્લોક છે અને ૧૮૦૦ યોજન ન્યૂન ઉપર ઊર્ધ્વલોક છે. તેથી કુલ ૧૪ રજ્જુપ્રમાણ પંચાસ્તિકાયમય લોક પ્રાપ્ત થાય છે. અને તેમાં વચમાં ૧ રજ્જુ પ્રમાણ પહોળી અને ૧૪ રજ્જુ પ્રમાણ ઊર્ધ્વ ત્રસનાડી છે. તિર્ચ્છાલોકમાં પાંચ મહાવિદેહ છે. તેમાં કોઈક મહાવિદેહમાં અધોગ્રામ પ્રાપ્ત થાય છે. જે નીચેની ત્રસનાડીથી ૧ હજાર યોજન છે. તેથી નીચેનાં ૯૦૦ યોજનમાં જે તિર્ચ્છાલોક છે તેનાથી ૧૦૦ યોજન નીચે તે અધોગ્રામ પ્રાપ્ત થાય છે. માટે તે અધોગ્રામ અધોલોકની પ્રથમ રજ્જુમાં પ્રાપ્ત થાય છે. તે અધોગ્રામમાંથી કોઈક સમ્યગ્દૃષ્ટિ સાધુ અનુત્તરદેવલોકમાં ઇલિકાગતિથી જાય ત્યારે અધોલોકમાં તે મહાત્માનું શરીર છે ત્યાંથી માંડીને જે અનુત્તરદેવલોકમાં તે મહાત્મા ઉત્પન્ન થાય છે ત્યાં સુધી તેમના આત્મપ્રદેશો ઇયળની જેમ લાંબા થાય છે. તે વખતે તે મહાત્માના આત્મપ્રદેશો અધોલોકમાં સ્વશરીર સાથે જોડાયેલા છે અને ત્યાંથી અનુત્તર-દેવલોકના ભવ સુધી લાંબા થયેલા હોવાથી તે અનુત્તરદેવના શરીર સુધી જોડાયેલા છે. અને બીજા સમયે મનુષ્યશરીરથી આત્મપ્રદેશો નીકળીને અનુત્તરદેવલોકમાં પહોંચે છે. તેથી ઇલિકાગતિ દરમ્યાન તેમના આત્મપ્રદેશો અધોલોકમાં ૧૦૦ યોજન સ્પર્શેલા છે, તિર્ચ્છાલોકમાં ૧૮૦૦ યોજન સ્પર્શેલા છે અને અનુત્તરદેવલોકના ઉત્પત્તિસ્થાન સુધી સ્પર્શેલા છે. અને અનુત્તરદેવલોક ઊર્ધ્વલોકની છેલ્લી રજ્જુમાં છે તેથી સાત રજ્જુ ઉપરની અને અધોલોકની ૧ રજ્જુ એમ આઠ રજ્જુમાં સમ્યગ્દૃષ્ટિ તે મહાત્માનો આત્મપ્રદેશોનો સ્પર્શ છે. અને તે સ્પર્શ અધોલોકમાં ૧૦૦ યોજન જ હોવાથી અધોલોકની પ્રથમ રજ્જુના કાંઈક ભાગમાત્રનો સ્પર્શ છે, તેથી ભાષ્યમાં "अष्टौ चतुर्दशभागा देशोना" કહેલ છે અર્થાત્ ચૌદ રજ્જુમાંથી દેશોન આઠ રજ્જુ ભાગમાં સમ્યગ્દર્શનવાળા જીવની સ્પર્શના છે, એમ કહેલ છે.

વળી, સમ્યગ્દૃષ્ટિથી સર્વલોકનો સ્પર્શ છે; કેમ કે કેવલી સમ્યગ્દૃષ્ટિ છે અને કેવલી જ્યારે સમુદ્ઘાત કરે ત્યારે તેઓનો સ્પર્શ સર્વ લોકાકાશ સાથે થાય છે.

સ્પર્શના દ્વારમાં કહ્યું કે સમ્યગ્દર્શન વડે લોકનો અસંખ્યાત ભાગ સ્પર્શાયેલો છે અને સમ્યગ્દૃષ્ટિ વડે લોક સ્પર્શાયેલું છે. તેથી પ્રશ્ન થાય કે સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દર્શનનો શું ભેદ છે ? આ પ્રકારની શંકા કરીને ભાષ્યકાર ઉત્તર આપે છે –

અપાય સદ્દ્રવ્યસ્વરૂપે સમ્યગ્દર્શન છે અને કેવલીને અપાયસદ્દ્રવ્ય નથી. માટે કેવલી સમ્યગ્દર્શની નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિ છે.

અપાય સદ્દ્રવ્યસ્વરૂપે સમ્યગ્દર્શન છે એમ કહ્યું એનાથી એ પ્રાપ્ત થાય કે છદ્મસ્થને જે મતિજ્ઞાન છે તે અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એમ ચાર ભેદવાળું છે. તેમાંથી જે અપાયરૂપ મતિજ્ઞાનનો ભેદ છે તે સ્વરૂપે સમ્યગ્દર્શન છે અર્થાત્ ભગવાને જે પદાર્થો જે સ્વરૂપે કહ્યા છે તે પદાર્થો તેમ જ છે, તે પ્રકારનો નિર્ણય તે મતિજ્ઞાનનો અપાય છે. વળી, આ નિર્ણય થવામાં મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કારણ છે, તેમ મિથ્યાત્વમોહનીય કર્મનો ક્ષયોપશમ પણ કારણ છે. તેથી છદ્મસ્થ જીવોને મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમથી

અને મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ભગવાનના વચનમાં જે નિર્ણય વર્તે છે, તે મતિજ્ઞાનના અપાયરૂપ છે. વળી, મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમભાવવાળા સમ્યક્ત્વ મોહનીયરૂપ દળિયાની સહાયતાથી અને મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જે યથાર્થ દર્શન છે તે અપાય સદ્દ્રવ્યરૂપે સમ્યગ્દર્શન છે અને ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવોને મિથ્યાત્વમોહનીયનાં વિશુદ્ધ થયેલા દળિયાઓ નથી, તોપણ મતિજ્ઞાનનો અપાય છે, તે રૂપે સમ્યગ્દર્શન છે. તેથી છદ્મસ્થ જીવોને ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યગ્દર્શન છે, તે અપાયથી કે અપાય સદ્દ્રવ્યથી થયેલું છે અને કેવલીને મિથ્યાત્વના વિશુદ્ધ થયેલા દળિયા પણ નથી અને મતિજ્ઞાનનો અપાય પણ નથી. તેથી તેઓ સમ્યગ્દર્શની નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિ છે.

**(૫) કાલદ્વાર :-** સૂત્ર-૧/૭માં નિર્દેશ આદિ છ દ્વાર હતા, તેમાં સ્થિતિદ્વાર છે અને તે સ્થિતિદ્વારથી કાલદ્વારની પ્રાપ્તિ છે. સ્થિતિદ્વારમાં સમ્યગ્દર્શનની સ્થિતિ એક જીવને આશ્રયીને જઘન્યથી કેટલી છે અને ઉત્કૃષ્ટથી કેટલી છે, તેની વિચારણા કરેલ, પરંતુ સર્વ સમ્યગ્દર્શનવાળા જીવોને આશ્રયીને સ્થિતિદ્વારમાં વિચારણા કરેલ નહીં. તેથી હવે કાલદ્વારમાં એક જીવને આશ્રયીને પ્રાપ્ત થયેલ સમ્યક્ત્વનું ધારણ કેટલો કાળ થાય છે અને સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવોને આશ્રયીને પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ કેટલો કાળ ધારણ થાય છે, તેની વિચારણા કરવામાં આવે છે.

એક જીવને આશ્રયીને વિચારીએ તો સ્થિતિદ્વાર પ્રમાણે જ સમ્યક્ત્વના ધારણનો કાળ પ્રાપ્ત થાય છે અર્થાત્ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમથી કંઈક અધિક સમ્યક્ત્વના ધારણનો કાળ પ્રાપ્ત થાય છે. અને સર્વ જીવોને આશ્રયીને વિચારીએ તો સર્વ કાળ સમ્યક્ત્વવાળા જીવો પ્રાપ્ત થાય છે; કેમ કે પાંચ ભરત અને પાંચ ઐરાવતમાં ચોથા-પાંચમા આરાને છોડીને અન્ય કાળમાં સમ્યગ્દર્શનવાળા જીવોનો વિરહ પ્રાપ્ત થાય તોપણ મહાવિદેહમાં, દેવલોકમાં, સમ્યગ્દર્શનવાળા જીવોનો વિરહ ક્યારેય નથી, તેથી સર્વ જીવોને આશ્રયીને વિચારીએ તો સર્વ કાળ સમ્યગ્દર્શનવાળા જીવોની પ્રાપ્તિ છે.

**(૬) અંતરદ્વાર :-** અંતરદ્વાર=સમ્યગ્દર્શનનો વિરહકાળ. સમ્યગ્દર્શનથી પાત થયેલ જીવ ફરી જ્યાં સુધી સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરતો નથી, તે કાળ તે જીવને આશ્રયીને સમ્યગ્દર્શનનો વિરહકાળ છે.

એક જીવને આશ્રયીને વિચારણા કરીએ તો કોઈ જીવ ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી પાત પામીને ફરી અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વને પામે છે. વળી, કોઈ અન્ય જીવ ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી પાત પામીને ફરી અનંતકાળે સમ્યક્ત્વને પામે છે અને તે અનંતકાળ અર્ધપુદ્ગલ પરાવર્તથી કાંઈક ન્યૂન છે અને સર્વ જીવોને આશ્રયીને વિચારીએ તો સમ્યક્ત્વનો વિરહકાળ નથી; કેમ કે મહાવિદેહ આદિમાં સમ્યગ્દર્શનવાળા જીવોનું સર્વકાળ અવસ્થાન છે અર્થાત્ પાંચ ભરત, પાંચ ઐરાવતમાં ચોથા-પાંચમા આરાને છોડીને અન્ય કાળમાં સમ્યગ્દર્શનવાળા જીવોનો વિરહ પ્રાપ્ત થાય તોપણ મહાવિદેહમાં, દેવલોકમાં, તિર્યંચ કે નારકમાં સમ્યગ્દર્શનવાળા જીવોનો વિરહ ક્યારેય પ્રાપ્ત થતો નથી. તેથી સર્વ જીવોને આશ્રયીને વિચારીએ તો સમ્યક્ત્વનો વિરહકાળ નથી.

**(૭) ભાવદ્વાર :-** જીવમાં ઔદયિક આદિ પાંચ ભાવો છે, તેમાંથી સમ્યગ્દર્શન કયા ભાવમાં છે, એ પ્રકારનો પ્રશ્ન છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઔદયિક અને પારિણામિક ભાવને છોડીને ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિકભાવમાં સમ્યગ્દર્શન રહે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવમાં કર્મનાં ઉદયથી થનારા ભાવો પણ છે અને જીવનાં સ્વાભાવિક ભાવો પણ છે, તે ભાવરૂપ સમ્યગ્દર્શન નથી. પરંતુ દર્શનમોહનીય કર્મના ઉપશમથી અથવા દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમથી કે દર્શનમોહનીય કર્મના ક્ષયથી થનારો સમ્યગ્દર્શનનો ભાવ છે.

**(૮) અલ્પબહુત્વદ્વાર :-** અલ્પબહુત્વમાં ભાષ્યકાર પ્રશ્ન કરે છે. ઔપશમિક આદિ ત્રણ ભાવોમાં વર્તમાન એવા સમ્યગ્દર્શનવાળા જીવોનું શું તુલ્યસંખ્યાપણું છે અથવા અલ્પબહુત્વ છે ? તેનો ઉત્તર આપે છે –

સર્વથી થોડા ઔપશમિક સમ્યક્ત્વવાળા છે. અહીં પ્રશ્ન થાય કે ત્રણે સમ્યક્ત્વમાં ઔપશમિક સમ્યક્ત્વવાળા સહુથી થોડા કેમ છે ? તેથી ટીકાકાર કહે છે કે શ્રેણી આરોહણાદિ સ્વભાવવાળી આવા પ્રકારની પરિણતિને=ઔપશમિક સમ્યક્ત્વમાં વર્તે એવા પ્રકારની પરિણતિને ઘણા જીવો પ્રાપ્ત કરતા નથી, એ પ્રકારનું આગમ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે (૧) મિથ્યાદૃષ્ટિ જીવ પ્રથમ અનંતાનુબંધી ચાર અને મિથ્યાત્વ એમ પાંચનો ઉપશમ કરીને ઉપશમ સમ્યક્ત્વ પામે છે. (૨) ઉપશમશ્રેણીમાં અનંતાનુબંધી ચાર અને મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વ મોહનીય એ સાતનો ઉપશમ હોય છે. આ બે પ્રકારની પરિણતિને પામેલા જીવો થોડા પ્રાપ્ત થાય છે, તેથી ત્રણેય સમ્યક્ત્વમાં ઉપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરનારા જીવો થોડા છે.

ઉપશમસમ્યક્ત્વ કરતાં ક્ષાયિકસમ્યક્ત્વ અસંખ્યાતગણું છે. અહીં છદ્મસ્થના ક્ષાયિકસમ્યક્ત્વનું ગ્રહણ કરીને ઔપશમિકસમ્યક્ત્વ કરતાં ક્ષાયિકસમ્યક્ત્વનું અસંખ્યાતગણું કહેલ છે; કેમ કે છદ્મસ્થ જીવોને ઔપશમિકસમ્યક્ત્વ હોય છે અને તેના કરતાં અધિક ક્ષાયિકસમ્યક્ત્વવાળા છદ્મસ્થ જીવો છે.

વળી, છદ્મસ્થ જીવોને ક્ષાયિકસમ્યક્ત્વ કરતાં ક્ષાયોપશમિકસમ્યક્ત્વ અસંખ્યાતગણું છે; કેમ કે ચારે ગતિઓમાં ક્ષાયિકસમ્યક્ત્વવાળા જીવો કરતાં ક્ષાયોપશમિક સત્ત્વવાળા જીવો ઘણા છે.

વળી, કેવલીના આધારવાળું ક્ષાયિકસમ્યક્ત્વ કેટલું છે ? તેથી કહે છે – સર્વ કેવલીઓ અનંતા હોવાથી, અનંતગણું છે=કેવલીના આધારવાળું સમ્યક્ત્વ અનંતગણું છે, તેથી ભાષ્યકાર કહે છે કે સમ્યગ્દૃષ્ટિ અનંતગુણા છે.

સમ્યગ્દર્શનમાં નિર્દેશ આદિ દ્વારોની યોજના કરાઈ=સાતમા સૂત્ર અને આઠમા સૂત્રમાં બતાવેલ નિર્દેશ આદિ અને સત્ સંખ્યા આદિ દ્વાર બતાવ્યા.

સૂત્ર-૨માં સમ્યગ્દર્શનનું લક્ષણ બતાવ્યું. ત્યારપછી સમ્યગ્દર્શન શેનાથી થાય છે, તે સૂત્ર-૩માં બતાવ્યું અને સમ્યગ્દર્શનના લક્ષણના અંગભૂત તત્ત્વો કયા છે, તે સૂત્ર-૪માં બતાવ્યું. સમ્યગ્દર્શન તત્ત્વનો બોધ કઈ રીતે થાય, તે સ્પષ્ટ કરવા માટે સૂત્ર-૫ થી ૮ સુધી જીવાદિ તત્ત્વોના બોધના ઉપાયો બતાવ્યા. હવે

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે, તેમાંથી સમ્યગ્દર્શન પદાર્થનું અત્યાર સુધી વર્ણન કર્યું, તેનું નિગમન કરતાં કહે છે –

જે રીતે પૂર્વમાં સૂત્ર-૫થી ભાષ્યકારે નામાદિ ન્યાસ બતાવ્યો અને તેનું યોજન સમ્યગ્દર્શનમાં કર્યું, એ રીતે સર્વ ભાવોનું નામાદિ દ્વારા ન્યાસ કરીને પ્રમાણાદિથી બોધ કરવો જોઈએ. જેથી જીવાદિ સાત તત્ત્વોનો અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો વિસ્તારથી બોધ થાય. **॥૧-૮॥**

**અવતરણિકા :-**

**उक्तं सम्यग्दर्शनं । ज्ञानं वक्ष्यामः –**

**અવતરણિકાર્થ :-**

સમ્યગ્દર્શનનું કથન પરિસમાપ્ત કરીને જ્ઞાનને કહેવાની ઇચ્છાથી ભાષ્યકાર અવસર સંગતિને બતાવતાં કહે છે –

**"સમ્યગ્દર્શન કહેવાયું. જ્ઞાનને અમે કહીએ છીએ."**

**ભાવાર્થ :-**

અહીં 'સમ્યગ્દર્શન કહેવાયું' એ કથન દ્વારા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે એ કથનથી જે સમ્યગ્દર્શનના સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ હતી તે સમ્યગ્દર્શન કહેવાયું. હવે સમ્યગ્દર્શનના ઉત્તરભાવિ સમ્યગ્જ્ઞાનને જાણવાની જિજ્ઞાસા થાય, તેથી તેનું કથન કરવું આવશ્યક છે. તે બતાવવા માટે ભાષ્યકારે કહ્યું કે "સમ્યગ્દર્શન કહેવાયું." હવે "અમે જ્ઞાનને કહીએ છીએ."

**સૂત્ર :-**

## मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् ।।१-९।।

**સૂત્રાર્થ :-**

**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલજ્ઞાન એમ પાંચ ભેદવાળું જ્ઞાન છે. ।।૧-૯।।**

**ભાષ્ય :-**

**मतिज्ञानं श्रुतज्ञानं अवधिज्ञानं मनःपर्यायज्ञानं केवलज्ञानमित्येतत् मूलविधानतः पञ्चविधं ज्ञानं, प्रभेदास्त्वस्य पुरस्ताद्वक्ष्यन्ते ।।१-९।।**

**ભાષ્યાર્થ :-**

**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવલજ્ઞાન એ આ મૂળ ભેદથી પાંચ પ્રકારનું જ્ઞાન છે. વળી, આના=પાંચ જ્ઞાનના પ્રભેદો આગળ કહેવાશે. ।।૧-૯।।**

**ભાવાર્થ :-**

**મતિજ્ઞાન :-** ઇન્દ્રિય અને મનના વ્યાપારથી ઉત્પન્ન થયેલું જ્ઞાન મતિજ્ઞાન છે=પાંચમાંથી કોઈપણ ઇન્દ્રિય અને મનના વ્યાપારથી ઉત્પન્ન થયેલું જ્ઞાન મતિજ્ઞાન છે અથવા કેવળ મનના વ્યાપારથી ઉત્પન્ન થયેલું જ્ઞાન મતિજ્ઞાન છે.

**શ્રુતજ્ઞાન :-** શબ્દશક્તિજન્ય જ્ઞાન શ્રુતજ્ઞાન છે=આ શબ્દમાં આ અર્થનો બોધ કરાવવાની શક્તિ છે તેવી ઉપસ્થિતિ થવાથી તે શબ્દોથી જે બોધ થાય તે શ્રુતજ્ઞાન છે.

❖ સૂત્રમાં 'मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम्' એમ 'ज्ञानानि' બહુવચન ન કરતાં એકવચનમાં 'ज्ञानम्' પ્રયોગ કર્યો, તેનું કારણ પ્રથમ સૂત્રમાં 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' છે તેમ બતાવ્યું. તેમાં તે ત્રણના સમુદાયમાં જે જ્ઞાન છે તે પાંચ પ્રકારનાં છે તે બતાવવાં અર્થે 'मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम्'માં 'केवलानि' બહુવચનનો પ્રયોગ કરેલ છે અને મોક્ષમાર્ગ અંતર્ગત જ્ઞાન તે પાંચના સમુદાયરૂપ એક છે તે બતાવવા 'ज्ञानम्' એકવચનનો પ્રયોગ કરેલ છે.

**અવધિજ્ઞાન :-** રૂપી માત્ર વિષયવાળું અવધિજ્ઞાન છે=અરૂપીના વિષયવાળું નહિ, પરંતુ માત્ર રૂપીના વિષયવાળું અવધિજ્ઞાન છે.

**મનઃપર્યાયજ્ઞાન :-** ભાવમનના પર્યાય માત્રને સાક્ષાત્ કરનાર મનઃપર્યાયજ્ઞાન છે=મનોવર્ગણાના પુદ્ગલરૂપ દ્રવ્યમન છે અને બોધ કરવા અર્થે મનરૂપે પરિણમન પમાડાયેલા મનોવર્ગણાના પુદ્ગલો તે ભાવમન છે અને તે ભાવમનરૂપે પરિણમન પામેલા મનોવર્ગણાના દ્રવ્યના ચિંતિત પદાર્થના અર્થના વાચક એવા પર્યાયમાત્રને સાક્ષાત્ કરનાર મનઃપર્યાયજ્ઞાન છે.

**કેવલજ્ઞાન :-** જ્ઞાનાન્તરથી અસહચરિત એવું કેવલજ્ઞાન છે અર્થાત્ પૂર્વના ચાર જ્ઞાનોથી અસહચરિત કેવલજ્ઞાન છે અર્થાત્ કેવલ=એક જ્ઞાન છે અથવા સર્વવિષયવાળું કેવલજ્ઞાન છે=કેવલ જ્ઞાન છે પરંતુ સાથે અજ્ઞાન નથી. **॥૧-૯॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૬માં કહ્યું કે પ્રમાણનયથી અધિગમ થાય છે. ત્યાં જિજ્ઞાસા થાય કે પ્રમાણ શું છે, તેથી ગ્રંથકારશ્રી પ્રમાણનો બોધ કરાવવા અર્થે સૂત્ર કહે છે –**

**સૂત્ર :-**

**तत् प्रमाणे ।।१-१०।।**

**સૂત્રાર્થ :-**

**તે=પૂર્વસૂત્રમાં કહ્યું તે જ્ઞાન, બે પ્રમાણ છે. ।।૧-૧૦।।**

**ભાષ્ય :-**

**तदेतत्पञ्चविधमपि ज्ञानं द्वे प्रमाणे भवतः, परोक्षं प्रत्यक्षं च ।।१-१०।।**

**ભાષ્યાર્થ :-**

**તે આ=પૂર્વસૂત્રમાં કહ્યું તે આ, પાંચ પ્રકારનું પણ જ્ઞાન બે પ્રમાણ છે.**

તે બે પ્રમાણ કયા છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

**પરોક્ષ પ્રમાણ અને પ્રત્યક્ષ પ્રમાણ. ।।૧-૧૦।।**

**ભાવાર્થ :-**

ઇન્દ્રિય અને મનના નિમિત્તથી જે જ્ઞાન થાય છે, તે પરોક્ષ છે. તેથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે. ઇન્દ્રિય અને મનથી નિરપેક્ષ જે જ્ઞાન થાય છે, તે પ્રત્યક્ષ છે. તેથી અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવલજ્ઞાન પ્રત્યક્ષ છે, એમ ફલિત થાય છે. વળી, બન્ને પ્રકારના જ્ઞાનમાં પણ જે 'સાકાર' અંશ છે, તે પ્રમાણ કહેવાય છે અને જે 'નિરાકાર' અંશ છે, તે પ્રમાણ નથી અને સાકાર અંશમાં પણ જે સંશય, વિપર્યય અને અનધ્યવસાયથી રહિત છે તે પ્રમાણ છે.

આનાથી એ ફલિત થાય કે મતિ અને શ્રુતજ્ઞાન પરોક્ષજ્ઞાન છે. વળી, માર્ગાનુસારી નિર્મળ મતિ હોય તો તે મતિજ્ઞાન જીવાદિ તત્ત્વોનો યથાર્થ બોધ કરાવે છે માટે પ્રમાણ છે અને જે મતિજ્ઞાન જીવાદિ તત્ત્વોનો યથાર્થ બોધ કરાવનાર નથી, તે સંશય, વિપર્યય કે અનધ્યવસાયવાળું મતિજ્ઞાન છે. માટે પ્રમાણ નથી.

વળી, શ્રુતજ્ઞાન પણ ભગવાનના વચન અનુસાર યથાર્થ બોધ કરાવે તેવું હોય તો પ્રમાણ છે અને જો ભગવાનના વચન અનુસાર યથાર્થ બોધ કરાવનાર ન હોય તો અપ્રમાણ છે.

વળી, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવલજ્ઞાન ઇન્દ્રિય અને મનથી નિરપેક્ષ થતું હોવાથી પ્રત્યક્ષપ્રમાણ છે.

વળી, અવધિજ્ઞાન સમ્યગ્દૃષ્ટિને નિર્મળ હોવાથી જીવાદિ તત્ત્વોનો યથાર્થ બોધ કરાવનાર છે માટે પ્રમાણ છે. મિથ્યાદૃષ્ટિને જીવાદિ તત્ત્વોનો યથાર્થ બોધ નહિ કરાવનાર હોવાથી વિભંગજ્ઞાન અપ્રમાણ છે.

વળી, મનઃપર્યાયજ્ઞાન અપ્રમત્ત મુનિને થાય છે. માટે યથાર્થ જ બોધ કરાવનાર છે, તેથી પ્રમાણ છે.

વળી, કેવળજ્ઞાન જીવાદિ સર્વ પદાર્થોનો પરિપૂર્ણ યથાર્થ બોધ કરાવનાર હોવાથી પ્રમાણ છે. **।।૧-૧૦।।**

**અવતરણિકા :-**

**પૂર્વસૂત્ર-૧/૧૦માં કહ્યું કે મતિ આદિ પાંચ જ્ઞાનો પ્રમાણ છે અને તે પ્રમાણ પ્રત્યક્ષ અને પરોક્ષ બે ભેદવાળું છે, તેમ ભાષ્યમાં કહ્યું. તેથી જિજ્ઞાસા થાય કે પાંચ ભેદવાળા જ્ઞાનમાં કયા કયા જ્ઞાન પ્રત્યક્ષ છે અને કયા કયા જ્ઞાન પરોક્ષ છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**आद्ये परोक्षम् ।।१-११।।**

**સૂત્રાર્થ :-**

**પ્રથમ બે જ્ઞાન પરોક્ષ છે. ।।૧-૧૧।।**

**ભાષ્ય :-**

**आदौ भवमाद्यं, आद्ये सूत्रक्रमप्रामाण्यात् प्रथमद्वितीये शास्ति, तदेवमाद्ये मतिज्ञानश्रुतज्ञाने परोक्षं प्रमाणं भवतः, कुतः ?, निमित्तापेक्षत्वात्, अपायसद्द्रव्यतया मतिज्ञानं, तदिन्द्रियानिन्द्रियनिमित्तमिति वक्ष्यते, तत्पूर्वकत्वात्परोपदेशजत्वाच्च श्रुतज्ञानम् ।।१-११।।**

**ભાષ્યાર્થ :-**

સૂત્રમાં કહેલ 'आद्य' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

**આદિમાં થાય તે 'आद्य' એમ ભાષ્યકાર કહે છે. સૂત્રક્રમના પ્રામાણ્યથી આદ્ય=પ્રથમ અને દ્વિતીય કહે છે. આનાથી શું ફલિત થયું તે ભાષ્યકાર 'तदेवं'થી બતાવે છે. 'आद्य' એવાં મતિ અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે.**

કેમ પરોક્ષ પ્રમાણ છે, તેમાં હેતુ કહે છે –

**નિમિત્તની અપેક્ષાવાળું છે=મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન નિમિત્તની અપેક્ષાવાળાં છે.**

અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનને પણ અંતરંગ ક્ષયોપશમભાવરૂપ નિમિત્તની અપેક્ષા છે અને કેવળજ્ઞાનને પણ આવરણ ક્ષયરૂપ નિમિત્તની અપેક્ષા છે. વળી, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન પણ તે જ્ઞાનના વિષયરૂપ નિમિત્તની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે. તેથી નિમિત્તઅપેક્ષાપણારૂપ હેતુ પાંચે જ્ઞાનમાં છે, મતિ-શ્રુતજ્ઞાન માત્રમાં નહિ. તેના નિરાકરણ માટે નિમિત્તઅપેક્ષાપણાનો અર્થ વિશેષ કરવા માટે ભાષ્યકાર કહે છે –

**અપાય સદ્દ્રવ્યપણાથી મતિજ્ઞાન છે અને તે=અપાયસદ્દ્રવ્યપણાથી થનારું મતિજ્ઞાન, ઇન્દ્રિય અને અનિન્દ્રિય નિમિત્ત છે, એ પ્રમાણે આગળમાં કહેવાશે.**

વળી, શ્રુતજ્ઞાન પણ પરોક્ષ કેમ છે, તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

**તત્પૂર્વકપણું હોવાથી=મતિજ્ઞાનપૂર્વક હોવાથી, અને પરોપદેશજન્યપણું હોવાથી=પરોપદેશથી થનારું હોવાથી, શ્રુતજ્ઞાન નિમિત્તની અપેક્ષાવાળું છે. માટે પરોક્ષ છે એમ અન્વય છે. ।।૧-૧૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં પાંચ જ્ઞાન પ્રમાણ છે, એમ બતાવ્યાં. તેમાંથી આદ્ય બે જ્ઞાન પરોક્ષ છે, તેમ પ્રસ્તુત સૂત્રમાં બતાવેલ છે. ત્યાં પ્રશ્ન થાય કે 'આદ્ય' કોને કહેવું ? ત્યાં ભાષ્યકારે ખુલાસો કર્યો કે આદિમાં જે થાય તે

આદ્ય છે. આદિમાં થનારું આદ્ય અનેક અપેક્ષાએ હોય છે. જેમ કોઈ પહેલા જન્મેલો હોય તો ઉત્તરમાં જન્મેલાની અપેક્ષાએ આદ્ય કહેવાય. તેમ અહીં કઈ અપેક્ષાએ આદ્ય કહ્યું, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે.

સૂત્ર-૯માં જે પાંચ જ્ઞાન બતાવ્યાં તેમાં જે ક્રમ છે, તે ક્રમના પ્રામાણ્યથી પ્રથમનાં બે મતિ અને શ્રુતજ્ઞાન આદ્ય છે અને તે આદ્ય એવા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે. કેમ પરોક્ષ પ્રમાણ છે, તેમાં યુક્તિ આપે છે. આદ્ય બે જ્ઞાનોને નિમિત્તની અપેક્ષા છે માટે પરોક્ષ છે. ત્યાં પ્રશ્ન થાય કે પાંચે જ્ઞાનોને નિમિત્તની અપેક્ષા છે, તેથી આદ્ય બે જ્ઞાનોને નિમિત્તની અપેક્ષા છે માટે પરોક્ષ છે તેમ કેમ કહી શકાય ? અર્થાત્ અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનને પણ અંતરંગ ક્ષયોપશમ ભાવરૂપ નિમિત્તની અપેક્ષા છે અને કેવળજ્ઞાનને પણ આવરણક્ષયરૂપ નિમિત્તની અપેક્ષા છે. વળી, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન ત્રણે જ્ઞાનો પણ બાહ્ય વિષયના નિમિત્તની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે. તેથી પણ ત્રણે જ્ઞાનોને નિમિત્તની અપેક્ષા છે. માટે પ્રથમ બે જ્ઞાનોને નિમિત્તની અપેક્ષા છે. તેથી પરોક્ષ છે, તેમ કેમ કહેવાય ? તેની સ્પષ્ટતા અર્થે ભાષ્યકાર કહે છે –

અપાય સદ્દ્રવ્યપણારૂપે મતિજ્ઞાન થાય છે અને તે મતિજ્ઞાન ઇન્દ્રિય અને અનિન્દ્રિયના=મનના નિમિત્તે થાય છે. માટે ઇન્દ્રિય અને અનિન્દ્રિયરૂપ નિમિત્તની અપેક્ષા મતિજ્ઞાનને હોવાથી મતિજ્ઞાન પરોક્ષ છે અને અવધિ આદિ ત્રણ જ્ઞાનોને ઇન્દ્રિય અને મનની અપેક્ષા નથી માટે પરોક્ષ નથી.

વળી, શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે. તેથી શ્રુતજ્ઞાનને પણ ઇન્દ્રિય અને મનની અપેક્ષા છે અને શ્રુતજ્ઞાન પરોપદેશથી થાય છે. માટે પરોપદેશરૂપ નિમિત્તની અપેક્ષા શ્રુતજ્ઞાનને છે. તેથી શ્રુતજ્ઞાન પરોક્ષ છે. જ્યારે અવધિ આદિ ત્રણે જ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થતાં નથી કે પરોપદેશથી થતાં નથી, તેથી પરોક્ષ નથી.

અહીં મતિજ્ઞાન 'અપાય સદ્દ્રવ્યપણારૂપે' છે એમ કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય કે મતિજ્ઞાન અવગ્રહ, ઇહારૂપ નથી, પણ અપાયરૂપ છે અર્થાત્ નિર્ણયરૂપ છે. વળી, 'સદ્દ્રવ્યપણારૂપે' કહેવાથી મિથ્યાદૃષ્ટિના જ્ઞાનનો વ્યવચ્છેદ થાય છે; કેમ કે સદ્દ્રવ્ય સમ્યક્ત્વમોહનીયના દલિયા છે અને તેનાથી તત્ત્વના યથાર્થ નિર્ણયરૂપ મતિજ્ઞાન થાય છે. વળી, ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વમોહનીયના દલિયા નથી, તોપણ તત્ત્વના યથાર્થ નિર્ણયરૂપ અપાય વર્તે છે. માટે અપાયરૂપ કે અપાયસદ્દ્રવ્યરૂપ જ્ઞાન મતિજ્ઞાન છે અને 'અપાય' કહેવાથી એ પ્રાપ્ત થાય કે પાંચ ઇન્દ્રિય અને મનના નિમિત્તને આશ્રયીને જે તત્ત્વનો નિર્ણય થાય તે મતિજ્ઞાન છે અને આ મતિજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે. **॥૧-૧૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વસૂત્રમાં પાંચ જ્ઞાનોમાંથી બે જ્ઞાનો પરોક્ષ છે એમ બતાવ્યું. હવે તેનાથી અન્ય પ્રત્યક્ષ છે, એ બતાવવાં કહે છે –**

**સૂત્ર :-**

**प्रत्यक्षमन्यद् ।।१-१२।।**

**ભાષ્ય :-**

**मतिश्रुताभ्यां यदन्यत् त्रिविधं ज्ञानं तत्प्रत्यक्षं प्रमाणं भवति, कुतः ?, अतीन्द्रियत्वात्, प्रमीयन्तेऽर्थास्तैरिति प्रमाणानि, अत्राह-इह अवधारितं 'द्वे एव प्रमाणे प्रत्यक्षपरोक्षे' इति, अनुमानोपमानागमार्थापत्तिसम्भवाभावान्यपि च प्रमाणानीति केचिन्मन्यन्ते तत्कथमेतदिति, अत्रोच्यते, सर्वाण्येतानि मतिश्रुतयोरन्तर्भूतानि, इन्द्रियार्थसन्निकर्षनिमित्तत्वात्, किञ्चान्यत्-अप्रमाणान्येव वा, कुतः ?, मिथ्यादर्शनपरिग्रहाद्विपरीतोपदेशाच्च, मिथ्यादृष्टेर्हि मतिश्रुतावधयो नियतमज्ञानमेवेति वक्ष्यते, नयवादान्तरेण तु यथा मतिश्रुतविकल्पजानि भवन्ति तथा परस्ताद्वक्ष्यामः ।।१-१२।।**

**ભાષ્યાર્થ :-**

**અન્ય=મતિ, શ્રુતથી અન્ય, એવાં ત્રણ જ્ઞાનો તે પ્રત્યક્ષ પ્રમાણ છે.**

મતિ, શ્રુતથી જે અન્ય ત્રણ પ્રકારનાં જ્ઞાનો છે, તે પ્રત્યક્ષ પ્રમાણ છે. કેમ પ્રત્યક્ષ પ્રમાણ છે, તેમાં હેતુ કહે છે –

**અતીન્દ્રિયપણું છે=પાછળનાં ત્રણે જ્ઞાનો ઈન્દ્રિયની અપેક્ષા વિના થાય છે.**

પૂર્વસૂત્રના ભાષ્યમાં બે પ્રકારના પરોક્ષ પ્રમાણ બતાવ્યા અને પ્રસ્તુત સૂત્રના ભાષ્યમાં ત્રણ પ્રકારના પ્રત્યક્ષ પ્રમાણ બતાવ્યા. તેથી જિજ્ઞાસા થાય કે 'પ્રમાણ' કોને કહેવાય. તેથી 'પ્રમાણ'નો અર્થ સ્પષ્ટ કરે છે –

**તેનાથી=પાંચ પ્રકારના જ્ઞાનોથી, અર્થોનો નિર્ણય થાય છે, એથી પ્રમાણ છે. અહીં=પૂર્વમાં પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણ કહ્યા એમાં, કોઈક શંકા કરે છે. इह=અહીં=તમારા કથનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે જ પ્રમાણ છે, એ પ્રમાણે અવધારણ કરાયું. અનુમાન, ઉપમાન, આગમ, અર્થાપત્તિ, સંભવ અને અભાવ પણ પ્રમાણ છે એ પ્રમાણે કેટલાક માને છે. तद्=તે કારણથી, આ=પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણ છે એ, કેવી રીતે સંગત થાય ? 'इति' શબ્દ પૂર્વપક્ષીની શંકાની સમાપ્તિમાં છે.**

**अत्र=અહીં=પૂર્વપક્ષીની શંકામાં ભાષ્યકાર વડે જવાબ અપાય છે. સર્વ પણ આ=અન્ય વડે સ્વીકારાયેલા અનુમાન આદિ સર્વ પણ આ પ્રમાણો, મતિ-શ્રુતજ્ઞાનમાં અંતર્ભૂત છે; કેમ કે ઈન્દ્રિયો અને અર્થના સંનિકર્ષનું નિમિત્તપણું છે=ઈન્દ્રિય અને પદાર્થના સંબંધના નિમિત્તપણાથી, અન્યએ સ્વીકારેલા અનુમાનાદિ સર્વ પણ પ્રમાણ થાય છે માટે મતિ-શ્રુતમાં અંતર્ભાવ પામેલ છે, એમ સંબંધ છે.**

**વળી, અન્ય=અન્ય પક્ષ પણ છે અને (તે અન્ય પક્ષ બતાવે છે –) અથવા અપ્રમાણ જ છે= અનુમાન આદિ પ્રમાણો કેટલાક માને છે તે અપ્રમાણ જ છે. કેમ અપ્રમાણ છે ? તેથી કહે છે – મિથ્યાદર્શન વડે પરિગ્રહ હોવાથી અને વિપરીત ઉપદેશ હોવાથી અન્ય દર્શનકારો વડે સ્વીકારાયેલ અનુમાન આદિ પ્રમાણો અપ્રમાણ જ છે એમ અન્વય છે. અન્યદર્શન વડે સ્વીકારાયેલા અનુમાન આદિ**

**અપ્રમાણ કેમ છે, તેને સ્પષ્ટ કરવા અર્થે આગળમાં ભાષ્યકાર જે કહેવાના છે, તેનું સ્મરણ કરાવે છે - મિથ્યાદૃષ્ટિનાં મતિ, શ્રુત અને અવધિ નક્કી અજ્ઞાન જ છે એ પ્રમાણે કહેવાશે=આગળમાં કહેવાશે.**

અહીં પ્રશ્ન થાય કે જો અનુમાન આદિ પ્રમાણ અપ્રમાણ જ હોય તો ભાષ્યકારે સ્વયં અનુમાન આદિ પ્રમાણો મતિ, શ્રુતમાં અંતર્ભાવ પામે છે, તેમ કેમ કહ્યું ? તેથી ભાષ્યકાર કહે છે –

**વળી, નયવાદાન્તરથી જે પ્રમાણે મતિ, શ્રુતના વિકલ્પથી ઉત્પન્ન થનારા અનુમાન આદિ પ્રમાણો છે, તે પ્રમાણે આગળમાં અમે કહીશું. ॥૧-૧૨॥**

**ભાવાર્થ :-**

મતિ-શ્રુતથી જે અન્ય એવાં અવધિ, મનઃપર્યાય અને કેવળજ્ઞાન છે, તે પ્રત્યક્ષ પ્રમાણ છે અને આ વાક્ય અવધારણ પર છે=આ વાક્ય 'एव' કારવાળું છે. તેથી આ ત્રણે જ્ઞાનો એકાન્તે પ્રત્યક્ષ છે, એમ ફલિત થાય છે. આ ત્રણે જ્ઞાનો પ્રત્યક્ષ કેમ છે ? તેમાં યુક્તિ આપે છે. અતીન્દ્રિયપણું છે અર્થાત્ યોગીના સાક્ષાત્કારના અનુરોધથી આત્માના અભિમુખપણાસ્વરૂપ અતીન્દ્રિયપણું ત્રણે જ્ઞાનોમાં છે. તેથી પ્રત્યક્ષનું લક્ષણ ત્રણેય જ્ઞાનમાં સંગત છે.

આશય એ છે કે મતિ અને શ્રુતજ્ઞાન પાંચ ઇન્દ્રિયો અને મનથી થાય છે. જ્યારે અવધિ આદિ ત્રણ જ્ઞાનોથી થતો બોધ યોગીઓને તથા પ્રકારના કર્મના વિગમનથી, ઇન્દ્રિય અને મન નિરપેક્ષ આત્મસાક્ષાત્કારથી થાય છે. માટે અતીન્દ્રિય છે તેથી પ્રત્યક્ષ છે.

આ રીતે સૂત્ર-૧૧માં બે જ્ઞાન પરોક્ષ પ્રમાણ છે અને સૂત્ર-૧૨માં ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે, તેમ બતાવ્યું. તેથી હવે પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણમાં 'પ્રમાણ' શબ્દનો અર્થ શું છે, તે ભાષ્યકાર સ્પષ્ટ કરે છે. તે પાંચે જ્ઞાનો વડે યથાવત્ જીવાદિ અર્થો નિર્ણીત થાય છે, તેથી તે પાંચે જ્ઞાનો પ્રમાણ છે.

પૂર્વમાં ભાષ્યકારે પાંચ જ્ઞાનોમાંથી બે જ્ઞાનો પરોક્ષ પ્રમાણ છે અને ત્રણ જ્ઞાનો પ્રત્યક્ષ પ્રમાણ છે, તેની સ્પષ્ટતા કરી અને 'પ્રમાણ' શબ્દનો અર્થ સ્પષ્ટ કર્યો. ત્યાં કોઈક તત્ત્વજિજ્ઞાસુને શંકા થાય તે શંકા બતાવતાં ભાષ્યકાર કહે છે –

તમે પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણ છે તેમ કહ્યું તે અમારા વડે અવધારણ કરાયું. પરંતુ સાંખ્ય દર્શનકારો પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ ચાર પ્રમાણો માને છે. પ્રભાકર નૈયાયિકોએ સ્વીકારેલા ચાર પ્રમાણમાં 'અર્થાપત્તિ'ને ઉમેરીને પાંચ પ્રમાણો કહે છે અને ભાટ્ટ અને વેદાન્તીઓ પ્રભાકરે સ્વીકારેલા પાંચ પ્રમાણમાં અભાવને પ્રમાણરૂપે સ્વીકારીને છ પ્રમાણો માને છે. વેદાન્તીઓએ સ્વીકારેલા છ પ્રમાણમાં સંભવ અને ઐતિહ્ય એ બે પ્રમાણોને ગ્રહણ કરીને આઠ પ્રમાણો પૌરાણિકો માને છે, તો તમે પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણ છે, એમ કેમ નિર્ણય કર્યો ? એ પ્રકારનો શંકાકારનો આશય છે.

આ પ્રકારની શંકામાં ભાષ્યકાર કહે છે - અન્ય દર્શનકારો, જે અનુમાન આદિ પ્રમાણો સ્વીકારે છે, તે સર્વ પ્રમાણો મતિ-શ્રુતમાં અંતર્ભાવ પામે છે; કેમ કે અનુમાન આદિ સર્વ પ્રમાણો ઇન્દ્રિય અને બાહ્ય પદાર્થોના સંબંધના નિમિત્તથી થનારા છે.

આનાથી એ ફલિત થાય કે ગ્રંથકારશ્રીએ સર્વજ્ઞાનોને ગ્રહણ કરીને પરોક્ષજ્ઞાન અને પ્રત્યક્ષજ્ઞાન એમ બે વિભાગ બતાવ્યાં. તેમાં જે પરોક્ષજ્ઞાન છે તે મતિશ્રુતરૂપ છે અને તે મતિશ્રુતજ્ઞાનથી અપૃથગ્ભૂત અનુમાન આદિ સર્વ પ્રમાણો છે. તેથી અન્ય દર્શનકારો વડે સ્વીકારાયેલા આઠે પ્રમાણો પણ સંપૂર્ણ પ્રમાણભૂત જ્ઞાનનો સંગ્રહ કરતા નથી, પરંતુ પાંચ જ્ઞાનોના એક દેશ મતિશ્રુતમાં તે સર્વનો અંતર્ભાવ થાય છે.

તેથી એ ફલિત થાય કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે. તદ્અંતર્ગત જે સમ્યગ્જ્ઞાન છે, તે પાંચ જ્ઞાનો સ્વરૂપ છે અને મતિશ્રુતજ્ઞાન પ્રથમ ભૂમિકાના યોગમાર્ગની નિષ્પત્તિનું કારણ છે. આથી જ ઉત્કૃષ્ટ ચૌદપૂર્વી પણ પ્રાતિભજ્ઞાનના અભાવને કારણે સંપૂર્ણ મોહનું ઉન્મૂલન કરી શકતા નથી અને કેવળજ્ઞાનના અભાવને કારણે યોગનિરોધ કરી શકતા નથી અને સંપૂર્ણ યોગમાર્ગ માટે ઉપયોગી જ્ઞાન અંતિમ ભૂમિકાનું કેવળજ્ઞાન છે; કેમ કે કેવળજ્ઞાનથી જ યોગનિરોધ થાય છે અને કેવળજ્ઞાનની પૂર્વભૂમિકાના યોગમાર્ગમાં પ્રાતિભજ્ઞાન ઉપયોગી છે; કેમ કે પ્રાતિભજ્ઞાન સંપૂર્ણ મોહના ઉન્મૂલનનું કારણ બને છે અને આ પ્રાતિભજ્ઞાન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન રૂપ ચાર જ્ઞાનના પ્રકર્ષમાં ઉત્તરભાવિ થનારું છે. તેથી પ્રાતિભજ્ઞાનની નિષ્પત્તિમાં જેમ મતિશ્રુતજ્ઞાન કારણ છે, તેમ વિશેષથી અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન પણ કારણ છે. આ રીતે મોક્ષમાર્ગના ત્રણ અંગોમાંથી એક અંગભૂત સમ્યગ્દર્શનનું અને બીજા અંગભૂત સમ્યગ્જ્ઞાનનું પૂર્ણ નિરૂપણ ભગવાનના શાસ્ત્રમાં ઉપલબ્ધ છે, અન્ય દર્શનમાં નહિ.

વળી, ભાષ્યકાર 'किञ्च अन्यत्' દ્વારા પક્ષાન્તરનો આશ્રય કરે છે. અનુમાન આદિ આઠ પ્રમાણો જે અન્ય દર્શનકારો સ્વીકારે છે તે અપ્રમાણ જ છે. કેમ અપ્રમાણ છે, તે સ્પષ્ટ કરતાં કહે છે. મિથ્યાદર્શનવાળાઓએ તે પ્રમાણો સ્વીકાર્યા છે માટે અપ્રમાણ છે; કેમ કે મિથ્યાદૃષ્ટિથી સ્વીકારાયેલ સર્વ જ્ઞાન મિથ્યા છે એ પ્રમાણેનું શાસ્ત્રવચન છે.

અહીં પ્રશ્ન થાય કે મિથ્યાદર્શનવાળાઓએ પણ જે આઠ પ્રમાણો કહ્યા છે, તે યથાવત્ પદાર્થને કહેનારા હોય તો તેને અપ્રમાણ કેમ કેહવાય ? તેથી કહે છે –

તે તે દર્શનવાદીઓ અનુમાન આદિ આઠ પ્રમાણોમાંથી સ્વ-સ્વદર્શનના મત અનુસાર જે જે પ્રમાણો સ્વીકારે છે, તે એક નયના આશ્રયથી સ્વીકારે છે. માટે તેઓનું વચન અપ્રમાણભૂત છે.

અહીં પ્રશ્ન થાય કે તેઓ પણ જે એક નયથી કથન કરે છે, તે અપેક્ષાએ તેમનું કથન તો સત્ય છે. માટે તેમનું કથન પ્રમાણ કહેવું જોઈએ. તેથી બીજો હેતુ કહે છે –

મિથ્યાદર્શનવાળા એવા તેઓ વિપરીત ઉપદેશ આપનારા છે=એકાંત પ્રરૂપણા કરનારા છે. તેથી ઉન્મત્ત પુરુષના વાક્યની જેમ તેમનું વચન અસંબદ્ધ પ્રલાપરૂપ છે. માટે તેઓ જે અનુમાન આદિ પ્રમાણ કહે છે તે સર્વ અપ્રમાણ છે.

આશય એ છે કે અન્ય દર્શનવાદીઓ અનુમાન-ઉપમાન આદિ પ્રમાણો સ્વીકારે છે અને તે જ્ઞાનોને પ્રમાણરૂપે સ્વીકારીને જે ઉપદેશ આપે છે, તે સર્વ એકાંત પ્રરૂપણારૂપ હોવાથી તેઓના સ્વીકારેલા અનુમાન આદિ પ્રમાણો મોક્ષપ્રાપ્તિનાં કારણો બનતા નથી, માટે અપ્રમાણ છે.

વસ્તુતઃ યથાર્થજ્ઞાન સમ્યક્ પ્રવૃત્તિ અને સમ્યક્ નિવૃત્તિ કરવાને અનુકૂળ દિશા બતાવે છે અને તે પ્રમાણે સમ્યક્ પ્રવૃત્તિ અને સમ્યક્ નિવૃત્તિ કરવાથી જીવની હિતમાં પ્રવૃત્તિ થાય છે અને અહિતથી નિવૃત્તિ થાય છે અને એકાંતદર્શનવાદીઓના વચનો ઉન્મત્તની જેમ અસંબદ્ધ પ્રલાપરૂપ હોવાથી સમ્યક્ બોધ કરાવીને હિતની પ્રવૃત્તિનું અને અહિતથી નિવૃત્તિનું કારણ બનતા નથી. માટે અન્ય દર્શનવાદીઓએ સ્વીકારેલા અનુમાન આદિ પ્રમાણો અપ્રમાણ છે.

તેની જ પુષ્ટિ કરતાં ભાષ્યકાર કહે છે –

મિથ્યાદૃષ્ટિનાં મતિ-શ્રુત અને અવધિ નિયમથી અજ્ઞાન છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવો સ્વમતિ અનુસાર જે અનુમાન આદિ પ્રમાણો સ્વીકારે છે, તે પ્રમાણો સમ્યક્ બોધનું કારણ નથી. માટે અપ્રમાણ છે.

અહીં પ્રશ્ન થાય કે જો અન્ય દર્શનવાદીના અનુમાનઆદિ પ્રમાણો અપ્રમાણ જ હોય તો ગ્રંથકારશ્રીએ પૂર્વમાં તે અનુમાન આદિ પ્રમાણોનો પરોક્ષ પ્રમાણભૂત એવા મતિ-શ્રુતમાં અંતર્ભાવ થાય છે, તેમ કેમ કહ્યું ? અર્થાત્ પરોક્ષ પ્રમાણભૂત મતિ-શ્રુતમાં અપ્રમાણભૂત એવા અનુમાન આદિ પ્રમાણોનો અંતર્ભાવ થઈ શકે નહિ. તેથી ભાષ્યકારના પૂર્વકથન સાથે અનુમાન આદિ પ્રમાણોને અપ્રમાણરૂપ કહેવું વિરોધી થશે. તેના સમાધાન માટે ભાષ્યકાર કહે છે –

નયવાદાન્તરથી વળી જે પ્રમાણે મતિ-શ્રુતના વિકલ્પથી થનારા અનુમાન આદિ પ્રમાણો છે, તે પ્રમાણે સ્વયં ભાષ્યકાર આગળમાં બતાવશે. આથી એ પ્રાપ્ત થાય કે કોઈક નયદૃષ્ટિથી અન્યદર્શનકારોનાં અનુમાન આદિ પ્રમાણો અપ્રમાણ છે અને અન્ય નયદૃષ્ટિથી અન્ય દર્શનકારોને અભિમત એવા અનુમાન આદિ પ્રમાણો મતિ-શ્રુતના વિકલ્પથી થનારા છે, તેથી પરોક્ષ એવા મતિ-શ્રુતમાં અંતર્ભાવ પામે છે.

વળી, નયવાદાન્તરથી પરદર્શનકારોને માન્ય અનુમાન આદિ પ્રમાણો મતિ-શ્રુતમાં અંતર્ભાવ પામે છે. તેનું તાત્પર્ય સ્પષ્ટ કરતાં ટીકાકાર કહે છે – નયો નૈગમ આદિ છે. તેઓનો સ્વરુચિ અનુસાર અર્થના પ્રકાશનરૂપ જે વાદ છે, તેના ભેદથી મતિ-શ્રુતમાં અનુમાન આદિ પ્રમાણો અંતર્ભાવ પામે છે, એ વાત ગ્રંથકારશ્રી આગળમાં નયવિચારણામાં બતાવશે. વળી, શબ્દનયના મતમાં મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ એવો ભેદ નથી. એથી શબ્દનયના મતથી અન્ય દર્શનકારોને અભિમત અનુમાન આદિ પ્રમાણ છે.

આશય એ છે કે શબ્દનય કહે છે કે જ્ઞાન અને મિથ્યા સંભવે નહિ અર્થાત્ જ્ઞાન વિપરીત હોય એ સંભવે નહિ, પરંતુ જ્ઞાન અને જ્ઞાનનો અભાવ સંભવે. તેના માટે યુક્તિ આપે છે કે અંધકારમાં દોરડાને જોઈને 'આ' સાપ છે, તેવો ભ્રમ થાય છે. ત્યાં પણ શબ્દનય કહે છે કે 'આ' એ પ્રકારનો બોધ યથાર્થ છે અને 'આ' શબ્દથી ઉલ્લેખ કરાતા સામે રહેલા પદાર્થને જોઈને સાપનું સ્મરણ થાય છે તે પણ યથાર્થ જ્ઞાન છે. ફક્ત 'આ'થી ઉલ્લેખ કરાતું જ્ઞાન અને સાપનું સ્મરણ એ બે જ્ઞાન જુદાં છે. આમ છતાં 'આ' સાપ છે, એવો બોધ કરનાર પુરુષને આ બે જ્ઞાન જુદાં છે, તેનું અજ્ઞાન છે. તેથી વ્યવહારથી 'આ' સાપ છે એ પ્રકારના જ્ઞાનને ભ્રમાત્મક જ્ઞાન કહેવાય છે. પરમાર્થથી 'આ' એ પ્રકારનું જ્ઞાન અને સાપનું સ્મરણ એ બન્ને જ્ઞાન યથાર્થ છે અને તે બે જ્ઞાનના ભેદનું અજ્ઞાન તે જ્ઞાનનાં અભાવરૂપ છે. માટે

શબ્દનયના મતે જ્ઞાન અને જ્ઞાનનો અભાવ એમ બે ભેદ છે. પરંતુ વ્યવહારનયની જેમ જ્ઞાન, વિપરીતજ્ઞાન અને જ્ઞાનાભાવ, એમ ત્રણ ભેદ નથી.

આ રીતે શબ્દનયના મતથી જે કાંઈ જ્ઞાન થાય છે, તે સર્વ યથાર્થ છે. તેથી શબ્દનયના મતે બધું જ્ઞાન પ્રમાણ છે. તે દૃષ્ટિથી અન્ય દર્શનકારોએ અનુમાન આદિ પ્રમાણો કહ્યા તે પણ પ્રમાણ છે.

વસ્તુતઃ પરદર્શનકારો વડે પરોક્ષથી અને પ્રત્યક્ષથી પૃથક્ રીતે સ્વીકારાયેલા અનુમાન આદિ પ્રમાણો સમ્યગ્દૃષ્ટિ સાથે સંબંધવાળા હોય તો મતિ-શ્રુતમાં અંતર્ભાવ પામે છે. માટે તે અપેક્ષાએ પૂર્વમાં અનુમાન આદિ પ્રમાણો મતિ-શ્રુતમાં અંતર્ભાવ પામે છે, તેમ કહેલ છે અને મિથ્યાદૃષ્ટિથી પરિગૃહિત અનુમાન આદિ પ્રમાણો અપ્રમાણ છે, તેમ ભાષ્યકારે કહેલ છે. માટે કોઈ વિરોધ નથી. **॥૧-૧૨॥**

**ભાષ્યકારની અવતરણિકા :-**

**अत्राह-उक्तं भवता मत्यादीनि ज्ञानानि उद्दिश्य तानि विधानतो लक्षणतश्च परस्ताद् विस्तरेण वक्ष्याम इति, तदुच्यतामिति, अत्रोच्यते –**

**અવતરણિકાર્થ :-**

**અહીં કહે છે=સૂત્ર-૯માં સમ્યગ્જ્ઞાનનો પ્રારંભ કર્યો અને તે જ્ઞાન પાંચ ભેદવાળાં છે તેમ કહ્યું. ત્યારપછી તે પાંચે જ્ઞાનોમાંથી પ્રથમનાં બે જ્ઞાનો પરોક્ષ પ્રમાણ છે અને પાછળનાં ત્રણ જ્ઞાનો પ્રત્યક્ષ પ્રમાણ છે, તેમ કહ્યું. તે કથનમાં પર કોઈ કહે છે - "તેઓને=મતિ આદિ જ્ઞાનોને, ઉદ્દેશીને=વિધાનથી અને લક્ષણથી આગળમાં વિસ્તારથી અમે કહીશું, એ પ્રમાણે તમારા વડે=ભાષ્યકાર વડે, કહેવાયું."**

**તેથી હવે તે કહો=મતિ-શ્રુત આદિને વિધાનથી અને લક્ષણથી કહો. इति अत्र=એ પ્રકારના પરના પ્રશ્નમાં, કહેવાય છે=તત્ત્વાર્થકાર વડે સૂત્ર કહેવાય છે.**

**ભાવાર્થ :-**

ભાષ્યકાર સૂત્ર-૧૩નું ઉત્થાન કરતાં કહે છે – પર એવા કોઈ વ્યક્તિ તેમને કહે કે "સૂત્ર-૯માં મતિ આદિ જ્ઞાનોને ઉદ્દેશીને ભાષ્યકાર વડે કહેવાયું કે મતિ આદિ જ્ઞાનોને વિધાનથી=ભેદથી, અને લક્ષણથી આગળમાં વિસ્તારથી કહીશું," એમ તમારા વડે કહેવાયું.

ત્યાં પ્રશ્ન થાય કે સૂત્ર-૯ના ભાષ્યમાં સાક્ષાત્ તેનું તેવું કથન નથી, પરંતુ જ્ઞાનના પ્રભેદો આગળમાં કહીશું, તે પ્રકારનું કથન છે. તેથી ભાષ્યકારે આ પ્રમાણે કેમ કહ્યું, તેનું સ્પષ્ટીકરણ કરતાં ટીકાકાર કહે છે કે પાંચ જ્ઞાનના પ્રભેદો આગળમાં કહીશું, તે કથન દ્વારા જ અર્થથી એ પ્રાપ્ત થાય છે કે જ્ઞાનના પ્રભેદો આગળમાં કહીશું. એટલે મતિ આદિ જ્ઞાનના ભેદો આગળમાં કહીશું અને અર્થથી લક્ષણ પણ કહીશું. તેથી આ પ્રકારનું ભાષ્યનું ઉત્થાન અહીં કરેલ છે અને આ પ્રકારનો પ્રશ્ન કરીને પર કહે છે કે તો પ્રથમ ભેદો અને પછી લક્ષણો કહો. તેથી હવે પ્રથમ સૂત્ર-૧૩માં મતિજ્ઞાનનાં લક્ષણો કહે છે અને સૂત્ર-૧૪માં વિધાન= મતિજ્ઞાનના ભેદને કહે છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રશ્નકારે પ્રથમ 'विधानतः' એમ કહ્યું. એ પછી 'लक्षणतः' એમ કહ્યું. તે પ્રમાણે સૂત્રમાં પણ પ્રથમ મતિજ્ઞાનના ભેદનું કથન કરવું જોઈએ. પછી લક્ષણનું કથન કરવું જોઈએ. તેના બદલે પ્રથમ મતિજ્ઞાનના લક્ષણનું સૂત્ર બતાવે છે. ત્યારપછી મતિજ્ઞાનના ભેદનું સૂત્ર બતાવે છે. આ પ્રકારનો ક્રમભેદ કેમ કર્યો ? તેની સ્પષ્ટતા ટીકાકાર કરે છે કે અર્થક્રમનું બળવાનપણું હોવાથી પ્રથમ લક્ષણ કહે છે અર્થાત્ પદાર્થનો બોધ કરવા માટે પ્રથમ લક્ષણ અને પછી તેના ભેદોનું કથન કરવું, એ પ્રકારનો અર્થક્રમ છે. આથી જ બીજા સૂત્રમાં સૌ પ્રથમ સમ્યગ્દર્શનનું લક્ષણ કર્યું અને ત્યારપછી ત્રીજા સૂત્રમાં સમ્યગ્દર્શનના ભેદોનું કથન કર્યું. એ પ્રમાણે અહીં પણ સૂત્ર-૧૩માં પ્રથમ મતિજ્ઞાનના લક્ષણનું કથન કહે છે અને સૂત્ર-૧૪માં મતિજ્ઞાનના ભેદોને કહે છે –

**સૂત્ર :-**

**मतिः स्मृतिः संज्ञा चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम् ।।१-१३।।**

**સૂત્રાર્થ :-**

**મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા અને આભિનિબોધ એ અનર્થાન્તર છે=એકાર્થવાચી શબ્દો છે. ।।૧-૧૩।।**

**ભાષ્ય :-**

**मतिज्ञानं स्मृतिज्ञानं संज्ञाज्ञानं चिन्ताज्ञानं आभिनिबोधिकज्ञानमित्यनर्थान्तरम् ।।१-१३।।**

**ભાષ્યાર્થ :-**

**મતિજ્ઞાન, સ્મૃતિજ્ઞાન, સંજ્ઞાજ્ઞાન, ચિંતાજ્ઞાન અને આભિનિબોધિકજ્ઞાન, એ અનર્થાન્તર છે. ।।૧-૧૩।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૯માં જ્ઞાનના પાંચ ભેદો બતાવ્યા. તેમાંથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે. તે પરોક્ષ બે જ્ઞાનમાંથી મતિજ્ઞાનનું લક્ષણ કરવા અર્થે પ્રસ્તુત સૂત્રમાં મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા અને આભિનિબોધિક કહેલ છે અને મતિ-સ્મૃતિ ને અનર્થાન્તર કહેવાથી મતિજ્ઞાનના લક્ષણની પ્રાપ્તિ કઈ રીતે થાય છે, તે સ્પષ્ટ કરવા અર્થે ટીકાકાર ખુલાસો કરે છે કે મતિ-સ્મૃતિ આદિમાંથી અન્યતર જ્ઞાન તે પરોક્ષ એવા મતિ-શ્રુતમાંથી મતિજ્ઞાનનું લક્ષણ છે. તેથી મતિ-શ્રુત આદિમાં રહેલું મતિજ્ઞાન પ્રસ્તુત સૂત્રમાં બતાવેલ મતિ-સ્મૃતિ આદિ પાંચ ભેદરૂપ છે, એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે મતિજ્ઞાનના લક્ષણને કરવાની પ્રતિજ્ઞા કરેલી. તેના બદલે મતિજ્ઞાનના આ સર્વ એકાર્થવાચી શબ્દો છે, તેમ કહેવાથી લક્ષણની પ્રાપ્તિ કઈ રીતે થાય ?

તેથી ટીકાકાર સ્પષ્ટ કરે છે કે મતિ આદિ પાંચ જ્ઞાનોમાંથી અન્યતર જે જ્ઞાન છે તે મતિજ્ઞાનનું લક્ષણ છે. આશય એ છે કે મતિજ્ઞાનના સર્વ ભેદોનો સમૂહ ગ્રહણ કરીને આમાંથી જે કોઈ જ્ઞાન હોય તે મતિજ્ઞાન છે, તેમ કહેવાથી લક્ષ્ય એવા મતિજ્ઞાનનો બોધ થાય છે.

જેમ –

ઘટ અનેક આકારવાળા હોય. ઘટના જેટલા આકાર સંભવે તે સર્વ આકારવાળા ઘટોને ગ્રહણ કરીને તે ઘટોમાંથી કોઈપણ ઘટને ઘટ કહેવાય, એમ કહેવામાં આવે તો લક્ષ્ય એવા ઘટનો બોધ થાય છે.

તેમ –

પ્રસ્તુતમાં મતિજ્ઞાનના સર્વ ભેદોને ગ્રહણ કરીને તેમાંથી કોઈપણ જ્ઞાન તે મતિજ્ઞાન છે, તેમ કહેવાથી લક્ષ્ય એવા મતિજ્ઞાનનો બોધ થાય છે. માટે તે મતિજ્ઞાનનું લક્ષણ છે. મતિજ્ઞાનના પાંચ ભેદો ભિન્ન ભિન્ન અર્થને કહેનારા હોવા છતાં તેને અનર્થાન્તર કેમ કહ્યા, એવી કોઈને શંકા થાય ત્યાં ટીકાકાર કહે છે –

સર્વ વિશેષો જ સામાન્યરૂપ છે, તેથી અનર્થાન્તર કહેલ છે. જેમ આંબો, લીમડો વગેરે સર્વ વિશેષ વૃક્ષો વૃક્ષસામાન્યરૂપ છે, તેમ મતિ, સ્મૃતિ આદિ યાવત્ વિશેષ મતિજ્ઞાન સામાન્યરૂપ છે. તેથી અનર્થાન્તર છે.

સૂત્રમાં મતિ, સ્મૃતિ આદિ અનર્થાન્તર છે, તેમ કહ્યા પછી ભાષ્યકારે મતિજ્ઞાન, સ્મૃતિજ્ઞાન ઇત્યાદિ અનર્થાન્તર છે, એમ કહીને દરેકમાં 'જ્ઞાન' શબ્દનું યોજન કર્યું. તેથી મતિજ્ઞાન, સ્મૃતિજ્ઞાન વગેરે દરેકનાં જુદાં લક્ષણો છે, તે અર્થ દ્યોતિત થાય છે.

મતિ, સ્મૃતિ આદિ પાંચે જ્ઞાન પૃથક્ લક્ષણવાળાં છે. તેથી તે પાંચેનું સ્વરૂપ ટીકાકાર બતાવે છે -

**(૧) મતિજ્ઞાન :-**

ઇન્દ્રિય અને મનના નિમિત્તથી વર્તમાનકાળના વિષયનો જે બોધ તે મતિજ્ઞાન છે. આનાથી એ ફલિત થાય કે પાંચે ઇન્દ્રિયોમાંથી કોઈપણ ઇન્દ્રિયને આશ્રયીને વર્તમાનમાં કોઈ વિષયનો બોધ થાય અથવા મનથી કોઈ વિષયનો બોધ થાય તે મતિજ્ઞાન છે. જેમ ચક્ષુથી રૂપનો બોધ થાય તો તે મતિજ્ઞાન છે અને મનથી પોતાના સુખ-દુઃખ આદિ ભાવોનું વર્તમાનમાં સંવેદન થાય, તે મતિજ્ઞાન છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે આ પ્રથમ ભેદમાં વર્તમાનકાળ માત્રના વિષયમાં બોધરૂપ મતિજ્ઞાનનો સંગ્રહ છે. પરંતુ અન્ય પ્રકારના મતિજ્ઞાનનો સંગ્રહ સ્મૃતિ આદિ ભેદોથી થાય છે.

**(૨) સ્મૃતિજ્ઞાન :-**

ભૂતકાળમાં થયેલા બોધનું જે સ્મરણ તે સ્મૃતિજ્ઞાન છે.

**(૩) સંજ્ઞાજ્ઞાન :-**

સંજ્ઞાજ્ઞાન=પ્રત્યભિજ્ઞાન અર્થાત્ "તે જ આ દેવદત્ત છે" એ પ્રકારનું પૂર્વનું અને અપરનું સંકલનાત્મક જે જ્ઞાન તે સંજ્ઞાજ્ઞાન છે અર્થાત્ વર્તમાનમાં સન્મુખ ઉપસ્થિત થયેલા પુરુષને જોઈને 'તે જ આ દેવદત્ત છે', એમ ભૂતકાળમાં જોયેલા દેવદત્તનો સંકલનારૂપે જે બોધ છે તે સંજ્ઞાજ્ઞાન છે.

(૪) ચિંતાજ્ઞાન :-

"ભવિષ્યની વસ્તુની આ પ્રકારે નિષ્પત્તિ છે, અન્યથા નહિ" એ પ્રકારનું જે ચિંતવન તે ચિંતાજ્ઞાન છે.

જેમ માટી આદિમાંથી આ રીતે ચક્રાદિથી યત્ન કરવામાં આવે તો ઘડો થાય છે, અન્યથા નહિ; તે ચિંતાજ્ઞાન છે અથવા સામાયિક લેતી વખતે ઇરિયાવહિયા આદિ સૂત્રો આ પ્રકારના સમ્યગ્બોધપૂર્વક કરવામાં આવે તો ઉત્તરકાળમાં સામાયિકના પરિણામને અનુકૂળ ચિત્ત નિષ્પન્ન થાય છે. જેથી સામાયિક ઉચ્ચરાવતાની સાથે સમભાવની પરિણતિરૂપ સામાયિક પરિણામ પ્રગટે છે. અન્ય પ્રકારે ઇરિયાવહિયા સૂત્રો બોલવા માત્રથી સામાયિકના પરિણામને અનુકૂળ ચિત્ત નિષ્પન્ન થતું નથી, એ પ્રકારનું ચિંતન શાસ્ત્રવચનના અવલંબનથી કરવામાં આવે એ ચિંતાજ્ઞાન છે.

અહીં વિશેષ એ છે કે મિથ્યાદૃષ્ટિનું બધું જ્ઞાન અજ્ઞાન છે, તેને આશ્રયીને મતિજ્ઞાનના પાંચ ભેદો નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનને આશ્રયીને મતિજ્ઞાનના પાંચ ભેદો છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિનું સમ્યગ્જ્ઞાન આલોકમાં અને પરલોકમાં હિતનું કારણ બને છે. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવો સંસારના કોઈપણ પદાર્થ, કયા કારણમાંથી કઈ રીતે નિષ્પન્ન થાય, તેનું ચિંતવન કરતા હોય તોપણ તેમનું તે ચિંતવન આલોકના અને પરલોકના હિતનો વ્યાઘાત ન થાય, તે પ્રકારનું હોવાથી તે ચિંતાજ્ઞાન બને છે.

સમ્યગ્બોધના અભાવમાં યથાતથા કાર્યકારણભાવ જોડીને "આ વસ્તુ આ રીતે નિષ્પન્ન થાય છે" તેમ ચિંતવન કરવામાં આવે તો તે ચિંતવન સમ્યગ્ ચિંતાજ્ઞાન નથી.

(૫) આભિનિબોધિકજ્ઞાન :-

ઇન્દ્રિયોને અભિમુખ નિશ્ચિત એવો જે વિષય તેનો બોધ અને તે બોધ કોઈપણ અંશમાં અયોગ્યના સ્પર્શથી રહિત હોય અને યોગ્ય ભાવોના સાક્ષાત્કારને કરનારો હોય તો તે જ્ઞાન આભિનિબોધિકજ્ઞાન છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ઇન્દ્રિયોને સન્મુખ કોઈ નિર્ણીત વિષય હોય અને તે વિષયમાં જે ભાવ ન હોય તે ભાવને ભ્રમથી ઉપસ્થિત કરવામાં આવે તો અયોગ્યના સ્પર્શવાળું તે જ્ઞાન બને. જેમ દોરડામાં સાપનો ભાવ નથી, છતાં સાપનો ભાવ દેખાય તો સન્મુખ રહેલા દોરડામાં અયોગ્ય એવું સાપના સ્પર્શવાળું તે જ્ઞાન કહેવાય અને જે જ્ઞાનમાં અયોગ્યનો સ્પર્શ ન હોય અને જે યોગ્ય ભાવો હોય તેનો સાક્ષાત્કાર થાય, તે આભિનિબોધિક જ્ઞાન છે. **॥૧-૧૩॥**

**અવતરણિકા :-**

**મતિજ્ઞાનનું લક્ષણ બતાવીને મતિજ્ઞાનના ભેદને કહે છે –**

**સૂત્ર :-**

**तदिन्द्रियानिन्द्रियनिमित्तम् ।।१-१४।।**

**સૂત્રાર્થ :-**

**તે=પૂર્વમાં જે મતિજ્ઞાનનું લક્ષણ કર્યું તે મતિજ્ઞાન ઇન્દ્રિય, અનિન્દ્રિય નિમિત્ત છે અર્થાત્ ઇન્દ્રિય નિમિત્ત અને અનિન્દ્રિય નિમિત્ત એમ બે ભેદવાળું મતિજ્ઞાન છે. ।।૧-૧૪।।**

**ભાષ્ય :-**

**तद् एतन्मतिज्ञानं द्विविधं भवति-इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च, तत्रेन्द्रियनिमित्तं स्पर्शनादीनां पञ्चानां स्पर्शादिषु पञ्चस्वेव स्वविषयेषु, अनिन्द्रियनिमित्तं मनोवृत्तिरोघज्ञानं च ।।१-१४।।**

**ભાષ્યાર્થ :-**

**તે આ=પૂર્વસૂત્રમાં જે મતિજ્ઞાનનું લક્ષણ કર્યું તે આ, મતિજ્ઞાન બે ભેદવાળું છે.**

તે બે ભેદો સ્પષ્ટ કરે છે –

**ઇન્દ્રિયનિમિત્ત અને અનિન્દ્રિયનિમિત્ત.**

ઇન્દ્રિયનિમિત્ત અને અનિન્દ્રિયનિમિત્ત મતિજ્ઞાન કયું છે, તે સ્પષ્ટ કરે છે –

**ત્યાં=ઇન્દ્રિયનિમિત્ત અને અનિન્દ્રિયનિમિત્ત મતિજ્ઞાનના બે ભેદમાં, સ્વવિષય એવા સ્પર્શાદિ પાંચમાં જ સ્પર્શનાદિ પાંચ ઇન્દ્રિયોનું જે જ્ઞાન થાય છે, તે ઇન્દ્રિયનિમિત્ત મતિજ્ઞાન છે એમ અન્વય છે. અનિન્દ્રિયનિમિત્ત મતિજ્ઞાન બે ભેદવાળું છે. મનનિમિત્ત જે જ્ઞાન તે મનોવૃત્તિ=મનોવિજ્ઞાન, અને ઓઘજ્ઞાન. ।।૧-૧૪।।**

**ભાવાર્થ :-**

એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યંત જીવોને મન નથી, તેથી ઇન્દ્રિય નિમિત્ત જ મતિજ્ઞાન થાય છે. મનવાળા એવા જીવોને ચક્ષુ આદિના વ્યાપારનો અભાવ હોય ત્યારે જે સ્મૃતિજ્ઞાન થાય છે, તે અનિન્દ્રિય નિમિત્ત થાય છે અને જાગૃત અવસ્થામાં મનવાળા જીવોને સ્પર્શન આદિ ઇન્દ્રિય દ્વારા અને મન દ્વારા ઉપયોગવાળા જીવોને જે જ્ઞાન થાય છે, તે ઇન્દ્રિયનિમિત્ત અને અનિન્દ્રિય નિમિત્ત ઉભય નિમિત્ત મતિજ્ઞાન છે અને એકેન્દ્રિયોને જે ઓઘજ્ઞાન છે, તે ઇન્દ્રિયનિમિત્ત પણ નથી અને મનનિમિત્ત પણ નથી, પરંતુ અનિન્દ્રિય નિમિત્ત છે. જેમ વેલો આદિને ઘરના છાપરા આદિ ઉપર ચઢવામાં ઇષ્ટસાધનતાનું જ્ઞાન છે, તે ઇન્દ્રિય અને મનના વ્યાપાર વગર તેવા પ્રકારના અતિશય ક્ષયોપશમને કારણે થાય છે, તે ઓઘજ્ઞાન છે અને આ ઓઘજ્ઞાન અવ્યક્ત જ્ઞાન કહેવાય છે અને આ ઓઘજ્ઞાન જેમ એકેન્દ્રિય વેલા આદિમાં છે, તેમ બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સર્વ જીવોમાં છે. આથી પંચેન્દ્રિય આદિ જીવોમાં પણ જે ઓઘસંજ્ઞા છે, તે ઓઘજ્ઞાનરૂપ છે.

અહીં એકેન્દ્રિય આદિથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જે મતિજ્ઞાન છે, તે અનિન્દ્રિય નિમિત્ત છે, તેમ કહ્યું. ત્યાં પ્રશ્ન થાય કે મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન ગ્રંથકારને જ્ઞાનરૂપે સંમત નથી, પરંતુ વિપરીત જ્ઞાનરૂપે જ સંમત છે. વળી, "સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે" તેમ પ્રથમ સૂત્રમાં કહેલ અને તે

સમ્યગ્જ્ઞાનનો જ પ્રસ્તાવ હોવાથી મિથ્યાજ્ઞાનનો મતિજ્ઞાનના ભેદોમાં સમાવેશ થઈ શકે નહિ. આમ છતાં અહીં એકેન્દ્રિય આદિ જીવોના જ્ઞાનને મતિજ્ઞાનના ભેદરૂપે કેમ કહ્યું ? તેનું તાત્પર્ય એ છે કે –

શબ્દનયના મતે કોઈ જીવને વિપરીત જ્ઞાન નથી. શબ્દનય જ્ઞાન અને અજ્ઞાન બે જ ભેદો સ્વીકારે છે. તેથી એકેન્દ્રિય આદિને પણ જે જ્ઞાન છે, તે સમ્યગ્જ્ઞાન છે. માટે શબ્દનય એકેન્દ્રિય આદિને પણ સમ્યગ્દષ્ટિ કહે છે. **॥૧-૧૪॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧૩માં મતિજ્ઞાનનું લક્ષણ કર્યું અને સૂત્ર-૧૪માં મતિજ્ઞાનનાં ભેદો બતાવ્યાં. હવે મતિજ્ઞાનનાં અન્ય ભેદોને કહે છે –**

**સૂત્ર :-**

**अवग्रहेहापायधारणा ।।१-१५।।**

**સૂત્રાર્થ :-**

**અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા એમ ચાર પ્રકારનું મતિજ્ઞાન છે. ।।૧-૧૫।।**

**ભાષ્ય :-**

**तदेतन्मतिज्ञानमुभयनिमित्तमप्येकशश्चतुर्विधं भवति, तद्यथा-अवग्रह ईहा अपायो धारणा चेति, तत्राव्यक्तं यथास्वमिन्द्रियैर्विषयाणामालोचनावधारणमवग्रहः, अवग्रहो ग्रहणमालोचनमवधारणमित्य-नर्थान्तरम् । अवगृहीते विषयार्थैकदेशाच्छेषानुगमनं निश्चयविशेषजिज्ञासा ईहा, ईहा चेष्टा ऊहा तर्कः परीक्षा विचारणा जिज्ञासेत्यनर्थान्तरम् । अवगृहीते विषये सम्यगसम्यगिति गुणदोषविचारणा-ध्यवसायापनोदोऽपायः, अपायोऽपगमः अपनोदः अपव्याधः अपेतमपगतमपविद्धमपनुतमित्यनर्थान्तरम् । धारणा प्रतिपत्तिर्यथास्वं, मत्यवस्थानं, अवधारणं च, धारणा प्रतिपत्तिरवधारणमवस्थानं निश्चयोऽवगमः अवबोध इत्यनर्थान्तरम् ।।१-१५।।**

**ભાષ્યાર્થ :-**

**તે આ=સૂત્ર-૧૩માં જેનું લક્ષણ કરાયું અને સૂત્ર-૧૪માં જેના ભેદો બતાવ્યાં તે આ, મતિજ્ઞાન ઉભયનિમિત્ત પણ=સૂત્ર-૧૪માં કહેવાયેલ ઈન્દ્રિય નિમિત્ત અને અનિન્દ્રિય નિમિત્તરૂપ ઉભયનિમિત્ત પણ, એક એકના=સ્પર્શન આદિ એક એકના ચાર પ્રકારો થાય છે, તે ચતુર્વિધ પ્રકારો 'तद्यथा'થી બતાવે છે - અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા. 'इति' શબ્દ ચાર ભેદોની સમાપ્તિમાં છે.**

**ત્યાં=અવગ્રહાદિ ચારમાં, ઈન્દ્રિયો વડે યથાસ્વ વિષયોનું=પોતપોતાના જે વિષયો છે તેઓનું, અવ્યક્ત આલોચનરૂપ અવધારણ અવગ્રહ છે.**

અવગ્રહના પર્યાયવાચી શબ્દો કહે છે –

**અવગ્રહ, ગ્રહણ, આલોચન, અવધારણ એ અનર્થાન્તર છે=એકાર્થવાચી શબ્દો છે.**

**અવગૃહીત એવા વિષયરૂપ અર્થના એક દેશથી=અવગ્રહથી ગ્રહણ કરાયેલા ઈન્દ્રિયને સન્મુખ રહેલા પદાર્થના દ્રવ્ય અને પર્યાયરૂપ બે દેશોમાંથી દ્રવ્યરૂપ એક દેશના બોધથી, શેષનું અનુગમન=શેષની વિચારણા, 'ઈહા' છે, એમ અન્વય છે.**

'ઈહા' શબ્દના રૂઢિ અર્થને આશ્રયીને અર્થ કરે છે –

**નિશ્ચયવિશેષની જિજ્ઞાસા 'ઈહા' છે.**

ઈહાના પર્યાયવાચી શબ્દો કહે છે –

**ઈહા, ચેષ્ટા, ઊહ, તર્ક, પરીક્ષા, વિચારણા, જિજ્ઞાસા એ અનર્થાન્તર છે=ઈહાના પર્યાયવાચી શબ્દો છે.**

**અવગૃહીત વિષયમાં=ઈહાથી ગ્રહણ કરાયેલા વિષયમાં, સમ્યક્ અસમ્યક્ એ પ્રકારના ગુણ-દોષની વિચારણાના અધ્યવસાયથી=ઈહામાં વિચારાયેલ ધર્મમાંથી આ ધર્મ સમ્યક્ છે અને આ ધર્મ અસમ્યક્ છે એ પ્રકારના ગુણ-દોષની વિચારણાના અધ્યવસાયથી, અપનોદ=અસન્નિહિત ધર્મનું નિરાકરણ 'અપાય' છે.**

અપાયના પર્યાયવાચી શબ્દો કહે છે –

**અપાયં, અપગમ, અપનોદ, અપવ્યાધ, અપેત, અપગત, અપવિદ્ધ, અપનુત એ અનર્થાન્તર છે=અપાયના પર્યાયવાચી શબ્દો છે.**

**ધારણા=યથાવિષય પ્રતિપત્તિ અર્થાત્ યથાવિષય અવિચ્યુતિ, મતિઅવસ્થાન અર્થાત્ સંસ્કારરૂપે અવસ્થાન અર્થાત્ વાસના અને અવધારણ અર્થાત્ સ્મૃતિ.**

ધારણાના પર્યાયવાચી શબ્દો કહે છે –

**ધારણા, પ્રતિપત્તિ, અવધારણ, અવસ્થાન, નિશ્ચય, અવગમ અને અવબોધ અનર્થાન્તર છે=ધારણાના પર્યાયવાચી શબ્દો છે. ।।૧-૧૫।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૧૩માં મતિજ્ઞાનનાં લક્ષણો અને સૂત્ર-૧૪માં મતિજ્ઞાનના ઇન્દ્રિયનિમિત્ત અને અનિન્દ્રિય નિમિત્ત એમ બે ભેદો બતાવ્યા. તેમાં ઇન્દ્રિયનિમિત્ત મતિજ્ઞાન પાંચ ભેદવાળું છે અને અનિન્દ્રિય નિમિત્ત મતિજ્ઞાન મનથી થનારું છે. તે પાંચ ઇન્દ્રિય અને મનથી થતા મતિજ્ઞાનના દરેક ભેદો ચાર પ્રકારના છે અને તે ચાર પ્રકારો ભાષ્યકાર 'तद्यथा'થી બતાવે છે –

અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા એમ ચાર પ્રકારના છે. તેથી એ પ્રાપ્ત થાય કે એક સ્પર્શેન્દ્રિયના અવગ્રહાદિ ચાર ભેદો છે. તે પ્રમાણે અન્ય ચાર ઇન્દ્રિયના અવગ્રહાદિ ચાર-ચાર ભેદો છે. તેથી પાંચ ઇન્દ્રિયના વીશ ભેદોની પ્રાપ્તિ થાય અને અનિન્દ્રિયરૂપ મનના પણ અવગ્રહાદિ ચાર ભેદોની પ્રાપ્તિ થાય. તેથી મતિજ્ઞાનના ૨૪ ભેદો પ્રાપ્ત થાય અને અવગ્રહનાં વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહનો ભેદ કરીએ તો વ્યંજનાવગ્રહના ચાર ભેદોની પ્રાપ્તિ થાય તેથી મતિજ્ઞાનના કુલ ૨૮ ભેદો પ્રાપ્ત થાય.

આ રીતે મતિજ્ઞાનના અવગ્રહાદિ ચાર ભેદો બતાવ્યા. હવે અવગ્રહનું લક્ષણ કરતાં કહે છે –

**(૧) અવગ્રહ :-** અવગ્રહ અવ્યક્તજ્ઞાન છે=અસ્પષ્ટ જ્ઞાન છે અને સ્પર્શાદિ ઇન્દ્રિયના જે પોતપોતાના સ્પર્શાદિ વિષયો છે, તેના આલોચનરૂપ અવધારણ અવગ્રહ છે. વળી, તે અવગ્રહ નામાદિના સ્પર્શ વગરનું સામાન્ય માત્ર જ્ઞાન છે અર્થાત્ પદાર્થ દ્રવ્ય અને પર્યાયરૂપ છે અને તેમાં દ્રવ્ય સામાન્ય માત્રરૂપ છે અને તે સામાન્ય માત્રરૂપ દ્રવ્યનું નામાદિ પર્યાયોના સ્પર્શ વગરનું જ્ઞાન તે અવગ્રહ છે.

અવગ્રહના પર્યાયવાચી શબ્દો કહે છે - અવગ્રહ, ગ્રહણ, આલોચન, અવધારણ એ બધા અવગ્રહના એકાર્થવાચી શબ્દો છે. આશય એ છે કે પદાર્થનું સામાન્યથી ગ્રહણ એ અવગ્રહ છે અર્થાત્ પદાર્થનો ઇન્દ્રિય સાથે સંબંધ થયા પછી બોધરૂપે સામાન્યથી પદાર્થનું જે ગ્રહણ થાય છે, તે અવગ્રહ છે અને તેથી ગ્રહણને અવગ્રહનો પર્યાયવાચી શબ્દ કહેવાય છે. પદાર્થ સાથે ઇન્દ્રિયનો સંબંધ થયા પછી તે પદાર્થને જાણવાને અનુકૂળ જે આલોચન છે, તે અવગ્રહરૂપ છે, તેથી આલોચન અવગ્રહનો પર્યાયવાચી શબ્દ છે. અને જે ક્ષણમાં જીવ આલોચન કરે છે, તે ક્ષણમાં જીવ તેનું સામાન્યથી અવધારણ કરે છે, તેથી અવધારણ અવગ્રહનો પર્યાયવાચી શબ્દ છે.

**ઈહા :-** અવગ્રહથી અવગૃહીત એવા વિષયરૂપ અર્થના દ્રવ્ય અને પર્યાયરૂપ બે દેશોમાંથી એક દેશનો અવગ્રહથી નિર્ણય થયા પછી શેષના બોધને અનુકૂળ વિચારણા એ ઈહા છે. 'ઈહા' શબ્દ ઇચ્છા અર્થમાં રૂઢ છે. તેથી ઇચ્છાની અભિવ્યક્તિ થાય એવો ઈહાનો અર્થ કરે છે. નિશ્ચય વિશેષની જિજ્ઞાસા=અવગ્રહમાં દ્રવ્યનો જે નિશ્ચય થયેલો તે સામાન્ય નિશ્ચય હતો, હવે દ્રવ્યમાં વર્તતા પર્યાયનો નિર્ણય કરવાને અનુકૂળ જે ઇચ્છા છે, તે નિશ્ચય વિશેષને જાણવાની જિજ્ઞાસા, ઈહા છે.

વળી, આ ઈહાના જ ચેષ્ટા, ઊહ, તર્ક, પરીક્ષા, વિચારણા અને જિજ્ઞાસા એકાર્થવાચી શબ્દો છે. અવગ્રહથી જે સામાન્ય બોધ થયેલો તેને જ વિશેષ જાણવાને અનુકૂળ જે મનનો વ્યાપાર છે તે ઈહા છે તેથી તે ઈહા જ ચેષ્ટારૂપ છે અર્થાત્ તે વિશેષ નિર્ણયને અનુકૂળ માનસયત્નરૂપ છે અને તે ચેષ્ટા જ ઊહન ક્રિયારૂપ છે. વળી, આ ઊહ જ અર્થાત્ પૂર્વમાં અવગ્રહથી જે સામાન્ય બોધ થયેલો તેનો જ વિશેષ નિર્ણય કરવાને અનુકૂળ તર્કન ક્રિયા છે અને આ તર્ક જ પરીક્ષારૂપ છે અર્થાત્ પૂર્વમાં જે અવગ્રહથી સામાન્ય બોધ થયેલો તેનાથી ચારે બાજુથી વિશેષ નિર્ણય કરવાને અનુકૂળ એવી ઈક્ષણ ક્રિયારૂપ છે=પરિ+ઈક્ષણ=પરીક્ષણ ક્રિયારૂપ છે અને આ પરીક્ષા જ વિશેષ નિર્ણયને અનુકૂળ વિચારણારૂપ છે અને આ વિચારણા જ વિશેષ નિર્ણયને અનુકૂળ જિજ્ઞાસારૂપ છે. તેથી ઈહાના આ સર્વ પર્યાયવાચી શબ્દો છે.

**અપાય :-** અવગૃહીત વિષયમાં=અવગ્રહથી સામાન્ય રૂપે નિર્ણિત વિષયમાં, સમ્યગ્ અસમ્યગ્ એ પ્રમાણે ગુણદોષના વિચારણાના અધ્યવસાયનો અપનોદ=નિર્ણય, તે અપાય છે.

આશય એ છે કે અવગ્રહથી પદાર્થના એક દેશરૂપ દ્રવ્યનો નિશ્ચય થયેલો અને તે નિર્ણય કર્યા પછી ઈહામાં વિશેષ જાણવાની જિજ્ઞાસા થયેલ. ત્યારપછી "આ વસ્તુ આ રીતે સમ્યગ્ છે અને આ રીતે સમ્યગ્ નથી" એ પ્રમાણે ગુણ-દોષની વિચારણાને અનુકૂળ એવો જે અધ્યવસાય અને તે અધ્યવસાયથી થયેલો જે નિર્ણય તે અપાય છે.

જેમ - કોઈ ઇન્દ્રિયથી કોઈ વિષયનો સામાન્યથી બોધ કર્યા પછી તેનો વિશેષથી નિર્ણય કરવા અર્થે ઊહ પ્રવર્ત્યા પછી "આ વિષય આવો છે અને આવો નથી" એ પ્રકારનો જે નિર્ણય તે અપાય છે.

અપાયના પર્યાયવાચી શબ્દો કહે છે - તેમાં પ્રથમ કર્તૃઅર્થક પર્યાયવાચી શબ્દો બતાવે છે.

'अपैति' એ અપાય છે=નિશ્ચય કરે છે તે 'અપાય' છે. તેથી એ પ્રાપ્ત થાય કે "આ વસ્તુ આમ જ છે" એવો જે નિર્ણય તે અપાય છે.

'अपगच्छति' 'એ અપગમ' છે અર્થાત્ "આ વસ્તુ આમ નથી" એવો જે નિર્ણય એ અપગમ છે.

'अपनुदति' એ 'અપનોદ' છે અર્થાત્ "આ વસ્તુ આમ નથી" એવો જે નિર્ણય તે અપનોદ છે.

'अपविध्यति' એ 'અપવ્યાધ' છે=આ વસ્તુ આમ નથી, એ પ્રકારના નિર્ણયરૂપ અપવ્યાધ છે.

કર્તૃઅર્થક વ્યુત્પત્તિને આશ્રયીને અપાયના પર્યાયવાચી શબ્દો બતાવ્યા. હવે ભાવઅર્થને પ્રધાન કરીને અપાયના પર્યાયવાચી શબ્દો કહે છે – अपेतं, अपगतं, अपविधं અને अपनुतं એ અનર્થાન્તર છે.

આનાથી એ ફલિત થાય કે ઈહા કાળમાં કોઈક વિશેષ નિર્ણય કરવાની જિજ્ઞાસા થાય છે અને તે જિજ્ઞાસાથી પદાર્થનો જે નિર્ણય થાય તે અપાય છે.

અહીં વિશેષ એ છે કે સૌ પ્રથમ જીવને સામાન્ય બોધ થાય છે. તે સામાન્યબોધ થયા પછી વિશેષનો નિર્ણય કરવાની જિજ્ઞાસા થાય છે તે ઈહારૂપ છે અને તે ઈહા દ્વારા વિશેષનો નિર્ણય થાય છે તે અપાય છે. વળી, તે નિર્ણય થયા પછી ફરી તે જ વસ્તુ વિષયક અધિક વિશેષને જાણવાની જિજ્ઞાસા થાય તો પૂર્વનો નિર્ણય ઉત્તરની જિજ્ઞાસાની અપેક્ષાએ અવગ્રહરૂપ કહેવાય છે અને તે અવગ્રહ પછી જે વિશેષ નિર્ણય કરવાની જિજ્ઞાસા થઈ તે ઈહા કહેવાય છે અને તેના દ્વારા વિશેષ નિર્ણય થાય છે, તે અપાય કહેવાય છે અને જે જીવો આ રીતે પૂર્વ-પૂર્વનો નિર્ણય કર્યા પછી ઉત્તર-ઉત્તરના નિર્ણય માટે જિજ્ઞાસા કરતા જાય તો પૂર્વ પૂર્વ કરતાં વિશેષ વિશેષ નિર્ણય ક્રમશઃ થાય છે.

વળી યોગમાર્ગની પ્રાપ્તિ અને યોગમાર્ગની વૃદ્ધિ અને યોગમાર્ગના સેવનથી ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ અને યાવત્ કેવળજ્ઞાન પણ આ જ ક્રમથી થાય છે.

જેમ કોઈને સામાન્યથી આ સંસાર જન્મ, જરા, મૃત્યુ આદિરૂપ છે, તેવું જ્ઞાન થાય છે. ત્યારે ભોગાદિથી અતિરિક્ત એવી ધર્મની પ્રવૃત્તિ કરવા જેવી છે, એવો સામાન્ય બોધ થાય છે, જે અવગ્રહસ્થાનીય છે. આ

અવગ્રહનો બોધ થયા પછી વિશેષની જિજ્ઞાસા થાય કે કઈ રીતે ધર્મની પ્રવૃત્તિ કરવાથી સંસારનો અંત થશે અને તે જિજ્ઞાસાને અનુરૂપ સમ્યગ્ ઊહ થાય કે સમ્યગ્ પરીક્ષા થાય કે સમ્યગ્ વિચારણા થાય કે સમ્યગ્ તર્ક પ્રવર્તે તો પૂર્વમાં જે સામાન્ય બોધ થયેલ તેના કરતાં યોગમાર્ગ વિષયક વિશેષ બોધ થાય છે અને જો તે ઊહ સમ્યગ્ થાય નહિ તો યથાર્થ નિર્ણય પણ થાય નહીં.

જેમ –

દૂરવર્તી વસ્તુને જોઈને સામાન્ય બોધ થયા પછી આ વસ્તુ શું છે તે જાણવા માટે સમ્યગ્ ઉપયોગ પ્રવર્તે તો સમ્યગ્ બોધ થાય અને ક્યારેક દૃષ્ટિદોષને કારણે સમ્યગ્ ઊહ ન પ્રવર્તે તો મિથ્યાજ્ઞાન પણ થાય.

તેમ –

યોગમાર્ગનો બોધ કરવા અર્થે સદ્શાસ્ત્રનું વચન કે સુગુરુનો ઉપદેશ અવલંબનરૂપ છે અને જેઓ સુગુરુના વચનનું અવલંબન લઈને યોગમાર્ગવિષયક સામાન્ય બોધ કર્યા પછી વિશેષ વિશેષ જાણવા માટે ઊહ કરે છે, તેઓને પૂર્વમાં જે યોગમાર્ગનો સામાન્ય બોધ હતો તે બોધ તે ઊહના કારણે જ વિશેષ બોધનું કારણ બને છે અને સમ્યગ્ ઊહથી તેઓને સમ્યગ્ નિર્ણય પણ થાય છે. વળી, જેઓ યોગમાર્ગનો સામાન્ય બોધ કર્યા પછી આગળ આગળનો બોધ કરવા માટે યત્ન કરે છે, પરંતુ સામગ્રીના અભાવના કારણે કે કોઈ અન્ય નિમિત્તોનાં કારણે સમ્યગ્ ઉહ ન કરી શકે તો વિપરીત બોધ પણ થાય છે. આથી જ શાસ્ત્રના વચનથી પણ કેટલાક જીવોને વિપરીત બોધ થાય છે.

વળી, કોઈક સાધક શાસ્ત્રવચનોથી સ્વશક્તિ અનુસાર યોગમાર્ગનો વિશેષ નિર્ણય કર્યા પછી ભગવદ્ ભક્તિ આદિ અનુષ્ઠાનો સેવે છે, ત્યારે શાસ્ત્રવચનથી જે ભગવાનના ગુણોનો બોધ થયેલ તે પણ આગળના વિશેષ બોધની અપેક્ષાએ સામાન્યરૂપ છે, તે બોધ વિષયક ભગવદ્ ભક્તિકાળમાં વિશેષ ઊહ પ્રવર્તે તો પૂર્વ કરતાં વિશેષ પ્રકારનો ભગવાનના ગુણોનો બોધ થાય છે અને જેમ જેમ વિશેષ વિશેષ ભગવાનના ગુણોનો બોધ થયા પછી ફરી ફરી વિશેષ વિશેષ ભગવાનના ગુણોનો બોધ કરવા અર્થે સૂક્ષ્મ ઊહ પ્રવર્તે, તો પૂર્વ પૂર્વ કરતાં ભગવાનના ગુણોનો અધિક અધિક સૂક્ષ્મબોધ થાય છે અને આ રીતે વિશેષ જિજ્ઞાસા અને વિશેષ નિર્ણય અસ્ખલિત ચાલે તો તે ઉપયોગ ધ્યાનના અવલંબનથી પ્રકર્ષવાળો બનીને ક્ષપકશ્રેણીને પણ પ્રાપ્ત કરે છે. આથી જ ભગવાનની પૂજા કરતા નાગકેતુને કેવળજ્ઞાન થયું.

નાગકેતુને પૂજાથી કેવળજ્ઞાન થયું, તે પ્રસંગમાં પણ નાગકેતુને પૂર્વમાં ભગવાનના ગુણોનો જે બોધ હતો તે બોધ વિષયક જ પૂજાકાળમાં વિશેષ ઉહ પ્રવર્તતો હતો અને તે ઊહથી જ પૂર્વ પૂર્વ કરતાં અધિક અધિક વીતરાગતાના મર્મને સ્પર્શે એવો બોધ થયેલ અને જ્યારે તે મહાત્મામાં વીર્યનો પ્રકર્ષ પ્રાપ્ત થયો ત્યારે તે ઊહથી જ પ્રાતિભજ્ઞાન પ્રગટ થયેલ અને પ્રાતિભજ્ઞાનનો બોધ પણ પૂર્વના સર્વ બોધ કરતાં વિશેષ બોધ હોવા છતાં કેવળજ્ઞાનના બોધની અપેક્ષાએ સામાન્ય બોધ હતો અને પ્રાતિભજ્ઞાન પ્રગટ્યા પછી શુદ્ધ આત્માના સ્વરૂપને જોવાની જે દિદક્ષા સામર્થ્યયોગકાળમાં તે મહાત્મામાં પ્રવર્તતી હતી, તે શુદ્ધ આત્માનું

જ્ઞાન કરવાને અનુકૂળ ઊહરૂપ હતી અને તેના ફળરૂપે કેવળજ્ઞાન વખતે શુદ્ધ આત્માનું પારમાર્થિક સ્વરૂપ તે મહાત્માને દેખાયેલ, જે અંતિમ નિર્ણયરૂપ અપાય હતો. આ રીતે કેવલજ્ઞાન થયું. ત્યારપછી "વિશેષની જિજ્ઞાસા અને તેનાથી વિશેષનો નિર્ણય" એ પ્રમાણે વ્યાપાર નથી, પરંતુ કેવળજ્ઞાન પૂર્વના બોધ સુધી આ પ્રકારનો વ્યાપાર છે.

વળી, ચૌદપૂર્વીને ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનનો બોધ છે અને તેમાં પણ તરતમતાથી બોધના અનેક ભેદો પડે છે અને જેઓ ઉત્કૃષ્ટ ચૌદપૂર્વી હોય તેઓને જઘન્ય ચૌદપૂર્વી કરતાં અનંતગુણો બોધ હોય છે. તેથી જઘન્ય ચૌદપૂર્વ અને ઉત્કૃષ્ટ ચૌદપૂર્વ વચ્ચે પણ સામાન્યબોધરૂપ અવગ્રહ, વિશેષની જિજ્ઞાસારૂપ ઈહા અને વિશેષના નિર્ણયરૂપ અપાય અનેક ભેદોથી પ્રાપ્ત થાય છે. આમ છતાં, પ્રાતિભજ્ઞાનની અપેક્ષાએ ઉત્કૃષ્ટ ચૌદપૂર્વીનું પણ જ્ઞાન યોગમાર્ગવિષયક સામાન્ય બોધરૂપ છે. આથી જ 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથમાં કહેલ છે કે શાસ્ત્રથી સામર્થ્યયોગનો સામાન્ય બોધ થાય છે, શાસ્ત્ર વિશેષથી સામર્થ્યયોગને બતાવી શકતું નથી. વળી, ઉત્કૃષ્ટ ચૌદપૂર્વી પણ જેમ જેમ યોગમાર્ગનું સેવન કરે છે, તેમ તેમ તે અનુષ્ઠાનથી તેમને યોગમાર્ગવિષયક વિશેષ વિશેષ ઊહ પ્રવર્તે છે. તેથી પૂર્વનું શ્રુત જ કંઈક વિશેષ બોધરૂપે પરિણમન પામે છે અને આ રીતે વિશેષની જિજ્ઞાસા અને તેનાથી વિશેષનો નિર્ણય અસ્ખલિત ચાલે તો પ્રાતિભજ્ઞાન વખતે તે ચૌદપૂર્વીને વિશેષ પ્રકારનો બોધ પ્રગટે છે અને તે પ્રાતિભજ્ઞાનના બળથી શુદ્ધ આત્મતત્ત્વને જોવાનો ઊહ પ્રવર્તે છે, જેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી ચૌદપૂર્વીનું ઉત્કૃષ્ટ જ્ઞાન અને કેવળજ્ઞાનની વચ્ચે વિશેષ ઊહ અને તેના દ્વારા વિશેષનો નિર્ણય તે પ્રકારની અવાંતર અનેક ભૂમિકાઓ પ્રાપ્ત થાય છે, જે ઈહા અને અપાય સ્વરૂપ છે.

**ધારણા :-** ધારણાના ત્રણ ભેદ છે :-

(૧) યથાવિષયક પ્રતિપત્તિ=અપાયથી નિર્ણય થયેલા પદાર્થના ઉપયોગનું સાતત્ય એ અવિચ્યુતિરૂપ ધારણા છે.

(૨) મતિમાં અવસ્થાન=અપાયથી નિર્ણીત થયેલા પદાર્થનું વાસનારૂપે મતિમાં જે અવસ્થાન એ લબ્ધિરૂપ ધારણા છે.

(૩) અવધારણ=વાસનારૂપે રહેલ બોધ સ્મૃતિરૂપે થાય ત્યારે જે પદાર્થનું અવધારણ એ સ્મૃતિરૂપ ધારણા છે.

ધારણાના પર્યાયવાચી શબ્દો કહે છે – ધારણા, પ્રતિપત્તિ, અવધારણ, અવસ્થાન, નિશ્ચય, અવગમ, અવબોધ એ બધા ધારણાના એકાર્થવાચી શબ્દો છે.

પ્રતિપત્તિ એટલે અપાયથી નિર્ણય થયેલા અર્થમાંથી અન્ય વિષયમાં જ્યાં સુધી ઉપયોગ ન જાય ત્યાં સુધી તે ઉપયોગનો અનાશ તે પ્રતિપત્તિ નામની ધારણા છે=અવિચ્યુતિ નામની ધારણા છે.

અવધારણ એટલે કાલાન્તરમાં અનુસ્મરણ.

અવસ્થાન એટલે જે પદાર્થનો પોતાને બોધ થયો છે, તેના કરતાં અન્ય પદાર્થનો પોતાને ઉપયોગ વર્તતો હોય ત્યારે પૂર્વમાં થયેલા પદાર્થનાં બોધનું વાસનારૂપે અવસ્થાન.

નિશ્ચય એ પ્રતિપત્તિનો જ પર્યાયવાચી શબ્દ છે.

અવગમ એ કાલાંતરના અનુસ્મરણરૂપ અવધારણનો પર્યાયવાચી શબ્દ છે.

અવબોધ એ વાસનારૂપ મતિનો અર્થાત્ અવસ્થાનનો પર્યાયવાચી શબ્દ છે.

આનાથી એ ફલિત થાય કે –

ધારણા શબ્દથી અવિચ્યુતિનું ગ્રહણ છે.

અવધારણ શબ્દથી સ્મૃતિનું ગ્રહણ છે.

અવસ્થાન શબ્દથી વાસનાનું ગ્રહણ છે.

નિશ્ચય શબ્દથી અવિચ્યુતિનું ગ્રહણ છે.

અવગમ શબ્દથી સ્મૃતિનું ગ્રહણ છે અને

અવબોધ શબ્દથી વાસનાનું ગ્રહણ છે.

અહીં વિશેષ એ છે કે ધારણા એ મતિજ્ઞાનનો ભેદ છે અને તે ધારણા અવિચ્યુતિ, વાસના અને સ્મૃતિ, એ ત્રણ ભેદે હોય છે. વળી, કોઈ મહાત્મા શ્રુતનો અભ્યાસ કરતા હોય ત્યારે મતિજ્ઞાનપૂર્વક શ્રુતનો બોધ થાય છે અને જે વખતે નવું શ્રુત ભણાતું હોય ત્યારે તે શ્રુતના પદાર્થના સમાલોચનકાળમાં જે શ્રુતનો ઉપયોગ હોય તે શ્રુતનો ઉપયોગ અવિચ્યુતિરૂપ ધારણાના ભેદમાં અંતર્ભાવ પામે છે અને સંસ્કારરૂપે રહેલું તે શ્રુતજ્ઞાન વાસનામાં અંતર્ભાવ પામે છે. આથી ચૌદપૂર્વ ભણેલા પણ મહાત્માની મતિમાં વાસનારૂપે ચૌદપૂર્વનું જ્ઞાન રહે છે અને જ્યારે જ્યારે તે શ્રુતનો ઉપયોગ મૂકે છે, ત્યારે તે શ્રુતજ્ઞાન સ્મૃતિરૂપે ઉપસ્થિત થાય છે.

વળી, શ્રુતથી જે બોધ થયો હોય તે શ્રુત અનુસાર ઉચિત ચિંતવન કરાતું હોય કે શ્રુત અનુસાર ઉચિત આચરણા કરાતી હોય ત્યારે તે ચિંતવન કે આચરણાથી પૂર્વ કરતાં કંઈક વિશેષ સૂક્ષ્મબોધ થાય છે. તે વખતે પૂર્વનું શ્રુત સામાન્યરૂપે હોય છે અને તે શ્રુત અનુસાર જે ઊહ પ્રવર્તે છે, તે ઊહથી પૂર્વ કરતાં કંઈક સૂક્ષ્મ તત્ત્વનો બોધ થાય છે અને આ પ્રકારનો ઊહ અને વિશેષ નિર્ણય થાય છે, તે સર્વ ઈહારૂપ અને અપાયરૂપ છે અર્થાત્ પૂર્વનું શ્રુત સામાન્ય બોધરૂપ હોવાથી અવગ્રહરૂપ બને છે અને તે વખતનો જે ઊહ છે, તે ઈહારૂપ બને છે અને વિશેષ નિર્ણય થાય છે, તે અપાયરૂપ બને છે અને તે વિશેષ નિર્ણય મતિમાં ધારણારૂપે રહે છે.

આ રીતે વિશેષ વિશેષ પ્રકારનું શ્રુતજ્ઞાન વૃદ્ધિ પામીને યોગમાર્ગની વૃદ્ધિ કરે છે અને યાવત્ મોહનો નાશ કરીને કેવળજ્ઞાનમાં વિશ્રાંત થાય છે, તે સર્વમાં શ્રુતથી પરિકર્મિત મતિજ્ઞાનનો ઉપયોગ કારણ બને છે. ॥૧-૧૫॥

**અવતરણિકા :-**

**સૂત્ર-૯માં જ્ઞાનના પાંચ ભેદો બતાવ્યાં અને તે પાંચ જ્ઞાન પ્રમાણરૂપ છે તે સૂત્ર-૧૦માં બતાવ્યું. અને તેમાંથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બે પરોક્ષ જ્ઞાન છે, તે સૂત્ર-૧૧માં બતાવ્યું. બાકીનાં ત્રણ જ્ઞાન, પ્રત્યક્ષજ્ઞાન છે તે સૂત્ર-૧૨માં બતાવ્યું. આ રીતે પાંચ જ્ઞાનનું સામાન્ય કથન કર્યા પછી સૂત્ર-૧૩માં મતિજ્ઞાનનું લક્ષણ કર્યું. ત્યારપછી સૂત્ર-૧૪ અને સૂત્ર-૧૫માં મતિજ્ઞાનના ભેદો બતાવ્યાં. હવે સૂત્ર-૧૫માં બતાવેલા અવગ્રહાદિ ચાર ભેદો પણ અવાંતર ભેદવાળા છે તે બતાવવાં અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**बहुबहुविधक्षिप्रानिश्रितासंदिग्धध्रुवाणां सेतराणाम् ।।१-१६।।**

**સૂત્રાર્થ :-**

**ઈતરથી સહિત બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિશ્રિત, અસંદિગ્ધ અને ધ્રુવના અવગ્રહાદિ ચાર છે, એમ પૂર્વસૂત્ર સાથે સંબંધ છે. ।।૧-૧૬।।**

**ભાષ્ય :-**

**अवग्रहादयश्चत्वारो मतिज्ञानविभागा एषां बह्वादीनामर्थानां सेतराणां भवन्त्येकशः, सेतराणामिति सप्रतिपक्षाणामित्यर्थः ।**

**ભાષ્યાર્થ :-**

**અવગ્રહાદિ ચાર મતિજ્ઞાનના વિભાગો છે. આ=પ્રસ્તુત સૂત્રમાં કહેલ એ, ઈતરથી સહિત એવા બહુઆદિ અર્થોના એક એક થાય છે=પ્રત્યેક ગ્રાહક થાય છે અર્થાત્ અવગ્રહાદિ પ્રત્યેક ઈતરથી સહિત એવા બહુઆદિ અર્થોના ગ્રાહક થાય છે.**

**મૂળસૂત્રમાં 'સેતર' શબ્દ કયા અર્થમાં છે, તે સ્પષ્ટ કરે છે. 'સેતર' એટલે સપ્રતિપક્ષ એ પ્રમાણેનો અર્થ છે.**

**ભાવાર્થ :-**

સૂત્રમાં બહુ, બહુવિધ આદિ બાર ભેદો બતાવ્યા અને તેનો પૂર્વના સૂત્રમાં કહેલ અવગ્રહાદિ ચાર ભેદો સાથે સંબંધ છે, તે બતાવવા ભાષ્યકાર કહે છે કે પૂર્વસૂત્રમાં કહેલા અવગ્રહાદિ ચાર મતિજ્ઞાનના વિભાગો છે અને એક એક=અવગ્રહાદિ એક એક બહુ, બહુવિધાદિ ભેદોનાં ગ્રાહક થાય છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે અવગ્રહ પણ બહુ, બહુવિધાદિ બાર ભેદોને ગ્રહણ કરે છે. તેથી કોઈ જીવનો અવગ્રહનો ઉપયોગ બહુને ગ્રહણ કરનારો હોય તો વળી કોઈ અન્ય જીવનો અવગ્રહનો ઉપયોગ અબહુને ગ્રહણ કરનારો હોય.

અહીં વિશેષ એ છે કે ઇન્દ્રિયો સાથે વિષયનો સંપર્ક થાય ત્યારે જે પ્રથમ અવગ્રહ થાય છે, ત્યારપછી ઈહા થાય છે અને ત્યારપછી અપાય થાય છે અને ત્યારપછી ધારણા થાય છે. એ અવગ્રહાદિ ચારનાં બહુ, બહુવિધ આદિ બાર ભેદો નથી, પરંતુ ઇન્દ્રિયોનો વિષય સાથે સંબંધ થયા પછી જે અવગ્રહાદિના ક્રમથી અપાય થયો તે અપાય પછી ઉત્તરમાં વિશેષ જાણવા માટે જે ઊહ પ્રવર્તે છે, તે ઊહની અપેક્ષાએ પૂર્વનો અપાય અવગ્રહરૂપ છે. તે અવગ્રહ અને ત્યારપછી થનારો ઈહા, અપાયાદિ ભેદોમાં બહુ, બહુવિધાદિ ભેદો પ્રાપ્ત થાય છે અને તે ઉત્તર ઉત્તરનાં ઊહ, અપાય અને ધારણા વચ્ચે જેટલા ભેદો થાય છે, તે સર્વ ભેદોમાં બહુ, બહુવિધ આદિ ભેદો પ્રાપ્ત થાય છે.

**ઉત્થાન :-**

અવગ્રહાદિ એક એક બહુ, બહુવિધ આદિ અર્થોને ગ્રહણ કરે છે. તે પદાર્થને ભાષ્યકાર સ્પષ્ટ કરે છે -

**ભાષ્ય :-**

**बह्ववगृह्णाति । अल्पमवगृह्णाति । बहुविधमवगृह्णाति । एकविधमवगृह्णाति । क्षिप्रमवगृह्णाति । चिरेणावगृह्णाति । अनिश्रितमवगृह्णाति । निश्रितमवगृह्णाति । निश्चितमवगृह्णाति । अनिश्चितमवगृह्णाति । ध्रुवमवगृह्णाति । अध्रुवमवगृह्णाति । इत्येवमीहादीनामपि विद्यात् ।।१-१६।।**

**ભાષ્યાર્થ :-**

**બહુ ગ્રહણ કરે છે, અલ્પ ગ્રહણ કરે છે.**

**બહુવિધ ગ્રહણ કરે છે, એકવિધ ગ્રહણ કરે છે.**

**ક્ષિપ્ર ગ્રહણ કરે છે, ચિરકાળથી ગ્રહણ કરે છે.**

**અનિશ્રિત ગ્રહણ કરે છે, નિશ્રિત ગ્રહણ કરે છે.**

**નિશ્ચિત ગ્રહણ કરે છે=અસંદિગ્ધ ગ્રહણ કરે છે અને અનિશ્ચિત ગ્રહણ કરે છે=સંદિગ્ધ ગ્રહણ કરે છે.**

**ધ્રુવ ગ્રહણ કરે છે, અધ્રુવ ગ્રહણ કરે છે.**

**એ પ્રકારે ઈહાદિમાં પણ જાણવું=બહુ ઊહ કરે છે, અલ્પ ઊહ કરે છે.**

**અને 'આદિ' પદથી અપાય, ધારણાનું ગ્રહણ કરવું. ।।૧-૧૬।।**

**ભાવાર્થ :-**

બહુ અર્થોનો અવગ્રહ=ઘણા પર્યાયોને સ્પર્શનારો સામાન્ય બોધ. અલ્પ એટલે એક જ પર્યાયને સ્પર્શનારો સામાન્ય બોધ.

સ્પર્શેન્દ્રિયને આશ્રયીને અવગ્રહાદિ ચારના બહુ આદિ ભેદોને વિચારીએ તો –

**(૧) બહુગ્રહણ :-** અનેક વસ્તુનો સંસર્ગ હોય અને તેમાંથી અનેક વસ્તુના સ્પર્શનું પૃથક્ જ્ઞાન થાય તે બહુ વિષયોનું ગ્રહણ છે. જેમ કોઈ પુરુષ શય્યામાં બેઠો હોય અને શય્યામાં રહેલ સ્ત્રીનો સ્પર્શ, શય્યાનો સ્પર્શ, વસ્ત્રનો સ્પર્શ, પુષ્પનો સ્પર્શ અને ચંદનાદિનો સ્પર્શ પૃથક્ પૃથક્ ગ્રહણ કરે તો તે બહુ અર્થોનું=બહુ વિષયોનું ગ્રહણ છે.

**(૨) અલ્પગ્રહણ :-** અનેક વસ્તુનો સંસર્ગ હોવા છતાં કોઈ એકના સ્પર્શનું ગ્રહણ થાય તો તે અલ્પ અર્થનું ગ્રહણ છે.

**(૩) બહુવિધગ્રહણ :-** કોઈ એક જ વસ્તુનો સ્પર્શ હોય તે સ્પર્શમાં પણ આ સ્પર્શ શીત છે, આ સ્પર્શ સ્નિગ્ધ છે, આ સ્પર્શ મૃદુ છે, એ પ્રમાણે અનેક પ્રકારના ભેદોનું ગ્રહણ હોય તો તે બહુવિધ વિષયોનું ગ્રહણ છે.

**(૪) એકવિધ ગ્રહણ :-** કોઈ વસ્તુનો સંસર્ગ હોય અને તેમાંથી કોઈ એક વસ્તુના શીતાદિ સ્પર્શના અનેક પર્યાયોમાંથી કોઈ એક જ પર્યાયનું જ્ઞાન થાય તે એકવિધ ગ્રહણ છે.

**(૫) ક્ષિપ્રગ્રહણ :-** વળી, કોઈ વસ્તુનો સંસર્ગ થયા પછી વિલંબન વગર શીઘ્ર તેના સ્પર્શાદિનું જ્ઞાન થાય તો તે ક્ષિપ્રગ્રહણ છે.

**(૬) ચિરકાળથી ગ્રહણ :-** વળી, કોઈ વસ્તુનો સંસર્ગ થયા પછી બહુ કાળના વિલંબનથી તેના સ્પર્શાદિનું જ્ઞાન થાય ત્યારે વિલંબનથી ગ્રહણ છે.

**(૭) અનિશ્રિતગ્રહણ :-** અનિશ્રિત એટલે લિંગ વગર થતો બોધ. જેમ ચંદનના ગંધની પ્રાપ્તિ સાથે આ ચંદનની ગંધ છે, તેવો નિર્ણય થાય તેને ચંદનાદિ પદાર્થની ગેહરાજરી હોવા છતાં ચંદનાદિની ગંધનો નિર્ણય થાય તે અનિશ્રિતગ્રહણ છે.

**(૮) નિશ્રિતગ્રહણ :-** નિશ્રિત એટલે લિંગને આશ્રયીને થતો બોધ. જેમ ચંદનની ગંધ આવતી હોય તોપણ આ શેની ગંધ છે, તેવો નિર્ણય ન થાય અને ત્યારપછી આ સુરભિગંધ છે માટે તે ગંધ દ્વારા અનુમાન થાય કે જે સ્થાનમાંથી ગંધ આવે છે, ત્યાં ચંદન છે. તેનાથી ચંદનાદિની ગંધનો બોધ થાય તે નિશ્રિત ગ્રહણ છે.

**(૯) અસંદિગ્ધગ્રહણ :-** કોઈ વસ્તુનું કોઈ ઇન્દ્રિયથી ગ્રહણ થયા પછી તેના સ્પર્શાદિ વિષયમાં સ્પષ્ટ નિર્ણય થયો હોય તે સંશયાદિ દોષથી રહિત હોય તો તે અસંદિગ્ધગ્રહણ છે.

**(૧૦) સંદિગ્ધગ્રહણ :-** કોઈ વસ્તુનું કોઈ ઇન્દ્રિયથી ગ્રહણ થયા પછી તેના સ્પર્શાદિ વિષયમાં સ્પષ્ટ નિર્ણય ન થતો હોય, પરંતુ આ ચંદનાદિની ગંધ છે એવો સંશયાત્મક બોધ થાય તે સંદિગ્ધગ્રહણ છે.

**(૧૧) ધ્રુવગ્રહણ :-** યોગ્ય દેશમાં વિષય હોય અને ચિત્ત તેને જાણવા માટે ઉપયોગવાળું હોય અને ધ્રુવ બોધ થાય તેવા પ્રકારનો ક્ષયોપશમ હોય તો અવશ્ય તે વિષયનો યથાર્થ બોધ થાય છે, તે ધ્રુવગ્રહણ છે.

**(૧૨) અધ્રુવગ્રહણ :-** યોગ્ય દેશમાં વિષય હોય, તેને જાણવા માટે ચિત્ત ઉપયોગવાળું હોય અને જીવને તેવો ધ્રુવ ક્ષયોપશમ ન હોય, છતાં ક્યારેક યથાર્થ બોધ થાય છે, તો ક્યારેક યથાર્થ બોધ થતો નથી, તે અધ્રુવગ્રહણ છે.

જેમ અવગ્રહમાં બહુ, બહુવિધ આદિ બાર ભેદો બતાવ્યા, તેમ ઈહા, અપાય અને ધારણામાં પણ બાર-બાર ભેદો જાણવા. **॥૧-૧૬॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧૫માં મતિજ્ઞાનના અવગ્રહાદિ ચાર ભેદો છે, તેમ બતાવ્યું. વળી તે અવગ્રહ આદિ ચારે પણ બહુ બહુવિધ આદિ બાર ભેદોથી થાય છે, તેમ સૂત્ર-૧૬માં બતાવ્યું. હવે અવગ્રહાદિ ચારનો વિષય કોણ છે તે બતાવતાં કહે છે –**

**સૂત્ર :-**

**अर्थस्य ।।१-१७।।**

**સૂત્રાર્થ :-**

**અર્થના=અર્થના અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા ચાર મતિજ્ઞાનના વિકલ્પો થાય છે, તેમ સૂત્ર-૧૫ સાથે સંબંધ છે. ।।૧।।૧૭।।**

**ભાષ્ય :-**

**अवग्रहादयो मतिज्ञानविकल्पा अर्थस्य भवन्ति ।।१-१७।।**

**ભાષ્યાર્થ :-**

**અવગ્રહાદિ મતિજ્ઞાનના વિકલ્પો અર્થના થાય છે. ।।૧-૧૭।।**

**ભાવાર્થ :-**

કયા વિષયને અવગ્રહાદિરૂપ મતિજ્ઞાન ગ્રાહક છે, તેના જવાબમાં સૂત્રકાર કહે છે કે અર્થરૂપ વિષયને ગ્રહણ કરનાર અવગ્રહાદિ મતિજ્ઞાનના વિકલ્પો છે અને જ્ઞાનના વિષયભૂત સ્પર્શાત્મક વસ્તુ, રસાત્મક વસ્તુ, ગંધાત્મક વસ્તુ, વર્ણાત્મક વસ્તુ અને શબ્દાત્મક વસ્તુ તે અર્થ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે પાંચ ઇન્દ્રિયના જે સ્પર્શાદિ વિષયો છે, તે વિષયવાળી વસ્તુરૂપ અર્થના અવગ્રહાદિ મતિજ્ઞાનના ચાર ભેદ થાય છે અને સૂત્ર-૧૫માં બતાવેલ બહુ બહુવિધ આદિ અવગ્રહના અવાંતરભેદો છે અર્થાત્ બહુ અર્થોને ગ્રહણ કરે છે, બહુવિધ અર્થોને ગ્રહણ કરે છે, એ પ્રકારના અવગ્રહના અવાંતરભેદો છે અને તે અવગ્રહના વિષયભૂત જે પદાર્થ છે તે અર્થ છે અને તેને=તે અર્થને, મતિજ્ઞાન પ્રથમ અવગ્રહરૂપે ગ્રહણ કરે છે, પછી ઈહારૂપે ગ્રહણ કરે છે. પછી અપાયરૂપે ગ્રહણ કરે છે અને પછી ધારણારૂપે ગ્રહણ કરે છે. તેથી કોઈપણ ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થનો યોગ્ય દેશમાં સન્નિવેશ હોય ત્યારે પ્રથમ તે પદાર્થનું ગ્રહણ થાય છે. તેમાં દ્રવ્યનો બોધ થાય છે તે અવગ્રહરૂપ છે. પછી તે દ્રવ્યના પર્યાય વિષયક ઊહ થાય છે તે ઈહારૂપ છે, અને ત્યારપછી તે દ્રવ્યોમાં રહેલા તે પર્યાયનો બોધ થાય છે તે અપાયરૂપ છે.

જેમ - સ્પર્શેન્દ્રિય સાથે કોઈ વસ્તુનો સંયોગ થાય ત્યારે તે સ્પર્શેન્દ્રિયના વિષયભૂત પદાર્થનો પ્રથમ અવગ્રહ થાય છે, ત્યારે દ્રવ્ય અને પર્યાય ઉભયાત્મક તે પદાર્થમાંથી દ્રવ્યનું અવગ્રહણ થાય છે અર્થાત્ દ્રવ્યનો બોધ થાય છે. ત્યારપછી તે દ્રવ્યનિષ્ઠ આ કયો પર્યાય છે, એ પ્રકારનું જાણવાનો ઊહ પ્રવર્તે છે, જે ઈહારૂપ છે. ત્યારપછી આ પદાર્થમાં રહેલા સ્પર્શનું મને જ્ઞાન થયું છે, તેવો જે નિર્ણય થાય છે તે અપાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે વિષયના સંપર્કકાળમાં એક સમયનો નૈશ્ચયિક અર્થાવગ્રહ થાય છે. ત્યારપછી અંતર્મુહૂર્ત કાળમર્યાદાવાળો ઊહ પ્રવર્તે છે અને ત્યારપછી અંતર્મુહૂર્ત કાળમર્યાદાવાળો અપાય પ્રવર્તે છે. આ અપાય થયા પછી વિશેષ વિશેષની જિજ્ઞાસા થાય ત્યારે ફરી ઊહ અને પછી અપાય એ પ્રકારના બોધની ધારા ચાલે છે. **॥૧-૧૭॥**

**ઉત્થાન :-**

સૂત્ર-૧૭માં કહ્યું કે અર્થના અવગ્રહાદિ ચાર થાય છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે મતિજ્ઞાનનો અન્ય પણ વિકલ્પ છે. જે અર્થને ગ્રહણ કરતો ન હોય. તેના ઉત્તરરૂપે કહે છે - અન્ય વિકલ્પ છે. તે અન્ય વિકલ્પ શું છે ? તેને સૂત્રમાં બતાવે છે –

**સૂત્ર :-**

**व्यञ्जनस्यावग्रहः ।।१-१८।।**

**સૂત્રાર્થ :-**

**વ્યંજનનો અવગ્રહ છે. ।।૧-૧૮।।**

**ભાષ્ય :-**

**व्यञ्जनस्यावग्रह एव भवति, नेहादयः, एवं द्विविधोऽवग्रहो, व्यञ्जनस्य अर्थस्य च, ईहादयस्त्वर्थस्यैव ।।१-१८।।**

**ભાષ્યાર્થ :-**

**વ્યંજનનો અવગ્રહ જ થાય છે, ઈહાદિ નહિ, એ રીતે=સૂત્ર-૧૭માં કહ્યું કે અર્થનો અવગ્રહ થાય છે અને પ્રસ્તુત સૂત્રમાં કહ્યું કે વ્યંજનનો અવગ્રહ થાય છે એ રીતે, વ્યંજનનો અને અર્થનો બે પ્રકારનો અવગ્રહ છે=બે પ્રકારનો સામાન્ય બોધ છે. વળી, ઈહાદિ અર્થના જ છે અર્થાત્ વ્યંજનના ઈહાદિ નથી, અર્થના જ ઈહાદિ છે. ।।૧-૧૮।।**

**ભાવાર્થ :-**

આ ભાવાર્થ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજાની ટીકા અનુસાર છે.

વ્યંજન ત્રણ છે : (૧) ઉપકરણેન્દ્રિય, (૨) સ્પર્શાદિ આકાર પરિણત દ્રવ્ય અને (૩) ઉપકરણેન્દ્રિય સાથે સ્પર્શાદિ આકાર પરિણત દ્રવ્યનો સંબંધ. તેનો અવગ્રહ જ=વ્યંજનનો અવગ્રહ જ, થાય છે. વ્યંજનાવગ્રહ વખતે કેવો બોધ હોય છે, તે સ્પષ્ટ કરે છે. જે બોધમાં "આ કંઈક છે, એ પ્રકારનું પણ સંવેદન નથી", એ વ્યંજનાવગ્રહ છે. વળી, અર્થાવગ્રહમાં "આ કંઈક છે એ પ્રકારનું સંવેદન છે", તેનાથી પણ અર્થાત્ અર્થાવગ્રહમાં જે સંવેદન છે તેનાથી પણ, વ્યંજનાવગ્રહનું મલિન સંવેદન છે. વ્યંજનાવગ્રહમાં ગ્રાહ્ય એવી વસ્તુનું અવ્યક્તપણું હોવાથી ગ્રાહક એવા જ્ઞાનનું અવ્યક્તપણું છે; કેમ કે ચરમસમયના પ્રવેશથી આહિત અતિશયવાળા એવા શબ્દાદિ દ્રવ્યોનું અર્થપર્યાયની પ્રાપ્તિ હોવાને કારણે વ્યક્તપણું છે અને અર્થપર્યાયના ગ્રાહક એવા અર્થાવગ્રહનું વ્યંજનાવગ્રહની અપેક્ષાએ વ્યક્તપણું છે. આથી જ અર્થાવગ્રહ અવ્યક્ત વ્યંજનનું અવગાહન કરતું નથી. વળી, ઈહા, અપાય, ધારણા, વ્યંજનના ગ્રાહક સર્વથા થતા નથી.

અહીં વિશેષ એ છે કે જેનાથી બોધ થાય તે વ્યંજન કહેવાય. તે પ્રકારના વ્યંજન શબ્દની વ્યુત્પત્તિથી ઉપકરણેન્દ્રિય વ્યંજન છે, સ્પર્શાદિ આકાર પરિણત પુદ્ગલ દ્રવ્ય પણ વ્યંજન છે અને ઉપકરણેન્દ્રિય અને પુદ્ગલ દ્રવ્યનો સંબંધ પણ વ્યંજન છે. આ ત્રણે વ્યંજનમાંથી ઉપકરણેન્દ્રિય દ્વારા સ્પર્શાદિ આકાર પરિણત પુદ્ગલ દ્રવ્ય વ્યંજનાગ્રહરૂપ જ્ઞાનથી ગ્રાહ્ય છે અને ઉપકરણેન્દ્રિય સાથે તે ગ્રાહ્ય એવા પુદ્ગલ દ્રવ્યનો સંબંધ થાય છે, ત્યારે કાંઈક જીવનો ઉપયોગ તે વસ્તુને જાણવા માટે વ્યાપારવાળો થાય છે. પરંતુ પ્રથમ સમયમાં કોઈ સ્પષ્ટ બોધ નથી અને ક્રમસર તે ઉપયોગ તે વસ્તુને જાણવા માટે અધિક અધિક થાય છે અને અસંખ્યાત સમય સુધી વ્યંજનાવગ્રહનો ઉપયોગ કાળ છે, ત્યાં સુધી "આ કંઈક છે" એટલો પણ સ્પષ્ટ બોધ થતો નથી. ત્યારપછી એક સમયનો અર્થાવગ્રહનો કાળ છે, ત્યારે "આ કંઈક છે" એવો જીવને બોધ થાય છે. અર્થાવગ્રહકાળમાં તે દ્રવ્યના કોઈપણ પર્યાયના સ્પર્શ વગર તે પુદ્ગલ દ્રવ્યનું ગ્રહણ થાય છે. ત્યારપછી તે દ્રવ્ય વિષયક પર્યાયને જાણવા માટે અસંખ્યાત સમય સુધી ઈહા પ્રવર્તે છે અને તે ઈહા પછી અસંખ્યાત સમય કાળમાન પ્રમાણ અપાયથી તે પુદ્ગલ દ્રવ્યના સ્પર્શાદિ પર્યાયનો બોધ થાય છે.

આનાથી એ ફલિત થાય કે વ્યંજનાવગ્રહમાં ગ્રાહ્ય એવા વ્યંજન પરિણત પુદ્ગલ દ્રવ્ય અવ્યક્ત હોવાથી, તેનું ગ્રાહક એવું જ્ઞાન પણ અવ્યક્ત છે. જેમ - માટીનું નવું કોડિયું ગ્રહણ કરીને તેના ઉપર જળનું બિંદુ નાખીએ તો તે તત્ક્ષણ અદૃશ્ય થાય છે. ત્યારપછી બીજું, ત્રીજું આદિ પાણીનું બિંદુ નાખવામાં આવે તોપણ તે તત્ક્ષણ અદૃશ્ય થાય છે. આમ છતાં પાણીનાં બિંદુ નાખતાં નાખતાં કોઈક ક્ષણ એવી આવે છે કે કોડિયામાં કંઈક ભીનાશ દેખાય છે, તે ભીનાશની ક્ષણ અર્થાવગ્રહ જેવી છે અને તેની પૂર્વની ક્ષણો વ્યંજનાવગ્રહ જેવી છે. તેથી વ્યંજનાવગ્રહકાળમાં અત્યંત મલિન એવો જ્ઞાનનો ઉપયોગ છે અને અર્થાવગ્રહકાળમાં કંઈક ચેતના જણાય તેવો જ્ઞાનનો ઉપયોગ છે. છતાં છદ્મસ્થને તે બોધ મને થયો છે, તેવી સ્પષ્ટ ઉપસ્થિતિ થતી નથી. પરંતુ તે અર્થાવગ્રહ પછી ઈહા અને અપાય દ્વારા તે પુદ્ગલ દ્રવ્યના કોઈક પર્યાયનું જ્ઞાન થાય ત્યારે મને આ સ્પર્શનું જ્ઞાન થયું છે, તેવો બોધ થાય છે.

વળી, વ્યંજન પરિણત પુદ્ગલ દ્રવ્યનું ગ્રહણ વ્યંજનાવગ્રહમાં હોય છે અને અર્થ પરિણત પુદ્ગલ દ્રવ્યનું ગ્રહણ અર્થાવગ્રહમાં હોય છે અને તે અર્થ પરિણત પુદ્ગલ દ્રવ્યનું જ ગ્રહણ ઈહા, અપાય અને ધારણામાં હોય છે. પરંતુ વ્યંજન પરિણત પુદ્ગલ દ્રવ્યનો માત્ર અવગ્રહ જ થાય છે, ઈહાદિ થતા નથી. **॥૧-૧૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વસૂત્રમાં કહ્યું કે વ્યંજનનો અવગ્રહ થાય છે. તેથી જિજ્ઞાસા થાય કે પાંચ ઈન્દ્રિયો અને મન દ્વારા મતિજ્ઞાન થાય છે. તેથી પાંચ ઈન્દ્રિયો અને મનથી વ્યંજન અવગ્રહ થાય છે કે કોઈક ઈન્દ્રિયોથી વ્યંજનનો અવગ્રહ થતો નથી ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**न चक्षुरनिन्द्रियाभ्याम् ।।१-१९।।**

**સૂત્રાર્થ :-**

**ચક્ષુ અને અનિન્દ્રિય દ્વારા=ચક્ષુ અને મન દ્વારા નથી=વ્યંજન અવગ્રહ નથી. ।।૧-૧૯।।**

**ભાષ્ય :-**

**चक्षुषा नोइन्द्रियेण च व्यञ्जनावग्रहो न भवति, चतुर्भिरिन्द्रियैः शेषैर्भवतीत्यर्थः, एवमेतन्मतिज्ञानं द्विविधं चतुर्विधं अष्टाविंशतिविधं अष्टषष्ठ्युत्तरशतविधं षट्त्रिंशत्त्रिशतविधं च भवति ।।१-१९।।**

**ભાષ્યાર્થ :-**

**ચક્ષુ દ્વારા અને નોઈન્દ્રિય દ્વારા=મન દ્વારા, વ્યંજન અવગ્રહ થતો નથી. શેષ ચાર ઈન્દ્રિયો વડે થાય છે. આ રીતે=સૂત્ર-૧૪ થી ૧૮ સુધી વર્ણન કર્યું એ રીતે, આ મતિજ્ઞાન બે પ્રકારનું, ચાર પ્રકારનું, અઠ્ઠાવીશ પ્રકારનું, એકસો અડસઠ પ્રકારનું અને ત્રણસો ને છત્રીશ પ્રકારનું થાય છે. ।।૧-૧૯।।**

**ભાવાર્થ :-**

ઉપકરણ નામની ચક્ષુઇન્દ્રિય સાથે, અને અનિન્દ્રિયની સાથે=મનરૂપ અનિન્દ્રિયની સાથે, રૂપ અને આકારરૂપે પરિણત પુદ્ગલો કે ચિંત્યમાન એવા વસ્તુવિશેષરૂપ પુદ્ગલો સંશ્લેષને પામતા નથી. આથી ચક્ષુરૂપ ઉપકરણેન્દ્રિય અને મનરૂપ નોઇન્દ્રિયને વ્યંજન નથી અને તેના અભાવને કારણે તદ્ કરણ અવગ્રહ પણ નથી. અર્થાત્ ચક્ષુ અને નોઇન્દ્રિય કરણ અવગ્રહ વ્યંજનીયત્વરૂપે નથી, પરંતુ અર્થાવગ્રહરૂપે છે.

આશય એ છે કે ચક્ષુથી જ્ઞાન કરતી વખતે ચક્ષુરિન્દ્રિય અને રૂપપરિણત પુદ્ગલ દ્રવ્ય તે બેનો સંશ્લેષ નથી અને મનથી કોઈક પદાર્થનું ચિંતવન કરાય છે ત્યારે તે ચિંતાના વિષયભૂત પદાર્થનો મન સાથે સંશ્લેષ નથી. માટે મન અને ચક્ષુનો વ્યંજનાવગ્રહ નથી. જ્યારે અન્ય ઇન્દ્રિયોનો વસ્તુ સાથે સંપર્ક થાય છે, ત્યારપછી તે વસ્તુવિષયક બોધ થાય છે. તેથી વસ્તુના સંપર્કકાળમાં પ્રથમ વ્યંજનાવગ્રહ થાય છે. પછી

અર્થાવગ્રહ આદિનાં ક્રમથી બોધ થાય છે. જ્યારે ચક્ષુ અને મનને વસ્તુનો સંશ્લેષ નથી, તેથી પ્રથમ અર્થાવગ્રહ થાય છે.

સૂત્ર-૧૩ અને સૂત્ર-૧૪માં મતિજ્ઞાનના લક્ષણ અને ભેદનું જે નિરૂપણ કર્યું, તેના જુદા જુદા પ્રકારના ભેદોને ભાષ્યકાર કહે છે –

**(૧) ૨ ભેદ :-** સૂત્ર-૧૪માં બતાવ્યું એ રીતે મતિજ્ઞાન, ઇન્દ્રિય અને મનથી જ થાય છે. માટે મતિજ્ઞાન બે ભેદવાળું છે.

**(૨) ૪ ભેદ :-** સૂત્ર-૧૫માં બતાવ્યું એ રીતે અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા એમ ચાર ભેદવાળું મતિજ્ઞાન છે.

**(૩) ૨૮ ભેદો :-** વળી, સૂત્ર-૧૪ના ઇન્દ્રિય અને અનિન્દ્રિય નિમિત્તવાળું મતિજ્ઞાન બે પ્રકારનું છે, તેમ કહ્યું અને ભાષ્યમાં કહ્યું કે સ્પર્શાદિ પાંચ ઇન્દ્રિયોથી અને મનથી તે મતિજ્ઞાન થાય છે. ત્યારપછી સૂત્ર-૧૫માં તે મતિજ્ઞાન અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા, એમ ચાર ભેદવાળું છે તે બતાવ્યું અને સૂત્ર-૧૭ અને ૧૮માં બતાવ્યું કે વ્યંજનનો અને અર્થનો અવગ્રહ થાય છે. સૂત્ર-૧૯માં કહ્યું કે મન અને ચક્ષુર્ને છોડીને ચાર ઇન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ થાય છે. તેથી પાંચ ઇન્દ્રિય અને મનને આશ્રયીને મતિજ્ઞાનના કુલ અઢ્ઠાવીશ ભેદોની પ્રાપ્તિ થાય છે. તે આ રીતે –

પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનના અવગ્રહાદિ ચાર ભેદો ગણીએ તો ૬x૪=૨૪ અને ચક્ષુને તથા મનને છોડીને ચાર ઇન્દ્રિયથી થતા વ્યંજનાવગ્રહના ૪ ભેદ, તેથી ૨૪+૪=૨૮ ભેદોની પ્રાપ્તિ થાય છે.

**(૪) ૧૬૮ ભેદો :-** પૂર્વમાં મતિજ્ઞાનના પ્રાપ્ત થયેલા ૨૮ ભેદોને સૂત્ર-૧૬માં બતાવેલા બહુ, બહુવિધ આદિ છ ભેદોથી ગુણવામાં આવે તો ૨૮x૬=૧૬૮ ભેદોની પ્રાપ્તિ થાય છે.

**(૫) ૩૩૬ ભેદો :-** વળી, પૂર્વમાં બતાવેલ મતિજ્ઞાનના ૨૮ ભેદોને બહુ, બહુવિધ આદિ ૬ ભેદોથી અને તેનાથી ઇતર એવા અબહુ, અબહુવિધ આદિ ૬ ભેદોથી એમ કુલ બાર ભેદો વડે ગુણવાથી અર્થાત્ ૨૮x૧૨=૩૩૬ ભેદોની પ્રાપ્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે કોઈપણ પદાર્થ વિષયક કોઈપણ ઇન્દ્રિયથી ઉપયોગનો પ્રારંભ થાય છે. ત્યારે અસંખ્યાત સમય પ્રમાણ વ્યંજનાવગ્રહ થાય છે. ત્યારપછી એક સમય પ્રમાણ અર્થાવગ્રહ થાય છે. અર્થાવગ્રહમાં સામાન્ય બોધ થયા પછી વિશેષ ઉહ પ્રવર્તે છે. જે અસંખ્યાત સમય પ્રમાણ ઈહારૂપ છે. ત્યારપછી અસંખ્યાત સમય પ્રમાણ અપાયનો ઉપયોગ વર્તે છે. આ અપાય પછી અવિચ્યુતિરૂપ ધારણા પ્રવર્તે તો બોધ થયેલા પદાર્થ વિષયક જ અસંખ્યાત સમય સુધી ઉપયોગ વર્તે છે. ત્યાં સુધીના ભેદમાં બહુ બહુવિધાદિ બાર ભેદો નથી. પરંતુ અપાયથી કે ધારણાથી પદાર્થનો નિર્ણય થયા પછી ફરી તે વિષયક આગળ ઉહ પ્રવર્તે તો વિશેષ પર્યાયને જાણવાને અનુકૂળ ઈહા વર્તે છે અને તેનાથી ઉત્તરમાં ફરી વિશેષ પર્યાયના બોધરૂપ અપાય થાય છે. આ પ્રકારના બોધમાં પ્રથમ જે અપાય થયો તે ઉત્તરના બોધની અપેક્ષાએ અવગ્રહ કહેવાય છે અને તે અવગ્રહથી પૂર્વનો જે કંઈ બોધ છે, તે વ્યંજનાવગ્રહ છે. તેથી

પ્રથમમાં થયેલા અપાય પૂર્વના વ્યંજનાવગ્રહનો બોધ અને પ્રથમના થયેલા અપાયના ઉત્તરભાવિ જે ઈહા, અપાય અને ધારણા થાય છે, તેના બહુ બહુવિધ આદિ ૬ ભેદો અને તેનાથી ઇતર એવા અબહુ, અબહુવિધ આદિ ૬ ભેદો એમ કુલ ૧૨ ભેદો થાય છે. તેને આશ્રયીને મતિજ્ઞાનના ૩૩૬ ભેદો પડે છે. **॥૧-૧૯॥**

**ભાષ્યકારની અવતરણિકા :-**

**अत्राह-गृह्णीमस्तावन्मतिज्ञानम्, अथ श्रुतज्ञानं किं, इत्यत्रोच्यते –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=સૂત્ર-૯માં સમ્યગ્જ્ઞાનના પાંચ ભેદો બતાવ્યા અને સૂત્ર-૧૩થી ૧૯ સુધી મતિજ્ઞાનનું વર્ણન કર્યું. એ વર્ણનની સમાપ્તિમાં કહે છે- મતિજ્ઞાનને અમે ગ્રહણ કર્યું, શ્રુતજ્ઞાન શું છે ? इत्यत्र=એ પ્રકારની જિજ્ઞાસામાં કહેવાય છે=સૂત્રકાર વડે કહેવાય છે –**

**ભાવાર્થ :-**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, એ મોક્ષમાર્ગ છે એમ ગ્રંથકારશ્રીએ પ્રથમ સૂત્રમાં બતાવેલ. ત્યારપછી સમ્યગ્દર્શનનું વર્ણન સૂત્ર-૮ સુધી કરેલ. ત્યારપછી ક્રમપ્રાપ્ત સમ્યગ્જ્ઞાન શું છે તે બતાવવા માટે સમ્યગ્જ્ઞાન પાંચ ભેદવાળું છે, એમ સૂત્ર-૯માં બતાવ્યું. તે સમ્યગ્જ્ઞાનમાં પાંચ ભેદોમાંથી મતિજ્ઞાનનું સ્વરૂપ સૂત્ર-૧૩થી ૧૯ સુધી બતાવ્યું. ત્યાં જિજ્ઞાસુ કહે છે કે મતિજ્ઞાનનું સ્વરૂપ અમે જાણ્યું, શ્રુતજ્ઞાન શું છે ? એ પ્રકારની જિજ્ઞાસામાં સૂત્રકાર વડે કહેવાય છે –

**સૂત્ર :-**

**श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् ।।१-२०।।**

**સૂત્રાર્થ :-**

**મતિપૂર્વ શ્રુત છે. બે, અનેક અને બાર ભેદવાળું છે=બે, અનેક અને બાર ભેદવાળું શ્રુતજ્ઞાન છે. ॥૧-૨૦॥**

**ભાવાર્થ :-**

સૂત્રમાં શ્રુત શબ્દ લક્ષ્ય છે અને મતિપૂર્વ એ લક્ષણ છે. શ્રુતના બે આદિ ભેદો છે, તેમાં શ્રુતના અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ, એમ બે ભેદો છે અને તેમાં અંગબાહ્ય અનેક પ્રકારના ભેદોવાળું છે અને અંગપ્રવિષ્ટ બાર ભેદોવાળું છે. **॥૧-૨૦॥**

**ભાષ્ય :-**

**श्रुतज्ञानं मतिज्ञानपूर्वकं भवति, श्रुतमाप्तवचनमागम उपदेश ऐतिह्यमाम्नायः प्रवचनं जिनवचन-मित्यनर्थान्तरम्, तद्द्विविधम्-अङ्गबाह्यमङ्गप्रविष्टं च, तत्पुनरनेकविधं द्वादशविधं च यथासङ्ख्यम् ।**

**अङ्गबाह्यमनेकविधम्, तद्यथा-सामायिकं चतुर्विंशतिस्तवो वन्दनं प्रतिक्रमणं कायव्युत्सर्गः प्रत्याख्यानं दशवैकालिकं उत्तराध्यायाः दशाः कल्पव्यवहारौ निशीथमृषिभाषितान्येवमादि । अङ्गप्रविष्टं द्वादशविधम्, तद्यथा-आचारः सूत्रकृतं स्थानं समवायः व्याख्याप्रज्ञप्तिः ज्ञाताधर्मकथा उपासकाध्ययनदशाः अन्तकृद्दशाः अनुत्तरौपपातिकदशाः प्रश्नव्याकरणं विपाकसूत्रं दृष्टिपात इति ।।**

**ભાષ્યાર્થ :-**

**મતિજ્ઞાનપૂર્વક, શ્રુતજ્ઞાન થાય છે. શ્રુતજ્ઞાનના પર્યાયવાચી શબ્દો કહે છે. શ્રુત, આપ્તવચન, આગમ, ઉપદેશ, ઐતિહ્યમ્, આમ્નાય, પ્રવચન, જિનવચન એ અનર્થાન્તર છે=શ્રુતજ્ઞાનના પર્યાયવાચી શબ્દો છે. તે=શ્રુતજ્ઞાન બે ભેદવાળું છે : (૧) અંગબાહ્ય અને (૨) અંગપ્રવિષ્ટ. તે વળી યથાક્રમ અનેકવિધ અને બાર ભેદવાળું છે=પ્રથમના બે ભેદ બતાવ્યા તેમાંથી અંગબાહ્ય અનેકવિધ છે અને અંગપ્રવિષ્ટ બાર ભેદવાળું છે.**

તે અનેકવિધ અને બાર ભેદ સ્પષ્ટ કરે છે –

**અંગબાહ્ય અનેકવિધ છે. તે આ પ્રમાણે :- સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશા, કલ્પવ્યવહારો, નિશીથ, ઋષિભાષિત એ પ્રમાણે વગેરે=આ પ્રકારના અન્યનો વગેરેથી સંગ્રહ છે તે, અંગબાહ્ય અનેકવિધ છે.**

**અંગપ્રવિષ્ટ બાર ભેદવાળું છે. તે આ પ્રમાણે :- (૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ=ભગવતીસૂત્ર, (૬) જ્ઞાતાધર્મકથા, (૭) ઉપાસક અધ્યયન દશા, (૮) અન્તકૃત્ દશા, (૯) અનુત્તર ઉપપાતિક દશા, (૧૦) પ્રશ્ન વ્યાકરણ, (૧૧) વિપાક સૂત્ર, (૧૨) દૃષ્ટિપાત. 'इति' શબ્દ સૂત્ર સ્પર્શીભાષ્યની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

જે સંભળાયું તે શ્રુત એ પ્રકારની વ્યુત્પત્તિથી "શબ્દ" શ્રુત બને. પરંતુ શ્રુત શબ્દથી "શબ્દ"નું ગ્રહણ નથી; કેમ કે પાંચ જ્ઞાનનો પ્રસ્તાવ છે. તો પ્રશ્ન થાય કે શ્રુત શબ્દથી શેનું ગ્રહણ છે ? તેથી કહે છે –

ભાવ વ્યુત્પત્તિથી જ્ઞાનનું ગ્રહણ છે. તે બતાવવા માટે ભાષ્યકાર સૂત્રના 'શ્રુત' શબ્દનો અર્થ શ્રુતજ્ઞાન કરે છે અને તે શ્રુતજ્ઞાન શું છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે કે મતિજ્ઞાનપૂર્વક શ્રુત થાય છે. તેથી એ ફલિત થાય છે કે શ્રુતગ્રંથ અનુસારી મતિજ્ઞાનજન્ય જે જ્ઞાન છે તે શ્રુતજ્ઞાન છે.

આશય એ છે કે શ્રુતગ્રંથ વાંચવાથી જે શબ્દો વંચાય છે અને શ્રુતગ્રંથના શ્રવણથી જે શબ્દો સંભળાય છે, તે વખતે જે શબ્દો સંભળાય છે તેથી જે શબ્દોનો બોધ થાય છે, તે શ્રુતગ્રંથને અનુસરનાર મતિજ્ઞાન છે અને તે મતિજ્ઞાનથી જન્ય એવો જે અર્થનો બોધ થાય છે, તે શ્રુતજ્ઞાન છે. જેમ 'घटमानय' એ પ્રકારનાં વચનપ્રયોગથી શ્રોત્રેન્દ્રિયનું મતિજ્ઞાન થાય છે અને તે મતિજ્ઞાનથી જન્ય એવો જે અર્થનો યથાર્થ બોધ થાય છે, તે શ્રુતજ્ઞાન છે. તેમ શાસ્ત્રવચનથી પદાર્થનો જે યથાર્થ બોધ થાય છે, તે શ્રુતજ્ઞાન છે અને જેઓને તે

શાસ્ત્રવચનથી યથાર્થ બોધ થતો નથી, તેઓને તે શાસ્ત્રવચનથી માત્ર મતિજ્ઞાન થાય છે. વિપરીત અર્થનો બોધ થાય તો મિથ્યા શ્રુતજ્ઞાન થાય છે.

ગ્રંથ અનુસરનારી મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન થાય છે, તેથી ગ્રંથના ઘણા પર્યાય શબ્દો વડે શ્રુતના પર્યાયવાચી શબ્દો કહે છે.

**શ્રુત**=જે સંભળાય તે શ્રુત. આ પ્રકારની વ્યુત્પત્તિથી વચનાત્મક શ્રુત ગ્રહણ થાય છે.

**આપ્તવચન**=આપ્ત એવા તીર્થંકર અને ગણધરના વચનરૂપ તે શ્રુત છે, તે બતાવવા માટે શ્રુતનો પર્યાયવાચી શબ્દ 'આપ્તવચન' છે, એમ કહેલ છે. તીર્થંકર અને ગણધરનું વચન આપ્તવચન કહેવાથી અન્ય મહાપુરુષોનાં વચનો શ્રુતજ્ઞાન બને નહિ. તેથી ટીકાકાર સ્પષ્ટ કરે છે કે તીર્થંકર અને ગણધરનાં વચનોને અનુસરનારા અન્ય મહાપુરુષોનાં વચનોને તીર્થંકર અને ગણધરનાં વચનોની સાથે અભેદ ઉપચાર કરીને આપ્તપણું સ્વીકારી શકાય છે. તેથી અન્ય પણ જે મહાપુરુષોનું વચન તીર્થંકર અને ગણધરનાં વચનને અનુપાત્તી હોય તે આપ્તવચન છે અને તે શ્રુતનો પર્યાયવાચી શબ્દ છે.

**આગમ**=આચાર્યની પરંપરાથી વાસના દ્વારા જે આવે તે આગમ. આ પ્રકારની વ્યુત્પત્તિથી તીર્થંકરો અને ગણધરોનાં વચનને સાંભળ્યા પછી તેમનાં વચનો તેના શિષ્યોને પ્રાપ્ત થાય અને તે વાસનારૂપે રહેલ બોધ તેમના શિષ્યોને પ્રાપ્ત થાય, એમ પરંપરાથી જે બોધ પ્રાપ્ત થયો તે આગમ કહેવાય.

**ઉપદેશ**=શ્રુતરૂપે ઉચ્ચારણ કરાય છે, તે ઉપદેશ છે. અર્થાત્ જિનવચન અનુસાર શ્રોતાની ભૂમિકા અનુસાર માર્ગનો બોધ કરાવવા અર્થે જે ઉપદેશ અપાય તે ઉપદેશ કહેવાય. ઉપદેશ શ્રુતનો પર્યાયવાચી શબ્દ છે.

**ઐતિહ્ય**=एवम् एतद् वृद्धाः स्मरन्ति इति ऐतिह्यम् । 'આ પ્રમાણે આને વૃદ્ધો સ્મરણ કરે છે' એ પ્રકારની વ્યુત્પત્તિથી 'ઐતિહ્ય' શ્રુતનો પર્યાયવાચી શબ્દ છે. આશય એ છે કે આપ્ત એવા સર્વજ્ઞોએ જે રીતે વચનો કહ્યાં છે, એ રીતે તે પદાર્થોને કહેનારાં વચનોનું જ્ઞાન વૃદ્ધ પુરુષો સ્મરણ કરે છે. તેથી તે સ્મરણ કરતાં વચનોરૂપ ઐતિહ્ય શ્રુતનો પર્યાયવાચી શબ્દ છે.

**આમ્નાય**=आम्नायतेऽभ्यस्ते निर्जरार्थिभिरित्याम्नायः । નિર્જરાથી એવા યોગીઓ વડે જેનો અભ્યાસ કરાય તે આમ્નાય. તે આમ્નાય શ્રુતનો પર્યાયવાચી શબ્દ છે.

**પ્રવચન**=પ્રકૃષ્ટ વચન=પ્રકર્ષથી નામાદિ ચાર નિક્ષેપા વડે, અને નય, પ્રમાણ, નિર્દેશાદિ વડે જીવાદિ અર્થો જેનાથી કહેવાય તે પ્રવચન.

ચાર નિક્ષેપા, નય, પ્રમાણ, નિર્દેશાદિ દ્વારો વડે જીવાદિ સાત પદાર્થો વિસ્તારથી જે વચનો વડે કહેવાય તે સર્વ વચનો પ્રવચન કહેવાય છે અને તે પ્રવચન જ સર્વજ્ઞે કહેલું શ્રુત છે અને તે પ્રવચન શ્રુતનો પર્યાયવાચી શબ્દ છે.

**જિનવચન :-** રાગાદિ સંતાનથી રહિત તે જિન અને તેમનું જે વચન તે જિનવચન અને તે જિનવચન શ્રુતનો પર્યાયવાચી શબ્દ છે.

આ બધા શ્રુતના પર્યાયવાચી શબ્દો દ્વારા દ્વાદશાંગી ગણિપિટક પ્રતિપાદન કરાય છે અને તે દ્વાદશાંગી આવશ્યકાદિ અને આચારાદિરૂપ છે. એથી તેના ભેદને બતાવે છે. તે બે પ્રકારનું છે : (૧) અંગબાહ્ય અને (૨) અંગપ્રવિષ્ટ. તેમાં જે અંગબાહ્ય છે, તે અનેક પ્રકારનું છે અને જે અંગપ્રવિષ્ટ છે, તે બાર પ્રકારનું છે.

**(I) અંગબાહ્ય :-** અંગબાહ્યમાં કયા ગ્રંથો આવે છે, તે બતાવે છે. (૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદન, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન=પચ્ચક્ખાણ. આ છ આવશ્યકોને કહેનારા જે જે ગ્રંથો છે, તે અંગબાહ્યમાં અંતર્ભાવ પામે છે.

**(૧) દશવૈકાલિકસૂત્ર :-** પ્રસિદ્ધ છે.

**(૨) ઉત્તરાધ્યયનસૂત્ર :-** પ્રસિદ્ધ છે.

**(૩) દશા :-** પૂર્વોમાંથી ગ્રહણ કરીને સંઘના સમુદાયનાં હિત માટે સ્થાપિત અધ્યયનો દશા કહેવાય છે. દશા એટલે વ્યવસ્થાનું વચન. યતિઓની કોઈ પ્રતિવિશિષ્ટ અવસ્થા જેમાં વર્ણન કરાય છે, તે દશા છે. આનાથી એ પ્રાપ્ત થાય કે પૂર્વમાંથી દશા ગ્રંથ ઉદ્ધૃત છે અને તેની અંદર સાધુઓ કોઈક વિશિષ્ટ અવસ્થાનો બોધ કરાવે તેવું કથન છે.

**(૪) કલ્પ-વ્યવહાર :-** આભવત્ પ્રાયશ્ચિત્ત અને દાન પ્રાયશ્ચિત્ત બેનું કલ્પન હોવાથી=બેનો ભેદ હોવાથી, અને વ્યવહરણ હોવાથી=દાન હોવાથી, કલ્પવ્યવહાર છે. વળી, બન્ને પ્રકારના પ્રાયશ્ચિત્તની જ્ઞાપકતા કલ્પગ્રંથમાં અને વ્યવહારગ્રંથમાં છે. તેથી कल्पव्यवहारौ એ પ્રમાણે ભાષ્યમાં સમાસ કરેલ છે.

આશય એ છે કે આભવત્ પ્રાયશ્ચિત્ત અને દાન પ્રાયશ્ચિત્તનું કલ્પન હોવાથી=ભેદ હોવાથી, કલ્પગ્રંથ કહેલ છે અને તે બન્ને પ્રાયશ્ચિત્તનું વ્યવહરણ હોવાથી=દાન હોવાથી વ્યવહારગ્રંથ કહેલ છે અને આ બન્ને ગ્રંથોમાં આભવત્ પ્રાયશ્ચિત્ત અને દાન પ્રાયશ્ચિત્તનું વક્તવ્ય છે. તેથી બંનેનો સમાસ કરેલ છે.

**(૫) નિશીથસૂત્ર :-** સૂત્ર અને અર્થ દ્વારા અપ્રકાશ તે નિશીથ ગ્રંથ અંગબાહ્ય છે. આશય એ છે કે નિશીથ ગ્રંથ અતિગંભીર છે. અતિપક્વ બુદ્ધિવાળા સાધુને ભણાવવાની વિધિ છે. તેથી સૂત્ર અને અર્થ દ્વારા આ ગ્રંથને અપ્રકાશમાં રાખવા જેવો છે, તે બતાવવા માટે ગ્રંથનું નામ નિશીથ છે.

**(૬) ઋષિભાષિત :-** કપિલકેવલી આદિ પ્રત્યેકબુદ્ધાદિથી રચાયેલા ગ્રંથો ઋષિભાષિત છે.

આ પ્રકારનાં અન્ય પણ અનેક અંગબાહ્ય છે તેથી અંગબાહ્ય અનેકવિધ છે.

**(II) અંગપ્રવિષ્ટ :-** અંગપ્રવિષ્ટના બાર ભેદ છે.

**(૧) આચારાંગ સૂત્ર :-** જ્ઞાન, દર્શન, ચારિત્રના આચાર જેમાં કહેવાય છે, તે આચાર=આચારાંગ સૂત્ર.

**(૨) સૂત્રકૃતાંગ સૂત્ર :-** અજ્ઞાનિકાદિ વાદીઓ જેમાં સૂત્રિત કરાયા છે=સૂત્રમાં જેનું વર્ણન કરાયું છે તે સૂત્રકૃત=સૂત્રકૃતાંગ સૂત્ર.

**(૩) સ્થાનાંગ સૂત્ર :-** જેમાં એકાદિ પર્યાય અન્તરો વર્ણન કરાય છે, તે સ્થાન=સ્થાનાંગ સૂત્ર.

(૪) **સમવાયાંગ સૂત્ર :-** વર્ષધરપર્વતો, નદી આદિનું જેમાં સમ્યક્ અવાયન છે=સમ્યગ્ નિરૂપણ છે, તે સમવાયાંગ સૂત્ર.

(૫) **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ=ભગવતી સૂત્ર :-** જેમાં જીવાદિ ગત એવી વ્યાખ્યાની પ્રરૂપણા કરાય છે=નય દ્વારા પ્રરૂપણા કરાય છે, તે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ=ભગવતી સૂત્ર.

(૬) **જ્ઞાતાધર્મકથા :-** જ્ઞાતા=દૃષ્ટાન્તો, તેનું ઉપાદાન કરીને=ગ્રહણ કરીને જેમાં ધર્મ કહેવાય છે, તે જ્ઞાતાધર્મકથા.

(૭) **ઉપાસક દશા :-** ઉપાસકો વડે=શ્રાવકો વડે, આ રીતે રહેવું જોઈએ, એ પ્રકારે જે દશ અધ્યયનમાં વર્ણન કરાયેલું છે, તે ગ્રંથ ઉપાસકદશા.

(૮) **અંતકૃત્ દશા :-** અંતકૃત સિદ્ધો જે ગ્રંથમાં વર્ણન કરાયા છે, તે અંતકૃત્ દશા અને તે અંતકૃત્ દશા ગ્રંથમાં વર્ધમાનસ્વામીના તીર્થમાં આટલા અંતકૃત્ સિદ્ધો છે અને સર્વ તીર્થંકરના શાસનમાં આટલા અંતકૃત્ સિદ્ધો છે, એ પ્રકારનું વર્ણન કરાયું છે.

(૯) **અનુત્તરોપપાતિકદશા :-** અનુત્તર ઉપપાતિક દેવોનું જેમાં વર્ણન કરાય છે, તે ગ્રંથ અનુત્તરોપપાતિકદશા.

(૧૦) **પ્રશ્નવ્યાકરણ :-** પ્રશ્ન કરાયેલા એવા જીવાદિનું જેમાં પ્રતિવચન ભગવાન વડે અપાયું તે પ્રશ્નવ્યાકરણ છે.

(૧૧) **વિપાકસૂત્ર :-** વિપાકને=કર્મોના અનુભવને જે બતાવે છે તે વિપાકસૂત્ર.

(૧૨) **દૃષ્ટિવાદ અથવા દૃષ્ટિપાદ :-** અજ્ઞાન આદિ દૃષ્ટિઓની જેમાં પ્રરૂપણા કરાઈ તે દૃષ્ટિવાદ. તે દૃષ્ટિઓનો પાત છે જેમાં તે દૃષ્ટિપાત.

પૂર્વમાં અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એમ બે પ્રકારનું શ્રુતનું વર્ણન કર્યું અને તેના ભેદો બતાવ્યા. તે સર્વ શ્રુતગ્રંથો છે અને તે સર્વ શ્રુતગ્રંથોમાંથી કોઈપણ શ્રુતગ્રંથથી જન્ય યથાર્થ જ્ઞાન થાય છે, તે શ્રુતજ્ઞાન છે.

**ઉત્થાન :-**

અહીં કોઈને પ્રશ્ન થાય કે પૂર્વમાં વર્ણન કરાયેલાં શાસ્ત્રથી મતિવિશેષ પેદા થાય છે, એમ સ્વીકારીએ તો શું વાંધો ? એ પ્રકારની જિજ્ઞાસાને સામે રાખીને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં શું ભેદ છે, એ પ્રકારનો પ્રશ્ન ભાષ્યમાં કરે છે અને કહે છે કે આ પ્રકારના પ્રશ્નમાં જવાબ અપાય છે –

**ભાષ્ય :-**

**अत्राह-मतिज्ञानश्रुतज्ञानयोः कः प्रतिविशेष इति ? अत्रोच्यते-उत्पन्नाविनष्टार्थग्राहकं साम्प्रत-कालविषयं मतिज्ञानं । श्रुतज्ञानं तु त्रिकालविषयं उत्पन्नविनष्टानुत्पन्नार्थग्राहकम् ।**

**ભાષ્યાર્થ :-**

**अत्र=આમાં=પૂર્વમાં શ્રુતજ્ઞાનના ભેદો બતાવ્યા એમાં, आह=કોઈ શંકા કરે છે. મતિજ્ઞાન અને**

**શ્રુતજ્ઞાનનો શું પ્રતિવિશેષ છે=શું ભેદ છે ? इति શબ્દ શંકાની સમાપ્તિમાં છે. अत्र=પૂર્વમાં કરેલી શંકામાં ઉત્તર અપાય છે. ઉત્પન્ન અવિનષ્ટ અર્થગ્રાહક સાંપ્રતકાલવિષયવાળું=વર્તમાનકાળના વિષયવાળું, મતિજ્ઞાન છે. વળી, ઉત્પન્ન, વિનષ્ટ અને અનુત્પન્ન અર્થનો ગ્રાહક ત્રિકાલવિષયવાળું શ્રુતજ્ઞાન છે.**

**ભાવાર્થ :-**

ભાષ્યકાર મતિજ્ઞાન શું છે, તે સ્પષ્ટ કરતાં કહે છે કે ઉત્પન્ન અર્થ હોય અને તે ઉત્પન્ન થયેલો અર્થ વિનાશ ન પામેલો હોય તેવા અર્થને ગ્રહણ કરનારું અને વર્તમાનકાળના વિષયવાળું મતિજ્ઞાન છે અને ઉત્પન્ન થયેલો અર્થ હોય, વિનષ્ટ થયેલો અર્થ હોય કે અનુત્પન્ન થયેલો અર્થ હોય તે ત્રણે અર્થોને ગ્રહણ કરનારું ત્રિકાલવિષયવાળું શ્રુતજ્ઞાન છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે વર્તમાનમાં જે વસ્તુ વિદ્યમાન છે, તે વસ્તુનું ઇન્દ્રિયોથી જે જ્ઞાન થાય છે, તે મતિજ્ઞાન છે અને મતિજ્ઞાનનો વિષય વર્તમાનકાળની વસ્તુ છે, ભૂતકાળ કે ભવિષ્યકાળની વસ્તુ નથી. શ્રુતજ્ઞાન વર્તમાનકાળની વસ્તુને, ભૂતકાળની વસ્તુને અને ભવિષ્યકાળની વસ્તુને પણ ગ્રહણ કરે છે. માટે શ્રુતજ્ઞાન ત્રિકાલવિષયવાળું છે અને તે અર્થને ટીકામાં સ્પષ્ટ કરતાં કહે છે કે ઇન્દ્રિયો સાથે સંબદ્ધ એવા વર્તમાન માત્ર અર્થને ગ્રહણ કરનાર મતિજ્ઞાનમાં રહેનારી મતિજ્ઞાનત્વ જાતિ ત્રિકાલવિષયને ગ્રહણ કરનાર શ્રુતજ્ઞાનમાં નથી.

જાતિના ભેદથી ભેદ કર્યો. હવે, અનુભવના ભેદથી મતિ-શ્રુતનો ભેદ છે તે ટીકાકાર સ્પષ્ટ કરે છે –

'આ હું સ્વયં મનન કરું છું' એ મતિજ્ઞાન છે અને 'આ હું સાંભળીને જાણું છું' એ શ્રુતજ્ઞાન છે. એમ બે પ્રકારના અનુભવથી શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાનનો ભેદ છે. તેથી મતિજ્ઞાનથી શ્રુતજ્ઞાન જુદું છે. માટે શાસ્ત્રોથી મતિવિશેષ પેદા થાય છે, તેમ સ્વીકારીને મતિજ્ઞાનથી શ્રુતજ્ઞાન પૃથક્ નથી, એ પ્રકારનો શંકાકારનો આશય હતો તેનું સમાધાન થાય છે.

**ભાષ્ય :-**

**अत्राह-गृह्णीमो मतिश्रुतयोर्नानात्वम्, अथ श्रुतज्ञानस्य द्विविधमनेकद्वादशविधमिति किंकृतः प्रतिविशेष इति ? अत्रोच्यते-वक्तृविशेषाद्द्वैविध्यम्, यद् भगवद्भिः सर्वज्ञैः सर्वदर्शिभिः परमर्षिभिरर्हद्भिः तत्स्वाभाव्यात् परमशुभस्य च प्रवचनप्रतिष्ठापनफलस्य तीर्थकरनामकर्मणोऽनुभावादुक्तं, भगवच्छिष्यै-रतिशयवद्भिरुत्तमातिशयवाग्बुद्धिसंपन्नैर्गणधरैर्दृब्धं तदङ्गप्रविष्टम्, गणधरानन्तर्यादिभिस्त्वत्यन्त-विशुद्धागमैः परमप्रकृष्टवाङ्मतिबुद्धिशक्तिभिराचार्यैः कालसंहननायुर्दोषादल्पशक्तीनां शिष्याणामनुग्रहाय यत्प्रोक्तं तदङ्गबाह्यमिति ।**

**ભાષ્યાર્થ :-**

**અહીં=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ભેદ બતાવ્યો. એમાં, શિષ્ય કહે છે –**

**મતિ-શ્રુતનું નાનાપણું=ભિન્નપણું, અમે ગ્રહણ કર્યું. હવે શ્રુતજ્ઞાનના બે પ્રકારના ભેદ અને તે બેના અનેક ભેદ અને બાર ભેદ એ રૂપ પેટાભેદ એ શેનાથી કરાયેલો પ્રતિવિશેષ છે=ભેદ છે ? 'इति' શબ્દ શંકાની સમાપ્તિમાં છે.**

**अत्र=આમાં=શ્રુતજ્ઞાનના ભેદમાં જે શિષ્યે શંકા કરી એમાં, ભાષ્યકાર ઉત્તર આપે છે –**

**વક્તાના વિશેષથી=વક્તાના ભેદથી, દ્વૈવિધ્ય છે=શ્રુતજ્ઞાનના બે ભેદો છે.**

**વક્તાના ભેદથી શ્રુતજ્ઞાનના બે ભેદો છે, તે સ્પષ્ટ કરે છે –**

**(૧) ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી, પરમઋષિ એવા અરિહંતો વડે તત્સ્વભાવપણાને કારણે=જગતના જીવોને ઉપકાર કરવાના સ્વભાવપણાને કારણે, અને પરમ શુભ એવા પ્રવચનના પ્રતિષ્ઠાપનના ફલવાળા તીર્થંકરનામકર્મના અનુભાવને કારણે=વિપાકને કારણે, જે કહેવાયું. ભગવાનના શિષ્ય, અતિશયવાળા, ઉત્તમ અતિશય એવી વાગ્બુદ્ધિથી સંપન્ન એવા ગણધરો વડે જે રચાયું, તે અંગપ્રવિષ્ટ છે.**

**(૨) ગણધર પછી થનારા, અત્યંત વિશુદ્ધ આગમવાળા, પરમ પ્રકૃષ્ટ એવી વાણીની મતિ અને બુદ્ધિની શક્તિવાળા એવા આચાર્યો વડે કાલસંહનન અને આયુષ્યદોષને કારણે અલ્પશક્તિવાળા શિષ્યોના અનુગ્રહ માટે જે કહેવાયું=જે ગ્રંથરચના કરાઈ તે અંગબાહ્ય છે. 'इति' શબ્દ શ્રુતના બે ભેદોનાં સ્વરૂપની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

શ્રુતજ્ઞાન બે ભેદવાળું છે એમ જે કહ્યું, તે શ્રુતજ્ઞાનને કહેનારા વક્તાના ભેદથી બે ભેદવાળું છે. (૧) અંગપ્રવિષ્ટ અને (૨) અંગબાહ્ય.

**(૧) અંગપ્રવિષ્ટ :-** તેમાં અંગપ્રવિષ્ટ તીર્થંકરો વડે અર્થથી કહેવાયેલું છે અને ગણધરો વડે જે સૂત્રથી રચાયું છે, તે અંગપ્રવિષ્ટ છે. વળી, ગણધરો વડે રચાયેલાં બાર અંગો છે. માટે અંગપ્રવિષ્ટના બાર ભેદો છે.

અંગપ્રવિષ્ટ અર્થથી તીર્થંકરો વડે કહેવાયેલું છે એમ કહ્યું અને તીર્થંકરો અર્થપ્રકાશન કરે છે, એનાં બે કારણો બતાવ્યાં.

(૧) તીર્થંકરનો સ્વભાવ છે.

(૨) તીર્થંકરનામકર્મનો ઉદય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે તીર્થંકરોને કેવળજ્ઞાન થયા પછી અર્થપ્રકાશન કરવાનો જ સ્વભાવ છે. માટે તેઓ અર્થનું પ્રકાશન કરે છે. વળી, તીર્થંકરનામકર્મનો ઉદય હોવાથી જગતના ઉપકાર અર્થે અર્થનું પ્રકાશન કરે છે અને તેના કારણે તેમના અર્થને અવલંબીને ગણધરો શ્રુતની રચના કરે છે, તે અંગપ્રવિષ્ટ શ્રુત છે.

**(૨) અંગબાહ્ય :-** ગણધરોએ રચ્યા પછી પાછળના સુવિહિત આચાર્યોએ દુષમાકાળને કારણે જીવોની ગ્રહણશક્તિ અલ્પ જોઈને અને જીવોનું અલ્પ આયુષ્ય જોઈને અને જીવોનું અલ્પ સામર્થ્ય જોઈને તેમના અનુગ્રહ માટે જે ગ્રંથો રચ્યા તે અંગબાહ્ય છે.

**ભાષ્ય :-**

**सर्वज्ञप्रणीतत्वादानन्त्याच्च ज्ञेयस्य श्रुतज्ञानं मतिज्ञानान्महाविषयम्, तस्य च महाविषयत्वात् तांस्तानर्थानधिकृत्य प्रकरणसमाप्त्यपेक्षमङ्गोपाङ्गनानात्वम् । किं चान्यत्-सुखग्रहणधारणविज्ञानापोहप्रयोगार्थं च, अन्यथा ह्यनिबद्धमङ्गोपाङ्गशः समुद्रप्रतरणवद्दुरध्यवसेयं स्यात्, एतेन पूर्वाणि वस्तूनि प्राभृतानि प्राभृतप्राभृतानि अध्ययनान्युद्देशाश्च व्याख्याताः ।।**

**ભાષ્યાર્થ :-**

**સર્વજ્ઞપ્રણિતપણું હોવાને કારણે અને જ્ઞેયનું આનંત્ય હોવાથી=અનંતપણું હોવાથી શ્રુતજ્ઞાન મતિજ્ઞાનથી મહાવિષયવાળું છે=અધિક વિષયવાળું છે અને તેનું=શ્રુતજ્ઞાનનું મહાવિષયપણું હોવાને કારણે તે તે અર્થોને આશ્રયીને=શ્રુતગ્રંથમાં બતાવેલા ભિન્ન ભિન્ન અર્થોને આશ્રયીને, પ્રકરણની સમાપ્તિ છે તેની અપેક્ષાએ અંગોપાંગનું નાનાપણું છે=અંગોપાંગના અનેક ભેદ છે.**

**વળી, બીજું શું છે ?=શ્રુતજ્ઞાનનાં અંગ-ઉપાંગ અનેક ભેદો કરવાનું બીજું શું કારણ છે, એ પ્રકારની જિજ્ઞાસામાં કહે છે.**

**સુખગ્રહણ, સુખધારણ, સુખવિજ્ઞાન, સુખઅપોહ અને સુખ પ્રયોગાર્થે અંગ અને ઉપાંગના ભેદો છે. અન્યથા=જો શ્રુતનાં અંગઉપાંગ ભેદો કરવામાં ન આવ્યા હોત તો અંગઉપાંગથી અનિબદ્ધ એવું શ્રુત સમુદ્રનાં તરવાની જેમ દુરધ્યવસાય થાય=દુઃખે કરીને તરી શકાય તેવું થાય. આના દ્વારા=શ્રુતજ્ઞાન મહાવિષયવાળું હોવાને કારણે અંગઉપાંગના ભેદોથી બતાવાયું છે એના દ્વારા પૂર્વો, વસ્તુઓ, પ્રાભૃત્, પ્રાભૃત્ પ્રાભૃત્, અધ્યયનો અને ઉદ્દેશો વ્યાખ્યાન કરાયાં.**

**ભાવાર્થ :-**

વર્તમાનગ્રાહી મતિ કરતાં ત્રિકાળ વિષયને ગ્રહણ કરનાર શ્રુતજ્ઞાન મહાવિષયવાળું છે. મહાવિષયવાળું કેમ છે, તેમાં બે હેતુ બતાવે છે –

(૧) સર્વજ્ઞ પ્રણીત છે,

(૨) જ્ઞેયનું અનંતપણું છે.

આશય એ છે કે પાંચ ઇન્દ્રિય અને મન દ્વારા દૃષ્ટ પદાર્થોનું જ્ઞાન છદ્મસ્થ કરી શકે છે અને તે મતિજ્ઞાનનો વિષય છે. તેથી મતિજ્ઞાનનો વિષય પરિમિત પદાર્થો છે અને શ્રુતજ્ઞાન સર્વજ્ઞે બતાવેલ છે અને તેમનાં વચનથી ગણધરોને જે બોધ થયેલ તેનો અનંતમો ભાગ ચૌદપૂર્વમાં શ્રુતનિબદ્ધ કરેલ છે અને તે શ્રુતનિબદ્ધ એવા ચૌદપૂર્વથી કોઈને જે જ્ઞાન થાય છે, તે જ્ઞાન મતિજ્ઞાન કરતાં ઘણા અધિક વિષયવાળું છે. વળી, શ્રુતજ્ઞાનના વિષયભૂત પદાર્થો અનંત છે. માટે પણ મતિજ્ઞાનથી શ્રુતજ્ઞાન મહાવિષયવાળું છે. વળી, મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનનો વિષય ઘણો હોવાથી શ્રુતજ્ઞાનના તે તે અર્થોને આશ્રયીને જુદાં જુદાં પ્રકરણોની

સમાપ્તિની અપેક્ષાએ અંગઉપાંગ આદિ અનેક ભેદો છે. જો શ્રુતજ્ઞાનનો વિષય પરિમિત હોત તો શ્રુતજ્ઞાનના વિષયમાં અંગઉપાંગ આદિ અનેક ભેદો કરવાની જરૂર રહેત નહિ.

વળી, શ્રુતજ્ઞાનની રચનામાં અંગઉપાંગના ભેદ કરવાનું પ્રયોજન અન્ય શું છે, તે બતાવતાં કહે છે –

શ્રુતજ્ઞાનના અંગઉપાંગરૂપે અનેક ભેદો પાડેલ ન હોય તો સમુદ્રને તરવું જેમ દુષ્કર છે, તેમ શ્રુતને ગ્રહણ કરવું દુષ્કર બનત. તેથી મહાપુરુષોએ લોકના ઉપકાર અર્થે શ્રુતને ભણનારા યોગ્ય જીવો સુખેથી=આયાસ વગર અપૂર્વ શ્રુતને ગ્રહણ કરશે અને ગ્રહણ કરાયેલું એવું શ્રુત સુખેથી ધારણ કરશે અને ધારણ કરાયેલા એવા શ્રુતના-અર્થોના જ્ઞાનને સુખેથી પ્રાપ્ત કરશે અને પ્રાપ્ત થયેલા શ્રુતના અર્થોનો સુખેથી અપોહ કરશે= “આ આમ જ છે” એ પ્રકારના નિશ્ચયને કરશે અને અર્થનો નિર્ણય કર્યા પછી સંયમની આચરણાકાળમાં સુખેથી તે શ્રુતને આચારમાં વ્યાપારવાળું કરશે=શ્રુતજ્ઞાનનો આચરણામાં ઉપયોગ કરશે. તે કારણથી ગણધરોએ યોગ્ય જીવોના ઉપકાર અર્થે અંગઉપાંગ આદિ ભેદોથી શ્રુતની રચના કરેલ છે. જો ગણધરોએ તે પ્રકારના અંગઉપાંગના ભેદોથી શ્રુતની રચના કરી ન હોત તો અર્થાત્ અંગઉપાંગના ભેદ વગર સર્વ શ્રુતનું નિરૂપણ કરેલ હોત તો સમુદ્રને તરવું જેમ દુષ્કર છે, તેમ શ્રુતને ગ્રહણ કરવું દુષ્કર બનત. તેથી લોકના ઉપકાર અર્થે શ્રુતના અનેક વિભાગો ગણધર આદિ મહાપુરુષોએ કર્યા છે એમ કહ્યું, એનાથી એ કથન કરાયું કે જેમ શ્રુતના અંગઉપાંગ ભેદો છે, તેમ શ્રુતના પૂર્વો, વસ્તુઓ, પ્રાભૃત્, પ્રાભૃત્ પ્રાભૃત્, અધ્યયનો અને ઉદ્દેશો, એ પ્રકારના પણ ભેદો છે. યોગ્ય જીવો સુખેથી તે શ્રુતને ગ્રહણ આદિ કરી શકે અને આત્મહિત સાધી શકે, એ પ્રકારના પ્રયોજનથી આ પ્રકારના ભેદો કરવામાં આવેલ છે.

અહીં વિશેષ એ છે કે ભગવાનના વચનથી ગણધરોને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ થાય છે અને તે બોધમાં દ્વાદશાંગીમાં બતાવાયેલા સર્વ પદાર્થોનો બોધ હોવા છતાં સૂત્રરૂપે તે બોધ નથી, પરંતુ અર્થરૂપે બોધ છે અને પોતાના બોધને સૂત્રરૂપે રચતી વખતે ગણધરોએ અંગ-ઉપાંગ આદિ જે ભેદો કર્યા અને અંગોના પૂર્વો, વસ્તુઓ આદિ જે અવાંતર ભેદો કર્યા તે શિષ્યોને સુખેથી ગ્રહણ આદિ થાય, તેને સામે રાખીને કરેલ છે. તે રીતે પૂર્વાચાર્યોએ જે અંગબાહ્યની રચના કરી તે=દશવૈકાલિક આદિ ગ્રંથોમાં અધ્યયન આદિ રૂપે વિભાગો પાડ્યા તે સર્વ વિભાગ, શિષ્યોને સુખેથી ગ્રહણ આદિ થાય તે પ્રયોજનથી છે.

**ભાષ્ય :-**

**अत्राह-मतिश्रुतयोस्तुल्यविषयत्वं वक्ष्यति 'द्रव्येष्वसर्वपर्यायेष्वि'ति, तस्मादेकत्वमेवास्त्विति, अत्रोच्यते उक्तमेतत् 'साम्प्रतकालविषयं मतिज्ञानं श्रुतज्ञानं तु त्रिकालविषयं विशुद्धतरं चे'ति, किञ्चान्यत्-मतिज्ञानमिन्द्रियानिन्द्रियनिमित्तमात्मनो ज्ञस्वाभाव्यात्पारिणामिकम्, श्रुतज्ञानं तु तत्पूर्वकमाप्तोपदेशाद् भवतीति ।।१-२०।।**

**ભાષ્યાર્થ :-**

**અહીં=પૂર્વમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ભેદ બતાવ્યો, એમાં કોઈક શંકા કરતાં કહે છે –**

**મતિ-શ્રુતનું તુલ્યપણું કહેવાશે. હવે તે તુલ્યપણું જ સ્પષ્ટ કરતાં કહે છે –**

**દ્રવ્યોમાં=સર્વ દ્રવ્યોમાં અને અસર્વ પર્યાયોમાં મતિ-શ્રુતજ્ઞાન છે, એ પ્રકારે સૂત્ર-૧/૨૭માં કહેવાશે. તે કારણથી એકત્વ જ હો=મતિ-શ્રુતજ્ઞાનનું એકપણું હો. 'इति' શબ્દ શંકાની સમાપ્તિમાં છે. અહીં=પૂર્વમાં શંકા કરી એમાં, ભાષ્યકાર કહે છે - આ કહેવાયું=આગળમાં સ્પષ્ટ કરે છે એ પૂર્વમાં કહેવાયું. સાંપ્રતકાલવિષયક મતિજ્ઞાન છે. વળી, શ્રુતજ્ઞાન ત્રિકાલવિષયક છે અને વિશુદ્ધતર છે. 'इति' શબ્દ ઉત્તરની સમાપ્તિમાં છે. વળી, બીજું શું છે ?=મતિ-શ્રુતના ભેદને સ્વીકારવાનું બીજું કારણ શું છે ? મતિજ્ઞાન ઇન્દ્રિય અને અનિન્દ્રિય=મન નિમિત્ત છે, આત્માના 'જ્ઞ' સ્વભાવના કારણે પારિણામિક છે=મતિજ્ઞાન પારિણામિક છે. વળી, શ્રુતજ્ઞાન તત્પૂર્વક આપ્તોપદેશથી થાય છે=મતિપૂર્વક આપ્તોપદેશથી થાય છે. 'इति' શબ્દ મતિ-શ્રુતના અભેદની શંકાના સમાધાનની સમાપ્તિઅર્થક છે. ॥૧-૨૦॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનનું લક્ષણ કર્યું. ત્યારપછી શંકા કરી કે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનમાં શું ભેદ છે ? તેથી ભાષ્યકારે ખુલાસો કર્યો કે મતિજ્ઞાન વર્તમાનકાળવિષયવાળું છે અને શ્રુતજ્ઞાન ત્રિકાલવિષયવાળું છે. ત્યાં કોઈકને આગળ સૂત્ર-૧/૨૭માં જે કહેવાશે, તેનું સ્મરણ થવાથી શંકા થઈ કે સૂત્ર-૧/૨૭માં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બન્ને સર્વ દ્રવ્ય અને અસર્વ પર્યાયવિષયક છે, એમ કહેવાશે. તેથી મતિ અને શ્રુત બંનેનો વિષય સમાન છે માટે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને એક જ સ્વીકારી લો, જેથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને પૃથક્ માનવાની આવશ્યકતા રહે નહિ. તેને ઉત્તર આપતાં ભાષ્યકાર કહે છે –

અમે પૂર્વમાં કહેલું કે મતિજ્ઞાન વર્તમાનકાલવિષયવાળું છે અને શ્રુતજ્ઞાન ત્રિકાલવિષયવાળું છે. તેથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એક છે, તેમ કહી શકાય નહિ. વળી, પૂર્વમાં કહેલું કે મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન વિશુદ્ધતર છે, માટે પણ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એક કહી શકાય નહિ.

આશય એ છે કે વર્તમાનકાલવિષયક યથાર્થ જ્ઞાન તે મતિજ્ઞાન છે અને તે મતિજ્ઞાનથી હિતની પ્રવૃત્તિ અને અહિતની નિવૃત્તિ થઈ શકે તેવો નિર્ણય થાય છે. તેથી મતિજ્ઞાન વિશુદ્ધ છે. વળી, શ્રુતજ્ઞાનમાં ત્રિકાલવિષયક વિશેષ પ્રકારનો બોધ સર્વજ્ઞના વચનથી થાય છે. તેથી મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનમાં વિશુદ્ધતર યથાર્થ બોધ છે. આથી શ્રુતજ્ઞાનથી વિશેષ પ્રકારે હિતમાં પ્રવૃત્તિ અને અહિતમાં નિવૃત્તિ થાય છે. માટે મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન વિશુદ્ધતર છે. તેથી તે બંનેને એક કહી શકાય નહિ.

આનાથી એ પ્રાપ્ત થાય કે મતિજ્ઞાન એ સમ્યગ્જ્ઞાન છે, તેથી મોક્ષને અનુકૂળ આત્મહિતનું કારણ છે; તેમ શ્રુતજ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન છે માટે મોક્ષને અનુકૂળ આત્મહિતનું કારણ છે; છતાં મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન વિશુદ્ધતર હોવાથી મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે વિશેષરૂપે કારણ છે. આથી જ, નિર્મળ મતિજ્ઞાનવાળા જીવો પણ નવું નવું શ્રુત ભણીને વિશેષ પ્રકારે આત્મહિત સાધી શકે છે.

વળી, ભાષ્યકાર શંકા કરે છે - મતિ-શ્રુતના ભેદને સ્વીકારવામાં અન્ય શું કારણ છે ? તેના સમાધાનરૂપે કહે છે –

મતિજ્ઞાન પાંચ ઇન્દ્રિય અને મનરૂપ અનિન્દ્રિયથી થાય છે અને આત્માનો 'જ્ઞ' સ્વભાવ હોવાના કારણે મતિજ્ઞાન આત્માના પરિણામરૂપ છે. માટે મતિજ્ઞાન પારિણામિક છે. વળી, શ્રુતજ્ઞાન, મતિજ્ઞાનપૂર્વક આપ્તના ઉપદેશથી પાછળથી થનારો બોધ છે માટે મતિ-શ્રુતનો ભેદ છે.

અહીં વિશેષ એ છે કે મતિજ્ઞાન એ જીવનો ક્ષયોપશમભાવનો પરિણામ છે. તે અપેક્ષાએ પારિણામિક નથી, પરંતુ જીવના પરિણામરૂપ છે, કર્મજન્ય નથી તે અપેક્ષાએ પારિણામિક છે. આથી જ ક્ષયોપશમ આદિ પાંચ પ્રકારના ભાવોમાં જીવત્વ, ભવ્યત્વ આદિને પારિણામિક ભાવ તરીકે સ્વીકારેલ છે અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિને ક્ષાયોપશમિકભાવ તરીકે સ્વીકારેલ છે. આમ છતાં અનાદિકાળથી જીવ જ્ઞાનના સ્વભાવવાળો છે અને તે જ્ઞાન જીવના પરિણામરૂપ છે અને તે જ્ઞાનનો પરિણામ મતિજ્ઞાન સ્વરૂપ છે માટે મતિજ્ઞાનને પારિણામિક કહેલ છે અને શ્રુતજ્ઞાન અનાદિકાળથી જીવના પરિણામરૂપ નથી, પરંતુ આપ્તોપદેશથી પાછળથી થનારું છે, તેથી શ્રુતજ્ઞાનને પારિણામિક કહેલ નથી. **॥૧-૨૦॥**

**ભાષ્યકારની અવતરણિકા :-**

**अत्राह - उक्तं श्रुतज्ञानम्, अथावधिज्ञानं किं ? इत्यत्रोच्यते –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=સૂત્ર-૯માં જ્ઞાનનાં પાંચ ભેદો બતાવ્યા પછી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું નિરૂપણ કર્યું તેની સમાપ્તિમાં, કહે છે=શિષ્ય કહે છે. શ્રુતજ્ઞાન કહેવાયું=સૂત્ર-૨૦માં શ્રુતજ્ઞાન કહેવાયું. હવે અવધિજ્ઞાન શું છે=શું લક્ષણવાળું છે ? એમાં=પૂર્વમાં અવધિજ્ઞાનના લક્ષણનો શિષ્યે પ્રશ્ન કર્યો એમાં, કહેવાય છે=ભાષ્યકાર વડે ઉત્તર અપાય છે –**

**સૂત્ર :-**

**द्विविधोऽवधिः ।।१-२१।।**

**સૂત્રાર્થ :-**

**બે પ્રકારનું અવધિ છે=અવધિજ્ઞાન છે. ।।૧-૨૧।।**

**ભાષ્ય :-**

**भवप्रत्ययः क्षयोपशमनिमित्तश्च ।।१-२१।।**

**ભાષ્યાર્થ :-**

**ભવપ્રત્યય=ભવનિમિત્તક અવધિજ્ઞાન છે અને ક્ષયોપશમ નિમિત્ત=ક્ષયોપશમ નિમિત્તક અવધિજ્ઞાન છે. ।।૧-૨૧।।**

**ભાવાર્થ :-**

સૂત્રમાં રહેલા દ્વિવિધ શબ્દનો ટીકામાં અર્થ કરે છે. બે ભેદ છે જેને તે દ્વિવિધ અવધિજ્ઞાન છે અને તે બે ભેદો જ ભાષ્યકાર સ્પષ્ટ કરે છે. એક ભવપ્રત્યયથી અવધિજ્ઞાન થાય છે અને બીજું ક્ષયોપશમ નિમિત્તથી અવધિજ્ઞાન થાય છે. માટે બે ભેદવાળું અવધિજ્ઞાન છે. સૂત્રની અવતરણિકારૂપે કરેલ ભાષ્યમાં પ્રશ્ન કરેલ કે કયા લક્ષણવાળું અવધિજ્ઞાન છે અને ત્યારપછી તેના જવાબરૂપે સૂત્રમાં કહેલ કે બે ભેદવાળું અવધિજ્ઞાન છે. તેથી ટીકાકાર શંકા કરે છે કે કયા લક્ષણવાળું અવધિજ્ઞાન છે ? તે પ્રશ્નના જવાબમાં અવધિજ્ઞાન બે ભેદવાળું છે એવું કથન કરવું અન્યાયી છે. જેમ કોઈ આમ્રવૃક્ષનો પ્રશ્ન કરે તેને કોવિદારાદિ વૃક્ષનું કથન કરવામાં આવે તો તે ઉચિત કહેવાય નહિ, તેમ ભાષ્યમાં અવધિજ્ઞાનના લક્ષણના પ્રશ્નના જવાબમાં અવધિજ્ઞાનના ભેદનું કથન ઉચિત કહેવાય નહિ એવી શંકા થાય, પરંતુ તેમ શંકા કરવી નહિ; કેમ કે અવધિજ્ઞાનના ભેદનું જ્ઞાન થયે છતે તે બે ભેદમાંથી જે અન્યતરત્વ છે તે જ અવધિજ્ઞાનનું લક્ષણ છે એમ કહી શકાય. તે અભિપ્રાયથી ગ્રંથકારશ્રીએ અવધિજ્ઞાનના ભેદો બતાવેલ છે.

આશય એ છે કે અલક્ષ્યથી લક્ષ્યનો ભેદ કરવા અર્થે લક્ષ્યનું લક્ષણ કરવામાં આવે છે અને પ્રસ્તુતમાં મતિ આદિ પાંચ જ્ઞાન છે, તેમાંથી મતિ, શ્રુત, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનથી ભિન્ન એવા અવધિજ્ઞાનનો બોધ કરાવવા અવધિજ્ઞાનનું લક્ષણ કરેલ છે. તેથી ભવપ્રત્યય અને ક્ષયોપશમ નિમિત્ત બે ભેદોમાંથી અન્યતરપણું જેમાં હોય તેવું અવધિજ્ઞાન છે, તેમ કહેવાથી અવધિજ્ઞાન સિવાયના ચાર જ્ઞાનમાં આ લક્ષણ રહેનારું નથી; કેમ કે મતિજ્ઞાનના આ પ્રકારના બે ભેદો નથી. તેથી ભવપ્રત્યય અને ક્ષયોપશમ નિમિત્ત બે ભેદોમાં રહેલ અન્યતરત્વ મતિજ્ઞાનમાં નથી. વળી, શ્રુતાદિ બાકીનાં ત્રણ જ્ઞાનમાં પણ ભવપ્રત્યય અને ક્ષયોપશમ નિમિત્ત એ પ્રકારના બે ભેદો નથી; કેમ કે પાંચે જ્ઞાનોમાંથી ભવપ્રત્યય અને ક્ષયોપશમ નિમિત્તથી થનારું માત્ર અવધિજ્ઞાન જ છે.

વળી, અન્ય રીતે લક્ષણ કરવા માટે વિચારવામાં આવે તો પાંચ ઇન્દ્રિય અને મનથી જે ન થયું હોય, જે આપ્ત ઉપદેશથી ન થતું હોય અને રૂપી-અરૂપી ઉભયનો વિષય જે ન કરતું હોય, પરંતુ માત્ર રૂપી દ્રવ્યનો વિષય કરતું હોય અને જે જીવના સ્વભાવથી થનારું હોય તેવું જ્ઞાન તે અવધિજ્ઞાન છે, તેમ કહેવામાં આવે તો ઇન્દ્રિય-અનિન્દ્રિયથી થનારા મતિજ્ઞાનની વ્યાવૃત્તિ થાય અને આપ્ત ઉપદેશથી થનારા શ્રુતજ્ઞાનની પણ વ્યાવૃત્તિ થાય અને રૂપી-અરૂપી ઉભયનો વિષય કરનાર કેવળજ્ઞાનની પણ વ્યાવૃત્તિ થાય. પરંતુ મનઃપર્યવજ્ઞાનની વ્યાવૃત્તિ થાય નહિ. તેથી આવું લક્ષણ અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન સાધારણ બને અને મનઃપર્યવજ્ઞાનથી પણ અવધિજ્ઞાનને પૃથક્ બતાડવા માટે આ જ ઉપાય છે કે ભવપ્રત્યય અને ક્ષયોપશમ નિમિત્તથી જે જ્ઞાન થતું હોય તેમાંથી જે અન્યતર હોય તે અવધિજ્ઞાન છે એમ કહેવું જોઈએ અને આવું લક્ષણ લક્ષ્ય એવા અવધિજ્ઞાન માત્રમાં રહેનારું છે, તેમ જ લક્ષ્યથી અન્ય એવાં મતિ આદિ ચાર જ્ઞાનમાં રહેનારું નથી; કેમ કે અવધિજ્ઞાનને છોડીને અન્ય કોઈ જ્ઞાન ભવપ્રત્યય થતાં નથી. માટે અવધિજ્ઞાનનું આ લક્ષણ છે તે બતાવવા માટે ભાષ્યમાં અવધિજ્ઞાનનું લક્ષણ શું છે, એ પ્રકારની પૃચ્છા કરીને અવધિજ્ઞાનના બે ભેદો બતાવેલ છે.

ભવપ્રત્યયનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે – દેવ, નારક અન્યતર ભવસ્વરૂપ પ્રત્યય છે જેને=નિમિત્તકારણ છે જેને, તે ભવપ્રત્યયઅવધિજ્ઞાન છે. તેથી એ પ્રાપ્ત થાય કે ઉત્પન્ન માત્ર એવા દેવ કે નારકને અવધિજ્ઞાનનો ઉદ્ભવ થાય છે, એટલામાત્રથી ભવપ્રત્યય કહેવાય છે; કેમ કે ભવના=દેવ કે નારકરૂપ ભવના, સદ્ભાવમાં અવધિજ્ઞાન થાય છે અને તે ભવના અભાવમાં અવધિજ્ઞાન થતું નથી તોપણ અવધિજ્ઞાનની પ્રાપ્તિમાં મુખ્ય કારણ તો ક્ષયોપશમ છે. તેથી દેવોને અને નારકોને પણ અવધિજ્ઞાન ક્ષયોપશમ ભાવથી જ થાય છે.

આનાથી એ ફલિત થાય કે દેવ અને નારકને અવધિજ્ઞાનની પ્રાપ્તિ પ્રત્યે ક્ષયોપશમ કારણ છે અને અવધિજ્ઞાનના ક્ષયોપશમ પ્રત્યે દેવભવ કે નારકભવ કારણ છે. માટે અશુદ્ધ નયના મતથી અવધિજ્ઞાન ભવપ્રત્યય થાય છે તેમ કહેવાય છે અર્થાત્ અવધિજ્ઞાનના કારણનાં કારણમાં અવધિજ્ઞાનના કારણનો ઉપચાર કરનાર એવા અશુદ્ધ નયના મતથી ભવપ્રત્યય અવધિજ્ઞાન છે તેમ કહેવાય છે અને શુદ્ધનયના મતે દેવ અને નારકીને પણ ક્ષયોપશમ નિમિત્તે જ અવધિજ્ઞાન થાય છે. ફક્ત દેવ અને નારકીને અવધિજ્ઞાનનો ક્ષયોપશમ ભવના નિમિત્તે થયો છે, તેથી વ્યવહારનય અવધિજ્ઞાનનું કારણ એવો જે ક્ષયોપશમભાવ તેનું જે કારણ દેવ કે નારકભવ તેને ઉપચારથી અવધિજ્ઞાનનું કારણ કહે છે.

ક્ષયોપશમ નિમિત્તનો અર્થ કરતાં કહે છે - ઉદિત એવા જ્ઞાનાવરણીય આદિ કર્મનો ક્ષય અને અનુદિત એવા જ્ઞાનાવરણીય આદિ કર્મના ઉદયનો વિઘાત તેનાથી જે પ્રાપ્ત થાય તે ક્ષયોપશમ નિમિત્ત કહેવાય અને ક્ષયોપશમ નિમિત્ત એટલે ગુણપ્રત્યય અવધિજ્ઞાન. તેથી એ ફલિત થાય કે દેવ અને નારકીથી અન્ય જીવોને ગુણપ્રત્યય અવધિજ્ઞાન થાય છે. **॥૧-૨૧॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૨૧માં અવધિજ્ઞાનનું લક્ષણ બતાવતાં ભવપ્રત્યય અને ક્ષયોપશમ નિમિત્ત અવધિજ્ઞાન છે, તેમ કહ્યું. તેથી હવે ભવપ્રત્યય અવધિજ્ઞાન કોને છે, તે બતાવે છે –**

**સૂત્ર :-**

**भवप्रत्ययो नारकदेवानाम् ।।१-२२।।**

**સૂત્રાર્થ :-**

**નારક અને દેવોને ભવપ્રત્યય છે=ભવપ્રત્યય અવધિજ્ઞાન છે. ।।૧-૨૨।।**

**ભાષ્ય :-**

**तत्र –**

**नारकाणां देवानां च यथास्वं भवप्रत्ययमवधिज्ञानं भवति, भवप्रत्ययं भवहेतुकं भवनिमित्तमित्यर्थः, तेषां हि भवोत्पत्तिरेव तस्य हेतुर्भवति, पक्षिणामाकाशगमनवत्, न शिक्षा न तप इति ।।१-२२।।**

**ભાષ્યાર્થ :-**

**ત્યાં=ભવપ્રત્યય અને ક્ષયોપશમ નિમિત્ત અવધિજ્ઞાનમાં, નારકોને અને દેવતાને યથાયોગ્ય=સ્થાનની યોગ્યતાના અનતિક્રમથી, ભવપ્રત્યય=ભવનિમિત્ત, અવધિજ્ઞાન છે.**

પ્રત્યય શબ્દ જ્ઞાનાર્થક છે, એ પ્રકારના ભ્રમને દૂર કરવા માટે પ્રત્યયનો અર્થ કરે છે –

**ભવપ્રત્યય=ભવહેતુ=ભવનિમિત્ત, એ પ્રકારનો અર્થ છે. તેઓની=દેવો અને નારકીની, ભવની ઉત્પત્તિ જ તેનો=અવધિજ્ઞાનનો, હેતુ થાય છે. દેવતા અને નારકીના અવધિજ્ઞાનની ઉત્પત્તિમાં ભવ જ કેવળ હેતુ છે.**

જે પ્રકારે ભવને કારણે અવધિજ્ઞાન થાય છે, તે પ્રકારનું દર્શન લોકમાં છે, તેને પ્રમાણ તરીકે બતાવે છે -

**પક્ષીઓના આકાશગમનની જેમ દેવો અને નારકોને અવધિજ્ઞાનની ઉત્પત્તિમાં ભવ જ હેતુ છે, શિક્ષા નહિ, તપ નહિ. 'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૧-૨૨।।**

**ભાવાર્થ :-**

જેમ પક્ષીઓને ભવથી આકાશગમનની શક્તિ પ્રગટે છે, તે રીતે નારકો અને દેવોને ભંવથી જ અવધિજ્ઞાન પ્રગટે છે. પરંતુ જેમ મનુષ્યને અન્ય ઉપદેશાદિ દ્વારા કે તપાદિ દ્વારા પરિણામની શુદ્ધિ થવાથી અવધિજ્ઞાન પ્રગટે છે, તેમ દેવોને શિક્ષાથી કે તપથી અવધિજ્ઞાન પ્રગટતું નથી. વળી, દરેક દેવોને કે નારકોને પોતાના સ્થાનની યોગ્યતા પ્રમાણે=પોતે જે જે દેવલોકમાં કે જે જે નરકમાં ઉત્પન્ન થયા છે તે તે સ્થાનની યોગ્યતા પ્રમાણે, ક્ષેત્ર અને કાળની મર્યાદાવાળું=કેટલા ક્ષેત્રને અને કેટલા ભૂત-ભવિષ્યકાળને જોઈ શકે એ પ્રકારની મર્યાદાવાળું, અવધિજ્ઞાન પ્રગટે છે. **॥૧-૨૨॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૨૧માં અવધિજ્ઞાનના બે ભેદો બતાવ્યાં. તેમાંથી ક્ષયોપશમ નિમિત્ત બીજો ભેદ કોને થાય છે અને તેના કેટલા વિકલ્પો થાય છે, તે બતાવે છે –**

**સૂત્ર :-**

**यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम् ।।१-२३।।**

**સૂત્રાર્થ :-**

**શેષને=નારકી અને દેવોથી શેષ એવા તિર્યંચ અને મનુષ્યને, યથોક્તનિમિત્ત=ક્ષયોપશમનિમિત્ત ષડ્વિકલ્પ=છ વિકલ્પવાળું અવધિજ્ઞાન, થાય છે. ।।૧-૨૩।।**

**ભાષ્ય :-**

**यथोक्तनिमित्तः क्षयोपशमनिमित्त इत्यर्थः, तदेतदवधिज्ञानं क्षयोपशमनिमित्तं षड्विधं भवति, शेषाणामिति नारकदेवेभ्यः शेषाणां तिर्यग्योनिजानां मनुष्याणां च, अवधिज्ञानावरणीयस्य कर्मणः**

क्षयोपशमाभ्यां भवति षड्विधम्, तद्यथा-अनानुगामिकं आनुगामिकं हीयमानकं वर्धमानकं अनवस्थितं अवस्थितमिति, तत्रानानुगामिकं यत्र क्षेत्रे स्थितस्योत्पन्नं ततः प्रच्युतस्य प्रतिपतति, प्रश्नादेशपुरुषज्ञानवत् । आनुगामिकं यत्र क्वचिदुत्पन्नं क्षेत्रान्तरगतस्यापि न प्रतिपतति, भास्करप्रकाशवत् घटरक्तभाववच्च । हीयमानकं असंख्येयेषु द्वीपेषु समुद्रेषु पृथिवीषु विमानेषु तिर्यगूर्ध्वमधो यदुत्पन्नं क्रमशः संक्षिप्यमाणं प्रतिपतति आ अङ्गुलासंख्येयभागात्, प्रतिपतत्येव वा, परिच्छिन्नेन्धनोपादानसंतत्यग्निशिखावत् । वर्धमानकं यदङ्गुलस्यासंख्येयभागादिषूत्पन्नं वर्धते आ सर्वलोकात्, अधरोत्तरारणिनिर्मथनोत्पन्नोपात्तशुष्कोपचीयमानाधीयमानेन्धनराश्यग्निवत् । अनवस्थितं हीयते वर्धते च वर्धते हीयते च प्रतिपतति चोत्पद्यते चेति पुनः पुनरूर्मिवत् । अवस्थितं यावति क्षेत्रे उत्पन्नं भवति ततो न प्रतिपतति, आ केवलप्राप्तेः, आ भवक्षयाद्वा जात्यन्तरस्थायि वा भवति लिङ्गवत् ।।१-२३।।

ભાષ્યાર્થ :-

સૂત્રમાં કહેલા 'यथोक्तनिमित्तः'નો અર્થ કરે છે. ક્ષયોપશમ નિમિત્ત એ પ્રકારનો અર્થ છે. તે આ અવધિજ્ઞાન=ગાથા-૨૧માં કહેલ ક્ષયોપશમ નિમિત્તવાળું અવધિજ્ઞાન, ક્ષયોપશમ નિમિત્તે છ પ્રકારનું શેષ જીવોને થાય છે=નારક દેવથી શેષ એવા તિર્યંચ અને મનુષ્યોને થાય છે. ક્ષયોપશમનો અર્થ સ્પષ્ટ કરે છે. અવધિજ્ઞાનાવરણીયકર્મના ક્ષય, ઉપશમ દ્વારા છ પ્રકારનું થાય છે. તે છ પ્રકાર 'तद्यथा'થી બતાવે છે.

(૧) અનાનુગામિક (૨) આનુગામિક

(૩) હીયમાન (૪) વર્ધમાન

(૫) અનવસ્થિત (૬) અવસ્થિત.

ત્યાં=છ પ્રકારના અવધિજ્ઞાનમાં,

(૧) અનાનુગામિક :- જે ક્ષેત્રમાં સ્થિત પુરુષને ઉત્પન્ન થયેલું એવું અવધિજ્ઞાન તે ક્ષેત્રથી પ્રચ્યુત એવા પુરુષને=તે ક્ષેત્રથી અન્યત્ર ગયેલા પુરુષને, પ્રશ્નાદેશ પુરુષના જ્ઞાનની જેમ નાશ પામે છે, તે અનાનુગામિક અવધિજ્ઞાન છે.

(૨) આનુગામિક :- જે કોઈ ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલું ક્ષેત્રાન્તરમાં ગયેલા પુરુષને પણ ભાસ્કરનાં=સૂર્યના પ્રકાશની જેમ અને ઘટના રક્તભાવની જેમ પાત પામતું નથી, તે આનુગામિક અવધિજ્ઞાન છે.

(૩) હીયમાન :- અસંખ્યાત દ્વીપો, સમુદ્રો, પૃથ્વીઓ અને વિમાનોના વિષયમાં તિર્યગ્, ઊર્ધ્વ કે અધો જે ઉત્પન્ન થયેલું ક્રમથી ઘટતું અંગુલના અસંખ્યાત ભાગ સુધી ઓછું થાય છે અથવા સંપૂર્ણ નાશ જ થાય છે તે હીયમાન અવધિજ્ઞાન છે.

કોની જેમ ? તે દૃષ્ટાન્તથી બતાવે છે.

**પરિચ્છિન્ન ઇંધનના ગ્રહણની સંતતિવાળા અગ્નિશિખાની જેમ હીયમાન છે.**

**(૪) વર્ધમાન :- જે અંગુલના અસંખ્યાત ભાગાદિમાં ઉત્પન્ન થયેલું સર્વલોક સુધી વધે છે, તે વર્ધમાન અવધિજ્ઞાન છે.**

વર્ધમાન અવધિજ્ઞાનને દૃષ્ટાન્તથી સમજાવે છે.

**નીચે અને ઉપર પથ્થરના ઘર્ષણથી ઉત્પન્ન થયેલ અને પ્રાપ્ત થયેલા શુષ્ક ઉપચીયમાન અને આધીયમાન એવા ઇંધન રાશિના અગ્નિની જેમ વધતું અવધિજ્ઞાન છે.**

**(૫) અનવસ્થિત :- ઘટે છે અને વધે છે, વધે છે અને ઘટે છે, પડે છે અને ઉત્પન્ન થાય છે તે અનવસ્થિત અવધિજ્ઞાન છે. ફરી ફરી ઊર્મિની જેમ=સમુદ્રમાં ફરી ફરી આવતી ઊર્મિની જેમ, તે અનવસ્થિત અવધિજ્ઞાન છે.**

**(૬) અવસ્થિત :- જેટલા ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલું છે, ત્યાંથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી પડતું નથી અથવા ભવના ક્ષય સુધી પડતું નથી. અથવા લિંગની જેમ=પુરુષ વેદાદિ લિંગની જેમ, જાત્યન્તર સ્થાયી પણ થાય છે અર્થાત્ દેવાદિ અન્ય ભવમાં પણ સાથે આવનારું થાય છે. ॥૧-૨૩॥**

**ભાવાર્થ :-**

નારક અને દેવો સિવાય મનુષ્ય અને તિર્યંચોને જે અવધિજ્ઞાન થાય છે, તે ક્ષયોપશમ નિમિત્તથી થાય છે અર્થાત્ ગુણપ્રત્યય અવધિજ્ઞાન થાય છે અને તેના છ વિકલ્પો છે.

**(૧) અનાનુગામિક અવધિજ્ઞાન :-** જે ક્ષેત્રમાં રહેલા મનુષ્યને કે તિર્યંચને અવધિજ્ઞાન પ્રગટ થાય છે, તે ક્ષેત્રથી તે મનુષ્ય કે તિર્યંચ અન્ય ક્ષેત્રમાં જાય ત્યારે તે અવધિજ્ઞાન સાથે આવતું નથી, પરંતુ નાશ પામે છે અને ફરી તે ક્ષેત્રમાં આવે ત્યારે અવધિજ્ઞાન પ્રગટ થાય છે. તેથી જ્યારે જ્યારે તે મનુષ્ય કે તિર્યંચ તે ક્ષેત્રમાં આવે ત્યારે ત્યારે જ તે અવધિજ્ઞાનના વિષયભૂત પદાર્થોને જોઈ શકે છે. અન્ય ક્ષેત્રમાં જાય ત્યારે તે અવધિજ્ઞાનના વિષયભૂત પદાર્થોને જોઈ શકતા નથી. જેમ કોઈ પુરુષ કોઈ ક્ષેત્રમાં બેસે ત્યારે જે ભવિષ્ય આદિ વિષયક પ્રશ્નો પૂછવામાં આવે તેનો યથાર્થ ઉત્તર આપી શકે છે અને તે જ પુરુષ અન્ય ક્ષેત્રમાં હોય ત્યારે તે પ્રકારનો ઉત્તર આપી શકતો નથી, તેની જેમ અનાનુગામિક અવધિજ્ઞાન છે.

**(૨) આનુગામિક અવધિજ્ઞાન :-** જે ક્ષેત્રમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયેલું હોય તે ક્ષેત્રથી તે પુરુષ કે તિર્યંચ અન્ય ક્ષેત્રમાં જાય તોપણ અવધિજ્ઞાન સાથે આવે છે, પરંતુ અવધિજ્ઞાન પાત પામતું નથી, તે આનુગામિક અવધિજ્ઞાન છે. જેમ સૂર્યનો પ્રકાશ સૂર્યના ગમનની સાથે જાય છે અથવા જેમ ઘટમાં રહેલી રક્તતા ઘટને સ્થાનાન્તરમાં લઈ જવામાં આવે ત્યારે સાથે આવે છે. તેની જેમ આનુગામિક અવધિજ્ઞાન સાથે આવે છે.

**(૩) હીયમાન અવધિજ્ઞાન :-** અસંખ્યાતા દ્વીપો અને સમુદ્રોના વિષયમાં તિરછુ, રત્નપ્રભાદિક પૃથ્વીઓના વિષયમાં અધો અને વિમાનોના વિષયમાં ઊર્ધ્વ ઉત્પન્ન થયેલું છતું ક્રમસર ઘટતું ઘટતું અંગુલીના અસંખ્યાતા ભાગ સુધી ઘટે છે અથવા સંપૂર્ણ નાશ પામે છે, તે હીયમાન અવધિજ્ઞાન છે. જેમ પરિમિત ઇંધનરૂપ

ઉપાદાનસંતતિવાળી અગ્નિની શિખા ક્રમસર ઘટે છે તેમ હીયમાનઅવધિજ્ઞાન ક્રમસર ઘટે છે.

**(૪) વર્ધમાન અવધિજ્ઞાન :-** વર્ધમાન અવધિજ્ઞાન કોઈકને પ્રારંભમાં અંગુલનો અસંખ્યાત ભાગપ્રમાણ ક્ષેત્રવાળું થાય છે તો કોઈકને તેનાથી અધિક ક્ષેત્રની મર્યાદાવાળું અનેક ભેદવાળું થાય છે અને જેટલા પ્રમાણમાં પ્રારંભમાં તે અવધિજ્ઞાન ઉત્પન્ન થયેલું તે ક્રમસર વધતાં વધતાં સર્વ લોકાકાશ પ્રમાણ થાય છે, તેમાં દૃષ્ટાન્ત કહે છે. બે પત્થરોના ઘર્ષણથી ઉત્પન્ન થયેલું અને શુષ્ક એવા ઝાડનાં પાંદડાઓને પ્રાપ્ત કરેલો એવો તે અગ્નિ જેમાં નવા નવા ઇંધણનું પ્રક્ષેપ કરવાનું ચાલુ છે, જેના કારણે તે અગ્નિ ઉત્તરોત્તર વધી રહ્યો છે, તેમ વર્ધમાન અવધિજ્ઞાન પ્રગટ થયા પછી ઉત્તરોત્તર વધે છે.

**(૫) અનવસ્થિત અવધિજ્ઞાન :-** કેટલાક જીવોને અવધિજ્ઞાન પ્રગટ થયા પછી સમુદ્રમાં થતી ઊર્મિઓની જેમ ક્યારેક ઘટે છે અને વધે છે અને ક્યારેક વધે છે અને ઘટે છે. વળી, ક્યારેક પડી જાય છે અને ક્યારેક ઉત્પન્ન થાય છે. આ રીતે ફરી ફરી જે પરિવર્તન પામતું હોય તે અનવસ્થિત અવધિજ્ઞાન છે.

**(૬) અવસ્થિત અવધિજ્ઞાન :-** જેટલા ક્ષેત્રની મર્યાદાથી અવધિજ્ઞાન ઉત્પન્ન થયેલું છે, તેનાથી પડતું નથી અને તેના પાતનો અભાવ કોઈકને કેવળજ્ઞાન સુધી છે અને કોઈકને આ ભવમાં કેવળજ્ઞાન ન થાય તો ભવના ક્ષય સુધી રહે છે.

વળી, કેટલાકને તો અન્ય ભવમાં તેટલું અવધિજ્ઞાન અવસ્થિત રહે છે. જેમ કોઈને આ ભવમાં સ્ત્રીપણું કે પુરુષપણું મળ્યું હોય અને જન્માંતરમાં પણ સ્ત્રીપણું કે પુરુષપણું અવસ્થિત રહે છે, તેમ પ્રાપ્ત થયેલું અવધિજ્ઞાન જન્માંતરમાં અવસ્થિત રહે છે. **॥૧-૨૩॥**

**ભાષ્યકારની અવતરણિકા :-**

**उक्तमवधिज्ञानम्, मनःपर्यायज्ञानं वक्ष्यामः —**

**અવતરણિકાર્થ :-**

**અવધિજ્ઞાન કહેવાયું, મનઃપર્યાયજ્ઞાનને અમે કહીએ છીએ=સૂત્ર-૧/૯માં જ્ઞાનના પાંચ ભેદો બતાવ્યાં. તેમાંથી મતિ-શ્રુત અને અવધિજ્ઞાન કહેવાયું. હવે ક્રમપ્રાપ્ત મનઃપર્યાયજ્ઞાનને ગ્રંથકારશ્રી કહે છે —**

**સૂત્ર :-**

**ऋजुविपुलमती मनःपर्यायः ।।१-२४।।**

**સૂત્રાર્થ :-**

**ઋજુ-વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન છે=ઋજુમતિ અને વિપુલમતિ બે પ્રકારનું મનઃપર્યાયજ્ઞાન છે. ॥૧-૨૪॥**

**ભાષ્ય :-**

**मनःपर्यायज्ञानं द्विविधं-ऋजुमतिमनःपर्यायज्ञानं विपुलमतिमनःपर्यायज्ञानं च ।।१-२४।।**

**ભાષ્યાર્થ :-**

**મનઃપર્યાયજ્ઞાન બે પ્રકારનું છે :**

**(૧) ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન, (૨) વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન. ॥૧-૨૪॥**

**ભાવાર્થ :-**

મનઃપર્યાયજ્ઞાન શબ્દની વ્યુત્પત્તિ એ છે કે "મન માત્ર સાક્ષાત્કારી એવું જ્ઞાન" તે મનઃપર્યાયજ્ઞાન છે, એ પ્રકારની વ્યુત્પત્તિ દ્વારા જ મનઃપર્યાયજ્ઞાનના લક્ષણની પ્રાપ્તિ છે. તેથી મનઃપર્યાયજ્ઞાનનું લક્ષણ કર્યા વગર મનઃપર્યાયજ્ઞાનના બે ભેદ સૂત્રમાં બતાવેલ છે.

ઋજુમતિ અને વિપુલમતિ એ બે પ્રકારના મનઃપર્યાયજ્ઞાનના ભેદમાં જે ઋજુત્વ અને વિપુલત્વ ધર્મ છે, તે ધર્મ મૂર્તના છે, જ્ઞાનના નથી. તેથી એ પ્રાપ્ત થાય કે સામાન્યગ્રાહી મનઃપર્યાયજ્ઞાન ઋજુમતિ છે અને વિશેષગ્રાહી મનઃપર્યાયજ્ઞાન વિપુલમતિ છે. વળી, દ્રવ્યનો ગ્રાહી હોય તે સામાન્યગ્રાહી છે, એ પ્રકારનો સામાન્ય ગ્રાહીનો મુખ્ય અર્થ છે, પરંતુ અહીં સામાન્યગ્રાહી મનઃપર્યાયજ્ઞાનનો અર્થ દ્રવ્યને ગ્રહણ કરનારો છે એવો કરવાનો નથી; કેમ કે મનઃપર્યાયજ્ઞાનને દર્શન નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ મતિજ્ઞાનમાં અને અવધિજ્ઞાનમાં દર્શન છે માટે ચક્ષુદર્શનકાળમાં અને અચક્ષુદર્શનકાળમાં મતિજ્ઞાન દ્રવ્યને ગ્રહણ કરે છે અને મતિજ્ઞાનકાળમાં પર્યાયને ગ્રહણ કરે છે અને અવધિજ્ઞાન પણ અવધિદર્શનકાળમાં દ્રવ્યને ગ્રહણ કરે છે અને અવધિજ્ઞાનકાળમાં પર્યાયને ગ્રહણ કરે છે; તેમ મનઃપર્યાયજ્ઞાન દ્રવ્યને ગ્રહણ કરતું નથી; કેમ કે મનઃપર્યાયજ્ઞાનને મનઃપર્યાયદર્શન નથી. માટે સામાન્યગ્રાહી મનઃપર્યાયજ્ઞાનનો અર્થ દ્રવ્યને ગ્રહણ કરનારો છે એવો કરવાનો નથી; કેમ કે ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાનમાં પણ પ્રથમથી જ વિશેષ આકારની ઉપસ્થિતિ છે, તોપણ કેટલાક વિશેષ ચિંતન પરિણત મનોદ્રવ્યને સાક્ષાત્ કરનાર ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન છે અને બહુતર વિશેષ ચિંતન પરિણત મનોદ્રવ્યને સાક્ષાત્ કરનાર વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન છે, એ પ્રકારના અર્થમાં સામાન્યગ્રાહી મનઃપર્યાયજ્ઞાન ઋજુમતિ છે અને વિશેષગ્રાહી મનઃપર્યાયજ્ઞાન વિપુલમતિ છે એ અર્થ કરવાનો છે. **॥૧-૨૪॥**

**ભાષ્યકારની અવતરણિકા :-**

**अत्राह-कोऽनयोः प्रतिविशेष इति?, अत्रोच्यते –**

**અવતરણિકાર્થ :-**

**अत्र=આમાં=પૂર્વમાં મનઃપર્યાયજ્ઞાનના બે ભેદો બતાવ્યાં, એમાં, आह=પ્રશ્ન કરે છે – આ બેમાં= ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન અને વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન એ બેમાં, શું પ્રતિવિશેષ છે=શું ભેદ છે ? 'इति' શબ્દ પ્રશ્નની સમાપ્તિમાં છે.**

**अत्र=એમાં=પૂર્વપક્ષીએ કરેલા પ્રશ્નમાં, ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે –**

**સૂત્ર :-**

**विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः ।।१-२५।।**

**સૂત્રાર્થ :-**

**વિશુદ્ધિ અને અપ્રતિપાત દ્વારા તે બેના=ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન અને વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન તે બેનો વિશેષ છે=ભેદ છે. અર્થાત્ વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાનમાં વિશુદ્ધિ અને અપ્રતિપાત દ્વારા ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન કરતાં ભેદ છે. ।।૧-૨૫।।**

**ભાષ્ય :-**

**विशुद्धिकृतश्चाप्रतिपातकृतश्चानयोः प्रतिविशेषः, तद्यथा-ऋजुमतिमनःपर्यायाद्विपुलमतिमनःपर्यायज्ञानं विशुद्धतरं, किञ्चान्यत्-ऋजुमतिमनःपर्यायज्ञानं प्रतिपतत्यपि भूयो, विपुलमतिमनःपर्यायज्ञानं तु न प्रतिपततीति ।।१-२५।।**

**ભાષ્યાર્થ :-**

**વિશુદ્ધિકૃત અને અપ્રતિપાતકૃત આ બેનો=ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન અને વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન એ બેનો, પ્રતિવિશેષ છે=સ્વગત ભેદ છે. તે આ પ્રમાણે –**

**ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાનથી વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન વિશુદ્ધતર છે. વળી, બીજું શું છે ? તે સ્પષ્ટ કરે છે –**

**ઋજુમતિમનઃપર્યાયજ્ઞાન પાત પણ પામે છે. વળી, વિપુલમતિમનઃપર્યાયજ્ઞાન પાત પામતું નથી જ= કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી પાત પામતું નથી જ. 'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ।।૧-૨૫।।**

**ભાવાર્થ :-**

સૂત્રમાં વિશુદ્ધિ અને અપ્રતિપાતથી ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન અને વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાનનો ભેદ છે, એમ કહ્યું. ત્યાં પંચમી વિભક્તિથી શું અર્થ પ્રાપ્ત થાય છે, તે ભાષ્યકાર સ્પષ્ટ કરે છે.

વિશુદ્ધિથી વિશેષ છે અર્થાત્ વિશુદ્ધિકૃત વિશેષ છે, એટલે ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન કરતાં વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન વિશુદ્ધતર છે, એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય. તેથી એ ફલિત થાય કે ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાની મનોદ્રવ્યના જે પર્યાયોનો બોધ કરે છે, તેના કરતાં વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાની તે જ પર્યાયોનો અધિક બોધ કરી શકે છે. તેથી ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાની કોઈ પુરુષના મનોદ્રવ્યને જોઈને અનુમાન દ્વારા નિર્ણય કરી શકે કે આ પુરુષે ઘટનું ચિંતવન કર્યું છે, તેના કરતાં વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાની તે જ પુરુષના તે જ મનોદ્રવ્યને જોઈને અનુમાન દ્વારા નિર્ણય કરી શકે છે કે આ પુરુષે ઘટનું માટી આદિના ભેદથી અને રક્તવર્ણ આદિ ભેદથી ચિંતવન કરેલ છે. તેથી ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન કરતાં વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન વિશુદ્ધતર કહેવાય છે.

વળી, બીજું શું વિશેષ છે ? અર્થાત્ ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન કરતાં વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાનમાં બીજું શું વિશેષ છે, એ પ્રકારના હેતુ અંતરના સમુચ્ચય માટે ભાષ્યમાં 'किञ्च अन्यत्' એ પ્રમાણે કહેલ છે. અપ્રમત્ત સંયત સાધુને પ્રાપ્ત થયેલું ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન પાત પણ પામે છે. ભાષ્યમાં રહેલા 'अपि' શબ્દથી એ પ્રાપ્ત થાય કે ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન કોઈકને આશ્રયીને પાત ન પણ પામે તોપણ પાત પામવાના સ્વભાવવાળું છે અને વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન પાત પામવાના સ્વભાવવાળું નથી. તેથી વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધી અવશ્ય રહે છે. તેથી એ ફલિત થાય કે ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન પ્રાપ્ત થયા પછી તે જ ભવમાં કેવલજ્ઞાન થાય પણ અને ન પણ થાય. પરંતુ વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન થયા પછી તે જ ભવમાં નિયમા કેવળજ્ઞાન થાય છે અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન પાત પામતું નથી. **॥૧-૨૫॥**

**ભાષ્યકારની અવતરણિકા :-**

**अत्राह-अथावधिमनःपर्यायज्ञानयोः कः प्रतिविशेष इति?, अत्रोच्यते –**

**અવતરણિકાર્થ :-**

**अत्र=પૂર્વમાં અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનું વર્ણન કર્યું. તેમાં પ્રશ્ન કરે છે. અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનમાં શું પ્રતિવિશેષ છે=શું સ્વગત ભેદ છે ? 'इति' શબ્દ પ્રશ્નની સમાપ્તિમાં છે. अत्र=શિષ્યે કરેલા પ્રશ્નમાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**સૂત્ર :-**

**विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनःपर्याययोः ।।१-२६।।**

**સૂત્રાર્થ :-**

**વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામી અને વિષયથી અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વિશેષ છે. ।।૧-૨૬।।**

**સૂત્રાર્થનો ભાવાર્થ :-**

વિશુદ્ધિ=જીવમાં ઘણા પર્યાયના પરિજ્ઞાનને અનુકૂળ એવી વિશુદ્ધિ.

ક્ષેત્ર=વિષયના આધારભૂત એવું આકાશ.

સ્વામી=જ્ઞાનનું ઉત્પાદન કરનાર સ્વામી.

વિષય=જ્ઞાનથી જણાતો પદાર્થ.

આ હેતુઓથી=પૂર્વમાં બતાવેલ વિશુદ્ધિ આદિ હેતુઓથી અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વિશેષ છે.

**ભાષ્ય :-**

**विशुद्धिकृतः क्षेत्रकृतः स्वामिकृतो विषयकृतश्चानयोर्विशेषो भवत्यवधिमनःपर्यायज्ञानयोः, तद्यथा-**

**अवधिज्ञानान्मनःपर्यायज्ञानं विशुद्धतरम्, यावन्ति हि रूपीणि द्रव्याण्यवधिज्ञानी जानीते तानि मनःपर्यायज्ञानी विशुद्धतराणि मनोगतानि जानीते, किञ्चान्यत्-क्षेत्रकृतश्चानयोः प्रतिविशेषः, अवधिज्ञानमङ्गुलस्यासंख्येयभागादिषूत्पन्नं भवत्या सर्वलोकात्, मनःपर्यायज्ञानं तु मनुष्यक्षेत्र एव भवति नान्यक्षेत्र इति। किञ्चान्यत्, स्वामिकृतश्चानयोः प्रतिविशेष इति, अवधिज्ञानं संयतस्य असंयतस्य वा सर्वगतिषु भवति, मनःपर्यायज्ञानं तु मनुष्यसंयतस्यैव भवति, नान्यस्य। किञ्चान्यत्, विषयकृतश्चानयोः प्रतिविशेषः, रूपिद्रव्येष्वसर्वपर्यायेष्ववधेर्विषयनिबन्धो भवति, तदनन्तभागे मनःपर्यायस्येति ।।**

**ભાષ્યાર્થ :-**

**વિશુદ્ધિકૃત, ક્ષેત્રકૃત, સ્વામીકૃત અને વિષયકૃત આ બેનો=અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનો વિશેષ છે. તે આ પ્રમાણે –**

**અવધિજ્ઞાનથી મનઃપર્યાયજ્ઞાન વિશુદ્ધતર છે.**

અવધિજ્ઞાનથી મનઃપર્યાયજ્ઞાન વિશુદ્ધતર છે, તે સ્પષ્ટ કરે છે –

**જેટલા જ રૂપી દ્રવ્યો અવધિજ્ઞાની જાણે છે, તે મનોગત રૂપી દ્રવ્યોને મનઃપર્યાયજ્ઞાની વિશુદ્ધતર જાણે છે.**

**વળી, બીજું શું ? અને ક્ષેત્રકૃત આ બેનો=અવધિજ્ઞાનનો અને મનઃપર્યાયજ્ઞાનનો પ્રતિવિશેષ છે=સ્વગત ભેદ છે.**

ક્ષેત્રકૃત અવધિજ્ઞાનનો અને મનઃપર્યાયજ્ઞાનનો ભેદ સ્પષ્ટ કરે છે –

**અવધિજ્ઞાન અંગુલના અસંખ્યાતા ભાગાદિમાં ઉત્પન્ન થયેલું સર્વલોક સુધી=સર્વ લોકાકાશ સુધી થાય છે. વળી, મનઃપર્યાયજ્ઞાન મનુષ્યક્ષેત્રમાં જ થાય છે, અન્ય ક્ષેત્રમાં નહિ. 'इति' શબ્દ ક્ષેત્રકૃત અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનના ભેદની સમાપ્તિ માટે છે.**

**વળી, બીજું શું ? અને સ્વામીકૃત આ બેનો=અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનો પ્રતિવિશેષ છે=સ્વગત ભેદ છે.**

સ્વામીકૃત અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનો ભેદ સ્પષ્ટ કરે છે.

**વળી, અવધિજ્ઞાન સંયતને અથવા અસંયતને સર્વગતિમાં=ચારે ગતિમાં થાય છે. મનઃપર્યાયજ્ઞાન મનુષ્ય સંયતને જ થાય છે, અન્યને નહિ.**

**વળી, બીજું શું ? વિષયકૃત આ બેનો=અવધિજ્ઞાનનો અને મનઃપર્યાયજ્ઞાનનો પ્રતિવિશેષ છે=સ્વગત ભેદ છે.**

વિષયકૃત અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનો ભેદ સ્પષ્ટ કરે છે.

**રૂપી દ્રવ્યવિષયક અસર્વ પર્યાયોમાં અવધિનો વિષય નિબંધ છે. તેના અનંતભાગમાં=અવધિજ્ઞાનના વિષયના અનંતભાગમાં, મનઃપર્યાયજ્ઞાનનો વિષય છે. 'इति' શબ્દ અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનના ભેદની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

સૂત્રમાં વિશુદ્ધિ આદિથી અવધિજ્ઞાનનો અને મનઃપર્યાયજ્ઞાનનો ભેદ છે એમ કહ્યું ત્યાં પંચમી વિભક્તિનો અર્થ 'કૃત' શબ્દથી સ્પષ્ટ કરે છે અર્થાત્ વિશુદ્ધિથી ભેદ છે=વિશુદ્ધિકૃત ભેદ છે. તે રીતે ક્ષેત્રકૃત આદિમાં પણ પંચમી વિભક્તિનો અર્થ કૃત શબ્દથી ગ્રહણ કરેલ છે. તેથી એ ફલિત થાય કે વિશુદ્ધિથી કરાયેલો, ક્ષેત્રથી કરાયેલો, સ્વામીથી કરાયેલો અને વિષયથી કરાયેલો અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનો ભેદ છે અને વિશુદ્ધિથી કરાયેલા અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનો ભેદ ભાષ્યકાર 'तद्यथा'થી સ્પષ્ટ કરે છે.

(૧) **વિશુદ્ધિકૃત ભેદ :-** અવધિજ્ઞાનથી મનઃપર્યાયજ્ઞાનમાં વિશુદ્ધિકૃત ભેદ છે અર્થાત્ અવધિજ્ઞાનથી મનઃપર્યાયજ્ઞાન વિશુદ્ધતર છે. કઈ રીતે અવધિજ્ઞાન કરતાં મનઃપર્યાયજ્ઞાન વિશુદ્ધતર છે તે સ્પષ્ટ કરતાં ભાષ્યકાર કહે છે. જેટલા જ રૂપી દ્રવ્યો અવધિજ્ઞાની જાણે છે, તે મનોગત રૂપી દ્રવ્યો મનઃપર્યાયજ્ઞાની વિશુદ્ધતર જાણે છે અર્થાત્ મનોદ્રવ્યના ઘણા પર્યાયોને મનઃપર્યાયજ્ઞાની જાણે છે.

(૨) **ક્ષેત્રકૃત ભેદ :-** અવધિજ્ઞાનથી મનઃપર્યાયજ્ઞાનમાં ક્ષેત્રકૃત ભેદ છે. તેનાથી શું ફલિત થાય તે બતાવતાં કહે છે –

અંગુલના અસંખ્યાત ખંડો કરવામાં આવે, તેમાંથી એક ખંડ જેટલા ક્ષેત્રમાં જેટલાં રૂપી દ્રવ્યો રહેલાં છે, તેટલા આદિ દ્રવ્યોને અવધિજ્ઞાની જોઈ શકે છે. વળી, શુભ અધ્યવસાય વિશેષ થાય તો વધતું એવું અવધિજ્ઞાન બહુ બહુતર ક્ષેત્રને જોતું ઉત્કૃષ્ટથી સર્વ આકાશમાં રહેલાં રૂપી દ્રવ્યોને જુએ છે. જ્યારે મનઃપર્યાયજ્ઞાન અઢી દ્વીપ સમુદ્રરૂપ મનુષ્યક્ષેત્ર વિષયક જ થાય છે, પરંતુ વૈમાનિક આદિ ક્ષેત્ર કે શર્કરાપ્રભાદિ નરક વિષયક થતું નથી.

(૩) **સ્વામીકૃત ભેદ :-** અવધિજ્ઞાનથી મનઃપર્યાયજ્ઞાનમાં સ્વામીકૃત ભેદ છે, તેનાથી શું ફલિત થાય છે તે બતાવવા અર્થે કહે છે –

અવધિજ્ઞાન સંયત સાધુને થાય છે, અસંયત એવા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને થાય છે અને દેશવિરતને થાય છે અને સર્વગતિઓમાં થાય છે. જ્યારે મનઃપર્યાયજ્ઞાન મનુષ્ય સંયતને જ થાય છે. પરંતુ નારકી આદિ કોઈને થતું નથી.

(૪) **વિષયકૃત ભેદ :-** અવધિજ્ઞાનથી મનઃપર્યાયજ્ઞાનમાં વિષયકૃત ભેદ છે, તેનાથી શું ફલિત થાય છે, તે બતાવવા અર્થે કહે છે –

અવધિજ્ઞાન પરમાણુ આદિ રૂપી દ્રવ્ય વિષયક થાય છે, પરંતુ રૂપી દ્રવ્યમાં રહેલા સર્વ પર્યાયો વિષયક અવધિજ્ઞાન થતું નથી. કેટલાક પર્યાયોનું અવધિજ્ઞાન થાય છે અને તે અવધિજ્ઞાની પોતાના જ્ઞાનના કોઈક

વિષયભૂત સ્કંધોવર્તી એકેક પરમાણુના અસંખ્યાતા પર્યાયોને જાણે છે. વળી કોઈ અન્ય એક એક પરમાણુના સંખ્યાતા પર્યાયને જાણે છે અને કોઈ અવધિજ્ઞાની જઘન્યથી રૂપ, રસ, ગંધ અને સ્પર્શ ચાર પર્યાયોને જાણે છે, પરંતુ કોઈ અવધિજ્ઞાની એક એક પરમાણુના અનંત પર્યાયોને જાણી શકતા નથી; કેમ કે કેવલજ્ઞાન જ અનંત પર્યાયોને ગ્રહણ કરવા સમર્થ છે.

જ્યારે મનઃપર્યાયજ્ઞાનનો વિષય સર્વ રૂપી દ્રવ્યો નથી. પરંતુ અવધિજ્ઞાની જે દ્રવ્યોને જાણે છે, તેનાથી અનંતમા ભાગમાં રહેલાં એવાં મનોદ્રવ્યો માત્રને જ મનઃપર્યાયજ્ઞાની ગ્રહણ કરે છે.

તેથી અવધિજ્ઞાનમાં અને મનઃપર્યાયજ્ઞાનમાં અતીન્દ્રિયપણું તુલ્ય હોવા છતાં વિશુદ્ધિ આદિથી અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનો ભેદ છે એમ સિદ્ધ થયું.

**ભાષ્ય :-**

**अत्राह-उक्तं मनःपर्यायज्ञानम्, अथ केवलज्ञानं किमिति, अत्रोच्यते, केवलज्ञानं दशमेऽध्याये वक्ष्यते, मोहक्षयाद् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलं (१०-१) इति ।।१-२६।।**

**ભાષ્યાર્થ :-**

**अत्र=અહીં=અવધિજ્ઞાન અને મનઃપર્યાયનો ભેદ બતાવ્યો. એમાં કોઈક કહે છે. મનઃપર્યાયજ્ઞાન કહેવાયું. હવે કેવળજ્ઞાન શું છે, એ પ્રકારનાં કોઈકનાં પ્રશ્નમાં ભાષ્યકાર કહે છે –**

**કેવળજ્ઞાન દશમા અધ્યયનમાં કહીશું.**

દશમા અધ્યયનમાં શું કહીશું, તે સ્પષ્ટ કરતાં કહે છે –

**મોહના ક્ષયથી અને જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયના ક્ષયથી કેવળ છે=કેવળજ્ઞાન છે. (૧૦-૧) 'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ।।૧-૨૬।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૯થી જ્ઞાનના વર્ણનનો પ્રારંભ કર્યો અને સૂત્ર-૯માં મતિ આદિ પાંચ ભેદવાળું જ્ઞાન છે તેમ બતાવ્યું. ત્યારપછી ક્રમસર મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યાય જ્ઞાનનું વર્ણન કર્યું અને તે જ્ઞાનોમાં પરસ્પર ભેદ શું છે, તેની સ્પષ્ટતા કરી. હવે કેવળજ્ઞાનનું વર્ણન અવસરપ્રાપ્ત છે. છતાં સૂત્રથી ગ્રંથકારશ્રીએ તેનું કથન કર્યું નથી. ભાષ્યમાં શિષ્યની જિજ્ઞાસા ઉદ્ભાવન કરીને કહ્યું કે દશમા અધ્યયનમાં અમે કેવળજ્ઞાનને કહીશું અને દશમા અધ્યયનમાં શું કહીશું, તેને સ્પષ્ટ કરતાં ભાષ્યકાર કહે છે કે મોહનીયકર્મનો ક્ષય થવાથી અને જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મના ક્ષયથી કેવળજ્ઞાન પ્રગટે છે અને તે કેવળજ્ઞાનવિષયક અધિક જે કાંઈ વક્તવ્ય છે, તે દશમા અધ્યયનથી જાણવું. **।।૧-૨૬।।**

**ભાષ્યકારની અવતરણિકા :-**

**अत्राह-एषां मतिज्ञानादीनां ज्ञानानां कः कस्य विषयनिबन्ध इति, अत्रोच्यते –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=પાંચ જ્ઞાનોના વર્ણનની સમાપ્તિમાં, પ્રશ્ન કરે છે. આ મતિજ્ઞાનાદિ જ્ઞાનોના કયા જ્ઞાનનો કયો વિષય નિબંધ છે=કયો વિષય નિયમ છે, એ પ્રકારના પ્રશ્નમાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

મતિજ્ઞાનના પાંચ ભેદોનું વર્ણન ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી કર્યું તે સાંભળીને જિજ્ઞાસુ તેમાં પ્રશ્ન કરે છે - અત્યાર સુધી તમે જે મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાનો બતાવ્યાં, તે જ્ઞાનોમાંથી મતિજ્ઞાનના, શ્રુતજ્ઞાનના, અવધિજ્ઞાનના, મનઃપર્યાયજ્ઞાનના અને કેવળજ્ઞાનના વિષયનો નિયમ શું છે ? અર્થાત્ કયા જ્ઞાનના કેટલા પદાર્થો વિષય છે ? એ પ્રકારની જિજ્ઞાસામાં ગ્રંથકારશ્રી જવાબ આપે છે.

**સૂત્ર :-**

**मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु ।।१-२७।।**

**સૂત્રાર્થ :-**

**સર્વ દ્રવ્યોમાં અને અસર્વ પર્યાયોમાં મતિ-શ્રુતનો નિબંધ છે=વિષયનો નિયમ છે. ।।૧-૨૭।।**

**ભાષ્ય :-**

**मतिज्ञानश्रुतज्ञानयोर्विषयनिबन्धो भवति सर्वद्रव्येष्वसर्वपर्यायेषु, ताभ्यां हि सर्वाणि द्रव्याणि जानीते, न तु सर्वैः पर्यायैः ।।१-२७।।**

**ભાષ્યાર્થ :-**

**મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના વિષયનો નિબંધ=વિષયનો નિયમ, સર્વદ્રવ્યોમાં અને અસર્વ પર્યાયોમાં છે. हि=જે કારણથી, તેના દ્વારા=મતિ-શ્રુતજ્ઞાન દ્વારા, સર્વ દ્રવ્યો જાણે છે, પરંતુ સર્વ પર્યાયોથી સર્વ દ્રવ્યને જાણતો નથી. ।।૧-૨૭।।**

**ભાવાર્થ :-**

મતિજ્ઞાન ધર્માસ્તિકાય આદિ સર્વ દ્રવ્યોનો અને તે સર્વ દ્રવ્યોના અનંતા પર્યાયોમાંથી કેટલાક પર્યાયોનું જ્ઞાન કરે છે, તેથી ઉત્કૃષ્ટ મતિજ્ઞાની પણ સર્વ દ્રવ્યોનો અને અસર્વ પર્યાયોનો બોધ કરી શકે છે અર્થાત્ સર્વ દ્રવ્યોમાં વર્તતા સર્વ પર્યાયોનો બોધ થઈ શકતો નથી, પરંતુ કેટલાક પર્યાયોનો બોધ થઈ શકે છે.

અહીં પ્રશ્ન થાય કે ધર્માસ્તિકાય આદિ સર્વ દ્રવ્યો ઇન્દ્રિયનો વિષય નથી, તેથી મતિજ્ઞાની તે સર્વ દ્રવ્યોનો બોધ કઈ રીતે કરી શકે ? તેથી ટીકાકાર ખુલાસો કરે છે કે શ્રુતગ્રંથોથી કોઈને ધર્માસ્તિકાય આદિ સર્વ દ્રવ્યોનો બોધ થયેલો હોય અને પટુ અભ્યાસ અવસ્થામાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોના વાચક શબ્દ સાથે યોજન કર્યા વગર ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોને સહજ મનથી ઉપસ્થિતિ કરી શકે તેવા મતિજ્ઞાનીને ધર્માસ્તિકાય

આદિ દ્રવ્યોનો બોધ થાય છે અને તે સર્વ દ્રવ્યોમાં વર્તતા કેટલાક પર્યાયોનો ઉત્કૃષ્ટથી મતિજ્ઞાન દ્વારા બોધ થઈ શકે છે, પરંતુ સર્વ દ્રવ્યમાં વર્તતા સર્વ પર્યાયોનો બોધ મતિજ્ઞાન દ્વારા થઈ શકતો નથી.

વળી, શ્રુતજ્ઞાનીને પણ ઉત્કૃષ્ટથી ધર્માસ્તિકાય આદિ સર્વ દ્રવ્યોનો અને તેના અસર્વ પર્યાયોનો બોધ થઈ શકે છે, પરંતુ સર્વ દ્રવ્યોમાં વર્તતા સર્વ પર્યાયોનો બોધ થઈ શકતો નથી. **॥૧-૨૭॥**

**અવતરણિકા :-**

**અવધિજ્ઞાનના વિષયના નિયમને કહે છે –**

**સૂત્ર :-**

**रूपिष्ववधेः ।।१-२८।।**

**સૂત્રાર્થ :-**

**રૂપીમાં અવધિનો=અવધિજ્ઞાનના વિષયનો નિયમ છે. ॥૧-૨૮॥**

**ભાષ્ય :-**

**रूपिष्वेव द्रव्येष्ववधिज्ञानस्य विषयनिबन्धो भवति असर्वपर्यायेषु, सुविशुद्धेनाप्यवधिज्ञानेन रूपीण्येव द्रव्याण्यवधिज्ञानी जानीते, तान्यपि न सर्वैः पर्यायैरिति ।।१-२८।।**

**ભાષ્યાર્થ :-**

**રૂપી જ દ્રવ્યોમાં અસર્વપર્યાયવિષયક અવધિજ્ઞાનના વિષયનો નિબંધ છે=વિષયનો નિયમ છે. સુવિશુદ્ધ પણ અવધિજ્ઞાન વડે રૂપી જ દ્રવ્યો અવધિજ્ઞાની જાણે છે. તે દ્રવ્યોને પણ સર્વ પર્યાયોથી જાણતા નથી. 'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ॥૧-૨૮॥**

**ભાવાર્થ :-**

અવધિજ્ઞાની મનથી જ્ઞાન કરતા નથી, ઇન્દ્રિયથી જ્ઞાન કરતા નથી, પરંતુ જ્ઞાન કરવાને અભિમુખ યત્ન થાય તો અવધિજ્ઞાની સાક્ષાત્ રૂપી દ્રવ્યોને જોઈ શકે છે. પરંતુ અરૂપી દ્રવ્યોને જોઈ શકતા નથી. તેથી જ ભાષ્યકારે કહ્યું કે રૂપી જ દ્રવ્યો અવધિજ્ઞાનનો વિષય છે.

વળી, રૂપી દ્રવ્યમાં પણ જે પર્યાયો છે, તે સર્વ પર્યાયોને અવધિજ્ઞાની જાણી શકતા નથી. આથી કોઈ સાધકને ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન થાય તો સર્વ લોકવર્તી સર્વ રૂપી દ્રવ્યોને હાથમાં રહેલા આમળાની જેમ સાક્ષાત્ જોઈ શકે છે, તોપણ તે દ્રવ્યોવર્તી સર્વ પર્યાયોને જોઈ શકતા નથી.

વળી, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મનથી થનારું હોવાથી અરૂપી દ્રવ્યોનો પણ બોધ કરી શકે છે, તેમ અવધિજ્ઞાની અરૂપી દ્રવ્યોનો બોધ કરી શકતા નથી. ફક્ત અવધિજ્ઞાન દ્વારા રૂપી દ્રવ્યોનો બોધ કર્યા પછી તે અવધિજ્ઞાની મન દ્વારા તેનું ચિંતવન કરીને અરૂપી ભાવોને પણ મતિજ્ઞાન દ્વારા જાણી શકે છે. જેમ

કોઈ અવધિજ્ઞાની મનોદ્રવ્યને જોઈને તે મનોદ્રવ્યોનું ચિંતવન કરનાર પુરુષના મનોગત અરૂપી ભાવોને મતિજ્ઞાન દ્વારા જાણી શકે છે. પરંતુ તે અવધિજ્ઞાની અવધિજ્ઞાન દ્વારા તો રૂપી દ્રવ્ય માત્રને જ જાણી શકે છે. **॥૧-૨૮॥**

**અવતરણિકા :-**

**મનઃપર્યાયજ્ઞાનના વિષયના નિબંધને કહે છે –**

**સૂત્ર :-**

**तदनन्तभागे मनःपर्यायस्य ।।१-२९।।**

**સૂત્રાર્થ :-**

**તેના અનંત ભાગમાં=અવધિજ્ઞાનના વિષયભૂત એવા રૂપી દ્રવ્યોના અનંતમા ભાગમાં, મનઃપર્યયનો=મનઃપર્યાય જ્ઞાનનો વિષય છે. ।।૧-૨૯।।**

**ભાષ્ય :-**

**यानि रूपीणि द्रव्याण्यवधिज्ञानी जानीते ततोऽनन्तभागे मनःपर्यायस्य विषयनिबन्धो भवति, अवधिज्ञानविषयस्यानन्तभागं मनःपर्यायज्ञानी जानीते, रूपिद्रव्याणि मनोरहस्यविचारगतानि च मानुषक्षेत्रपर्यापन्नानि विशुद्धतराणि चेति ।।१-२९।।**

**ભાષ્યાર્થ :-**

**જે રૂપી દ્રવ્યો અવધિજ્ઞાની જાણે છે, તેનાથી=અવધિજ્ઞાનના વિષયભૂત રૂપી દ્રવ્યોથી, અનંતમા ભાગમાં મનઃપર્યાયજ્ઞાનનું વિષય નિબંધ છે=વિષયનો નિયમ છે. અવધિજ્ઞાનના વિષયનો અનંતમો ભાગ મનઃપર્યાયજ્ઞાની જાણે છે.**

કયા રૂપી દ્રવ્યોને મનઃપર્યાયજ્ઞાની જાણે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**માનુષ ક્ષેત્રમાં વ્યવસ્થિત એવા મનના રહસ્યના વિચારગત રૂપી દ્રવ્યોને મનઃપર્યાયજ્ઞાની જાણે છે, એમ અન્વય છે અને વિશુદ્ધતર જાણે છે=અવધિજ્ઞાની કરતાં વિશુદ્ધતર જાણે છે એમ અન્વય છે. 'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ।।૧-૨૯।।**

**ભાવાર્થ :-**

અવધિજ્ઞાની ઉત્કૃષ્ટથી જગતનાં સર્વ રૂપી દ્રવ્યોને જાણે છે અને તેના અનંતમા ભાગમાં રહેલાં રૂપી દ્રવ્યોને મનઃપર્યાયજ્ઞાની જાણે છે.

અહીં પ્રશ્ન થાય કે અવધિજ્ઞાની કરતાં મનઃપર્યાયજ્ઞાની અનંતમા ભાગનાં જ રૂપી દ્રવ્યને કેમ જાણી શકે છે ? તેથી ભાષ્યમાં ખુલાસો કરે છે કે અવધિજ્ઞાનીની જેમ સર્વ રૂપી દ્રવ્યોને મનઃપર્યાયજ્ઞાની જાણી શકતા

નથી, પરંતુ મનના રહસ્યના વિચારગત રૂપી દ્રવ્યોને જાણી શકે છે અને તે પણ અઢી દ્વીપ પ્રમાણ માનુષક્ષેત્રમાં રહેલાં મનોદ્રવ્યોને જાણી શકે છે. માટે અવધિજ્ઞાનથી અનંતમો ભાગ મનઃપર્યાયજ્ઞાનનો વિષય છે.

વળી, અવધિજ્ઞાની કરતાં મનઃપર્યાયજ્ઞાની મનોદ્રવ્યોને વિશુદ્ધતર જાણે છે, એટલું વિશેષ છે.

ભાષ્યમાં કહ્યું કે મનોરહસ્ય વિચારગત રૂપી દ્રવ્યોને મનઃપર્યાયજ્ઞાની જાણે છે, તેનો અર્થ ટીકામાં સ્પષ્ટ કરતાં કહે છે કે મન જ જે અપ્રકાશરૂપ રહસ્ય છે તેમાં જે વિચાર=કઈ રીતે આ પદાર્થ વ્યવસ્થિત છે એ પ્રકારનો વિચાર, તેના વિષયમાં ગત=પ્રવિષ્ટ=જીવ દ્વારા ચિંતવન કરાતાં મનોદ્રવ્યો, તેને મનઃપર્યાયજ્ઞાની જાણે છે.

આશય એ છે કે જીવ કોઈ પદાર્થને જાણવાને અભિમુખ થાય છે, ત્યારે તે પદાર્થનો તેને બોધ નથી પરંતુ જાણવાને અભિમુખભાવ છે. તેથી તે પદાર્થનું અપ્રકાશરૂપ જે રહસ્ય છે અર્થાત્ મનને જાણવાને અભિમુખ ભાવરૂપ રહસ્ય છે, તેના વિષયમાં તે જીવ વિચાર કરે છે તે વખતે તેના ચિંતનના વિષયરૂપે પ્રવિષ્ટ પામેલાં એવાં જે મનોદ્રવ્યો તે મનઃપર્યાયજ્ઞાનનો વિષય છે.

આનાથી એ ફલિત થાય કે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનમાં જગતનાં તમામ રૂપી દ્રવ્યોનું જ્ઞાન થાય છે અને તેનો અનંતમો ભાગ અઢી દ્વીપવર્તી પંચેન્દ્રિય જીવો દ્વારા ચિંતવન કરાતાં મનોદ્રવ્યો છે અને તેટલાં મનોદ્રવ્યો માત્રને મનઃપર્યાયજ્ઞાની જાણે છે. માટે અવધિજ્ઞાન કરતાં અનંતમો ભાગ મનઃપર્યાયજ્ઞાનનો વિષય છે અને બધા અવધિજ્ઞાની મનોદ્રવ્યને જાણતા નથી, પરંતુ વિશેષ પ્રકારના અવધિજ્ઞાની મનોદ્રવ્યોને જાણે છે, તે મનોદ્રવ્યોને મનઃપર્યાયજ્ઞાની વિશુદ્ધતર જાણે છે. **॥૧-૨૯॥**

**અવતરણિકા :-**

**કેવલજ્ઞાનના વિષયને કહે છે –**

**સૂત્ર :-**

**सर्वद्रव्यपर्यायेषु केवलस्य ।।१-३०।।**

**સૂત્રાર્થ :-**

**સર્વ દ્રવ્યમાં અને સર્વ પર્યાયમાં કેવલજ્ઞાનનો વિષય છે. ।।૧-૩૦।।**

**ભાષ્ય :-**

**सर्वद्रव्येषु सर्वपर्यायेषु च केवलज्ञानस्य विषयनिबन्धो भवति, तद्धि सर्वभावग्राहकं संभिन्नलोकालोकविषयं, नातः परं ज्ञानमस्ति, न च केवलज्ञानविषयात्परं किंचिदन्यज्ज्ञेयमस्ति, केवलं परिपूर्णं समग्रमसाधारणं निरपेक्षं विशुद्धं सर्वभावज्ञापकं लोकालोकविषयमनन्तपर्यायमित्यर्थः ।।१-३०।।**

**ભાષ્યાર્થ :-**

**સર્વ દ્રવ્યમાં અને સર્વ પર્યાયમાં કેવલજ્ઞાનના વિષયનો નિબંધ છે=વિષયનો નિયમ છે. તે= કેવલજ્ઞાન, સર્વ ભાવોનું ગ્રાહક સંભિન્ન લોક-અલોક વિષયવાળું છે=સંપૂર્ણ લોક-અલોક વિષયવાળું છે. આનાથી=કેવળજ્ઞાનથી, પર=પ્રકૃષ્ટ જ્ઞાન નથી અને કેવલજ્ઞાનના વિષયથી પર એવું કોઈ અન્ય જ્ઞેય નથી. કેવલજ્ઞાનમાં વર્તતા 'કેવલ' શબ્દના પર્યાયવાચી શબ્દો કહે છે. કેવલ, પરિપૂર્ણ, સમગ્ર, અસાધારણ, નિરપેક્ષ, વિશુદ્ધ, સર્વભાવજ્ઞાપક, લોકાલોક વિષયવાળું, અનન્ત પર્યાયવાળું એ પ્રકારનો અર્થ છે=એ પ્રકારનો 'કેવલ' શબ્દનો અર્થ છે. ।।૧-૩૦।।**

**ભાવાર્થ :-**

જગતમાં જેટલાં દ્રવ્યો છે, તે સર્વ દ્રવ્યોમાં અને તે દરેક દ્રવ્યોમાં વર્તતા જેટલા પર્યાયો છે, તે સર્વ પર્યાયોમાં કેવલજ્ઞાનના વિષયનો નિયમ છે. કેવલજ્ઞાનનું સ્વરૂપ ભાષ્યકાર સ્પષ્ટ કરે છે.

તે=કેવલજ્ઞાન, સર્વ ભાવોનું ગ્રાહક છે=જગતવર્તી સર્વ ભાવાત્મક પદાર્થોનું ગ્રાહક છે. વળી, સંભિન્ન લોકાલોક વિષયવાળું છે=સંપૂર્ણ લોક-અલોકના વિષયવાળું છે. આ કેવલજ્ઞાનથી પરઃ=પ્રધાનતર=શ્રેષ્ઠ, જ્ઞાન નથી અને સર્વ દ્રવ્યના અને સર્વ પર્યાયના સમૂહરૂપ કેવલજ્ઞાનના વિષયથી પર=અન્ય, કોઈ જ્ઞેય નથી. જે કેવલજ્ઞાનથી પ્રકાશિત થાય.

આ રીતે કેવલજ્ઞાનના વિષયને કહીને ભાષ્યકાર કેવલજ્ઞાનના પર્યાયવાચી શબ્દોને કહે છે –

**(૧) કેવલ :-** મતિ આદિ જ્ઞાનોની અસહવૃત્તિ એવું જે જ્ઞાન છે અર્થાત્ પ્રથમનાં મતિ આદિ ચાર જ્ઞાનો પરસ્પર સહવર્તી કોઈક જીવને પ્રાપ્ત થાય છે, પરંતુ કેવલજ્ઞાન વખતે નિયમા પ્રથમ ચાર જ્ઞાનનો અભાવ પ્રાપ્ત થાય છે. માટે કેવલજ્ઞાન એકલું જ્ઞાન છે, પરંતુ બીજા જ્ઞાનોની સાથે રહેનારું જ્ઞાન નથી.

**(૨) પરિપૂર્ણ :-** વળી, પરિપૂર્ણ જ્ઞાન છે અર્થાત્ કોઈ જ્ઞેયનું જ્ઞાન ન હોય તેવું જ્ઞાન નથી, પરંતુ જગતવર્તી તમામ જ્ઞેયનું જ્ઞાન છે. આથી પરિપૂર્ણ જ્ઞાન છે.

**(૩) સમગ્ર :-** વળી, સમગ્ર જ્ઞાન છે અર્થાત્ કોઈ ન્યૂનતાવાળું નથી તેથી સમગ્ર છે.

**(૪) અસાધારણ :-** વળી, અસાધારણ જ્ઞાન છે અર્થાત્ પ્રથમનાં ચાર જ્ઞાનો જેવું નથી, પરંતુ તે બધા કરતાં વિશેષ કોટિનું છે. માટે તેના જેવું સજાતીય બીજું જ્ઞાન નથી, તેથી અસાધારણ જ્ઞાન છે.

**(૫) નિરપેક્ષ :-** વળી, નિરપેક્ષ જ્ઞાન છે અર્થાત્ બોધ કરવા માટે પ્રકાશ, ઇન્દ્રિય, અવગ્રહ, પ્રણિધાન આદિની અપેક્ષા રહિત છે.

આશય એ છે કે ચક્ષુથી બોધ કરવા અર્થે પ્રકાશની અપેક્ષા છે અને મતિજ્ઞાન કરવા માટે ઇન્દ્રિયોની અપેક્ષા છે અને મતિજ્ઞાન કરવા માટે ઇન્દ્રિયોથી વિષયના ગ્રહણની અપેક્ષા છે અને વિષયને જાણવાને અનુકૂળ મનોવ્યાપારરૂપ પ્રણિધાનની અપેક્ષા છે અને અવધિજ્ઞાનમાં અને મનઃપર્યાયજ્ઞાનમાં વિષયનો બોધ

કરવા અર્થે વિષયોના આભિમુખ્ય ભાવની અપેક્ષા છે. તેવી કોઈ અપેક્ષા વગર સહજ સર્વ જ્ઞેયનું જ્ઞાન કેવલજ્ઞાનમાં થાય છે, તેથી કેવલજ્ઞાન નિરપેક્ષ જ્ઞાન છે.

(૬) **વિશુદ્ધ** :- વળી, વિશુદ્ધ જ્ઞાન છે અર્થાત્ જ્ઞાનના આવરણરૂપ મલથી સંપૂર્ણ રહિત છે.

(૭) **સર્વભાવજ્ઞાપક** :- સર્વભાવજ્ઞાપક છે અર્થાત્ જગતવર્તી ભાવાત્મક સર્વ પદાર્થોનું જ્ઞાપક છે. આશય એ છે કે જગતવર્તી તમામ પદાર્થોને જણાવવાનું કારણ એવા શબ્દસમૂહરૂપ પ્રવચનનું મૂળ કારણ કેવળજ્ઞાન છે.

(૮) **લોકાલોકવિષયવાળું** :- લોકાલોકવિષયવાળું છે અર્થાત્ સંપૂર્ણ આકાશમાં રહેલ સર્વ પદાર્થોને જાણનાર કેવલજ્ઞાન છે.

(૯) **અનંત પર્યાયવાળું** :- વળી, અનંત પર્યાયવાળું જ્ઞાન છે; કેમ કે કેવળજ્ઞાનના વિષયભૂત જ્ઞેય પદાર્થો અનંત છે. **॥૧-૩૦॥**

**ભાષ્યકારની અવતરણિકા :-**

**अत्राह-एषां मतिज्ञानादीनां युगपदेकस्मिन् जीवे कति भवन्तीति, अत्रोच्यते –**

**અવતરણિકાર્થ :-**

**अत्र=અહીં=મતિ આદિ પાંચ જ્ઞાનોનો વિષય ગ્રંથકારશ્રીએ પ્રકાશિત કર્યો એમાં, आह=પૃચ્છા કરે છે=પાંચે જ્ઞાનોમાં કયાં જ્ઞાનો સહભાવી છે એ જાણવાની જિજ્ઞાસાવાળો પૃચ્છા કરે છે. આ મતિજ્ઞાનાદિના=પૂર્વમાં વર્ણન કર્યું એ મતિજ્ઞાનાદિના, એક જીવમાં યુગપદ્ કેટલાં થાય છે=એક સાથે કેટલાં જ્ઞાનો થાય છે ? इति શબ્દ પ્રશ્નની સમાપ્તિમાં છે. અહીં=શિષ્યની પૃચ્છામાં, ઉત્તર અપાય છે –**

**સૂત્ર :-**

**एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ॥१-३१॥**

**સૂત્રાર્થ :-**

**एकस्मिन्=એક જીવમાં, ચાર જ્ઞાન સુધી=પ્રથમના ચાર જ્ઞાન સુધી, યુગપદ્=એક સાથે, એકાદિ ભાજ્ય છે=એક-બે આદિ વિકલ્પો છે. ॥૧-૩૧॥**

**ભાષ્ય :-**

**एषां मत्यादीनां ज्ञानानामादित एकादीनि भाज्यानि युगपदेकस्मिन् जीव आचतुर्भ्यः, कस्मिंश्चिज्जीवे मत्यादीनामेकं भवति, कस्मिंश्चिज्जीवे द्वे भवतः, कस्मिंश्चित् त्रिणि भवन्ति, कस्मिंश्चिच्चत्वारि भवन्ति, श्रुतज्ञानस्य तु मतिज्ञानेन नियतः सहभावस्तत्पूर्वकत्वात्, यस्य श्रुतज्ञानं तस्य नियतं**

**मतिज्ञानं, यस्य तु मतिज्ञानं तस्य श्रुतज्ञानं स्याद्वा न वेति ।। अत्राह-अथ केवलज्ञानस्य पूर्वैर्मतिज्ञानादिभिः किं सहभावो भवति?, नेत्युच्यते, केचिदाचार्या व्याचक्षते-नाभावः, किं तु तदभिभूतत्वादकिंचित्कराणि भवति इन्द्रियवत्, यथा वा व्यभ्रे नभसि आदित्य उदिते भूरितेजसि भूरितेजस्त्वादादित्येनाभिभूता-न्यन्यतेजांसि ज्वलनमणिचन्द्रनक्षत्रप्रभृतीनि प्रकाशनं प्रत्यकिंचित्कराणि भवन्ति तद्वदिति, केचिदप्याहुः- अपायसद्द्रव्यतया मतिज्ञानं, तत्पूर्वकं श्रुतज्ञानम्, अवधिज्ञानमनःपर्यायज्ञाने च रूपिद्रव्यविषये, तस्मान्नैतानि केवलिनः सन्तीति । किञ्चान्यत्-मतिज्ञानादिषु चतुर्षु पर्यायेणोपयोगो भवति, न युगपत्, संभिन्नज्ञानदर्शनस्य तु भगवतः केवलिनो युगपत्सर्वभावग्राहके निरपेक्षे केवलज्ञाने केवलदर्शने चानुसमयमुपयोगो भवति । किञ्चान्यत्-क्षयोपशमजानि चत्वारि ज्ञानानि पूर्वाणि, क्षयादेव केवलं, तस्मान्न केवलिनः शेषाणि ज्ञानानि सन्तीति ।।१-३१।।**

**ભાષ્યાર્થ :-**

**આ મતિ આદિ જ્ઞાનોના આદિથી એકાદિ ભાજ્ય છે=એકાદિ જ્ઞાનના વિકલ્પો છે. યુગપદ એક જીવમાં ચાર જ્ઞાન સુધી આ વિકલ્પો છે, એમ અન્વય છે. તે વિકલ્પો જ ભાષ્યકાર સ્પષ્ટ કરે છે. કોઈક જીવમાં મતિ આદિ ચાર જ્ઞાનમાંથી એક થાય છે=એક જ્ઞાન થાય છે. કોઈક જીવમાં બે થાય છે=બે જ્ઞાન થાય છે. કોઈક જીવમાં ત્રણ થાય છે=ત્રણ જ્ઞાન થાય છે. કોઈક જીવમાં ચાર થાય છે=ચાર જ્ઞાન થાય છે.**

પૂર્વમાં કહ્યું કે કોઈ એક જીવમાં મતિ આદિ ચાર જ્ઞાનમાંથી એક જ્ઞાન થાય છે. તેથી કોઈને શંકા થાય કે કોઈને એકલું મતિજ્ઞાન થાય છે, તો કોઈ અન્યને એકલું શ્રુતજ્ઞાન થાય છે, એ રૂપ એક જ્ઞાનનો વિકલ્પ છે કે અન્ય પ્રકારનો વિકલ્પ છે ? એથી કહે છે –

**શ્રુતજ્ઞાનનો મતિજ્ઞાન સાથે નિયત સહભાવ છે; કેમ કે તત્પૂર્વકપણું છે=શ્રુતજ્ઞાનનું મતિજ્ઞાનપૂર્વકપણું છે. જેને શ્રુતજ્ઞાન છે, તેને નિયત મતિજ્ઞાન છે અને જેને મતિજ્ઞાન છે, તેને શ્રુતજ્ઞાન હોય પણ અને ન પણ હોય. 'इति' શબ્દ મતિ-શ્રુતના પરસ્પર સંબંધના કથનની સમાપ્તિ માટે છે.**

**अत्र=અહીં=પૂર્વમાં મતિ આદિ ચાર જ્ઞાન સુધી પરસ્પર કોનો કોની સાથે સહભાવ છે, તે બતાવ્યું. તે કથનમાં કોઈક પ્રશ્ન કરે છે. હવે કેવલજ્ઞાનનો પૂર્વના મતિ આદિ જ્ઞાનોની સાથે શું સહભાવ છે કે નહિ ? 'इति' શબ્દ શંકાની સમાપ્તિમાં છે.**

**अत्र=આમાં=પૂર્વમાં કરેલી શંકાના વિષયમાં ઉત્તર અપાય છે.**

**કેટલાક આચાર્યો કહે છે : અભાવ નથી=કેવલજ્ઞાનના સદ્ભાવમાં મતિજ્ઞાન આદિ ચાર જ્ઞાનોનો અભાવ નથી, પરંતુ તેનાથી અભિભૂતપણું હોવાથી=કેવલજ્ઞાનથી ચાર જ્ઞાનોનું અભિભૂતપણું હોવાથી, અકિંચિત્કર થાય છે=ચાર જ્ઞાનો કાર્ય કરવા માટે અસમર્થ થાય છે.**

કોની જેમ અસમર્થ થાય છે, તે બતાવવા માટે કહે છે –

**ઈન્દ્રિયની જેમ અથવા જે પ્રમાણે વાદળા વગરના આકાશમાં સૂર્યનો ઉદય થયે છતે ભૂરિ તેજપણું હોવાથી=સૂર્યનું અત્યંત તેજપણું હોવાથી, સૂર્યથી અભિભૂત એવા અન્ય તેજવાળા અગ્નિ, મણિ, ચન્દ્ર, નક્ષત્ર વગેરે પ્રકાશ કરવા પ્રત્યે અકિંચિત્કર થાય છે તેની જેમ=તેની જેમ કેવલજ્ઞાનથી અભિભૂત થયેલાં મતિ આદિ ચારે જ્ઞાનો હોવા છતાં અકિંચિત્કર થાય છે. 'इति' શબ્દ કેટલાક આચાર્યના મતની સમાપ્તિ માટે છે.**

કેટલાક આચાર્યનો મત બતાવ્યા પછી હવે અન્ય આચાર્યનો મત બતાવે છે –

**કેટલાક વળી કહે છે - અપાયસદ્દ્રવ્યપણાથી મતિજ્ઞાન છે, તત્પૂર્વક=મતિજ્ઞાનપૂર્વક, શ્રુતજ્ઞાન છે અને રૂપી દ્રવ્યના વિષયમાં અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન છે, તે કારણથી આ=મતિ આદિ ચાર જ્ઞાનો, કેવલીને નથી. 'इति' શબ્દ કેટલાક આચાર્યોના પ્રથમ વિકલ્પની સમાપ્તિ માટે છે.**

**અને બીજું શું છે ?=કેવળજ્ઞાન વખતે અન્ય ચાર જ્ઞાનો નથી, એમ સ્વીકારવા માટે બીજી શું યુક્તિ છે ? મતિજ્ઞાન આદિ ચાર જ્ઞાનોમાં પર્યાયથી=ક્રમથી, ઉપયોગ થાય છે. યુગપદ નહિ=એકસાથે નહિ. વળી, સંભિન્ન જ્ઞાન-દર્શનવાળા ભગવાન કેવલીને=પૂર્ણ જ્ઞાન-દર્શનવાળા ભગવાન કેવલીને, એકસાથે સર્વ ભાવોના ગ્રાહક નિરપેક્ષ એવા કેવલજ્ઞાનમાં અને કેવલદર્શનમાં અનુસમય ઉપયોગ હોય છે.**

**અને બીજું શું ?=કેવળજ્ઞાન વખતે અન્ય ચાર જ્ઞાનો નથી, એમ સ્વીકારવા માટે બીજી શું યુક્તિ છે ? ક્ષયોપશમજન્ય પૂર્વનાં ચાર જ્ઞાનો છે. ક્ષયથી જ કેવળ છે=કેવળજ્ઞાન છે, તે કારણથી=ત્રણ પ્રકારની પૂર્વમાં યુક્તિ બતાવી તે કારણથી, કેવલીને શેષ ચાર જ્ઞાનો નથી. 'इति' શબ્દ કેટલાક આચાર્યોના કથનની સમાપ્તિ માટે છે. ।।૧-૩૧।।**

**ભાવાર્થ :-**

સૂત્રમાં રહેલ જે 'एकादि' શબ્દ છે, તેમાં રહેલ 'एक' શબ્દ 'પ્રાથમ્ય' અર્થમાં છે, તેથી "एकादि भाज्यानि"નો અર્થ એકાદિ=પ્રથમાદિ, ભાજ્ય છે તેમ પ્રાપ્ત થાય. તેથી એ ફલિત થાય કે ક્વચિત્ પ્રથમ જ્ઞાન થાય અર્થાત્ મતિજ્ઞાન થાય. ક્વચિત્ બે જ્ઞાન થાય અર્થાત્ મતિ-શ્રુતજ્ઞાન થાય તો ક્વચિત્ ત્રણ જ્ઞાન થાય. અર્થાત્ મતિ-શ્રુત અને અવધિજ્ઞાન થાય. ક્વચિત્ મતિ-શ્રુત, અવધિ અને મનઃપર્યાય ચાર જ્ઞાન થાય. તેથી કોઈ એક જીવમાં એકસાથે એક કાળમાં એકાદિ ચાર વિકલ્પોની પ્રાપ્તિ છે. કોઈક મનુષ્ય આદિ એક જીવમાં મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાનમાંથી એક મતિજ્ઞાન સંભવે છે.

કોઈને એક મતિજ્ઞાન કઈ રીતે સંભવે, તે સ્પષ્ટ કરે છે.

કોઈ જીવ નિસર્ગથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે અને સામાયિક શ્રુત આદિ શાસ્ત્ર ભણેલ ન હોય ત્યારે તેને શ્રુતજ્ઞાન નથી અને સમ્યક્ત્વની પ્રાપ્તિના કારણે મતિઅજ્ઞાન નાશ પામે છે અને મતિજ્ઞાન પ્રગટે છે. તેથી એક મતિજ્ઞાન તે જીવમાં સંભવે છે.

વળી, કોઈક જીવને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન થાય છે. કઈ રીતે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે, તે સ્પષ્ટ કરે છે.

જે જીવે શાસ્ત્ર ભણીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે તે જીવને શ્રોત્રેન્દ્રિયની ઉપલબ્ધિ રૂપ શ્રુતજ્ઞાન છે અર્થાત્ શાસ્ત્રવચન દ્વારા થયેલું શ્રુતજ્ઞાન છે અને શેષ ઇન્દ્રિયની ઉપલબ્ધિરૂપ મતિજ્ઞાન છે. તેથી તે જીવને એક કાળમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન છે.

કોઈ જીવને એક સાથે ત્રણ જ્ઞાનો છે અર્થાત્ મતિ-શ્રુત રૂપ બે જ્ઞાન અને ત્રીજું અવધિજ્ઞાન થાય તો ત્રણ જ્ઞાન છે. કોઈ જીવને ચાર જ્ઞાનો છે અર્થાત્ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનથી યુક્ત મનઃપર્યાયજ્ઞાન છે.

કોઈ જીવમાં એકલું શ્રુતજ્ઞાન છે એમ કેમ ન કહ્યું ? એથી ભાષ્યકાર કહે છે – શ્રુતજ્ઞાનનો મતિજ્ઞાનની સાથે નિયત સહભાવ છે; કેમ કે મતિપૂર્વક જ શ્રુતજ્ઞાન થાય છે. માટે એકલું શ્રુત કોઈને હોઈ શકે નહિ. પણ જેને શ્રુતજ્ઞાન છે, તેને નિયત મતિજ્ઞાન છે.

તો પ્રશ્ન થાય કે એકલું મતિજ્ઞાન કેમ છે ? તેથી ભાષ્યકાર કહે છે –

જેને મતિજ્ઞાન હોય તેને શ્રુતજ્ઞાન હોય પણ અને ન પણ હોય. એથી કોઈકને એકલું મતિજ્ઞાન છે, એ પ્રકારનો વિકલ્પ પ્રાપ્ત થાય છે.

ભાષ્યકારે પૂર્વમાં મતિ આદિ ચાર જ્ઞાનો સુધી પરસ્પર કોનો કોની સાથે સહભાવ છે, તે બતાવ્યું. તે કથનમાં કોઈક જિજ્ઞાસુ પૂછે છે –

આ ચાર જ્ઞાનોથી અતિરિક્ત એવું જે કેવળજ્ઞાન છે, તેને પૂર્વનાં મતિ આદિ ચાર જ્ઞાનો સાથે સહભાવ છે કે નહિ અર્થાત્ પૂર્વજ્ઞાનોની સાથે કેવળજ્ઞાનનું સહઅવસ્થાન છે કે નહિ ? આ પ્રકારના પ્રશ્નમાં મતભેદથી ભાષ્યકાર ઉત્તર આપે છે અર્થાત્ બે આચાર્યોનો જુદો મત છે તે બતાવવા ઉત્તર આપે છે. તેમાં કેટલાક આચાર્યો શું કહે છે, તે બતાવતાં કહે છે –

કેવળજ્ઞાનીને પૂર્વ ચાર જ્ઞાનોનો અભાવ નથી. આમ છતાં કેવલજ્ઞાનથી ચાર જ્ઞાનો અભિભૂત થયેલાં હોવાથી બોધરૂપ કાર્ય કરતાં નથી અને તેમાં દૃષ્ટાન્ત બતાવે છે કે કેવળીને કેવળજ્ઞાનથી વિષયનું ગ્રહણ થતું હોવાથી ચક્ષુ આદિ ઇન્દ્રિય વિષય ગ્રહણ કરવા પ્રવૃત્ત થતી નથી. તેમ કેવલજ્ઞાનથી સંપૂર્ણ બોધ થતો હોવાથી મતિ આદિ ચાર જ્ઞાનો દ્વારા પદાર્થોને જાણવાનો વ્યાપાર થતો નથી. તેથી મતિ આદિ ચાર જ્ઞાનો અકિંચિત્કર છે.

વળી, મતિ આદિ ચાર જ્ઞાનો કેવળીને છે, તે બીજા દૃષ્ટાંત દ્વારા બતાવે છે. જેમ વાદળા વિનાનું સ્વચ્છ આકાશ હોય અને સૂર્યનો ઉદય વર્તતો હોય તો સૂર્યના ઉદયના તેજથી અગ્નિનો પ્રકાશ, મણિનો પ્રકાશ, ચંદ્રનો પ્રકાશ કે નક્ષત્રનો પ્રકાશ અભિભૂત થયો હોવાથી અકિંચિત્કર છે, તેમ કેવલજ્ઞાનના મહાપ્રકાશથી અભિભૂત થયેલાં મતિ આદિ ચાર જ્ઞાનો અકિંચિત્કર છે. આમ છતાં કેવલજ્ઞાનકાળમાં મતિ આદિ ચાર જ્ઞાનોનો અભાવ નથી.

આ મત યુક્ત નથી, એમ પૂ. ઉપાધ્યાય યશોવિજયજી ટીકામાં કહે છે અને તેમાં યુક્તિ આપે છે –

ક્ષયોપશમભાવવાળાં મતિ આદિ ચાર જ્ઞાનો હોવાથી કેવલીમાં તેનો અભાવ છે. વળી, તેને દૃઢ કરવા માટે કહે છે કે જેમ ક્ષાયોપશમિક ક્ષમાદિ ભાવો કેવલીમાં નથી, તોપણ બીજા અપૂર્વકરણમાં ક્ષયોપશમભાવના ધર્મનો નાશ થવાથી ક્ષાયિક ક્ષમાદિ ભાવો કેવલીને થાય છે. તેમ ક્ષયોપશમભાવનાં મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનોનો નાશ થવા છતાં ક્ષાયિક એવા મતિજ્ઞાનાદિ ચાર ભાવો કેવલીને થાય છે એમ જેઓ કહે છે, તેઓ શાસ્ત્રના પરમાર્થને જાણતા નથી. તેમાં યુક્તિ આપે છે કે જો કેવલજ્ઞાનની જેમ મતિ આદિ ચારે જ્ઞાનો ક્ષાયિક હોય તો સૂર્યથી જેમ અન્ય તેજોનો અભિભવ થાય છે, તેમ કેવલજ્ઞાનથી મતિ આદિ ચાર જ્ઞાનનો અભિભવ થાય છે, તેમ કહી શકાય નહિ; કેમ કે ક્ષાયિકપણું બંનેમાં સમાન હોવાથી=ક્ષાયિકપણું મતિ આદિ ચાર જ્ઞાનોમાં અને કેવળજ્ઞાનમાં સમાન હોવાથી, જેમ મતિ આદિ ચાર જ્ઞાનો કેવળજ્ઞાનનો અભિભવ કરી શકતાં નથી, તેમ કેવળજ્ઞાન પણ મતિ આદિ ચારે જ્ઞાનોનો અભિભવ કરી શકે નહિ. તેથી કેવળજ્ઞાન વખતે મતિ આદિ ચાર જ્ઞાનો નથી અને જ્ઞાનાવરણ પંચકના ક્ષયથી એક કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, મતિ આદિ ચાર જ્ઞાનો નહિ, એ પ્રકારના અભિપ્રાયવાળા સાંપ્રદાયિક મતને "केचिदप्याहुः" એ વચન દ્વારા ત્રણ યુક્તિઓથી ભાષ્યકાર કહે છે.

**(૧) પ્રથમ યુક્તિ :-**

કેવલીને મતિ આદિ ચાર જ્ઞાનો નથી, તેમાં ભાષ્યકાર પ્રથમ યુક્તિ બતાવે છે. મતિજ્ઞાન અપાય સદ્દ્રવ્યપણાથી ઉત્પન્ન થાય છે અર્થાત્ મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમભાવને કારણે જેઓને સમ્યક્ત્વ મોહનીયનો ઉદય છે, તેઓને ઉદયમાન એવા સદ્દ્રવ્યરૂપ સમ્યક્ત્વ મોહનીયના દળિયા અને અવગ્રહ આદિના ક્રમથી "આ વસ્તુ આમ જ છે" એ પ્રકારના અપાય રૂપ મતિજ્ઞાન વર્તે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેઓને મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમભાવ વર્તે છે, તેઓને વિપાકરૂપે નિર્મળ કોટિના સમ્યક્ત્વ મોહનીયનાં દળિયાં છે અને જેઓને ક્ષાયિક ભાવનું સમ્યગ્દર્શન થયું છે તેઓને સદ્દ્રવ્ય નથી, તોપણ ક્ષયોપશમ સમ્યક્દૃષ્ટિને અને ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને મન દ્વારા, યથાર્થ તત્ત્વના નિર્ણયરૂપ જે અપાય છે, તે મતિજ્ઞાન છે અને આવું મતિજ્ઞાન થયા પછી શ્રુતઅધ્યયન કરવાથી જે જ્ઞાન થાય છે તે શ્રુતજ્ઞાન છે. તેથી મતિપૂર્વક એવું શ્રુતજ્ઞાન છે અને અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન રૂપી દ્રવ્યના વિષયમાં છે. તેથી આ ચારે જ્ઞાનો કેવલીને નથી, એ પ્રમાણે કેટલાક આચાર્યો કહે છે.

આશય એ છે કે આત્માનું પૂર્ણ જ્ઞાન પ્રગટ નહિ હોવાથી મનના અવલંબનથી જે બોધ કરાય છે, તે મતિજ્ઞાન છે. તેથી મતિજ્ઞાન આત્માના કંઈક સામર્થ્યના અભાવને બતાવનારું છે. આથી જ મનના આલંબન દ્વારા કંઈક તત્ત્વનો બોધ થાય છે. વળી, શ્રુતજ્ઞાન પણ શાસ્ત્રવચનો દ્વારા મતિપૂર્વક થાય છે. તેથી આત્માના કંઈક સામર્થ્યના અભાવને બતાવે છે. આથી જ શ્રુતવચનોના અવલંબનથી અને મનથી કંઈક તત્ત્વનો બોધ થાય છે. વળી, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન મન દ્વારા કે શ્રુતવચન દ્વારા થતું નથી, પરંતુ આત્માના સહજ સામર્થ્યથી થાય છે. તોપણ અવધિજ્ઞાન રૂપી દ્રવ્ય માત્રનો વિષય કરે છે, અરૂપી દ્રવ્યોને

ગ્રહણ કરવા સમર્થ નથી. તેથી આત્માના કંઈક સામર્થ્યના અભાવને બતાવે છે અને કેવલીને સર્વ કર્મનો ક્ષય હોવાથી સર્વ જ્ઞેયને જાણવા માટે સમર્થ એવું જ્ઞાન વર્તે છે. તેથી પ્રથમનાં ચાર જ્ઞાનો કાંઈક સામર્થ્યવાળાં અને કાંઈક સામર્થ્યના અભાવવાળાં હોવાથી કેવલીને નથી.

**(૨) બીજી યુક્તિ :-**

વળી, કેવલીને મતિ આદિ ચાર જ્ઞાનો નથી, તેમાં 'किञ्च अन्यत्'થી ભાષ્યકાર બીજી યુક્તિ બતાવે છે.

મતિ આદિ પ્રથમના ચાર જ્ઞાનોમાં પર્યાયથી=ક્રમથી ઉપયોગ વર્તે છે, પરંતુ તે તે જ્ઞાનના સર્વ વિષયોમાં એકસાથે ઉપયોગ વર્તતો નથી. જ્યારે કેવળજ્ઞાનમાં કેવળજ્ઞાનના અને કેવલદર્શનના વિષયભૂત સર્વ પદાર્થોમાં અનુસમય ઉપયોગ વર્તે છે. માટે કેવલીને મતિ આદિ ચાર જ્ઞાનો નથી.

જેમ મતિજ્ઞાનનાં વિષયભૂત ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યો અને તેનાં અવાંતર ઘટપટાદિ અનેક દ્રવ્યો છે. મતિજ્ઞાનમાં તે સર્વ દ્રવ્યોનો એકસાથે બોધ થતો નથી, પણ ઇન્દ્રિયો સાથે સંપર્કમાં આવેલાં તે તે દ્રવ્યોનો અવગ્રહાદિના ક્રમથી બોધ થાય છે અને એક વસ્તુનો બોધ થયા પછી અન્ય વસ્તુનો બોધ પણ તે જ ક્રમથી થાય છે. જ્યારે કેવળજ્ઞાનમાં કેવલજ્ઞાન, કેવલદર્શનના વિષયભૂત જગતનાં તમામ દ્રવ્યોનો અને સર્વ દ્રવ્યના સર્વ પર્યાયોનો ઉપયોગ અનુસમય છે. માટે મતિજ્ઞાનની જેમ કેવળજ્ઞાનમાં ક્રમસર બોધ થતો નથી. તેથી કેવલીને મતિજ્ઞાન નથી.

શ્રુતજ્ઞાનમાં પણ શ્રુતજ્ઞાનના વિષયભૂત પદાર્થોનો ક્રમસર બોધ થાય છે. આથી ચૌદ પૂર્વધર પણ જે જે શ્રુતવચનમાં જ્યારે જ્યારે ઉપયોગ મૂકે ત્યારે ત્યારે તે શ્રુતના વચનના અર્થનો બોધ થાય છે. પરંતુ શ્રુતજ્ઞાનના વિષયભૂત સર્વ પદાર્થોનો એકસાથે બોધ થતો નથી. જ્યારે કેવળજ્ઞાનમાં તો એકસાથે જગતના સર્વ પદાર્થોનો બોધ થાય છે. તેથી કેવળજ્ઞાનકાળમાં શ્રુતજ્ઞાન નથી.

વળી, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનના વિષયભૂત સર્વ પદાર્થોનો અવધિજ્ઞાનીને અને મનઃપર્યાયજ્ઞાનીને એકસાથે બોધ થતો નથી. પરંતુ અવધિજ્ઞાની કે મનઃપર્યાયજ્ઞાની પોતાના જ્ઞાનના વિષયભૂત પદાર્થમાંથી જે જે પદાર્થમાં ઉપયોગ મૂકે છે, ત્યારે તે તે પદાર્થ માત્રનો બોધ થાય છે અને અન્ય પદાર્થમાં જ્યારે ઉપયોગ મૂકે છે, ત્યારે અન્ય પદાર્થનો બોધ થાય છે. તેથી અવધિજ્ઞાની અને મનઃપર્યાયજ્ઞાની પોતાના વિષયભૂત પદાર્થોને ક્રમસર જાણે છે. પરંતુ પોતાના જ્ઞાનના વિષયભૂત સર્વ પદાર્થોને એકસાથે જાણતા નથી. જ્યારે સંપૂર્ણ આવરણનો ક્ષય થયેલો હોવાથી કેવલી તો પોતાના જ્ઞાનના વિષયભૂત સર્વ પદાર્થો એકસાથે જાણે છે. તેથી કેવળજ્ઞાન કાળમાં ક્રમસર બોધ થનાર એવાં અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન નથી.

વળી, મતિજ્ઞાન ઇન્દ્રિયોની અપેક્ષાથી થાય છે અને શ્રુતજ્ઞાન શાસ્ત્રવચનો અને મતિની અપેક્ષાથી થાય છે અને અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન પોતાના વિષયભૂત પદાર્થને જાણવાના અભિમુખ યત્નની અપેક્ષાએ થાય છે. જ્યારે કેવળજ્ઞાન આવરણના ક્ષયથી થયેલું હોવાથી કોઈક પ્રકારના યત્નની અપેક્ષા વગર કે ઇન્દ્રિય આદિ કોઈના આલંબન વગર નિરપેક્ષ થાય છે. માટે નિરપેક્ષ એવા કેવળજ્ઞાનકાળમાં સાપેક્ષ એવા મતિ આદિ ચાર જ્ઞાનો નથી.

(૩) ત્રીજી યુક્તિ :-

વળી કેવલીને મતિ આદિ ચાર જ્ઞાનો નથી, તેમાં 'किञ्च अन्यत्'થી ભાષ્યકાર ત્રીજી યુક્તિ બતાવે છે.

પૂર્વના મતિ આદિ ચાર જ્ઞાનો ક્ષયોપશમથી થનારાં છે અને કેવળજ્ઞાન જ્ઞાનાવરણાદિ કર્મના ક્ષયથી થનારું છે. તેથી કેવલીને ક્ષયોપશમભાવવાળાં ચાર જ્ઞાનો નથી. **॥૧-૩૧॥**

**અવતરણિકા :-**

**આ રીતે મત્યાદિ જ્ઞાનપંચકના પ્રમાણને બતાવીને પ્રમાણાભાસનો આવિષ્કાર કરે છે. આશય એ છે કે સૂત્ર-૯થી માંડીને અત્યાર સુધી પ્રમાણભૂત એવાં મતિ આદિ પાંચ જ્ઞાનોનું સ્વરૂપ બતાવ્યું. હવે તે પાંચ જ્ઞાનોમાંથી કયા જ્ઞાનો પ્રમાણાભાસરૂપે અર્થાત્ મિથ્યાજ્ઞાનરૂપે થાય છે, તે બતાવે છે –**

**સૂત્ર :-**

**मतिश्रुतावधयो विपर्ययश्च ।।१-३२।।**

**સૂત્રાર્થ :-**

**મતિ-શ્રુત-અવધિ અને વિપર્યય છે અને સૂત્રમાં 'च' શબ્દથી અવિપર્યય છે તેનો સમુચ્ચય છે. ॥૧-૩૨॥**

**ભાષ્ય :-**

**मतिज्ञानं श्रुतज्ञानमवधिज्ञानमिति, विपर्ययश्च भवत्यज्ञानं चेत्यर्थः, ज्ञानविपर्ययोऽज्ञानमिति अत्राह- तदेव ज्ञानं तदेवाज्ञानमिति, ननु छायाऽऽतपवच्छीतोष्णवच्च तदत्यन्तविरुद्धमिति अत्रोच्यते, मिथ्या-दर्शनपरिग्रहाद्विपरीतग्राहकत्वमेतेषां, तस्मादज्ञानानि भवन्ति, तद्यथा-मत्यज्ञानं श्रुताज्ञानं विभङ्ग-ज्ञानमिति, अवधिर्विपरीतो विभङ्ग इत्युच्यते ।**

**ભાષ્યાર્થ :-**

**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, 'इति' શબ્દ ત્રણ જ્ઞાનની સમાપ્તિમાં છે. અને વિપર્યય થાય છે=અજ્ઞાન થાય છે, એ પ્રકારનો અર્થ થાય છે.**

વિપર્યય શું થાય છે તે સ્પષ્ટ કરે છે –

**જ્ઞાનનો વિપર્યય અજ્ઞાન છે એ પ્રકારના વિપર્યય શબ્દના અર્થમાં કહે છે=ભાષ્યકાર કહે છે. તે જ જ્ઞાન છે અને તે જ અજ્ઞાન છે અર્થાત્ જે મતિ આદિ ત્રણ જ્ઞાન છે તે જ મતિ આદિ ત્રણ અજ્ઞાન છે. 'इति' શબ્દ વિપર્યયના તાત્પર્યની સમાપ્તિમાં છે.**

**'ननु'થી શંકા કરે છે કે છાયા અને આતપની જેમ, શીત અને ઉષ્ણની જેમ તે અત્યંત વિરુદ્ધ છે=તે જ જ્ઞાન છે અને તે જ અજ્ઞાન છે, એ કથન અત્યંત વિરુદ્ધ છે. એ પ્રકારની શંકામાં ભાષ્યકાર**

**વડે ઉત્તર અપાય છે. મિથ્યાદર્શનના પરિગ્રહથી આમનું=મતિ આદિ ત્રણ જ્ઞાનોનું, વિપરીત ગ્રાહકપણું છે તે કારણથી=અજ્ઞાનો છે=મતિ આદિ ત્રણ અજ્ઞાનો છે. તે આ પ્રમાણે -**

**મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન. 'इति' શબ્દ ત્રણ અજ્ઞાનોના ભેદની સમાપ્તિમાં છે.**

અહીં પ્રશ્ન થાય કે મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનની જેમ અવધિઅજ્ઞાન કેમ ન કહ્યું ? તેથી કહે છે –

**અવધિથી વિપરીત વિભંગ એ પ્રમાણે કહેવાય છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં મતિ આદિ પાંચ જ્ઞાનોનું વર્ણન કર્યું. તેમાંથી મતિ, શ્રુત અને અવધિજ્ઞાનનો વિપર્યય પણ પ્રાપ્ત થાય છે. અહીં પ્રશ્ન થાય કે મતિજ્ઞાનાદિ ત્રણ જ્ઞાનોનો વિપર્યય શું છે ? એથી કહે છે – ત્રણનું અજ્ઞાન થાય છે અર્થાત્ જ્ઞાનનો વિપર્યય તે અજ્ઞાન છે. તેનાથી શું ફલિત થાય તે સ્પષ્ટ કરતાં કહે છે – તે જ જ્ઞાન છે અને તે જ અજ્ઞાન છે, તેથી ત્રણે જ્ઞાનો જ્ઞાનરૂપ પણ છે અને અજ્ઞાનરૂપ પણ છે.

ત્યાં શંકા કરે છે – જેમ છાયા હોય તો ત્યાં આતપ છે તેમ કહી શકાય નહિ. તેની જેમ જો મતિ આદિ ત્રણ જ્ઞાનો હોય તો તે ત્રણ જ્ઞાનોને અજ્ઞાન કહી શકાય નહિ અથવા તો જેમ કોઈ વસ્તુ શીત હોય તો તે વસ્તુને ઉષ્ણ કહી શકાય નહિ. તેની જેમ જે જ્ઞાન હોય તેને અજ્ઞાન કહી શકાય નહિ અને તેથી મતિ આદિ ત્રણે જ્ઞાનો છે અને તે ત્રણે અજ્ઞાનો છે, તે વચન અત્યંત વિરુદ્ધ છે. આ પ્રકારની શંકામાં ભાષ્યકાર ઉત્તર આપે છે.

મિથ્યાદર્શનના પરિગ્રહને કારણે મતિ આદિ ત્રણે જ્ઞાનોનું વિપરીત ગ્રાહકપણું છે, માટે મતિ આદિ ત્રણે અજ્ઞાન છે. આશય એ છે કે છાયા અને આતપ જેવાં મતિ આદિ જ્ઞાનો અને મતિ આદિ અજ્ઞાનોનો ભેદ નથી કે શીત અને ઉષ્ણની જેમ મતિ આદિ જ્ઞાનો અને મતિ આદિ અજ્ઞાનોનો ભેદ નથી, પરંતુ જીવમાં મિથ્યાદર્શનનો પરિણામ વર્તતો હોય ત્યારે જે મતિ આદિ જ્ઞાનોથી વસ્તુનો બોધ થાય છે, તે બોધ વસ્તુ જેવી છે, તેનાથી વિપરીત ગ્રહણ થાય છે. માટે મિથ્યાદર્શન સહભાવી એવા મતિ આદિ જ્ઞાનો જ મતિ આદિ અજ્ઞાનરૂપ છે અર્થાત્ મતિ આદિ જ્ઞાનો અને મતિ આદિ જ્ઞાનોનો અભાવ એ પ્રમાણે છાયા-આતપ જેવો ભેદ નથી, પરંતુ મતિ આદિ જ્ઞાનો સમ્યગ્દૃષ્ટિમાં રહે છે અને મતિ આદિ અજ્ઞાનો=વિપરીત જ્ઞાનો મિથ્યાદૃષ્ટિને રહે છે માટે વિરોધ નથી. તે મતિ આદિ ત્રણ અજ્ઞાનોને ભાષ્યકાર 'तद्यथा'થી સ્પષ્ટ કરે છે –

મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાનો છે. અહીં પ્રશ્ન થાય કે અવધિ અજ્ઞાન કેમ ન કહ્યું ? તેથી ભાષ્યકાર સ્પષ્ટ કરે છે. અવધિથી જે બોધ થાય છે, તેનાથી જે વિપરીત બોધ થાય છે તે વિભંગ એ પ્રમાણે કહેવાય છે. માટે અવધિઅજ્ઞાન એમ ન કહેતાં વિભંગજ્ઞાન કહેલ છે.

'ननु'થી ટીકામાં શંકા કરે છે કે અજ્ઞાન એ પ્રકારના વચનમાં 'नञ्' કુત્સામાં છે અર્થાત્ કુત્સિત અર્થમાં છે, તેથી મતિ આદિ અજ્ઞાન કહેવાથી અપ્રમાણભૂત જ્ઞાન છે એવો અર્થ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારીએ

તો એ પ્રાપ્ત થાય કે સફેદ એવો શંખ કોઈકને પીળો દેખાય તો તે વિપરીત જ્ઞાન છે તેમ કહેવાય અને કોઈક સમ્યગ્દષ્ટિને પણ કમળો આદિ થયેલો હોય તો સફેદ શંખ પીળો છે તેવું જ્ઞાન થાય છે. વળી યથાર્થ જ્ઞાન એટલે ઘટને ઘટરૂપે જાણવું અને મિથ્યાદષ્ટિને પણ આ ઘટ છે, એવું યથાર્થ જ્ઞાન સંભવે છે. તેથી સમ્યગ્દષ્ટિના બોધમાં અને મિથ્યાદષ્ટિના બોધમાં શું ભેદ છે, એ પ્રકારની શંકાને સામે રાખીને 'अत्राह' ઇત્યાદિ દ્વારા ભાષ્યકાર કહે છે.

**ભાષ્ય :-**

**अत्राह – उक्तं भवता सम्यग्दर्शनपरिगृहीतं मत्यादि ज्ञानं भवत्यन्यथाऽज्ञानमेवेति । मिथ्यादृष्टयोऽपि च भव्याश्चाभव्याश्चेन्द्रियनिमित्तानविपरीतान् स्पर्शादिनुपलभन्ते, उपदिशन्ति च स्पर्शं स्पर्श इति रसं रस इति, एवं शेषान्, तत् कथमेतदिति ? अत्रोच्यते – तेषां हि विपरीतमेतद् भवति ।।१-३२।।**

**ભાષ્યાર્થ :-**

**अत्र=આમાં=પૂર્વમાં કહ્યું કે મિથ્યાદર્શનથી પરિગૃહીત મતિ આદિ ત્રણ અજ્ઞાનો છે એમાં, શંકા કરે છે – તમારા વડે સમ્યગ્દર્શન પરિગૃહીત મતિ આદિ જ્ઞાન થાય છે, અન્યથા અજ્ઞાન જ થાય છે એ પ્રમાણે કહેવાયું અને ભવ્ય અને અભવ્ય બે પ્રકારના મિથ્યાદષ્ટિઓ પણ ઈન્દ્રિય નિમિત્ત અવિપરીત એવા સ્પર્શાદિને પ્રાપ્ત કરે છે અને ઉપદેશ આપે છે અર્થાત્ સ્પર્શને સ્પર્શ છે એ પ્રમાણે કહે છે, રસને રસ છે એ પ્રમાણે કહે છે. એ પ્રમાણે શેષ પદાર્થને પણ યથાર્થ કહે છે. તે કારણથી આ કેમ છે=મિથ્યાદષ્ટિથી પરિગૃહીત એવું મતિજ્ઞાન અજ્ઞાન છે એ કેમ છે ? 'इति' શબ્દ ભાષ્યમાં કરેલ શંકાની સમાપ્તિમાં છે.**

**अत्र=પૂર્વમાં સ્વયં કરેલી શંકામાં ભાષ્યકાર કહે છે – તેઓને=મિથ્યાદષ્ટિઓને, આ=સ્પર્શાદિનું, જ્ઞાન વિપરીત જ છે. કેમ વિપરીત જ છે ? તેમાં હેતુ સૂત્ર-૧/૩૩માં ગ્રંથકારશ્રી બતાવશે. ।।૧-૩૨।।**

**ભાવાર્થ :-**

ભાષ્યના કથનનું ટીકાનુસાર સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે –

કોઈ શંકા કરે છે કે પૂર્વમાં ભાષ્યકારે કહ્યું કે સમ્યગ્દર્શનથી પરિગૃહીત મતિ આદિ ત્રણ જ્ઞાનો છે અને મિથ્યાદર્શનથી પરિગૃહીત મતિ આદિ ત્રણ અજ્ઞાનો છે. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે મિથ્યાદષ્ટિ ત્રણ પ્રકારના છે.

(૧) અભિગૃહીત મિથ્યાદર્શનવાળા, (૨) અનભિગૃહીત મિથ્યાદર્શનવાળા અને (૩) પ્રવચનના અર્થમાં સંદેહવાળા. આ ત્રણે પ્રકારના મિથ્યાદષ્ટિ જીવોમાં કેટલાક ભવ્ય છે જેઓ મોક્ષમાં જવાના છે અને કેટલાક અભવ્ય છે જેઓ મોક્ષે જવાના નથી. તે બન્ને પ્રકારના મિથ્યાદષ્ટિ શ્રોત્રાદિ ઇન્દ્રિય નિમિત્ત અવિપરીત

એવા સ્પર્શ, રસ, રૂપ, ગંધ અને શબ્દોને પ્રાપ્ત કરે છે અર્થાત્ જ્ઞાનથી જાણે છે અને અવિપરીત બીજાને ઉપદેશ આપે છે. તેથી તેઓને વિપરીત જ્ઞાન છે, એમ કેમ કહી શકાય ? અર્થાત્ તેઓને પણ સ્પર્શાદિનું યથાર્થ જ્ઞાન છે. માટે મિથ્યાદૃષ્ટિઓને પણ મતિ આદિ જ્ઞાન છે તેમ સ્વીકારવું જોઈએ. પરંતુ મતિ આદિ અજ્ઞાન છે તેમ કેમ કહી શકાય ?

આ પ્રકારની શંકામાં ભાષ્યકાર કહે છે, તેનો ઉત્તર આપે છે અને તે ઉત્તર આપતાં કહે છે કે મિથ્યાદૃષ્ટિઓને તે સ્પર્શાદિનું જ્ઞાન યથાર્થ છે તેમ દેખાય છે, તે પરમાર્થથી વિપરીત જ છે. કેમ વિપરીત છે, તેમાં હેતુ સ્વયં ગ્રંથકારશ્રી હવે સૂત્ર-૧/૩૩માં આપે છે. **॥૧-૩૨॥**

**અવતરણિકા :-**

**મિથ્યાદૃષ્ટિને મતિ આદિ પ્રથમના ત્રણ જ્ઞાનો વિપરીત જ કેમ થાય છે ? તેમાં યુક્તિ આપે છે –**

**સૂત્ર :-**

**सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरुन्मत्तवत् ।।१-३३।।**

**સૂત્રાર્થ :-**

**સત્-અસત્નો અવિશેષ હોવાથી, ઉન્મત્તની જેમ યદૃચ્છા ઉપલબ્ધિ હોવાથી મિથ્યાદૃષ્ટિનાં મતિ આદિ ત્રણે જ્ઞાનો અજ્ઞાન છે. ।।૧-૩૩।।**

**ભાષ્ય :-**

**यथोन्मत्तः कर्मोदयादुपहतेन्द्रियमतिर्विपरीतग्राही भवति सोऽश्वं गौरित्यध्यवस्यति गां चाश्व इति लोष्टं सुवर्णमिति सुवर्णं लोष्ट इति लोष्टं च लोष्ट इति सुवर्णं सुवर्णमिति, तस्यैवमविशेषेण लोष्टं सुवर्णं सुवर्णं लोष्टमिति विपरीतमध्यवस्यतो नियतमज्ञानमेव भवति - तद्वन्मिथ्यादर्शनोपहतेन्द्रियमतेर्मतिश्रुतावधयोऽप्यज्ञानं भवति ।।१-३३।।**

**ભાષ્યાર્થ :-**

**જે પ્રમાણે ઉન્મત્ત પુરુષ કર્મના ઉદયથી હણાયેલી ઇન્દ્રિય અને મતિવાળો વિપરીતગ્રાહી થાય છે તે=ઉન્મત્ત, અશ્વને ગાય છે અને ગાયને અશ્વ છે, એ પ્રમાણે અધ્યવસાય કરે છે. ઢેફાને સુવર્ણ છે અને સુવર્ણને ઢેફું છે, એ પ્રમાણે અધ્યવસાય કરે છે તો (ક્યારેક) માટીના ઢેફાને ઢેફું છે એમ કહે છે અને સુવર્ણને સુવર્ણ છે એ પ્રમાણે કહે છે.**

**આ પ્રમાણે તેને=અવિશેષથી ઢેફું સુવર્ણ છે અને સુવર્ણ ઢેફું છે એ પ્રમાણે વિપરીત અધ્યવસાયવાળાને, નિયત અજ્ઞાન જ છે. તેની જેમ મિથ્યાદર્શનથી હણાયેલ ઇન્દ્રિય અને મતિવાળા જીવોને મતિ-શ્રુત અને અવધિ પણ અજ્ઞાન છે. ।।૧-૩૩।।**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત સૂત્રમાં કહ્યા પ્રમાણે મિથ્યાદષ્ટિના જ્ઞાનમાં સત્-અસત્નો અવિશેષ હોવાથી મિથ્યાદષ્ટિનું સર્વ જ્ઞાન અજ્ઞાન છે, તે ટીકાકાર સ્પષ્ટ કરે છે –

દરેક પદાર્થોમાં સ્વરૂપથી વિદ્યમાન એવા ઉત્પાદાદિ સત્ છે અને પરરૂપે અવિદ્યમાન એવા ઉત્પાદાદિ અસત્ છે. તે બેનો અવિશેષ હોવાથી=અભજના હોવાથી, એક નય આશ્રિત એવા મિથ્યાદષ્ટિના જ્ઞાનનું મિથ્યાપણું છે. તેથી એક નય આશ્રિત એવો મિથ્યાદષ્ટિ જીવ સ્પર્શને સ્પર્શરૂપે જોઈને "આ સ્પર્શ છે" એવું જ્ઞાન કરે તોપણ એકાંત નય વાસનાથી સંવલિત એવો સ્પર્શનો બોધ હોવાથી તેનું જ્ઞાન એકાંત નયાત્મક છે માટે મિથ્યા છે એ પ્રમાણે ભાવન કરવું.

આશય એ છે કે દરેક પદાર્થ પોતાના સ્વરૂપે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપે છે. જેમ સંસારી જીવ વર્તમાનમાં જે અવસ્થામાં છે, તેનાથી ઉત્તરમાં નવી અવસ્થાને પામે છે તે તેની નવી અવસ્થાનો ઉત્પાદ છે અને પૂર્વ અવસ્થાનો વ્યય છે અને પૂર્વ અવસ્થામાં જે આત્મા હતો, તે ઉત્તર અવસ્થામાં ધ્રુવ છે. તેથી તે વિવક્ષિત સંસારી જીવમાં સ્વરૂપથી વર્તતા ઉત્પાદ આદિ વિદ્યમાન છે. માટે તે સ્વરૂપે તે આત્મા સત્ છે. વળી, તે જ વિવક્ષિત આત્મા પર સ્વરૂપે ઉત્પાદાદિવાળો નથી. તેથી તે સ્વરૂપે તે આત્મા અસત્ છે. તેથી સ્યાદ્વાદની દૃષ્ટિથી જોવામાં આવે તો દરેક પદાર્થ પોતાના સ્વરૂપથી સત્ છે અને પરરૂપથી અસત્ છે. તેથી સત્-અસત્ની ભજના છે, પરંતુ જેઓને એકાંત નયની વાસના છે, તેઓમાંથી કેટલાક દર્શનકારો આત્માને એકાંત સત્ કહે છે તો કેટલાક એકાંત અસત્ કહે છે. તેથી એક નયથી આશ્રિત એવા મિથ્યાદષ્ટિના જ્ઞાનનું મિથ્યાપણું છે.

આ રીતે નયવાદના વિષયમાં જેઓને સર્વત્ર ઉચિત રીતે નય જોડવાની શક્તિ નથી, તેઓ કોઈ એક નયથી પદાર્થને સર્વથા તેવો માનતા હોય તો એક નય આશ્રિત તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે અને એક નયથી આશ્રિત મતિવાળા મિથ્યાદષ્ટિ જીવો કોઈક પદાર્થમાં રહેલા સ્પર્શને આ સ્પર્શ છે, એ રીતે યથાર્થ જાણતા હોય તોપણ એકાંત નય વાસનાથી યુક્ત એવું તેમનું જ્ઞાન છે, તેથી મિથ્યાજ્ઞાન છે. માટે મિથ્યાદષ્ટિ સ્પર્શને સ્પર્શરૂપે જાણે તોપણ તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન નથી.

સૂત્રમાં કહ્યા પ્રમાણે મિથ્યાદષ્ટિના જ્ઞાનમાં ઉન્મત્તની જેમ યદચ્છા ઉપલબ્ધિ હોવાથી મિથ્યાદષ્ટિનું સર્વ જ્ઞાન અજ્ઞાન છે, તેને ભાષ્યકાર સ્પષ્ટ કરે છે.

જે પ્રમાણે ઉન્મત્ત=પિશાચ આદિથી ગ્રહણ કરાયેલો, કર્મના ઉદયથી=પૂર્વમાં કરેલા કર્મના વિપાકથી જ્યારે હણાયેલી ઇન્દ્રિય અને મતિવાળો થાય છે=હણાયેલી ઇન્દ્રિય અને મનવાળો થાય છે, ત્યારે વિપરીત ગ્રાહી થાય છે અર્થાત્ વસ્તુ જે રીતે રહેલી છે, તેનાથી વિપરીત રીતે ગ્રહણ કરનારો થાય છે. જેથી ઉન્મત્ત એવો તે પુરુષ અશ્વને જોઈને આ ગાય છે એ પ્રમાણે વિચારે છે અને ગાયને જોઈને આ અશ્વ છે એ પ્રમાણે વિચારે છે. વળી, સર્વ પદાર્થોમાં ઉન્મત્તને યદચ્છા ઉપલબ્ધિ છે અર્થાત્ પદાર્થ જે રીતે વિદ્યમાન છે, તે રીતે

ગ્રહણ થતા નથી, પરંતુ જે રીતે તેના મનમાં વિકલ્પ ઊઠે છે, તે પ્રમાણે સર્વ પદાર્થને ગ્રહણ કરે છે, આમ છતાં ઉન્મત્ત એવો પણ તે કેટલાક પદાર્થોને યદચ્છાથી જ ગ્રહણ કરતો નથી, પરંતુ યદચ્છાથી પણ ગ્રહણ કરે છે અને યથાર્થ પણ ગ્રહણ કરે છે. તે બતાવવા માટે ભાષ્યકાર બીજું દૃષ્ટાન્ત કહે છે.

વળી, ઉન્મત્ત એવો તે પુરુષ માટીના ઢેફાને સુવર્ણ એ પ્રમાણે કહે છે અને સુવર્ણને માટીનું ઢેફું એ પ્રમાણે કહે છે અને ક્યારેક માટીના ઢેફાને ઢેફારૂપે કહે છે અને ક્યારેક સુવર્ણને સુવર્ણરૂપે કહે છે.

ઉન્મત્ત આ પ્રકારે ઢેફાનો અને સુવર્ણનો અવિશેષથી=વિભાગ કર્યા વિના બોધ કરે છે. તેથી નિશ્ચિત અજ્ઞાન જ છે. તેની જેમ મિથ્યાદર્શનથી હણાયેલી ઇન્દ્રિય અને મનવાળા જીવોનાં મતિ, શ્રુત અને અવધિજ્ઞાન પણ અજ્ઞાન જ થાય છે. ઉન્મત્તના ઘણા પ્રકારના ભ્રાન્ત જ્ઞાનના પ્રવાહમાં પડેલું કંઈક અંશમાં યથાર્થ જ્ઞાન થાય તોપણ ઉન્મત્તનું જ્ઞાન ભ્રાન્ત જ છે; કેમ કે ઉન્મત્તમાં ભ્રમ થવાની શક્તિનો અપગમ થયો નથી. તેની જેમ –

મિથ્યાદર્શનથી હણાયેલા ઇન્દ્રિય અને મનવાળા જીવોનાં મતિ-શ્રુત અને અવધિજ્ઞાનમાં ઘણા પ્રકારે ભ્રાન્ત જ્ઞાનનો પ્રવાહ વર્તે છે. તે ભ્રાન્ત જ્ઞાનના પ્રવાહમાં કોઈક અંશે યથાર્થ જ્ઞાન થાય તોપણ તે ભ્રાન્ત જ્ઞાન જ છે; કેમ કે મિથ્યાદૃષ્ટિમાં ભ્રાન્ત જ્ઞાન થવાનું કારણ મિથ્યાત્વરૂપ ભ્રમશક્તિ ગઈ નથી.

આનાથી એ ફલિત થાય કે જે જીવોને સ્યાદ્વાદનો વિશદ બોધ છે, તેથી સર્વ સ્થાને ઉચિત નયોનું યોજન કરીને યથાર્થ બોધ કરી શકે છે. તેઓની મતિ ભગવાનના વચનના પરમાર્થને જોનારી છે અને તેવા મતિવાળા જીવોને જે કાંઈ શાસ્ત્રવચનથી શ્રુતનો બોધ થયો છે, તે પણ યથાર્થ તત્ત્વને સ્પર્શનાર છે અને તેવા વિશદ બોધવાળા જીવોને કોઈક નિમિત્તે અવધિજ્ઞાન પ્રગટ્યું હોય તો તે અવધિજ્ઞાનથી રૂપી દ્રવ્યનું જ્ઞાન તો થાય છે, પરંતુ સ્યાદ્વાદની મર્યાદાથી રૂપી દ્રવ્યનું યથાર્થ જ્ઞાન થાય છે. માટે તેવા જીવોનું મતિ, શ્રુત અને અવધિજ્ઞાન સમ્યગ્જ્ઞાન છે.

વળી, જેઓ શાસ્ત્ર ભણીને સ્યાદ્વાદના વિશદ બોધવાળા નથી, આમ છતાં મિથ્યાત્વમોહનીયનો અપગમ થયો છે તેથી નિર્મળ થયેલી મતિના કારણે, "ચારગતિના પરિભ્રમણરૂપ સંસારને જાણીને તેના નિસ્તારનો ઉપાય સર્વજ્ઞનું વચન છે" તેવી સ્થિર રુચિ થવાથી સ્વશક્તિ અનુસાર સર્વજ્ઞના વચનને જાણવા માટે યત્ન કરે છે અને માર્ગાનુસારી પ્રજ્ઞાથી સર્વજ્ઞના વચનનો યથાર્થ બોધ કરીને તે જ પ્રમાણે જીવનમાં શક્તિ અનુસાર સેવવાનો યત્ન કરે છે એવા જીવો સ્યાદ્વાદનો વિશદ બોધ ધરાવતા નથી ત્યારે પણ, તેઓને સ્યાદ્વાદનો સમ્યગ્બોધ કરવાને અભિમુખ યત્ન છે. તેથી તેવા જીવોમાં નિર્મળ કોટિનાં મતિ આદિ જ્ઞાનો છે અને આથી જ આવા જીવો સર્વજ્ઞના વચનના પરમાર્થને જાણવા માટે યત્ન કરતા હોય ત્યારે જે સ્થાનનો પોતાને સ્પષ્ટ નિર્ણય નથી તે સ્થાનમાં, ઉન્મત્ત પુરુષ જેમ ઢેફાને સુવર્ણ અને સુવર્ણને ઢેફું કહે છે, તેમ સર્વજ્ઞના વચનને યથાતથા જોડીને સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ જિજ્ઞાસાપૂર્વક તત્ત્વને સમ્યક્ જાણવા યત્ન કરે છે અને જે વસ્તુમાં પોતાને જ્ઞાન નથી, તે વસ્તુમાં મૌન સેવે છે.

જેમ વિવેકી પુરુષ સુવર્ણ અને સુવર્ણ સદૃશ અન્ય ધાતુ જોઈને પોતે નિર્ણય ન કરી શકે, તો "આ બન્ને ધાતુ સુવર્ણ છે એમ સ્વમતિકલ્પનાથી કહે નહિ, પરંતુ સુવર્ણના પરીક્ષક પુરુષ જ આનું યથાર્થ કથન કરી શકે" એમ કહે, તે રીતે સર્વજ્ઞના વચનથી જે સ્થાનમાં પોતે નિર્ણય ન કરી શકે તે સ્થાનમાં ગીતાર્થ પુરુષ જ પ્રમાણ છે, એમ નિર્મળ મતિવાળા સમ્યગ્દૃષ્ટિ કહે.

વળી, જેઓ કાંઈક શાસ્ત્રો ભણ્યા છે આમ છતાં શાસ્ત્રનાં સાપેક્ષ વચનોને યથાસ્થાને જોડી શકતા નથી, તોપણ સ્વ-સ્વરુચિ અનુસાર તે તે શાસ્ત્રવચનોનો આધાર લઈને પોતાની રુચિ અનુસાર ધર્મવ્યવસ્થાને સ્થાપન કરે છે. તેઓમાં નિર્મળ મતિ નહિ હોવાથી તેઓનું જ્ઞાન મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનરૂપ જ છે. ॥૧-૩૩॥

**ભાષ્યકારની અવતરણિકા :-**

**उक्तं ज्ञानं, चारित्रं नवमेऽध्याये वक्ष्यामः, प्रमाणे चोक्ते, नयान् वक्ष्यामः, तद्यथा –**

**અવતરણિકાર્થ :-**

**જ્ઞાન કહેવાયું=સૂત્ર-૯થી માંડીને અત્યાર સુધી જ્ઞાનનું નિરૂપણ કરાયું. ચારિત્રને નવમા અધ્યયનમાં કહીશું અને બે પ્રમાણ કહેવાયાં. નયોને કહીએ છીએ. તે આ પ્રમાણે –**

**ભાવાર્થ :-**

સૂત્ર-૧માં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે, એમ કહ્યું. ત્યારપછી સૂત્ર-૮ સુધી સમ્યગ્દર્શનનું વર્ણન કર્યું અને સૂત્ર-૯થી સમ્યગ્જ્ઞાનના વર્ણનનો પ્રારંભ કર્યો અને તેનું અત્યાર સુધી વર્ણન કર્યું. હવે ક્રમ પ્રાપ્ત સમ્યક્ચારિત્રનું વર્ણન કરવું જોઈએ. તેથી ભાષ્યકાર કહે છે કે ચારિત્રનું અમે નવમા અધ્યાયમાં વર્ણન કરીશું. વળી, સમ્યગ્દર્શનના ઉપાયરૂપે સૂત્ર-૧/૬માં કહેલ કે પ્રમાણનયથી અધિગમ થાય છે. તેથી સૂત્ર-૧/૯માં પાંચ જ્ઞાનો બતાવ્યાં. પછી તે પાંચ જ્ઞાનો બે પ્રમાણભૂત છે, એમ સૂત્ર ૧/૧૦માં બતાવ્યું. જેથી પ્રમાણ શું છે તેનો બોધ થયો. હવે સૂત્ર-૧/૬માં કહેલ કે પ્રમાણનયથી અધિગમ થાય છે. તેથી હવે અધિગમના ઉપાયરૂપ નયો શું છે, એ પ્રકારની જિજ્ઞાસાને સામે રાખીને ભાષ્યકાર કહે છે કે નયોને અમે કહીએ છીએ અને તે નયો આ પ્રમાણે છે=આગળના સૂત્રમાં બતાવે છે, એ પ્રમાણે છે.

**સૂત્ર :-**

**नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः ।।१-३४।।**

**સૂત્રાર્થ :-**

**નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ નયો છે. ।।૧-૩૪।।**

**ભાષ્ય :-**

**नैगमः संग्रहो व्यवहार ऋजुसूत्रः शब्द इत्येते पञ्च नया भवन्ति।।१-३४।।**

**ભાષ્યાર્થ :-**

**નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ પ્રમાણે આ પાંચ નયો છે. ।।૧-૩૪।।**

**ભાવાર્થ :-**

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ એ પાંચ નયો છે. ત્રણ શબ્દનયોનું આગમથી દ્રવ્યઆવશ્યકાદિમાં એકવિષયપણાથી જ સૂત્રમાં પ્રદર્શન હોવાને કારણે એકત્વ વિવક્ષિત છે, એથી અન્યત્ર નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય એમ સાત નયો હોવા છતાં અંતિમ ત્રણ નયોને શબ્દનયથી ગ્રહણ કરીને પ્રસ્તુત સૂત્રમાં પાંચ નયો કહ્યા છે.

આશય એ છે કે આવશ્યક સૂત્રોમાં દ્રવ્યઆવશ્યકનો અને ભાવઆવશ્યકનો બોધ કરાવવા માટે આગમથી અને નોઆગમથી દ્રવ્યઆવશ્યક શું છે ? તેની વિચારણા કરેલ છે. તે સ્થાનમાં શબ્દાદિ ત્રણ નયોની એકસરખી માન્યતા છે, તેથી તે ત્રણેયની એકરૂપે વિવક્ષા કરીને શબ્દનય દ્વારા તે ત્રણે નયોનું ગ્રહણ છે. તેથી સાત નયોને બદલે પ્રસ્તુત સૂત્રમાં પાંચ નયો કહેલ છે.

નય સામાન્યનું લક્ષણ આ પ્રમાણે છે. દરેક વસ્તુ અનંતધર્માત્મક છે. તે વસ્તુમાં કોઈ એક ધર્મની અપેક્ષાએ જે બોધ થાય છે, તે નય છે. **।।૧-૩૪।।**

**ભાષ્યકારની અવતરણિકા :-**

**तत्र –**

**અવતરણિકાર્થ :-**

**તેમાં=પૂર્વસૂત્રમાં પાંચ નયો બતાવ્યાં તેમાં, શું વિશેષ છે તે સૂત્રમાં બતાવે છે –**

**સૂત્ર :-**

**आद्यशब्दौ द्वित्रिभेदौ ।।१-३५।।**

**સૂત્રાર્થ :-**

**આદ્ય અને શબ્દ બે-ત્રણ ભેદવાળા છે=આદ્ય એવો નૈગમનય બે ભેદવાળો છે અને ચરમ એવો શબ્દનય ત્રણ ભેદવાળો છે. ।।૧-૩૫।।**

**ભાષ્ય :-**

**आद्य इति सूत्रक्रमप्रामाण्यान्नैगममाह, स द्विभेदो-देशपरिक्षेपी सर्वपरिक्षेपी चेति, शब्दस्त्रिभेदः-साम्प्रतः समभिरूढ एवम्भूत इति । अत्राह-किमेषां लक्षणमिति, अत्रोच्यते, निगमेषु येऽभिहिताः**

**शब्दास्तेषामर्थः शब्दार्थपरिज्ञानं च देशसमग्रग्राही नैगमः, अर्थानां सर्वैकदेशसंग्रहणं संग्रहः, लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः, सतां साम्प्रतानामर्थानामभिधानपरिज्ञानमृजुसूत्रः, यथार्थाभिधानं शब्दः, नामादिषु प्रसिद्धपूर्वाच्छब्दादर्थे प्रत्ययः साम्प्रतः, सत्स्वर्थेष्वसंक्रमः समभिरूढः, व्यञ्जनार्थयोरेवम्भूत इति ।।**

**ભાષ્યાર્થ :-**

**આદ્ય એટલે સૂત્રક્રમપ્રામાણ્યથી નૈગમને કહે છે=નૈગમનયને સૂત્રકાર કહે છે. તે=નૈગમનય બે ભેદવાળો છે. (૧) દેશપરિક્ષેપી=સામાન્યગ્રાહી અને (૨) સર્વપરિક્ષેપી=વિશેષગ્રાહી. 'इति' શબ્દ નૈગમનયના ભેદની સમાપ્તિ માટે છે.**

**શબ્દ ત્રણ ભેદવાળો છે=શબ્દનય ત્રણ ભેદવાળો છે. (૧) સામ્પ્રત (૨) સમભિરૂઢ અને (૩) એવંભૂત. 'इति' શબ્દ શબ્દનયના ભેદની સમાપ્તિ માટે છે.**

**अत्र=આ અવસરમાં=નૈગમનયના બે ભેદો અને શબ્દનયના ત્રણ ભેદો ભાષ્યકારે બતાવ્યા એ અવસરમાં, લક્ષણના જિજ્ઞાસુ પૃચ્છા કરે છે. આમનું=નૈગમ આદિ નયનું, શું લક્ષણ છે ? 'इति' શબ્દ જિજ્ઞાસુના પ્રશ્નની સમાપ્તિમાં છે.**

**अत्रोच्यते→अत्र=અહીં=જિજ્ઞાસુએ કરેલા પ્રશ્નમાં उच्यते=ગુરુ કહે છે. નિગમોમાં જે કહેવાયેલા શબ્દો તેનો અર્થ અને શબ્દાર્થ પરિજ્ઞાન તે દેશસમગ્રગ્રાહી નૈગમનય છે. અર્થોનો સર્વસંગ્રહ અને એકદેશ સંગ્રહ સંગ્રહનય છે. લૌકિક સમાન, ઉપચારપ્રાય અને વિસ્તૃત અર્થવાળો વ્યવહારનય છે. सतां=પરમાર્થથી વિદ્યમાન એવા સાંપ્રત=મધ્યમક્ષણવર્તી, અર્થોનું અભિધાન અને પરિજ્ઞાન ઋજુસૂત્રનય છે. યથાર્થ અભિધાન શબ્દનય છે.**

**શબ્દનયના ત્રણ ભેદો છે. (૧) સાંપ્રત, (૨) સમભિરૂઢ, (૩) એવંભૂત. તેથી શબ્દનયનું લક્ષણ કર્યા પછી શબ્દનયના ત્રણ ભેદોનું લક્ષણ કરે છે. નામાદિ ચાર નિક્ષેપામાં પ્રસિદ્ધ પૂર્વ એવા શબ્દથી અર્થમાં=ભાવરૂપ અર્થમાં, જે પ્રત્યય=નિર્ણય તે સાંપ્રતનય છે. સત્ એવા અર્થોમાં અસંક્રમ=તે તે શબ્દની વ્યુત્પત્તિથી જે અર્થ પ્રાપ્ત થતો હોય તેનાથી પર્યાયવાચી અન્ય શબ્દને તેનું વાચક ન સ્વીકારે તે સમભિરૂઢનય છે. વ્યંજન અને અર્થનો (વિશેષક)=વ્યંજન એટલે શબ્દ અને શબ્દથી અભિધેય એવો અર્થ તે બંનેનો વિશેષક તે એવંભૂતનય છે. 'इति' શબ્દ સૂત્ર-૧/૩૪માં બતાવેલ પાંચ નયો અને નૈગમનયના બે ભેદો અને શબ્દનયના ત્રણ ભેદોની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

સૂત્રમાં કહેલ 'आद्य' શબ્દનો અર્થ ટીકાકાર સ્પષ્ટ કરતાં કહે છે કે જે આદિમાં થયેલો હોય તે આદ્ય કહેવાય. તેના દ્વારા સૂત્રકાર 'आद्य' શબ્દથી નૈગમનયને ગ્રહણ કરે છે. કેમ નૈગમનયને ગ્રહણ કરે છે ? તેથી કહે છે –

સૂત્ર-૧/૩૪ એ નયના વિભાગને કહેનારું સૂત્ર છે અને તે સૂત્રનો જે ક્રમ છે, તેને પ્રમાણરૂપે સ્વીકારવાથી તે સૂત્રમાં નૈગમનય પ્રથમ કહેલ છે. તેથી 'आद्य' શબ્દથી નૈગમનયને સૂત્રકાર ગ્રહણ કરે છે અને તે આદ્ય નૈગમનય બે વિભાગવાળો છે. (i) દેશપરિક્ષેપી=દેશ અર્થાત્ પરમાણુ આદિગત વિશેષ તેને પરિક્ષેપ કરવાનો સ્વભાવ છે, તે દેશપરિક્ષેપી છે અર્થાત્ સામાન્યગ્રાહી છે. (ii) સર્વપરિક્ષેપી=સર્વ અર્થાત્ સામાન્ય પરિક્ષેપ કરવાનો સ્વભાવ છે જેનો, તે સર્વ પરિક્ષેપી છે અર્થાત્ વિશેષગ્રાહી છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે નૈગમનયનો પ્રથમ ભેદ વિશેષને સ્વીકારતું નથી માટે સામાન્યગ્રાહી છે અને નૈગમનયનો બીજો ભેદ સામાન્યને સ્વીકારતું નથી માટે વિશેષગ્રાહી છે.

સૂત્રમાં બતાવેલ આદ્ય એવા નૈગમનયના બે ભેદ બતાવ્યા. હવે સૂત્રમાં રહેલ શબ્દનયના ત્રણ ભેદો ભાષ્યકાર બતાવે છે. (i) સાંપ્રતનય (ii) સમભિરૂઢ નય અને (iii) એવંભૂતનય.

આ ત્રણે નયોનું વિશેષ સ્વરૂપ ભાષ્યકાર સ્વયં આગળ બતાવે છે. આ રીતે સૂત્રમાં કહેલ નૈગમનયના બે ભેદો અને શબ્દનયના ત્રણ ભેદો કયા છે, તે બતાવ્યા પછી કોઈક જિજ્ઞાસુને પ્રશ્ન થાય કે સૂત્ર-૧-૩૪માં બતાવેલા નૈગમ આદિ પાંચ નયોનું લક્ષણ શું છે, તેના સમાધાન અર્થે પ્રથમ નૈગમનયનું લક્ષણ બતાવતાં કહે છે –

**નૈગમનય :-**

'નિગમ'માં 'નિ' શબ્દ નિશ્ચયના અર્થમાં છે અને 'ગમ' શબ્દ ઉચ્ચારણ અર્થમાં છે. તેથી નિશ્ચયથી ઉચ્ચારણ કરાય છે શબ્દો જેમાં તે નિગમ છે=જનપદો છે અર્થાત્ યથાર્થ શબ્દવ્યવહાર કરનાર લોકોનો સમૂહ છે. તેઓમાં=જનપદોમાં, ઉચ્ચારણ કરાયેલા ઘટ-પટ આદિ શબ્દો તેઓનો જે અર્થ=જલઆહરણ આદિમાં સમર્થ એવો જે અર્થ, તે શબ્દ અને અર્થનું પરિજ્ઞાન નૈગમનય છે અર્થાત્ આ શબ્દ આ અર્થનો વાચક છે અને આ અર્થ આ શબ્દથી વાચ્ય છે, એ પ્રકારનું વાચ્ય-વાચક ભાવનું પરિજ્ઞાન નૈગમનય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ઉન્મત્તની જેમ જે યથાતથા શબ્દ બોલનારા છે, તેવા જનપદની વ્યાવૃત્તિ કરીને યથાર્થ વચન બોલનારા એવા લોકોમાં જે ઘટપટાદિ શબ્દો વપરાય છે, તે શબ્દોથી કયો અર્થ વાચ્ય છે અને કયા અર્થના વાચક કયા શબ્દો છે, એ પ્રકારે શબ્દ અને અર્થ વચ્ચે યથાર્થ વાચ્ય-વાચક ભાવરૂપે જે જ્ઞાન છે તે નૈગમનય છે અને તે નૈગમનય સામાન્ય અને વિશેષને અવલંબીને પ્રવર્તે છે. તેથી એક સામાન્યગ્રાહી નૈગમનય છે અને બીજો વિશેષગ્રાહી નૈગમનય છે.

**સામાન્યગ્રાહી નૈગમનય :-** ઘટમાં રહેલી ઘટત્વ જાતિને વસ્તુરૂપે સ્વીકારે તે સામાન્યગ્રાહી નૈગમનય છે.

જેમ ઘટ શબ્દથી વાચ્ય ઘટત્વ જાતિ છે, પરંતુ અન્ય કોઈ વસ્તુ નથી તેમ કેટલાક દર્શનકારો સ્વીકારે છે. તેઓ સામાન્યગ્રાહી નૈગમનયને અનુસરનારા છે.

**દ્વિકરૂપી વિશેષગ્રાહી નૈગમનય :-** ઘટમાં રહેલી ઘટત્વ જાતિને અને ઘટરૂપ વ્યક્તિને વસ્તુરૂપે સ્વીકારે તે દ્વિકરૂપ વિશેષગ્રાહી નૈગમનય છે.

જેમ લોકમાં વપરાતા ઘટ શબ્દથી વાચ્ય તરીકે ઘટત્વ જાતિને અને ઘટ વ્યક્તિને વસ્તુરૂપે કેટલાક દર્શનકારો સ્વીકારે છે, તેઓ દ્વિકરૂપ વિશેષગ્રાહી નૈગમનયને અનુસરનારા છે.

**ત્રિકરૂપ વિશેષગ્રાહી નૈગમનય :-** ઘટત્વ જાતિને, ઘટરૂપ વ્યક્તિને અને ઘટ શબ્દના લિંગને વસ્તુરૂપે સ્વીકારનાર ત્રિકરૂપ વિશેષગ્રાહી નૈગમનય છે.

જેમ લોકમાં વપરાતા ઘટ શબ્દથી વાચ્ય તરીકે ઘટત્વ જાતિને, ઘટ વ્યક્તિને અને ઘટ શબ્દના લિંગને વસ્તુરૂપે કેટલાક દર્શનકારો સ્વીકારે છે, તેઓ ત્રિકરૂપ વિશેષગ્રાહી નૈગમનયને અનુસરનારા છે.

**ચતુષ્કરૂપ વિશેષગ્રાહી નૈગમનય :-** સંખ્યાદિથી સહિત પૂર્વમાં વર્ણન કરાયેલ ત્રિકને ગ્રહણ કરનાર ચતુષ્કરૂપ વિશેષગ્રાહી નૈગમનય છે અર્થાત્ ઘટત્વ જાતિને, ઘટરૂપ વ્યક્તિને, ઘટ શબ્દના લિંગને અને ઘટની સંખ્યા અથવા ઘટનાં કારક એ બેમાંથી કોઈ એકને સ્વીકારનાર ચતુષ્કરૂપ વિશેષગ્રાહી નૈગમનય છે.

જેમ લોકમાં વપરાતા ઘટ શબ્દથી વાચ્ય તરીકે ઘટત્વ જાતિને, ઘટ વ્યક્તિને, ઘટ શબ્દના લિંગને અને ઘટની સંખ્યા અથવા ઘટના કારક એ બેમાંથી કોઈ એકને વસ્તુરૂપે કેટલાક દર્શનકારો સ્વીકારે છે, તેઓ ચતુષ્કરૂપ વિશેષગ્રાહી નૈગમનયને સ્વીકારનારા છે.

**પંચક વિશેષગ્રાહી નૈગમનય :-** ઘટત્વ જાતિને, ઘટરૂપ વ્યક્તિને, ઘટ શબ્દના લિંગને, ઘટની સંખ્યાને અને ઘટના કારકને સ્વીકારનાર પંચક વિશેષગ્રાહી નૈગમનય છે.

જેમ લોકમાં વપરાતા ઘટ શબ્દથી વાચ્ય તરીકે ઘટત્વ જાતિને, ઘટ વ્યક્તિને, ઘટ શબ્દના લિંગને, ઘટની સંખ્યાને અને ઘટના કારકને વસ્તુરૂપે કેટલાક દર્શનકારો સ્વીકારે છે, તેઓ પંચક વિશેષગ્રાહી નૈગમનયને સ્વીકારનારા છે.

નૈગમનયના ભેદમાં ઘટને આશ્રયીને ઘટ પદથી વાચ્ય એક વસ્તુ, બે વસ્તુ આદિ વિકલ્પો બતાવ્યા, તેમ પટ, મઠ આદિ દરેક પદાર્થોના વિષયમાં વિકલ્પો જાણવા.

**સંગ્રહનય :-** ઘટાદિ અર્થોના સર્વનું સંગ્રહણ=સામાન્યનું એકીભાવથી અર્થાત્ 'સત્ સત્'રૂપે એકીભાવથી આશ્રયણ, અને એક દેશવિશેષનું સંગ્રહણ=એક દેશનું એકીભાવથી આશ્રયણ, તે સંગ્રહનય છે.

આશય એ છે કે જગતના ઘટાદિ સર્વ પદાર્થોનું એકીભાવથી સંગ્રહણ સંગ્રહનય કરે છે, ત્યારે સત્ સત્ સત્ એ વચનથી જગતના સર્વ પદાર્થોનું સંગ્રહણ કરે છે અને ઘટમાં રહેલી ઘટત્વ જાતિથી તમામ ઘટનો સંગ્રહ કરે અને પટમાં રહેલી પટત્વ જાતિથી તમામ પટનો સંગ્રહ કરે તે એક દેશ સંગ્રહરૂપ છે અને સંગ્રહનય સર્વ અને એક દેશના સંગ્રહણ કરવાના સ્વભાવવાળો છે.

જોકે અન્યત્ર સર્વસંગ્રહ અને દેશસંગ્રહ એમ સંગ્રહનયના બે ભેદો પ્રસિદ્ધ છે. પરંતુ તત્ત્વાર્થકારે તે બે ભેદોનું આશ્રયણ કરેલ નથી. તેથી નૈગમનયના બે ભેદો છે અને શબ્દનયના ત્રણ ભેદો છે, એમ કહીને સંગ્રહનયના બે ભેદની વિવક્ષા કર્યા વગર સર્વ સંગ્રહ અને દેશ સંગ્રહ કરવાના સ્વભાવવાળો સંગ્રહનય છે, એમ ભાષ્યમાં સામાન્યથી સંગ્રહનયનું લક્ષણ કહેલ છે.

**વ્યવહારનય :-**

લૌકિક સમાન, ઉપચારપ્રાય અને વિસ્તૃત અર્થવાળો વ્યવહારનય છે. લૌકિકસમ=લોકમાં=મનુષ્ય લોકાદિમાં જે પ્રસિદ્ધ એવા પુરુષો છે, તેઓના જેવો વ્યવહારનય છે. જેમ લોકમાં વર્તતા પુરુષો ઘટાદિ વિશેષથી જ વ્યવહાર કરે છે, પરંતુ ઘટાદિનો સંગ્રહ કરીને વ્યવહાર કરતા નથી, તેમ વ્યવહારનય પણ વિશેષથી વ્યવહાર કરે છે. તેથી તેમના જેવો છે=લૌકિક પુરુષો જેવો છે.

વળી, વ્યવહારનય ઉપચારપ્રાય છે. ઉપચાર એટલે અન્યત્ર સિદ્ધ એવા અર્થનું અન્યત્ર આરોપણ. જેમ માટલામાં રહેલું પાણી ઝરતું હોય તો માટલું ઝરે છે, એ પ્રકારનો ઉપચાર થાય છે. તેમ ઉપચારની ભાષા બોલનાર વ્યવહારનય છે.

વળી, વિસ્તૃત અર્થવાળો વ્યવહારનય છે અર્થાત્ અનેક વિશેષ એવા જ્ઞેય અર્થોને ગ્રહણ કરવાના અધ્યવસાયવાળો વ્યવહારનય છે. તેથી સંગ્રહનયની જેમ સંગ્રહ કરીને અર્થોને ગ્રહણ કરનારો નથી.

**ઋજુસૂત્રનય :-** સત્=પરમાર્થથી વિદ્યમાન, સાંપ્રત=મધ્યમક્ષણવર્તી અર્થાત્ અતીત-અનાગત ક્ષણવર્તી નહિ પણ વર્તમાનક્ષણવર્તી, અર્થોનું=પદાર્થોનું, અભિધાન અને પરિજ્ઞાન=પદાર્થોનું કથન અને પદાર્થોનું જ્ઞાન તેને આશ્રયીને ઋજુસૂત્રનય છે.

વર્તમાન જ એવા પદાર્થોના કથનને અને પદાર્થોનાં જ્ઞાનને જે સ્વીકારે છે તે ઋજુસૂત્રનય છે. આશય એ છે કે જે વસ્તુ વર્તમાનમાં વિદ્યમાન હોય તે વસ્તુના કથનને અને વસ્તુના જ્ઞાનને જે નયદૃષ્ટિ બતાવે તે ઋજુસૂત્રનય છે.

**શબ્દનય :-** ભેદત્રયના સંગ્રાહક=સાંપ્રતનય, સમભિરૂઢનય અને એવંભૂતનયરૂપ ભેદત્રયના સંગ્રાહકને શબ્દનયરૂપે પરિભાષા કરીને ભાષ્યકાર બતાવે છે. આશય એ છે કે અન્યત્ર પ્રસિદ્ધ એવા સાત નયોમાં જે શબ્દનય છે, તે શબ્દનય અહીં ગ્રહણ કરેલ નથી; કેમ કે તે સાત નયોમાં પાછળના ત્રણ નયો શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય છે. જ્યારે ભાષ્યકારે તો અન્યત્ર પ્રસિદ્ધ એવા શબ્દાદિ ત્રણે નયોને સંગ્રહ કરે તેવો પારિભાષિક શબ્દનય સ્વીકારેલ છે અને અન્યત્ર જે સાત નયો છે, તેમાં જે શબ્દનય છે તેના સ્થાને અહીં શબ્દનયના પેટાભેદરૂપે સાંપ્રતનય સ્વીકારેલ છે. તેથી સાત નયોમાં વપરાયેલ શબ્દનય જુદા અર્થનો વાચક છે અને અહીં જે શબ્દનય ગ્રહણ કરેલ છે, તે જુદા અર્થનો વાચક છે.

શબ્દનયનું લક્ષણ યથાર્થ અભિધાન છે. તેથી એ પ્રાપ્ત થાય કે પદાર્થમાં રહેલા ભાવને વસ્તુરૂપે સ્વીકારનાર શબ્દનય છે. જેમ ભાવઘટને શબ્દનય ઘટરૂપે કહે છે, પરંતુ નામ, સ્થાપના કે દ્રવ્યઘટને ઘટરૂપે સ્વીકારતો નથી. શબ્દનયના ત્રણ ભેદો છે તેમ સૂત્રમાં કહેલ . તેથી હવે ભાષ્યકાર શબ્દનયના ત્રણ ભેદોનું સ્વરૂપ બતાવે છે.

**(૧) સાંપ્રતનય :-** ઘટાદિ દરેક શબ્દો ચાર નિક્ષેપામાં પ્રસિદ્ધ છે. તે ચાર નિક્ષેપામાં પ્રસિદ્ધ એવા ઘટાદિ શબ્દોથી અર્થમાં=ભાવ ઘટરૂપ અર્થમાં, 'આ ઘટ છે' એવી પ્રતીતિ તે સાંપ્રતનય છે. સામાન્યથી ઘટ શબ્દ

"કોઈનું નામ ઘટ હોય તોપણ આ ઘટ છે" એ અર્થમાં પ્રસિદ્ધ છે અને "ઘટનું ચિત્ર હોય તોપણ આ ઘટ છે", એ અર્થમાં પ્રસિદ્ધ છે. અને ઘટના કારણભૂત માટીના પિંડમાં પણ ઘટ શબ્દ પ્રસિદ્ધ છે અને ભાવઘટમાં પણ ઘટ શબ્દ પ્રસિદ્ધ છે. આમ છતાં, સાંપ્રતનય વર્તમાનમાં જે ઘટ ભાવરૂપે વિદ્યમાન હોય તેને જ ઘટ તરીકે સ્વીકારે, અન્યને નહિ.

સંક્ષેપથી ભાવમાત્રની પ્રમિતશક્તિવાળા શબ્દથી જન્ય જે જ્ઞાન તે સાંપ્રતનય છે.

(૨) **સમભિરૂઢનય** :- સાંપ્રતનયે સ્વીકારેલ ભાવરૂપ ઘટાદિ અર્થોમાં અસંક્રમ=પર્યાયવાચી શબ્દો દ્વારા તેનો વાચકરૂપે અસ્વીકાર, સમભિરૂઢ છે. આશય એ છે કે તે તે શબ્દોની વ્યુત્પત્તિ કરીને તે વ્યુત્પત્તિથી પ્રાપ્ત થતા અર્થના ભેદને લઈને એક જ ઘટરૂપ બાહ્ય પદાર્થને જોઈને ઘટ શબ્દથી વાચ્ય ઘટ જુદો છે અને કુંભ શબ્દથી વાચ્ય ઘટ જુદો છે, તેમ સમભિરૂઢ નય કહે છે. તેથી ઘટ, કુંભ પદથી ભિન્ન અર્થ પ્રાપ્ત થાય છે અને ઇન્દ્ર, શક્રાદિ પદોથી પણ ભિન્ન અર્થ પ્રાપ્ત થાય છે.

(૩) **એવંભૂતનય** :- વ્યંજનનો અને અર્થનો વિશેષક એવંભૂતનય છે, એ પ્રકારે ભાષ્યકારે કહેલ છે. ત્યાં વ્યંજન એટલે શબ્દ અને અર્થ એટલે અભિધેય પદાર્થ, તે બેનો વિશેષક એ એવંભૂતનય છે અને ભાષ્યમાં વિશેષક શબ્દ અધ્યાહાર છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે શબ્દ જે ક્રિયાનો વાચક હોય તે ક્રિયાથી વિશિષ્ટ અર્થ હોય ત્યારે એવંભૂતનય તે વસ્તુને તે શબ્દથી વાચ્ય સ્વીકારે છે. જેમ ઇન્દ્ર શબ્દ ઇંદન ક્રિયાનો વાચક છે અને ઇન્દ્રરૂપ વ્યક્તિ જ્યારે ઇંદન ક્રિયા કરતો હોય ત્યારે વ્યંજન એવા શબ્દનો અને અર્થનો વિશેષક એવો એવંભૂતનય તેને ઇન્દ્ર તરીકે સ્વીકારે છે.

**ઉત્થાન :-**

આ રીતે નૈગમ આદિ પાંચ નયો અને તેના પેટાભેદોનું લક્ષણ કરાયે છતે કોઈ 'નયો શું છે ?' એ પ્રકારે પ્રશ્ન કરે છે -

**ભાષ્ય :-**

**अत्राह-उद्दिष्टा भवता नैगमादयो नयाः, तन्नया इति कः पदार्थ इति, अत्रोच्यते, नयाः प्रापकाः कारकाः साधका निर्वर्तका निर्भासका उपलम्भका व्यञ्जका इत्यनर्थान्तरम् । जीवादीन् पदार्थान्नयन्ति प्राप्नुवन्ति कारयन्ति साधयन्ति निर्वर्तयन्ति निर्भासयन्ति उपलम्भयन्ति व्यञ्जयन्तीति नयाः ।।**

**ભાષ્યાર્થ :-**

**अत्र=આમાં=પૂર્વમાં નયોના ભેદો બતાવ્યા, એમાં आह=કોઈક કહે છે –**

**તમારા વડે નૈગમ આદિ નયોનો ઉદ્દેશ કરાયો. તે 'નયો' એ પ્રકારના પદનો શું અર્થ છે ? 'इति' શબ્દ પ્રશ્નની સમાપ્તિમાં છે.**

**अत्र=કોઈકે કરેલા પ્રશ્નમાં उच्यते=ભાષ્યકાર કહે છે –**

**નયો, પ્રાપકો, કારકો, સાધકો, નિર્વર્તકો, નિર્ભાસકો, ઉપલંભકો, વ્યંજકો એ અનર્થાન્તર છે=એકાર્થવાચી શબ્દો છે.**

તેનાથી શું અર્થ પ્રાપ્ત થાય, તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

**જીવાદિ પદાર્થોને નયન કરે છે માટે નય છે, જીવાદિ પદાર્થોને પ્રાપ્ત કરે છે માટે પ્રાપક છે, જીવાદિ પદાર્થોને કરે છે માટે કારક છે, જીવાદિ પદાર્થોને સાધે છે માટે સાધક છે, જીવાદિ પદાર્થોનું નિવર્તન કરે છે માટે નિવર્તક છે, જીવાદિ પદાર્થોનું ઉપલંભન કરે છે માટે ઉપલંભક છે, જીવાદિ પદાર્થોનું વ્યંજન કરે છે માટે વ્યંજક છે. 'इति'=એ નયો છે.**

**ભાવાર્થ :-**

શબ્દના બે પ્રકારના અર્થ હોય છે : (૧) વાચ્યાર્થ અને (૨) ગમ્યાર્થ. જેમ ગોળ શબ્દથી વાચ્ય અર્થ 'ગોળ' દ્રવ્ય છે અને ગોળ શબ્દથી ગમ્ય અર્થ માધુર્યાદિ ભાવો છે, તેમ 'નય' શબ્દથી વાચ્ય અર્થ કોઈક કર્માદિરૂપ છે અને શેષ ગમ્ય અર્થ છે. તેથી અહીં નયપદ ગ્રહણ દ્વારા વાચ્ય અર્થનો પ્રશ્ન કરે છે કે નય પદનો વાચ્ય અર્થ શું છે ? તેના જવાબરૂપે ભાષ્યકાર કહે છે – નયો પ્રાપક ઇત્યાદિ છે.

**નયો :-** કર્તૃ અર્થમાં નય શબ્દના અર્થ કહે છે. સામાન્ય આદિ રૂપથી અર્થનું જે પ્રકાશન કરે તે નયો છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈક નય 'સામાન્યથી' અર્થનું પ્રકાશન કરે છે, કોઈક અન્ય નય 'વિશેષથી' અર્થનું પ્રકાશન કરે છે. અને કોઈક અન્ય નય 'વિશેષતરથી' અર્થનું પ્રકાશન કરે છે.

વળી, નયનું લક્ષણ 'નયરહસ્ય' ગ્રંથમાં આ રીતે કરેલ છે.

પ્રકૃત વસ્તુના અંશને ગ્રહણ કરનાર અને તેના ઇતર અંશને અપ્રતિક્ષેપ કરનાર એવો અધ્યવસાયવિશેષ નય છે. તેથી કોઈપણ પદાર્થને જોવા માટે પ્રવૃત્ત નયદૃષ્ટિ તે પદાર્થના સામાન્ય અંશને કે વિશેષ અંશને ગ્રહણ કરતી હોય અને ઇતર અંશનું નિરાકરણ ન કરતી હોય તેવી જે પદાર્થને જોવાની દૃષ્ટિ તે નયદૃષ્ટિ છે.

**પ્રાપકો :-** સ્વઅભિમત એવી ઉપપત્તિથી તે તે અર્થને જે પ્રાપ્ત કરે તે પ્રાપક કહેવાય. તેથી નયો પ્રાપક છે. જેમ અક્ષેપફલસાધક નિશ્ચયનયની દૃષ્ટિ યોગનું લક્ષણ કરે છે કે જે યોગના સેવનથી વિલંબન વગર મોક્ષરૂપ કાર્ય થાય તે યોગ કહેવાય અને તે પ્રકારે પોતાને અભિમત એવી ઉપપત્તિથી અક્ષેપફલસાધક નિશ્ચયનય યોગનિરોધની ચરમક્ષણને મોક્ષનું કારણ એવો યોગ કહે છે; કેમ કે યોગનિરોધની ચરમક્ષણ ઉત્તરક્ષણમાં મોક્ષરૂપ ફલને પ્રાપ્ત કરે છે. તે રીતે દરેક નય પોતાને અભિમત એવી ઉપપત્તિથી તે તે અર્થને પ્રાપ્ત કરે છે માટે નયો પ્રાપક છે.

વળી, નયરહસ્ય ગ્રંથમાં 'પ્રાપક'નો અર્થ આ રીતે કરેલ છે – પ્રમાણથી પ્રાપ્ત થયેલ પદાર્થમાં પરસ્પર વિરોધી એવા અનેક ધર્મોમાંથી કોઈ એક ધર્મ માત્રને ગ્રહણ કરીને તે વસ્તુનો બોધ કરાવે તે પ્રાપક કહેવાય. માટે નય પ્રાપક છે.

**કારકો :-** તે તે આત્માના જ્ઞાનને કરે છે તે કારક છે=અપૂર્વ વિજ્ઞાનને પ્રગટ કરે છે તે કારક છે. જેમ કોઈક નયની દૃષ્ટિ પદાર્થને જોવા માટે પ્રવૃત્ત હોય ત્યારે તે નયદૃષ્ટિ પદાર્થના તે સ્વરૂપનું જ્ઞાન કરે છે= આત્માના સ્વરૂપનું અપૂર્વ જ્ઞાન પ્રગટ કરે છે. તેથી નયને કારક કહેવાય છે.

**સાધકો :-** નયરહસ્ય ગ્રંથમાં "તેવા પ્રકારની પ્રતિપત્તિનું જનકત્વ સાધકત્વ છે" એમ કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે નયો પદાર્થમાં રહેલા અનેક ધર્મમાંથી જે ધર્મને જોવા માટે નયદૃષ્ટિ પ્રવૃત્ત હોય તે પ્રકારના બોધની જનક નયદૃષ્ટિ છે માટે નય સાધક છે. જેમ અક્ષેપફલસાધક નિશ્ચયનય વિલંબન વગર મોક્ષનું કારણ એવો યોગ કયો છે, તેનો બોધ કરાવવા માટે પ્રવૃત્ત થયેલી દૃષ્ટિવાળો છે, તેથી ૧૪મા ગુણસ્થાનકની ચરમક્ષણવર્તી યોગનિરોધની અવસ્થાને યોગ કહે છે. આ રીતે નય પોતાના અભિપ્રેત અર્થના સાધક છે માટે નયને સાધક કહેવાય છે.

**નિર્વર્તકો :-** તેવા પ્રકારના અધ્યવસાયથી અપ્રચ્યુતિ એ નિર્વર્તન છે=જે નય જે દૃષ્ટિકોણથી પ્રવર્તેલો હોય તે અધ્યવસાયથી પાત પામ્યા વગર પોતાનો અર્થ યથાર્થ બતાવે છે. વળી, નયરહસ્ય ગ્રંથમાં નિર્વર્તકનો અર્થ આ પ્રમાણે છે. અનિવર્તમાન નિશ્ચિત પોતાના અભિપ્રાયવાળાપણું તે નિર્વર્તકપણું છે. તેથી એ પ્રાપ્ત થાય કે દરેક નયની દૃષ્ટિ પોતાના નિશ્ચિત અભિપ્રાયને ધારણ કરે છે અને તે અભિપ્રાયનો ત્યાગ કર્યા વગર વસ્તુના સ્વરૂપને બતાવે છે. જેમ દ્રવ્યને જોનારી નયદૃષ્ટિ પોતાના નિશ્ચિત અભિપ્રાયનો ત્યાગ કર્યા વગર આત્માનો નિત્યરૂપે બોધ કરાવે છે. માટે નય નિર્વર્તક છે.

**નિર્ભાસકો :-** પદાર્થના એક અંશને બીજા અંશોથી પૃથગ્ કરીને બોધ કરાવે તે નિર્ભાસક કહેવાય. નયરહસ્ય ગ્રંથ પ્રમાણે 'શૃંગ' ગ્રહણ કરીને વસ્તુના અંશને જે જણાવે તે નિર્ભાસક કહેવાય. જેમ કોઈક પૂછે કે ગાય કોણ છે ? તો ગાયનું શિંગડું પકડીને બતાવે કે "આ ગાય છે." તેમ જે નયની દૃષ્ટિ જે અંશને ગ્રહણ કરવા તત્પર થયેલી હોય તે અંશને અંગુલિનિર્દેશ દ્વારા બોધ કરાવે તે નિર્ભાસક કહેવાય. જેમ અક્ષેપફલસાધક નિશ્ચયનય મોક્ષરૂપ કાર્યના અવ્યવધાનથી કારણ એવા જીવના પરિણામને યોગ તરીકે નિર્દેશ કરવા પ્રવૃત્ત થયેલ હોવાથી તે નયદષ્ટિથી જોનારને યોગનિરોધની ચરમક્ષણનું યોગરૂપે નિર્ભાસન કરાવે તે નિર્ભાસક છે. તેથી નય નિર્ભાસક છે.

**ઉપલંભકો :-** સૂક્ષ્મ અર્થનું અવગાહન તે ઉપલંભન છે. નયરહસ્ય ગ્રંથમાં ઉપલંભકનો અર્થ આ પ્રમાણે છે – "પ્રતિવિશિષ્ટ ક્ષયોપશમની અપેક્ષાવાળો સૂક્ષ્મ અર્થનું અવગાહીપણું ઉપલંભકપણું છે". તેથી એ પ્રાપ્ત થાય કે જે નયની દૃષ્ટિ સ્વસ્થાનમાં ઉચિત રીતે યોજન કરીને ઉચિત રીતે પ્રવર્તતી હોય ત્યારે તે નયને અભિમત સૂક્ષ્મ અર્થનું અવગાહન થાય છે, તેથી નય ઉપલંભક છે.

**વ્યંજકો :-** પ્રતિનિયત અભિપ્રાયને સ્પષ્ટ કરવું તે વ્યંજન છે. નયરહસ્ય ગ્રંથમાં વ્યંજકનો અર્થ આ પ્રમાણે છે – "પ્રધાનપણાથી સ્વવિષયનું વ્યવસ્થાપકપણું વ્યંજકપણું છે." તેથી એ પ્રાપ્ત થાય કે દરેક નયો પોતાને અભિમત એવા પ્રતિનિયત અભિપ્રાયને સ્પષ્ટ કરીને તેના દ્વારા પદાર્થનો બોધ કરાવે છે અર્થાત્ પ્રધાનપણાથી પોતાની દૃષ્ટિથી અભિપ્રેત વિષયનું વ્યવસ્થાપન કરે છે, તેથી નય વ્યંજક છે.

ભાષ્ય :-

अत्राह-किमेते तन्त्रान्तरीया वादिन आहोस्वित्स्वतन्त्रा एव चोदकपक्षग्राहिणो मतिभेदेन विप्रधाविता इति, अत्रोच्यते, नैते तन्त्रान्तरीया नापि स्वतन्त्रा मतिभेदेन विप्रधाविताः, ज्ञेयस्य त्वर्थस्याध्यवसायान्तराण्येतानि, तद्यथा-घट इत्युक्ते योऽसौ चेष्टाभिर्निर्वृत्त ऊर्ध्वकुण्डलौष्ठायतवृत्तग्रीवोऽधस्तात्परिमण्डलो जलादीनामाहरणधारणसमर्थ उत्तरगुणनिर्वर्तनानिर्वृत्तो द्रव्यविशेषः, तस्मिन्नेकस्मिन् विशेषवति, तज्जातीयेषु वा सर्वेष्वविशेषात्परिज्ञानं नैगमनयः, एकस्मिन्वा बहुषु वा नामादिविशेषितेषु साम्प्रतातीतानागतेषु घटेषु संप्रत्ययः संग्रहः, तेष्वेव लौकिकपरीक्षकग्राह्येषूपचारगम्येषु यथास्थूलार्थेषु संप्रत्ययो व्यवहारः, तेष्वेव सत्सु साम्प्रतेषु संप्रत्यय ऋजुसूत्रः, तेष्वेव साम्प्रतेषु नामादीनामन्यतमग्राहिषु प्रसिद्धपूर्वकेषु घटेषु संप्रत्ययः साम्प्रतः शब्दः, तेषामेव साम्प्रतानामध्यवसायासंक्रमो वितर्कध्यानवत् समभिरूढः, तेषामेव व्यञ्जनार्थयोरन्योऽन्यापेक्षार्थग्राहित्वमेवम्भूत इति ।।

ભાષ્યાર્થ :-

अत्र=આમાં=પૂર્વમાં નયોનું લક્ષણ કર્યું અને નયોને પર્યાયવાચી શબ્દો દ્વારા બતાવ્યા એમાં आह=કોઈ પ્રશ્ન કરે છે. શું આ=નયો તંત્રાન્તરીયવાદી છે ?=અન્ય દર્શનના વાદીઓ છે ? અથવા સ્વતંત્ર વાદી જ=જિનવચનને જ સ્વબુદ્ધિથી વિભાગ કરનારા, ચોદકના=દોષસૂચક એવા પરના, પક્ષને ગ્રહણ કરીને મતિભેદથી ચાલનારા છે ?=અયથાર્થ નિરૂપણ કરનારા છે. 'इति' શબ્દ શંકાની સમાપ્તિમાં છે.

આમાં=પૂર્વપક્ષીએ કરેલી શંકામાં ભાષ્યકાર વડે ઉત્તર અપાય છે.

આ=નયો, તંત્રાન્તરીય નથી=અન્ય દર્શનના વાદીઓ નથી. સ્વતંત્ર વાદી=જૈનદર્શનવાદી, મતિભેદથી વિપ્રધાવિત પણ નથી=જિનવચનને સ્વબુદ્ધિથી વિભાગ કરીને મતિભેદથી ચાલનારા પણ નથી. પરંતુ જ્ઞેય એવા અર્થના અધ્યવસાય અંતરો આ છે=જ્ઞેય એવા પદાર્થને ભિન્ન ભિન્ન અધ્યવસાયથી ભિન્ન ભિન્નરૂપે સ્વીકારનારા નયો છે.

તે આ પ્રમાણે=જ્ઞેયના વિષયમાં નયો જુદા જુદા અધ્યવસાય કરનારા કઈ રીતે છે, તે 'तद्यथा'થી બતાવે છે –

નૈગમનય :-

ઘટ એ પ્રમાણે કહેવાયે છતે, જે આ ચેષ્ટાથી બનાવાયેલો=કુંભારની ચેષ્ટાથી બનાવાયેલો, ઊર્ધ્વ કુંડલ ઓષ્ઠવાળી=ભાગવિશેષવાળી, લાંબી ગોળાકાર ગ્રીવા છે જેને એવો અને નીચેથી પરિમંડલ આકારવાળો, જલાદિના લાવવામાં અને ધારણ કરવામાં સમર્થ અને ઉત્તરગુણના નિર્વર્તનથી બનેલો જે આ દ્રવ્યવિશેરૂપ ઘટ છે, વિશેષવાળા એવા તે એક ઘટમાં અથવા તદ્જાતીય એવા સર્વ ઘટોમાં અવિશેષથી પરિજ્ઞાન નૈગમનય છે.

**સંગ્રહનય :-**

**એકમાં અથવા ઘણા ઘટોમાં=નામાદિથી વિશેષિત એવા વર્તમાનકાળ-ભૂતકાળ-ભવિષ્યકાળના ઘણા ઘટોમાં, સંપ્રત્યય="આ ઘટ છે, આ ઘટ છે" એ પ્રકારનો અનુગત અધ્યવસાય, સંગ્રહ છે= સંગ્રહનય છે.**

**વ્યવહારનય :-**

**તેઓમાં જ=એક, બે કે બહુ નામાદિરૂપ એવા ઘટોમાં જ, લૌકિક પરીક્ષકોને ગ્રાહ્ય, ઉપચારગમ્ય અને યથાસ્થૂલ અર્થવાળા એવા ઘટોમાં સંપ્રત્યય=વિશેષ પ્રકારનો પરિચ્છેદ, વ્યવહારનય છે.**

**ઋજુસૂત્રનય :-**

**તે જ વિદ્યમાન એવા ઘડાઓમાં સંપ્રત્યય=આ ઘડો છે એવો બોધ, તે ઋજુસૂત્રનય છે.**

**સાંપ્રતનય :-**

**નામાદિના અન્યતમગ્રાહી પ્રસિદ્ધપૂર્વક એવા તે જ વિદ્યમાન ઘડાઓમાં સંપ્રત્યય સાંપ્રતનય છે= શબ્દનય છે અથવા સાંપ્રત શબ્દનય છે.**

**સમભિરૂઢનય :-**

**વર્તમાનકાલવર્તી એવા તેઓના જ=નામાદિ ઘટોના જ, વિતર્કધ્યાનની જેમ=ક્ષપકશ્રેણી કાળમાં થતા શુક્લધ્યાનના બીજા પાદની જેમ, અધ્યવસાયનો અસંક્રમ સમભિરૂઢ છે=સમભિરૂઢનય છે.**

**એવંભૂતનય :-**

**તેઓના જ=પૂર્વમાં કહેવાયેલા એવા ઘડાઓના જ, જે વ્યંજન અર્થ છે, તે બંનેનું અન્યોન્ય અપેક્ષાથી અર્થગ્રાહીપણું એવંભૂત છે=એવંભૂતનય છે. 'इति' શબ્દ 'तद्यथा'થી કરેલા કથનની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ભાષ્યકારે પાંચ નયોનાં લક્ષણો બતાવ્યાં અને નયના પર્યાયવાચી શબ્દો બતાવ્યા. વસ્તુતઃ તે પર્યાયવાચી શબ્દો પણ નયનાં લક્ષણો છે, એમ 'નયરહસ્ય' ગ્રંથમાં કહેલ છે. એ કથનમાં કોઈ શંકા કરતાં કહે છે –

પૂર્વમાં જે પાંચ નયો બતાવ્યા, તે પાંચ નયો ભિન્ન ભિન્ન દર્શનને માનનારા વાદીઓના મતો છે કે જૈનદર્શનમાં રહેલ પોતપોતાના મતિભેદને ગ્રહણ કરીને, પોતાના મતથી વિરુદ્ધ મત ધરાવનારા દ્વારા પોતાના પક્ષમાં જે દોષ અપાય છે, તેને ગ્રહણ કરીને પોતાના મતને સ્થાપન કરવા અર્થે પ્રયત્ન કરનારા નયો છે ? અર્થાત્ પોતાની એકાંત દૃષ્ટિને સ્થાપન કરનારા નયો છે ? આ પ્રકારની કોઈકની શંકાનો ઉત્તર આપતાં ભાષ્યકાર કહે છે –

આ નયો ભિન્ન ભિન્ન દર્શનના મતો નથી અને જૈનદર્શનમાં રહેલ પોતપોતાની મતિથી સ્વપક્ષને સ્થાપન

કરનારા હોવા છતાં સ્વમતરૂપ એકાંતપક્ષને ગ્રહણ કરીને ચાલનારા એવા પણ નયો નથી. પરંતુ એક જ જ્ઞેયરૂપ અર્થને ગ્રહણ કરીને ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી તે વસ્તુને જુદા જુદા રૂપે કહેનારા અધ્યવસાયો છે અર્થાત્ કોઈ એક વસ્તુને ગ્રહણ કરીને દ્રવ્યને જોનારી દૃષ્ટિથી નિત્ય કહેવામાં આવે અને પર્યાયને જોનારી દૃષ્ટિથી અનિત્ય કહેવામાં આવે તો તે બન્ને અધ્યવસાયો સ્વ-સ્વ સ્થાનમાં યથાર્થ છે તેમ દરેક નયો પદાર્થને ભિન્ન ભિન્ન દૃષ્ટિથી જોઈને કહે છે અને સ્વ-સ્વ સ્થાનમાં પદાર્થનું યથાર્થ સ્વરૂપ બતાવે છે.

દરેક નયો સ્વ-સ્વ સ્થાનમાં કઈ રીતે પદાર્થનું યથાર્થ સ્વરૂપ બતાવે છે તે 'तद्यथा'થી ભાષ્યકાર બતાવે છે.

**(૧) નૈગમનય :-**

ઘટ એ પ્રકારે કહેવામાં આવે ત્યારે નૈગમનયની દૃષ્ટિથી શું બોધ થાય, તે પ્રથમ કહેવામાં આવે છે અને તે બતાવવા માટે પ્રથમ ઘટ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

કુંભારાદિની ચેષ્ટાથી ઘડો બનાવાયેલો છે અને જેને ઊર્ધ્વમાં=ઉપરમાં, ડોકનો ભાગ લાંબો અને કુંડલ આકારવાળો છે અને નીચેનો ભાગ પરિમંડલ આકારવાળો છે અને જલને લાવવામાં અને ધારણ કરવામાં સમર્થ છે અને આવો ઘડો બનાવ્યા પછી કુંભાર આદિ દ્વારા ભઠ્ઠીમાં પાકાદિ ક્રિયાઓ દ્વારા ઉત્તરગુણની નિર્વર્તના કરાયેલો છે એવો દ્રવ્યવિશેષ તે ઘટ છે.

વળી, આ ઘટ માટીનો બનાવેલો હોય તો વળી કોઈ સુવર્ણકાર દ્વારા સુવર્ણ આદિનો બનાવાયેલો પણ હોય તેવા વિશેષતાવાળા એક ઘટમાં ઘટ શબ્દથી જે બોધ થાય તે દેશગ્રાહી નૈગમનયનો બોધ છે અને તજ્જાતીય સર્વ ઘટોમાં ઘટ શબ્દથી જે બોધ થાય તે સમગ્રગાહી નૈગમનયનો બોધ છે.

**(૨) સંગ્રહનય :-**

કોઈ એક ઘટમાં કે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ઘણા ઘટોમાં અને તે ઘણા ઘટોમાં પણ કેટલાક વર્તમાનમાં હોય, કેટલાક ભૂતકાળમાં હોય અને કેટલાક ભવિષ્યકાળમાં થનારા હોય તે સર્વમાં 'આ ઘટ છે, આ ઘટ છે' એ પ્રકારનો અનુગત અધ્યવસાય છે તે સંગ્રહનયનો મત છે. નામાદિ ચાર નિક્ષેપવાળા ઘટમાં એક ઘટત્વ જાતિથી એકપણાનો અધ્યવસાય નથી. પરંતુ "ઘટ" "ઘટ" એ પ્રકારના અનુસરણથી જ સર્વ ઘટોનો સંગ્રહ છે. તેથી "ઘટ" શબ્દથી વાચ્ય 'ઘટ' નામનો કોઈ પુરુષ તે નામઘટ, ઘટનું કોઈ ચિત્ર હોય તે સ્થાપનાઘટ, ઘટના કારણભૂત માટી હોય તે દ્રવ્યઘટ અને કંબુ-ગ્રીવાદિ આકારવાળો જે ઘટ છે તે ભાવઘટ છે, તે સર્વમાં 'ઘટ' શબ્દનું અનુસરણ છે. તેથી 'ઘટ' શબ્દથી તે સર્વનો સંગ્રહ 'સંગ્રહનય' કરે છે.

**(૩) વ્યવહારનય :-**

ઘડાઓને આશ્રયીને એક, બે કે બહુ નામાદિરૂપ ઘડાઓમાં લૌકિક પરીક્ષકોથી ગ્રાહ્ય=લૌકિક પુરુષો જલ આહરણ આદિ પ્રવૃત્તિના વિષયભૂત એવા જે ઘડાઓ સ્વીકારે છે, તેમાં અને ઉપચારગમ્યમાં=પૂજાના વિષયભૂત એવા ઘડાઓમાં અને યથાસ્થૂલ એવા ઘડાઓમાં=સૂક્ષ્મ બુદ્ધિથી ગમ્ય એવા ઘટત્વ સામાન્યને ગૌણ કરીને સ્થૂલ એવા ઘટાદિમાં સંપ્રત્યય=વિશેષ બોધ="આ નામઘટ છે, આ સ્થાપનાઘટ છે અથવા આ

જલધારણનો ઘટ છે અથવા આ પૂજાનો ઘટ છે" એ પ્રકારનો વિશેષ બોધ, વ્યવહારનય સ્વીકારે છે. છતાં આ સર્વ ઘટોમાં ઘટ શબ્દનો વ્યવહાર કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સંગ્રહનયે સર્વ ઘટોનો સંગ્રહ કરેલો અને વ્યવહારનયે તે જ ઘટોનો વ્યવહારની અપેક્ષાએ ભેદ કરીને બોધ કર્યો. તેથી લોકો જે પ્રકારના ઘડાઓમાં જે પ્રકારનો વ્યવહાર કરે તે પ્રમાણે ઘડાઓને વ્યવહારનય જુદા પાડે, પરંતુ સંગ્રહનયની જેમ 'ઘટ' શબ્દથી સર્વ ઘડાઓનો ઘટરૂપે સંગ્રહ કરતો નથી.

**(૪) ઋજુસૂત્રનય :-**

વ્યવહારનયે જે ઘડાઓ સ્વીકાર્યા તે ઘડાઓમાં જ ઘટ એ પ્રકારના પ્રયોગની આધારક્ષણ માત્રમાં વૃત્તિ એવા ઘડાઓને જે ઘટરૂપે સ્વીકારે તે ઋજુસૂત્રનય છે. જેમ ઘટ એ પ્રકારનો પ્રયોગ કરાતો હોય તે વખતે ઘટ એ પ્રકારની પ્રયોગની આધારક્ષણમાં જે ઘટ વિદ્યમાન હોય તે જ ઘટનો ઋજુસૂત્રનય 'ઘટ' શબ્દથી બોધ કરાવે છે, પરંતુ વ્યવહારનયની જેમ ભૂતકાળ અને ભવિષ્યકાળમાં થનારા ઘડાઓનો પણ 'ઘટ' શબ્દથી બોધ કરાવતો નથી.

**(૫) સાંપ્રતનય :-**

ઋજુસૂત્રને અભિમત વર્તમાનકાળમાં વિદ્યમાન એવા ઘડાઓમાં પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ ઘડાઓમાં જે શબ્દથી 'નમ્યમાન' પદાર્થ વાચ્ય છે=નામ ઘટ વાચ્ય છે, તે ઘટ શબ્દથી 'સ્થાપ્યમાન' ઘટ વાચ્ય નથી અર્થાત્ સ્થાપનાઘટ વાચ્ય નથી અને જે ઘટ શબ્દથી સ્થાપના ઘટ વાચ્ય છે, તે ઘટ શબ્દથી દ્રવ્યઘટ વાચ્ય નથી અને જે ઘટ શબ્દથી દ્રવ્યઘટ વાચ્ય છે, તે ઘટ શબ્દથી ભાવઘટ વાચ્ય નથી.

આ પ્રમાણે નામાદિ ઘટમાંથી અન્યતમને ગ્રહણ કરનાર અને પ્રસિદ્ધિપૂર્વક એવા ઘટોમાં=આ નામ ઘટ છે, આ સ્થાપનાઘટ છે ઇત્યાદિકરૂપ પ્રસિદ્ધિપૂર્વ એવા ઘટોમાં=શબ્દનાં નિયંત્રણરૂપ પ્રકર્ષથી સિદ્ધિપૂર્વ એવા ઘટોમાં, એ પ્રકારનો જે બોધ તે સાંપ્રતનય છે અર્થાત્ શબ્દનયના પેટાભેદ એવો સાંપ્રતનય છે અને સાત નયોના પેટાભેદ એવો શબ્દનય છે.

આનાથી એ ફલિત થાય કે ઋજુસૂત્રનય વર્તમાન ક્ષણમાં વર્તતા નામાદિ ચારેય ઘટોનો 'ઘટ' શબ્દથી બોધ કરાવે છે. જ્યારે સાંપ્રતનય તો નામાદિ ચારેય નિક્ષેપાનો વાચક 'ઘટ' શબ્દ જુદો છે, તેથી જે ઘટ શબ્દ નામનિક્ષેપાનો વાચક છે, તે સ્થાપનાદિ અન્ય ઘટનો વાચક નથી, તેમ સ્વીકારે છે. તે રીતે ચારે નિક્ષેપાઓમાં જે જે નિક્ષેપાનો વાચક ઘટ શબ્દ છે, તે તે નિક્ષેપાનો વાચક ઘટ શબ્દ અન્ય નિક્ષેપાના ઘટ શબ્દનો બોધ કરાવતો નથી. જ્યારે ઋજુસૂત્રનય તો વર્તમાન સમયમાં રહેલા ચારે નિક્ષેપાના ઘટને 'ઘટ' શબ્દથી બોધ કરાવે છે. તેથી ઋજુસૂત્રનયથી સાંપ્રતનયનો ભેદ છે.

**(૬) સમભિરૂઢનય :-**

સાંપ્રતનયે વર્તમાનકાળવર્તી એવા જે નામ, સ્થાપનાદિ ઘટોનો પરસ્પર ભેદ કર્યો, તેમાં જ અધ્યવસાયોનો

અસંક્રમ=નામઘટ, નામકુંભ, નામકૂટનો પણ પરસ્પર ભેદ સ્વીકારે તે સમભિરૂઢનય છે. કોની જેમ પરસ્પર ભેદ સ્વીકારે છે ? તો કહે છે – વિતર્કધ્યાનની જેમ=એકત્વ-વિતર્ક-અવિચાર નામના શુક્લધ્યાનના બીજા ભેદની જેમ. સમભિરૂઢનય નામઘટ શબ્દથી નામકુંભ, નામકૂટ વગેરેનો ત્યાગ કરે છે.

આશય એ છે કે શુક્લધ્યાનનો પ્રથમ પાદ પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર છે, અને બીજો પાદ એકત્વ-વિતર્ક-અવિચાર છે. શુક્લધ્યાનના પ્રથમ પાદમાં અને બીજા પાદમાં સવિતર્કપણું છે, પરંતુ પ્રથમ પાદમાં સવિચારત્વનો અત્યાગ છે અને બીજા પાદમાં સવિચારત્વનો ત્યાગ છે. તેથી બીજા પાદમાં સવિચારત્વનો અસ્વીકાર છે, તેમ સમભિરૂઢનય નામઘટ શબ્દથી માત્ર નામઘટને જ સ્વીકારે છે, પરંતુ નામકુંભ કે નામકૂટ વગેરે અન્ય સર્વ વસ્તુનો અસ્વીકાર કરે છે.

સમભિરૂઢનય જેમ નામઘટ અને નામપટ વચ્ચે પરસ્પર ભેદ સ્વીકારે છે, તેમ નામઘટ, નામકુંભ, નામકૂટ વચ્ચે પરસ્પર ભેદ સ્વીકારે છે. તેથી નામઘટ શબ્દથી વાચ્ય જે પદાર્થ છે, તે જ પદાર્થ નામકુંભ કે નામકૂટ શબ્દથી વાચ્ય નથી, તેમ સ્વીકારે છે. જ્યારે સાંપ્રતનય નામઘટ શબ્દથી નામકુંભનો ત્યાગ કરતો નથી, પરંતુ નામઘટ શબ્દથી નામકુંભ, નામકૂટ આદિ સર્વને વાચ્યરૂપે સ્વીકારે છે. તેથી નામઘટથી વાચ્ય જે વસ્તુ છે તેનાથી અન્ય વસ્તુ નામકુંભથી વાચ્ય છે, તેમ સમભિરૂઢનય સ્વીકારે છે.

**(૭) એવંભૂતનય :-**

નૈગમ આદિ છ નયોથી પૂર્વમાં જે ઘટનું સ્વરૂપ બતાવ્યું, તે જ ઘટનો જે વ્યંજન=ઘટનો વાચક શબ્દ, અને અર્થ=ઘટપદથી વાચ્ય એવી ઘટનક્રિયાવિશિષ્ટ વસ્તુ, તે બંનેમાં અન્યોન્ય અપેક્ષાથી અર્થગ્રાહી એવો અધ્યવસાય એવંભૂતનય છે.

અહીં પ્રશ્ન થાય કે વ્યંજન અને અર્થની અન્યોન્ય અપેક્ષા શું છે ? તેથી ટીકાકાર કહે છે –

ઘટનક્રિયાવિશિષ્ટ વિષયક શાબ્દબોધ જનકત્વરૂપ વાચકત્વ જે પ્રમાણે ઘટપદમાં છે તે પ્રમાણે ઘટપદજન્ય ઘટનક્રિયા પ્રકારક શાબ્દબોધ વિષયત્વરૂપ વાચ્યત્વ ઘટરૂપ વસ્તુમાં છે, એ પ્રકારે અન્યોન્ય આશ્રિત વાચ્ય-વાચકભાવ સંબંધ જ અન્યોન્ય અપેક્ષા છે. ઘટનક્રિયા એટલે જલના આહારણની ક્રિયા અર્થાત્ જલ લાવવાની ક્રિયા.

આશય એ છે કે જે ઘટમાં ઘટનક્રિયા વર્તતી હોય એવા ઘટરૂપ વસ્તુનો ઘટપદ વાચક છે અને વાચ્ય એવી ઘટરૂપ વસ્તુ પણ ઘટનક્રિયાવાળી હોય ત્યારે જ ઘટપદથી વાચ્ય છે. અને ઘટરૂપ વસ્તુ ઘટનક્રિયાવાળી નથી, ત્યારે તે ઘટરૂપ વસ્તુ ઘટપદથી વાચ્ય નથી. આ રીતે પરસ્પર વાચ્ય-વાચકભાવનો જે સંબંધ છે, તે જ અન્યોન્ય અપેક્ષા છે અને તેવા અર્થને ગ્રહણ કરનાર અધ્યવસાય જ એવંભૂતનય છે. તેથી એ ફલિત થાય કે કુંભાર દ્વારા નિર્માણ થયેલો ઘટ પણ જ્યારે ઘટનક્રિયા ન કરતો હોય ત્યારે એવંભૂતનયથી ઘટપદથી વાચ્ય નથી અને કુંભાર દ્વારા નિર્માણ થયેલો ઘટ જ્યારે ઘટનક્રિયાવિશિષ્ટ છે ત્યારે ઘટપદથી વાચ્ય છે. આ રીતે એવંભૂતનય કહે છે.

ભાષ્ય :-

अत्राह-एवमिदानीमेकस्मिन्नर्थेऽध्यवसायनानात्वात् ननु विप्रतिपत्तिप्रसङ्ग इति, अत्रोच्यते, यथा सर्वमेकं सदविशेषात्, सर्वं द्वित्वं जीवाजीवात्मकत्वात्, सर्वं त्रित्वं द्रव्यगुणपर्यायावरोधात्, सर्वं चतुष्टत्वं चतुर्दर्शनविषयावरोधात्, सर्वं पञ्चत्वमस्तिकायावरोधात्, सर्वं षट्त्वं षड्द्रव्यावरोधादिति यथैता न विप्रतिपत्तयः अथ चाध्यवसायस्थानान्तराण्येतानि, तद्वन्नयवादा इति ।

ભાષ્યાર્થ :-

अत्र=આમાં=પૂર્વમાં ઘટરૂપ વસ્તુને આશ્રયીને નૈગમ આદિ સાત નયોનો જુદો જુદો અભિપ્રાય બતાવ્યો, એમાં आह=કોઈક શંકા કરે છે –

આ રીતે=ઘટરૂપ વસ્તુને ગ્રહણ કરીને જુદા જુદા નયોના જુદા જુદા અભિપ્રાયો બતાવ્યા એ રીતે, હમણાં=પૂર્વમાં કહેવાયેલા નયવાદના કાળની અપેક્ષાએ હમણાં, એક અર્થમાં=એક ઘટરૂપ વસ્તુમાં અધ્યવસાયનું નાનાપણું હોવાથી=અધ્યવસાયનું ભિન્નપણું હોવાથી ખરેખર વિપ્રતિપત્તિનો પ્રસંગ છે=વિરુદ્ધ બોધનો પ્રસંગ છે. 'इति' શબ્દ શંકાની સમાપ્તિમાં છે.

अत्र=આમાં=પૂર્વપક્ષીએ કરેલી શંકામાં ઉત્તર અપાય છે. જે પ્રમાણે સર્વ એક છે=જગતના સર્વ પદાર્થો એકરૂપ છે; કેમ કે સદ્‌નો અવિશેષ છે=સર્વ પદાર્થોમાં 'સત્' સમાન રીતે રહેલ છે. સર્વ બે રૂપ છે; કેમ કે જીવ-અજીવ સ્વરૂપપણું છે. સર્વ ત્રણરૂપ છે; કેમ કે દ્રવ્ય-ગુણ અને પર્યાયનો અવરોધ છે=સર્વ પદાર્થો દ્રવ્ય, ગુણ અને પર્યાયથી આક્રાન્ત છે. સર્વ ચારરૂપ છે; કેમ કે ચક્ષુ આદિ ચાર દર્શનના વિષયનો અવરોધ છે=ચક્ષુ આદિ ચાર દર્શનના વિષયરૂપ છે. સર્વ પાંચ રૂપ છે; કેમ કે પંચાસ્તિકાય આત્મિકપણું છે. સર્વ છ રૂપ છે; કેમ કે છ દ્રવ્યનો અવરોધ છે=છ દ્રવ્ય સ્વરૂપ છે. 'इति'=આ પ્રમાણે યથા=જે રીતે આ વિપ્રતિપત્તિઓ નથી=જગતને એક-બે આદિ રૂપ કહ્યું, એ પરસ્પર વિરોધી નથી અને અધ્યવસાયનાં સ્થાનાન્તરો છે, તેની જેમ નયવાદો છે. 'इति' શબ્દ ઉત્તરની સમાપ્તિમાં છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ભાષ્યકારે ઘટ દ્રવ્યને આશ્રયીને નૈગમ આદિ સાત નયોના જુદા જુદા અભિપ્રાયો બતાવ્યાં. ત્યાં આ રીતે એક જ વખતે એક જ અર્થમાં જુદા જુદા અધ્યવસાયો નયોથી થતા હોવાના કારણે કોઈક વિચારકને શંકા થાય કે આ બધા વચનો પરસ્પર વિપરીત કથન કરનારાં છે; કેમ કે ઘટરૂપ એક જ વસ્તુને આશ્રયીને દરેક નયો જુદું-જુદું કથન કરે છે, તેના જવાબરૂપે ભાષ્યકાર કહે છે –

એક જ ઘટરૂપ વસ્તુને આશ્રયીને નયનાં જુદાં જુદાં કથનો કેમ પરસ્પર વિરોધી નથી, તે દૃષ્ટાન્તથી બતાવે છે –

જેમ –

જગતમાં સર્વ વસ્તુને ગ્રહણ કરીને કોઈ પુરુષ કહે કે દરેક પદાર્થમાં સત્ અવિશેષથી છે. માટે સત્ સત્ રૂપે આખું જગત એકરૂપ છે.

વળી, કોઈ બીજો પુરુષ જગતના જીવ અને અજીવ બે પદાર્થને ગ્રહણ કરીને કહે કે આખું જગત જીવ અને અજીવ બે રૂપે છે.

વળી, કોઈ ત્રીજો પુરુષ જગતનાં તમામ દ્રવ્યોને સામે રાખીને દ્રવ્યથી પૃથક્ રૂપે ગુણ-પર્યાયની વિવક્ષા કરીને આ જગત દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપ છે માટે આખું જગત ત્રણ રૂપે છે, એમ કહે.

વળી, કોઈ ચોથો પુરુષ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન, આ પ્રકારનાં ચાર દર્શનનો વિષય જગતના તમામ પદાર્થો છે. માટે આખું જગત ચાર રૂપે છે, એમ કહે.

વળી, કોઈ પાંચમો પુરુષ જગતમાં વર્તતા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય એ પાંચને ગ્રહણ કરીને આખું જગત પંચાસ્તિકાયરૂપ છે માટે આખું જગત પાંચ રૂપે છે, એમ કહે.

વળી, કોઈ છઠ્ઠો પુરુષ ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્ય અને છઠ્ઠા કાલદ્રવ્યને ગ્રહણ કરીને છ દ્રવ્યને આશ્રયીને આખું જગત છ રૂપે છે, એમ કહે.

આ રીતે છએ પ્રકારના પુરુષોના વચનમાં પરસ્પર વિરોધ નથી, પરંતુ જુદાં જુદાં અધ્યવસાય સ્થાનોને આશ્રયીને જગતને એક સ્વરૂપ, બે સ્વરૂપ આદિથી છએ પુરુષો કહે છે. તેની જેમ જુદા જુદા નયો પોતપોતાના દૃષ્ટિકોણરૂપ અધ્યવસાયને સામે રાખીને ઘટરૂપ પદાર્થને ભિન્ન ભિન્ન રૂપે કહે છે. તેથી નયોનાં વચનોમાં પરસ્પર કોઈ વિરોધ નથી. વસ્તુતઃ સર્વ જગતને એક, બે આદિ રૂપે બતાવવાથી જગતના સ્વરૂપનો વિસ્તારથી બોધ થાય છે, તેમ ઘટરૂપ એક વસ્તુનો ભિન્ન ભિન્ન નયથી વિચાર કરવામાં આવે તો તે ઘટરૂપ વસ્તુનો અનેક દૃષ્ટિકોણોથી બોધ થાય છે.

**ભાષ્ય :-**

**किञ्चान्यत्, यथा मतिज्ञानादिभिः पञ्चभिर्ज्ञानैर्धर्मादीनामस्तिकायानामन्यतमोऽर्थः पृथक् पृथगुपलभ्यते पर्यायविशुद्धिविशेषादुत्कर्षेण, न च ता विप्रतिपत्तयः, तद्वन्नयवादाः, यथा वा प्रत्यक्षानुमानोपमानाप्तवचनैः प्रमाणैरेकोऽर्थः प्रमीयते स्वविषयनियमात् न च ता विप्रतिपत्तयो भवन्ति, तद्वन्नयवादा इति,**

**ભાષ્યાર્થ :-**

**વળી, અન્ય શું છે=નયોના ભિન્ન ભિન્ન અધ્યવસાયોમાં વિરોધ નથી, તે બતાવવા માટે અન્ય શું છે તે કહે છે. ઉત્કર્ષને કારણે પર્યાયની વિશુદ્ધિવિશેષથી જે પ્રમાણે મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાનો વડે ધર્માદિ અસ્તિકાયોનો અન્યતમ અર્થ પૃથગ્ પૃથગ્ પ્રાપ્ત થાય છે અને તે વિપ્રતિપત્તિઓ નથી=પાંચે**

**જ્ઞાનોથી થયેલા ધર્માસ્તિકાય આદિ અન્યતમના અર્થનો પૃથગ્ પૃથગ્ થયેલો બોધ પરસ્પર વિરોધી નથી. તેની જેમ નયવાદો છે અથવા જે રીતે પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આપ્તવચનરૂપ પ્રમાણથી એક અર્થ સ્વવિષયના નિયમથી નિર્ણય કરાય છે અને તે=પ્રત્યક્ષ આદિ પ્રમાણો દ્વારા નિર્ણય કરાયેલા અર્થો, વિપ્રતિપત્તિવાળા નથી=પરસ્પર વિરોધી નથી, તેની જેમ નયવાદો છે=તેની જેમ નયવાદોનાં કથનો પરસ્પર વિરોધી નથી. 'इति' શબ્દ પૂર્વમાં કરાયેલી શંકાનું 'किञ्च अन्यत्'થી અન્ય પ્રકારે સમાધાન કરવાનો પ્રારંભ કરેલ તેની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

નયવાદનાં કથનો પરસ્પર વિરોધી નથી તે પૂર્વમાં એક અનુભવસિદ્ધ દૃષ્ટાન્તથી બતાવ્યું. હવે અન્ય બે પ્રકારના અનુભવસિદ્ધ દૃષ્ટાન્તથી નયવાદનાં કથનો પરસ્પર વિરોધી નથી, તે ભાષ્યકાર 'किञ्च अन्यत्'થી બતાવે છે –

મતિ આદિ પાંચ જ્ઞાનો છે, તે પાંચે જ્ઞાનોથી ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યોમાંથી કોઈક અન્યતમ અર્થનો બોધ થાય, ત્યારે જે જે જ્ઞાનના પર્યાયની વિશુદ્ધિ અધિક છે, તે તે જ્ઞાનથી તે અર્થનો વિશેષ વિશેષતર બોધ થાય છે. આમ છતાં તે જ્ઞાનોથી થતા બોધમાં પરસ્પર વિરોધ નથી. તેથી પાંચે જ્ઞાનના વિષયભૂત એક જ પદાર્થનો પૃથક્ પૃથક્ બોધ પ્રાપ્ત થાય છે, તોપણ તે જ્ઞાનના વિષયભૂત પદાર્થના બોધમાં પરસ્પર વિરોધ નથી. પરંતુ જેમ અપકર્ષવાળા જ્ઞાનમાં સ્થૂલથી બોધ હતો, તેના કરતાં ઉત્કર્ષવાળા જ્ઞાનમાં સૂક્ષ્મબોધ હોય છે, તે રીતે પૂર્વપૂર્વના નયો એક જ ઘટવસ્તુ વિષયક સ્થૂલથી બોધ કરાવે છે અને ઉત્તર ઉત્તરના નયો તે અર્થવિષયક સૂક્ષ્મ સૂક્ષ્મ બોધ કરાવે છે. માટે નયવચનોના કથનમાં પરસ્પર વિરોધ નથી.

અહીં વિશેષ એ છે કે કેવલજ્ઞાનમાં સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયોનો બોધ છે, અવધિજ્ઞાનમાં અને મનઃપર્યાયજ્ઞાનમાં રૂપી દ્રવ્યને છોડીને, અરૂપી દ્રવ્યનો બોધ થતો નથી અને મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનથી સર્વ દ્રવ્યો અને કેટલાક પર્યાયોનો જ બોધ થાય છે, તોપણ જગતમાં ધર્માસ્તિકાય આદિ જે વસ્તુઓ છે, તેમાંથી કોઈ અન્યતમ એવો એક અર્થ જે પાંચે જ્ઞાનનો વિષય બનતો હોય તે અર્થવિષયક પણ પાંચે જ્ઞાનોથી થતો બોધ સમાન નથી. પરંતુ જે જ્ઞાનમાં વિશુદ્ધિ અધિક છે, તે જ્ઞાન તે પદાર્થના અધિક પર્યાયોનો બોધ કરાવે છે અને જે જ્ઞાનમાં વિશુદ્ધિ ઓછી છે, તે જ્ઞાન તે પદાર્થના અલ્પ પર્યાયોનો બોધ કરાવે છે, તોપણ તે પાંચે જ્ઞાનોથી થતા એક પદાર્થના બોધમાં પરસ્પર વિરોધ નથી. તેની જેમ સાતે નયોમાં પૂર્વપૂર્વના નય કરતાં ઉત્તર ઉત્તરના નયો સૂક્ષ્મતાને ગ્રહણ કરનાર હોવાથી નૈગમ આદિ નયોથી એક ઘટ પદાર્થનો સ્થૂલ-સૂક્ષ્મ આદિ કૃત જે બોધનો ભેદ છે, તેમાં પરસ્પર વિરોધ નથી.

વળી, દૃષ્ટાન્તથી નયવાદનાં વચનોમાં પરસ્પર વિરોધ નથી. તે ભાષ્યકાર બતાવે છે – પ્રમાણ ચાર છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આપ્તવચન. આ ચારે પ્રમાણથી જુદા જુદા પ્રમાણિક પુરુષો એક અર્થનો બોધ કરે, તે વખતે તે બોધના વિષયભૂત એક અર્થની ઉપસ્થિતિ ચારેને વિલક્ષણરૂપે થાય છે, તોપણ તે પ્રતીતિઓમાં પરસ્પર વિરોધ નથી.

જેમ –

કોઈક સ્થાનમાં રહેલ અગ્નિને કોઈક પુરુષે પ્રત્યક્ષથી જોયેલ હોય, તો વળી અન્ય કોઈ પુરુષે લિંગાદિ દ્વારા તેનું અનુમાન કરેલું હોય, તો વળી અન્ય કોઈ પુરુષે અન્યત્ર દેખાતા અગ્નિ દ્વારા ઉપમાન પ્રમાણથી તે સ્થાનમાં રહેલા અગ્નિનો બોધ કરેલ હોય, તો વળી અન્ય કોઈ પુરુષે તે જ અગ્નિનો કોઈ આપ્ત પુરુષનાં વચનથી બોધ કરેલ હોય, તો તે ચારે પુરુષના અગ્નિના બોધમાં વૈલક્ષણ્ય પ્રતીત થાય છે; કેમ કે અગ્નિનો બોધ જેવો પ્રત્યક્ષથી પ્રતીત થાય છે, તેવો અનુમાનથી બોધ થતો નથી અને જેવો અગ્નિનો બોધ પ્રત્યક્ષ અને અનુમાનથી થાય છે, તેવો ઉપમાનથી બોધ થતો નથી અને અગ્નિનો બોધ પ્રત્યક્ષ, અનુમાન કે ઉપમાનથી થાય છે તેવો બોધ આપ્ત પુરુષનાં વચનથી થતો નથી. તેથી ચાર પ્રકારના પ્રમાણના વિષયથી નિયત એવો જે ચારે પુરુષોને અગ્નિનો બોધ થાય છે, તે ચારે પુરુષોના અગ્નિના બોધમાં પરસ્પર વિરોધ નથી. પરંતુ એક જ અગ્નિવિષયક વિલક્ષણ ઉપસ્થિતિ છે.

તેમ –

નયોથી પણ એક પદાર્થની વિલક્ષણ ઉપસ્થિતિ થાય છે તોપણ તે બોધમાં પરસ્પર વિરોધ નથી. માટે નયવાદો પદાર્થના ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી યથાર્થ બોધ કરાવનારા છે, પરંતુ એક જ પદાર્થને પરસ્પર અસંબદ્ધ રીતે જોનારા નથી.

**ભાષ્ય :-**

**आह च –**

**नैगमशब्दार्थानामेकानेकार्थनयगमापेक्षः ।**
**देशसमग्रग्राही व्यवहारी नैगमो ज्ञेयः ।।१।।**

**यत् संगृहीतवचनं सामान्ये देशतोऽथ च विशेषे ।**
**तत्संग्रहनयनियतं ज्ञानं विद्यान्नयविधिज्ञः ।।२।।**

**समुदायव्यक्त्याकृतिसत्तासंज्ञादिनिश्चयापेक्षम् ।**
**लोकोपचारनियतं व्यवहारं विस्तृतं विद्यात् ।।३।।**

**साम्प्रतविषयग्राहकमृजुसूत्रनयं समासतो विद्यात् ।**
**विद्याद्यथार्थशब्दं विशेषितपदं तु शब्दनयम् ।।४।। इति ।।**

**ભાષ્યાર્થ :-**

**પૂર્વમાં ઘટનાં ઉદાહરણો દ્વારા બતાવાયેલાં નયલક્ષણો સંક્ષેપરુચિ જીવોના અનુગ્રહ માટે શ્લોકો દ્વારા કહેવાની ઈચ્છાવાળા ભાષ્યકાર 'आह च'થી પ્રારંભ કરે છે –**

**અને કહે છે=ભાષ્યકાર જ પોતાને શ્લોક રચના કરનાર એવા પર્યાય અન્તરથી નિર્દેશ કરીને કહે છે.**

**"नैगमशब्दार्थानाम्"માં રહેલ નિગમ=જનપદ, તેમાં થયેલા જે શબ્દો અને તેઓના અર્થો=અભિધેયો, તેઓનો એક=વિશેષ, અનેક=સામાન્ય, તે બે અર્થોનું નય=પ્રકટન, તે જ ગમ=અન્ય વ્યાવૃત્તિ પ્રકારક એવો ગમ, તેની અપેક્ષાવાળો દેશ સમગ્રગ્રાહી એવો વ્યવહાર કરનાર નૈગમનય જાણવો. ॥૧॥**

**સામાન્યમાં=સત્તારૂપ સામાન્યમાં, દેશમાં=સામાન્ય વિશેષરૂપ દેશમાં, અથવા વિશેષમાં=ઘટત્વાદિ વિશેષમાં, જે સંગૃહીત વચનવાળું=સામાન્ય વચનવાળું, તે જ્ઞાન સંગ્રહનય નિયત=સંગ્રહનયથી નિશ્ચિત, નયવિધિજ્ઞ જાણે. ॥૨॥**

**સમુદાય, વ્યક્તિ, આકૃતિ, સત્તા, સંજ્ઞા આદિના નિશ્ચયની અપેક્ષા રાખનાર, લોકોપચારથી નિયત, વિસ્તૃત, વ્યવહારનય જાણવો. ॥૩॥**

**સમાસથી સાંપ્રત વિષય ગ્રાહક ઋજુસૂત્રનય જાણવો. વળી, યથાર્થ શબ્દ, વિશેષિત પદ શબ્દનય જાણવો. ॥૪॥**

**'इति' શબ્દ નયના અનુસ્મરણ માટે રચાયેલા શ્લોકની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ઘટના ઉદાહરણથી નયનું લક્ષણ બતાવ્યું. હવે સંક્ષેપરુચિ જીવોના અનુગ્રહ માટે શ્લોકો દ્વારા નયના લક્ષણને બતાવવાની ઇચ્છાવાળા ભાષ્યકાર 'आह च'થી કહે છે –

સામાન્યથી 'आह च'નો શબ્દપ્રયોગ હોય ત્યાં "કોઈક અન્ય કહે છે" એવો અર્થ પ્રાપ્ત થાય છે, પરંતુ અહીં નૈગમ આદિ નયોનાં લક્ષણો જે શ્લોકોથી બતાવાય છે, તે સ્વયં ભાષ્યકારનાં જ છે. છતાં ભાષ્યકાર પોતાને શ્લોકરચના કરનાર પર્યાય અન્તરથી પોતાનો નિર્દેશ કરવા અર્થે 'आह च'થી કહે છે –

**(૧) નૈગમનય :-**

'નૈગમ' શબ્દનો અર્થ કરે છે. નિગમ એટલે જનપદ અને તેમાં=જનપદમાં જે શબ્દો અને શબ્દોના અર્થો થાય છે તેઓના એક, અનેક એવા અર્થો તેને નય=પ્રગટન કરે તે જ ગમ છે, તેની અપેક્ષાવાળો દેશસમગ્રગ્રાહી વ્યવહારી નૈગમનય જાણવો અર્થાત્ એક=વિશેષ, અનેક=સામાન્ય. તે બેનું નય=પ્રગટન, તે જ છે ગમ=અન્ય વ્યાવૃત્તિપ્રકારક જે ગમ, તેની અપેક્ષાવાળો એવો દેશસમગ્રગ્રાહી વ્યવહારી નૈગમનય જાણવો.

આનાથી એ ફલિત થાય કે વ્યવહારમાં જે ઘટપટાદિ શબ્દો બોલાય છે, તેઓના અભિધેય એવા જે અર્થો છે, તે અભિધેય અર્થોમાંથી એક, અનેક અર્થને ગ્રાહી=વિશેષ અને સામાન્ય અર્થને પ્રગટ કરનાર એવા બોધને જે સ્વીકારે છે, તે નૈગમનય છે અને આ નૈગમનય દેશ અને સમગ્રને ગ્રહણ કરીને વ્યવહાર કરનારો છે.

સંક્ષેપથી એ ફલિત થાય કે કોઈ ઘડો પડ્યો હોય તો લોકોમાં "આ ઘડો છે" એવો વ્યવહાર થાય છે, તેવા એક ઘટને પણ નૈગમનય ઘટ તરીકે સ્વીકારે છે, તે એકને=વિશેષને, ઘટ સ્વીકારે છે, તે દેશગ્રાહી

અંશ છે અને નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ ચારે પ્રકારના વર્તમાનના, ભૂતકાળના અને ભવિષ્યકાળના સર્વ ઘડાઓને 'આ ઘટ છે' એ પ્રકારનો સ્વીકાર નૈગમનય કરે છે. તે અનેકને=ઘણા ઘડાને=સામાન્યને, ઘટ શબ્દથી સ્વીકારે છે, તે સમગ્રગ્રાહી અંશ છે. **॥૧॥**

**(૨) સંગ્રહનય :-**

સંગ્રહનયનો અધ્યવસાય સંગ્રહ કરવાને અભિમુખ હોય છે. તેથી સામાન્યરૂપે અર્થાત્ સત્ સત્ રૂપે સર્વ પદાર્થોનો સંગ્રહ કરે છે અથવા સામાન્યવિશેષરૂપ દેશમાં ગોત્વાદિરૂપે સર્વ ગાયાદિનો સંગ્રહ કરે છે અથવા વિશેષરૂપે=ઘટત્વાદિરૂપે સર્વ ઘટાદિ પદાર્થોનો સંગ્રહ કરે છે. વળી, ઘટત્વ સર્વ ઘટોનો સંગ્રહ કરે છે, પટત્વ સર્વ પટોનો સંગ્રહ કરે છે. તે વિશેષથી સંગ્રહ છે. ભાષ્યમાં 'अथ च' શબ્દ "અથવા" અર્થમાં છે. **॥૨॥**

**(૩) વ્યવહારનય :-**

સમુદાય, વ્યક્તિ, આકૃતિ, સત્તા, સંજ્ઞા આદિના નિશ્ચયની અપેક્ષા રાખનાર, લોકોપચારથી નિયત, વિસ્તૃત, વ્યવહારનય જાણવો.

**સમુદાય :-** એટલે સંઘાત. જેમ પ્રાસાદના વ્યવહારવિષયક ઇંટ, લાકડું આદિનો સમુદાય.

**વ્યક્તિ :-** એટલે અવયવના સંયોગવિશેષથી જન્ય એવો અવયવી. જેમ ઘણા તંતુના સંયોગવિશેષથી જન્ય એવું વસ્ત્રરૂપ અવયવી.

**આકૃતિ :-** અવયવોનો આકાર. જેમ ઘટાદિ કે મનુષ્ય આદિની આકૃતિ.

**સત્તા :-** બધામાં રહેલ મહાસામાન્યરૂપ સત્તા.

**સંજ્ઞાદિ :-** નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ રૂપ સંજ્ઞાદિ.

અહીં વ્યવહારનયના લક્ષણમાં સંજ્ઞાદિ શબ્દ વાપરેલ છે. ત્યાં સંજ્ઞા શબ્દથી નામનિક્ષેપાનું ગ્રહણ છે અને આદિ પદથી ત્રણ નિક્ષેપાનો સંગ્રહ છે.

તે સર્વના નિશ્ચયને=તે સર્વના વિશેષોની જે અપેક્ષા રાખે તે વ્યવહારનય છે.

વળી, વ્યવહારનય લોકોપચાર નિયત છે=પર્વત બળે છે ઇત્યાદિ ઉપચારભાષાથી બનેલો વ્યવહારનય છે.

વળી, વિસ્તૃત છે=ઉપચરિત, અનુપચરિત અર્થના આશ્રયણથી વિસ્તારવાળો છે અર્થાત્ કેટલાક સ્થાને ઉપચારી વ્યવહાર પ્રવર્તે છે. જેમ ધર્મના કારણભૂત એવી ક્રિયાઓમાં ધર્મનો વ્યવહાર થાય છે. કેટલાક સ્થાને અનુપચરિત વ્યવહાર પ્રવર્તે છે. જેમ ઘટને જ વ્યવહારનય ઘટ કહે છે. તેથી વ્યવહારનય ઉપચરિત, અનુપચરિત અર્થના આશ્રયણથી વિસ્તારવાળો છે. **॥૩॥**

**(૪) ઋજુસૂત્રનય અને શબ્દનય :-**

સમાસથી=સંક્ષેપથી, સાંપ્રત=વર્તમાન એવો વિષય તેનો ગ્રાહક ઋજુસૂત્રનય જાણવો. વળી, યથાર્થ શબ્દ અને વિશેષિતપદને શબ્દનય જાણવો=યથાર્થ શબ્દથી શબ્દનયના અવાંતરભેદરૂપ એવંભૂતનયનું ગ્રહણ છે અને વિશેષિત પદ દ્વારા શબ્દનયના અવાંતરભેદરૂપ સાંપ્રતનય અને સમભિરૂઢનયનું ગ્રહણ છે.

યથાર્થ શબ્દને એવંભૂતનય કહ્યો. તેથી એ ફલિત થાય કે જે શબ્દ જે અર્થનો વાચક હોય તેવા ભાવવાળી વસ્તુ હોય ત્યારે તે વસ્તુને તે પદથી વાચ્ય કહે તે યથાર્થ શબ્દ વાચ્ય છે અને તે શબ્દનયનો અવાંતર ભેદરૂપ એવંભૂતનય છે.

વિશેષિતપદ વિશેષ જ્ઞાનના અર્થમાં છે અને તે વિશેષજ્ઞાન બે પ્રકારનું ગ્રહણ કરવું.

(i) એક પ્રકારનું વિશેષ જ્ઞાન સાંપ્રતનયનો વિષય છે. જેમાં ચારે નિક્ષેપાનો વાચક ઘટપદ ભિન્ન ભિન્ન અર્થોને કહે છે. તેથી નામઘટ કરતાં સ્થાપનાઘટ જુદો છે, સ્થાપનાઘટ કરતાં દ્રવ્યઘટ જુદો છે અને દ્રવ્યઘટ કરતાં ભાવઘટ જુદો છે. તેથી સાંપ્રતનય ઘટ શબ્દથી ઋજુસૂત્રનયની જેમ ચારેય નિક્ષેપાવાળા ઘટને ગ્રહણ કરતો નથી, પરંતુ ચારે ઘડાને પૃથક્ સ્વીકારે છે.

(ii) બીજા પ્રકારનું વિશેષ જ્ઞાન સમભિરૂઢનયનો વિષય છે. 'ઘટ' શબ્દથી વાચ્ય વસ્તુને 'કુંભ' શબ્દથી વાચ્ય ન સ્વીકારે તેવું વિશેષ જ્ઞાન સમભિરૂઢનયનો વિષય છે. તેથી શ્લોકના ઉત્તરાર્ધથી ત્રણ નયના ભેદવાળા એવા 'શબ્દનય' નું લક્ષણ પ્રાપ્ત થાય છે.

**ભાષ્ય :-**

**अत्राह-अथ जीवो नोजीवः अजीवो नोऽजीव इत्याकारिते केन नयेन कोऽर्थः प्रतीयत इति, अत्रोच्यते, जीव इत्याकारिते नैगमदेशसंग्रहव्यवहारर्जुसूत्रसाम्प्रतसमभिरूढैः पञ्चस्वपि गतिष्वन्यतमो जीव इति प्रतीयते, कस्मात् ?, एते हि नया जीवं प्रत्यौपशमिकादियुक्तभावग्राहिणः, नोजीव इत्यजीवद्रव्यं जीवस्य वा देशप्रदेशौ, अजीव इत्यजीवद्रव्यमेव, नोऽजीव इति जीव एव तस्य वा देशप्रदेशाविति। एवम्भूतनयेन तु जीव इत्याकारिते भवस्थो जीवः प्रतीयते, कस्मात्?, एष हि नयो जीवं प्रत्यौदयिकभावग्राहक एव, जीवतीति जीवः, प्राणिति प्राणान् धारयतीत्यर्थः, तच्च जीवनं सिद्धे न विद्यते, तस्माद् भवस्थ एव जीव इति, नोजीव इत्यजीवद्रव्यं सिद्धो वा, अजीव इत्यजीवद्रव्यमेव, नोऽजीव इति भवस्थ एव जीव इति, समग्रार्थग्राहित्वाच्चास्य नयस्य नानेन देशप्रदेशौ गृह्येते, एवं जीवौ जीवा इति द्वित्वबहुत्वाकारितेष्वपि, सर्वसंग्रहेण तु जीवो नोजीवः अजीवो नोऽजीवः जीवौ नोजीवौ अजीवौ नोऽजीवौ इत्येकद्वित्वाकारितेषु शून्यम्, कस्मात्?, एष हि नयः संख्यानन्त्याज्जीवानां बहुत्वमेवेच्छति यथार्थग्राही, शेषास्तु नया जात्यपेक्षमेकस्मिन् बहुवचनत्वं बहुषु च बहुवचनं सर्वाकारितग्राहिण इति, एवं सर्वभावेषु नयवादाधिगम कार्यः ।।**

**ભાષ્યાર્થ :-**

**अत्र=આમાં=ઘટાદિ અજીવ પદાર્થને ઉદ્દેશીને પૂર્વમાં નૈગમ આદિ નયો બતાવ્યા એમાં અન્ય કોઈ પ્રશ્ન કરે છે.**

**જીવ, નોજીવ, અજીવ, નોઅજીવ એ પ્રકારે ઉચ્ચારણ કરાયે છતે કયા નયથી કયો અર્થ પ્રતીત થાય છે ? 'इति' શબ્દ પ્રશ્નની સમાપ્તિમાં છે. આમાં=કોઈકે કરેલા પ્રશ્નમાં ઉત્તર અપાય છે.**

**'જીવ' એ પ્રકારે ઉચ્ચારણ કરાયે છતે નૈગમનો દેશ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, સાંપ્રત અને સમભિરૂઢ નયો વડે પાંચે પણ ગતિમાં રહેલો અન્યતમ જીવ છે, એ પ્રમાણે પ્રતીત થાય છે.**

**કેમ ?=આ બધા નયોથી પાંચે પણ ગતિમાં રહેલો જીવ 'જીવ' શબ્દથી કેમ પ્રતીત થાય છે ? એથી કહે છે – हि=જે કારણથી, આ નયો=નૈગમ આદિ છ નયો જીવને આશ્રયીને ઔપશમિક આદિથી યુક્ત ભાવને ગ્રહણ કરે છે.**

**નોજીવ એ પ્રકારનું ઉચ્ચારણ કરાયે છતે નૈગમ આદિ છ નયો વડે અજીવદ્રવ્ય અથવા જીવના દેશ અને પ્રદેશ પ્રતીત થાય છે.**

**અજીવ એ પ્રકારનું ઉચ્ચારણ કરાયે છતે નૈગમ આદિ છ નયો વડે અજીવ દ્રવ્ય જ પ્રતીત થાય છે.**

**નોઅજીવ એ પ્રકારનું ઉચ્ચારણ કરાયે છતે નૈગમ આદિ છ નયો વડે જીવ જ પ્રતીત થાય છે અથવા તેના=જીવના દેશ-પ્રદેશ પ્રતીત થાય છે. 'इति' શબ્દ નૈગમ આદિ છ નયો વડે જીવ, નોજીવ, અજીવ, નોઅજીવ પદથી વાચ્ય અર્થની સમાપ્તિ માટે છે.**

**વળી, એવંભૂતનયથી જીવ એ પ્રકારે ઉચ્ચારણ કરાયે છતે ભવસ્થ જીવ=સંસારમાં રહેલો જીવ પ્રતીત થાય છે. કેમ ?=એવંભૂતનયથી જીવ શબ્દથી સંસારમાં રહેલ જીવ કેમ પ્રતીત થાય છે ? એથી કહે છે – हि=જે કારણથી, આ નય=એવંભૂત નય જીવને આશ્રયીને ઔદયિકભાવનો ગ્રાહક જ છે.**

કેમ એવંભૂતનય ઔદયિકભાવનો જ ગ્રાહક છે ? તેથી 'જીવ' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે -

**જીવે છે એથી જીવ છે=પ્રાણ ધારણ કરે છે એથી જીવ છે અને તે જીવન=પ્રાણધારણરૂપ જીવન સિદ્ધમાં વિદ્યમાન નથી, તેથી એવંભૂતનયથી ભવસ્થ જ જીવ જીવપદથી વાચ્ય છે. 'इति' શબ્દ એવંભૂતનયના કથનની સમાપ્તિ માટે છે.**

એવંભૂતનયથી જીવ શબ્દથી વાચ્ય કોણ છે, તેની સ્પષ્ટતા કરી. હવે નોજીવ, અજીવ અને નોઅજીવ એ પ્રકારે ઉચ્ચાણ કરાયે છતે એવંભૂતનયથી કોની પ્રાપ્તિ થાય છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**નોજીવ એ પ્રકારે ઉચ્ચારણ કરાયે છતે એવંભૂતનયથી અજીવ દ્રવ્ય અથવા સિદ્ધનો જીવ પ્રતીત થાય છે.**

**અજીવ એ પ્રકારે ઉચ્ચારણ કરાયે છતે એવંભૂતનયથી અજીવ દ્રવ્ય જ પ્રતીત થાય છે.**

**નોઅજીવ એ પ્રકારે ઉચ્ચારણ કરાયે છતે એવંભૂતનયથી ભવસ્થ જીવ જ પ્રતીત થાય છે.**

**'इति' શબ્દ એવંભૂતનયથી નોજીવ, અજીવ અને નોજીવ પદથી કોણ વાચ્ય છે, તેની સ્પષ્ટતાની સમાપ્તિ અર્થે છે.**

અહીં પ્રશ્ન થાય કે નોજીવ શબ્દથી કે નોઅજીવ શબ્દથી એવંભૂતનયની દૃષ્ટિએ દેશ-પ્રદેશનું ગ્રહણ કેમ થતું નથી અર્થાત્ જેમ નૈગમ આદિ નય દેશ-પ્રદેશનું ગ્રહણ કરે છે તેમ એવંભૂતનય દેશ-પ્રદેશનું ગ્રહણ કેમ કરતો નથી ? તેથી કહે છે –

**અને આ નયનું=એવંભૂતનયનું સમગ્ર અર્થગ્રાહીપણું હોવાથી=પરિપૂર્ણ વસ્તુનું ગ્રાહીપણું હોવાથી આ નય દ્વારા=એવંભૂતનય દ્વારા દેશ-પ્રદેશ ગ્રહણ કરાતા નથી.**

પૂર્વમાં જીવ, નોજીવ, અજીવ, નોઅજીવ એ ચારને આશ્રયીને સાતે નયોનો અભિપ્રાય બતાવ્યો. હવે તે જીવ આદિ ચાર વિકલ્પોમાં જ બે સંખ્યા કે અધિક સંખ્યા ગ્રહણ કરીને કયા નયથી શું અર્થ પ્રાપ્ત થાય તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**આ રીતે=જે રીતે એક જીવને આશ્રયીને નૈગમ આદિ સાત નયોનો અભિપ્રાય બતાવ્યો એ રીતે, બે જીવો બહુ જીવો એ પ્રમાણે દ્વિત્વ કે બહુત્વ આકારિત વિકલ્પોમાં પણ=બે અથવા બહુ એ પ્રકારે ઉચ્ચારિત વિકલ્પોમાં પણ, જે પ્રમાણે એક જીવને આશ્રયીને નૈગમ આદિ નયોનો અભિપ્રાય છે, તે પ્રમાણે જ બે જીવોમાં કે બહુ જીવોમાં નૈગમ આદિ નયોનો અભિપ્રાય છે એમ સંબંધ છે.**

સંગ્રહનયના મતમાં શું વિશેષ છે, તે બતાવે છે –

**સર્વસંગ્રહમાં વળી જીવ, નોજીવ, અજીવ, નોઅજીવ, બે જીવો, બે નોજીવો, બે અજીવો, બે નોઅજીવો એ પ્રમાણે એક અને દ્વિત્વ આકારિતમાં=એકવચન અને દ્વિવચન અંતવાળા ઉચ્ચારણમાં શૂન્ય છે= સર્વ સંગ્રહનય એ ચાર વિકલ્પો સ્વીકારતો નથી.**

**કેમ સર્વસંગ્રહનય ચાર વિકલ્પો સ્વીકારતો નથી ? એથી કહે છે –**

**हि=જે કારણથી યથાર્થગ્રાહી એવો આ નય=સર્વસંગ્રહ નય, સંખ્યાના આનન્ત્યથી જીવોના બહુત્વને ઈચ્છે છે. વળી, શેષ નયો જાતિ અપેક્ષાએ એકમાં બહુવચનપણાની અને બહુમાં બહુવચનને ઈચ્છે છે; કેમ કે સર્વ આકારિત ગ્રાહી છે=એકવચન, દ્વિવચન અને બહુવચનરૂપ સર્વ ઉચ્ચારણોને ગ્રહણ કરનારા છે. 'इति' શબ્દ સર્વ નયોમાં જીવ, નોજીવ આદિના વિકલ્પોની સમાપ્તિ માટે છે.**

**એક ઠેકાણે બતાવાયેલા વિકલ્પો અન્યત્ર સુખેથી બતાવી શકાય છે. એથી અતિદેશને કરે છે. આ રીતે=પૂર્વમાં જેમ જીવ, નોજીવ, અજીવ, નોઅજીવને ગ્રહણ કરીને એકવચન, દ્વિવચન અને બહુવચનને આશ્રયીને સર્વ નયોના વિકલ્પો બતાવ્યા એ રીતે, સર્વ ભાવોમાં=ધર્માસ્તિકાય આદિ સર્વ ભાવોમાં, નયવાદથી અધિગમ કરવો જોઈએ=નૈગમ આદિ સર્વ નયોથી બોધ કરવો જોઈએ.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં નયોના સ્વરૂપને કહેનારા શ્લોકો બતાવ્યા અને 'ઘટ' દ્રવ્યને આશ્રયીને દરેક નયોનો જુદો જુદો અભિપ્રાય બતાવ્યો. ત્યાં વિચારકને જિજ્ઞાસા થાય કે જીવ, નોજીવ, અજીવ અને નોઅજીવ એ પ્રકારે શબ્દ બોલવામાં આવે તો નૈગમ આદિ સાત નયોમાંથી કયા નય દ્વારા કયા અર્થનો બોધ થાય છે, એ પ્રકારની

જિજ્ઞાસામાં ભાષ્યકાર જીવ એ પ્રમાણે શબ્દ ઉચ્ચારણ કરાય ત્યારે કયા અર્થની પ્રતીતિ થાય છે, તે સ્પષ્ટતા પ્રથમ કરે છે.

પાંચે ગતિઓમાંથી અર્થાત્ મનુષ્ય આદિ ચાર ગતિ અને સિદ્ધ અવસ્થા એ રૂપ પાંચે ગતિઓમાંથી કોઈપણ ગતિમાં રહેલો એવો એક જીવ 'જીવ' શબ્દથી દેશનૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, સાંપ્રતનય અને સમભિરૂઢનયને આશ્રયીને પ્રતીત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે નૈગમ આદિ છ નયોએ પાંચે ગતિમાંથી કોઈપણ ગતિમાં રહેલા એક જીવને 'જીવ' શબ્દથી કેમ ગ્રહણ કર્યો અર્થાત્ એવંભૂતનયની જેમ ચાર ગતિમાંથી કોઈપણ ગતિમાં રહેલા એક જીવને 'જીવ' શબ્દથી ગ્રહણ ન કરતાં પાંચ ગતિમાંથી કોઈપણ ગતિમાં રહેલા એક જીવને 'જીવ' શબ્દથી કેમ ગ્રહણ કર્યો ? એથી કહે છે –

નૈગમ આદિ છ નયો જીવને આશ્રયીને ઔપશમિક આદિ યુક્ત ભાવોને ગ્રહણ કરનારા છે અર્થાત્ ઔપશમિક આદિ પાંચ ભાવોમાંથી યથાયોગ્ય ભાવોથી યુક્ત જે હોય તેને 'જીવ' શબ્દથી ગ્રહણ કરે છે અને સંસારવર્તી જીવો ઔપશમિક આદિ ભાવોમાંથી કેટલાક ભાવોવાળા છે માટે જીવ છે અને સિદ્ધના જીવો ક્ષાયિકભાવવાળા છે માટે જીવ છે, એ પ્રકારે નૈગમ આદિ છ નયો માને છે. તેથી નૈગમ આદિ છ નયોથી પાંચે ગતિમાંથી કોઈપણ ગતિમાં રહેલો એક જીવ 'જીવ' શબ્દથી પ્રતીત થાય છે.

વળી, નોજીવ એ પ્રકારે શબ્દ ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે નૈગમ આદિ છ નયોથી 'અજીવ' દ્રવ્ય પ્રતીત થાય છે; કેમ કે 'નોજીવ' શબ્દમાં 'નો' શબ્દ સર્વ નિષેધવાચક ગ્રહણ કરીએ તો જીવનો અભાવ પ્રાપ્ત થાય, તેથી નોજીવ શબ્દથી અજીવ દ્રવ્ય વાચ્ય બને છે.

વળી, નોજીવ શબ્દમાં 'નો' શબ્દ દેશનિષેધવાચક સ્વીકારીએ તો જીવના એક દેશનો નિષેધ પ્રાપ્ત થાય. તેથી નોજીવ શબ્દથી જીવના દેશની અને જીવના પ્રદેશની પ્રાપ્તિ થાય અર્થાત્ અસંખ્યાત પ્રદેશાત્મક જીવનો એક પ્રદેશ કે જીવનો એક દેશ જીવ નથી, પરંતુ નોજીવ છે.

તેથી એ ફલિત થાય કે નોજીવ શબ્દનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે નૈગમ આદિ છ નયોથી અજીવ દ્રવ્યની પ્રતીતિ થાય છે અથવા જીવના દેશની અને જીવના પ્રદેશની પ્રતીતિ થાય છે.

વળી, અજીવ એ પ્રકારે શબ્દ ઉચ્ચારણ કરવામાં આવે તો નૈગમ આદિ છ નયોથી અજીવ દ્રવ્ય જ પ્રતીત થાય છે.

વળી, નોઅજીવ એ પ્રકારે શબ્દનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે 'નો' શબ્દ સર્વ નિષેધવાચી ગ્રહણ કરવામાં આવે તો નૈગમ આદિ છ નયોથી નોઅજીવ શબ્દ દ્વારા જીવની જ પ્રતીતિ થાય છે.

વળી, નોઅજીવમાં 'નો' શબ્દ દેશનિષેધવાચી ગ્રહણ કરવામાં આવે ત્યારે નોઅજીવ શબ્દથી જીવના દેશ અને જીવના પ્રદેશની જ પ્રતીતિ થાય છે; કેમ કે અજીવ શબ્દથી જીવનો અભાવ પ્રાપ્ત થાય અને 'નો' શબ્દથી દેશનિષેધ પ્રાપ્ત થાય. તેથી જીવના અભાવનો દેશનિષેધ એટલે જીવના દેશ અને પ્રદેશ પ્રાપ્ત થાય. પરંતુ અજીવના દેશ-પ્રદેશ પ્રાપ્ત થાય નહિ; કેમ કે અજીવના દેશ પણ અજીવ જ છે અને

અજીવના પ્રદેશ પણ અજીવ જ છે. જ્યારે જીવનો દેશ અને જીવનો પ્રદેશ અજીવ નથી અને જીવ પણ નથી, પરંતુ નોઅજીવ છે.

તેથી નોજીવ અને નોઅજીવ એ બન્ને વિકલ્પોમાં 'નો' શબ્દ દેશનિષેધવાચી ગ્રહણ કરવામાં આવે ત્યારે બન્ને વિકલ્પોમાં જીવના દેશની અને જીવના પ્રદેશની પ્રાપ્તિ થાય છે.

**જીવ :-**

વળી, એવંભૂતનયથી 'જીવ' શબ્દ ઉચ્ચારણ કરવામાં આવે તો સંસારવર્તી જીવ પ્રતીત થાય છે. પરંતુ સિદ્ધના જીવની પ્રતીતિ થતી નથી. તેથી ચાર ગતિમાંથી કોઈપણ ગતિમાં રહેલો એક જીવ એવંભૂતનયથી 'જીવ' શબ્દથી પ્રતીત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે એવંભૂતનય સિદ્ધના જીવને 'જીવ' શબ્દથી કેમ સ્વીકારતો નથી ? તેથી ભાષ્યકાર કહે છે કે એવંભૂતનય ઔદયિકભાવને ગ્રહણ કરનાર છે. તેથી સિદ્ધના જીવને 'જીવ' શબ્દથી વાચ્ય સ્વીકારતો નથી.

એવંભૂતનય કયા પ્રકારના ઔદયિકભાવને સ્વીકારે છે, તે સ્પષ્ટ કરતા કહે છે કે 'જીવ' શબ્દની વ્યુત્પત્તિ છે કે "જે જીવે છે તે જીવ છે"=જે પ્રાણોને ધારણ કરે છે તે જીવ છે. સંસારવર્તી જીવો દશ પ્રકારના પ્રાણોમાંથી યથાયોગ્ય પ્રાણોને ધારણ કરનારા છે માટે જીવ છે અને સિદ્ધના જીવો પ્રાણને ધારણ કરનારા નથી માટે જીવ નથી, એમ એવંભૂતનય કહે છે.

**નોજીવ :-**

વળી, નોજીવ એ પ્રકારે શબ્દ ઉચ્ચારણ કરવામાં આવે તો એવંભૂતનયથી અજીવ દ્રવ્ય પ્રતીત થાય છે અથવા સિદ્ધનો આત્મા પ્રતીત થાય છે; કેમ કે દશ પ્રકારના પ્રાણોમાંથી કોઈપણ પ્રાણ અજીવ દ્રવ્ય ધારણ કરતો નથી અને સિદ્ધનો આત્મા પણ કોઈપણ પ્રાણ ધારણ કરતો નથી.

વળી, એવંભૂતનય સર્વ નિષેધને સ્વીકારનાર છે, પરંતુ દેશનિષેધને સ્વીકારનાર નથી, તેથી 'નો' શબ્દથી જેમાં પ્રાણો સર્વથા ન હોય તેવા અજીવ દ્રવ્યને કે સિદ્ધના આત્માને નોજીવ કહે છે. પરંતુ જીવના દેશ-પ્રદેશને નોજીવ શબ્દથી વાચ્ય સ્વીકારતો નથી.

**અજીવ :-**

વળી, અજીવ એ પ્રકારે શબ્દ ઉચ્ચારણ કરવામાં આવે તો એવંભૂતનયથી અજીવ દ્રવ્યની જ પ્રતીતિ થાય છે અર્થાત્ પરમાણુ આદિ અજીવ દ્રવ્યની જ પ્રતીતિ થાય છે, એમ ભાષ્યમાં કહેલ છે. ત્યાં ઉપલક્ષણથી ધર્માસ્તિકાય આદિ અજીવ દ્રવ્યોનું ગ્રહણ તો છે, પણ સિદ્ધના આત્માનું પણ ગ્રહણ છે.

**નોઅજીવ :-**

વળી, નોઅજીવ એ પ્રમાણે શબ્દ ઉચ્ચારણ કરાયે છતે એવંભૂતનયથી ચાર ગતિમાંથી કોઈપણ ગતિમાં

રહેલો જીવ જ પ્રતીત થાય છે; કેમ કે એવંભૂતનય સમગ્ર અર્થને જ ગ્રહણ કરનાર છે, એથી નોઅજીવ શબ્દ ઉચ્ચારણ કરાય ત્યારે દેશ-પ્રદેશને આશ્રયીને વિકલ્પો પ્રતીત થતા નથી.

આ રીતે એકવચનને આશ્રયીને જીવ, નોજીવ, અજીવ, નોઅજીવ એ પ્રકારના ઉચ્ચારણમાં સાતે નયોથી શેની પ્રતીતિ થાય છે, તેની સ્પષ્ટતા ભાષ્યકારે કરી.

હવે દ્વિવચન અને બહુવચનને આશ્રયીને જીવ, નોજીવ, અજીવ, નોઅજીવની વિચારણા કરવામાં આવે તો સાતે નયોથી શેની પ્રતીતિ થાય છે, તે ભાષ્યકાર બતાવે છે.

પૂર્વમાં એક જીવને અને નોજીવને આશ્રયીને, એક અજીવને અને નોઅજીવને આશ્રયીને જે વિકલ્પો બતાવ્યા, તે રીતે જ દ્વિવચન અને બહુવચનનું ઉચ્ચારણ કરાયે છતે પણ પ્રતીતિ થાય છે. ફક્ત દ્વિવચનમાં બે જીવો આદિની અને બહુવચનમાં બહુ જીવો આદિની પ્રતીતિ થાય છે.

વળી, સર્વ પદાર્થોનો સંગ્રહ કરે એવી સર્વસંગ્રહનયદૃષ્ટિને આશ્રયીને વિચારણા કરવામાં આવે ત્યારે જીવ, નોજીવ, અજીવ, નોઅજીવ, એ પ્રમાણે એકવચનનાં ચાર વિકલ્પો અને બે જીવો, બે નોજીવો, બે અજીવો અને બે નોઅજીવો એ પ્રમાણે દ્વિવચનના ચાર વિકલ્પો થતા નથી; કેમ કે જીવોની સંખ્યાના આનન્ત્યને કારણે સર્વસંગ્રહ કરનારો નય બહુત્વને જ સ્વીકારે છે, એકત્વને કે દ્વિત્વને સ્વીકારતો નથી.

વળી, સર્વસંગ્રહનય યથાર્થગ્રાહી છે=સર્વસંગ્રહરૂપ જે પ્રમાણે સર્વસંગ્રહનયનો અર્થ છે તે પ્રમાણેના જ અર્થને ગ્રહણ કરનાર છે, તેથી બહુ જીવોને બહુરૂપે જ ગ્રહણ કરે છે. માટે સર્વસંગ્રહનયથી જીવો, નોજીવો, અજીવો અને નોઅજીવો એ પ્રકારના ચાર અભિલાપો થાય છે.

વળી, સર્વસંગ્રહનય સિવાયના નૈગમ આદિ છએ નયો જાતિ અપેક્ષાએ એકવચનના પ્રયોગમાં બહુવચનને સ્વીકારે છે અને બહુવચનના પ્રયોગમાં પણ બહુવચનને સ્વીકારે છે. તેથી સર્વ વિકલ્પોને ગ્રહણ કરનારા છે.

આશય એ છે કે જીવ, નોજીવ, અજીવ, નોઅજીવ એ પ્રકારના એકવચનને આશ્રયીને સર્વસંગ્રહનયને છોડીને નૈગમ આદિ નયોથી વિચારણા કરવામાં આવે ત્યારે જાતિ અપેક્ષાએ ગ્રહણ કરીએ તો "જીવ" એ શબ્દના ઉચ્ચારણથી એકવચનના પ્રયોગમાં સર્વ જીવોમાં રહેલી જીવત્વ જાતિની પ્રાપ્તિ થાય છે. તેથી 'જીવ' શબ્દથી બહુ જીવોની પ્રતીતિ થાય છે અને જાતિ અપેક્ષાએ વિચારણા ન કરીએ તો જીવ શબ્દથી એક જ જીવની પ્રતીતિ થાય છે. તેથી એકવચનના પ્રયોગમાં પણ એક જીવની પ્રતીતિ થાય છે અને જાતિ અપેક્ષાએ બહુ જીવોની પ્રતીતિ થાય છે અને દ્વિવચનના પ્રયોગમાં જાતિ અપેક્ષાએ ગ્રહણ થઈ શકે નહિ. તેથી બે જીવોની પ્રતીતિ થાય છે અને બહુવચનના પ્રયોગમાં પણ જાતિ અપેક્ષાએ ગ્રહણ થઈ શકે નહિ, પરંતુ બહુવચનનો પ્રયોગ હોવાથી ઘણા જીવોની પ્રતીતિ થાય છે.

આ રીતે જીવ, નોજીવ, અજીવ, નોઅજીવને આશ્રયીને એકવચન, દ્વિવચન અને બહુવચનને ગ્રહણ કરીને સાતે નયોથી શું પ્રતીતિ થાય છે, તેની સ્પષ્ટતા કરી એ રીતે ધર્માસ્તિકાયાદિમાં નયવાદ દ્વારા તત્ત્વના અર્થી પુરુષે બોધ કરવો જોઈએ.

**ઉત્થાન :-**

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે પ્રમેય એવા ઘટમાં અને પ્રમેય એવા જીવ, નોજીવ આદિ પદાર્થોમાં નય-વિચાર ભાષ્યકારે બતાવ્યો. હવે 'પ્રમાણ'માં નયવિચારને કરવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે –

**ભાષ્ય :-**

**अत्राह-अथ पञ्चानां ज्ञानानां सविपर्ययाणां कानि को नयः श्रयते इति ?, अत्रोच्यते, नैगमादयस्त्रयः सर्वाण्यष्टौ श्रयन्ते, ऋजुसूत्रनयो मतिज्ञानमत्यज्ञानवर्जानि षट्, अत्राह-कस्मान् मतिं सविपर्ययां न श्रयत इति ? अत्रोच्यते – श्रुतस्य सविपर्ययस्योपग्रहत्वात् । शब्दनयस्तु द्वे एव श्रुतज्ञानकेवलज्ञाने श्रयते, अत्राह - कस्मान्नेतराणि श्रयत इति ? अत्रोच्यते – मत्यवधिमनःपर्यायाणां श्रुतस्यैवोपग्राहकत्वात्, चेतनाज्ञस्वाभाव्याच्च सर्वजीवानां नास्य कश्चिन्मिथ्यादृष्टिरज्ञो वा जीवो विद्यते, तस्मादपि विपर्ययान्न श्रयत इति । अतश्च प्रत्यक्षानुमानोपमानाप्तवचनानामपि प्रामाण्यमभ्यनुज्ञायत इति ।**

**ભાષ્યાર્થ :-**

**अत्र=આમાં=પ્રમેયના વિષયમાં, સાતે નયોનું નિરૂપણ કર્યું એમાં, आह=જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે.**

**સવિપર્યયવાળા=અજ્ઞાન સહિત એવાં પાંચે જ્ઞાનોના મધ્યમાં કયા જ્ઞાનોને અથવા અજ્ઞાનોને, કયો નય=નૈગમ આદિ નયોમાંથી કયો નય, આશ્રય કરે છે. 'इति' શબ્દ પ્રશ્નની સમાપ્તિ માટે છે.**

**अत्र=આમાં=જિજ્ઞાસુએ કરેલા પ્રશ્નમાં, સૂરિ કહે છે – નૈગમ આદિ ત્રણ નયો=નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનય સર્વને=આઠેયને=પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ આઠેયને આશ્રય કરે છે=સ્વીકારે છે.**

**ઋજુસૂત્રનય મતિજ્ઞાન અને મતિઅજ્ઞાનને છોડીને છને સ્વીકારે છે=શ્રુતજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવધિજ્ઞાન, વિભંગજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવલજ્ઞાનરૂપ છને સ્વીકારે છે. આમાં=પૂર્વમાં કહ્યું કે ઋજુસૂત્રનય, મતિજ્ઞાન અને મતિઅજ્ઞાનને સ્વીકારતું નથી એમાં, જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે – કેમ વિપર્યયસહિત મતિને આશ્રય કરતો નથી=ઋજુસૂત્રનય આશ્રય કરતો નથી. 'इति' શબ્દ પ્રશ્નની સમાપ્તિ માટે છે.**

**આમાં=જિજ્ઞાસુએ કરેલા પ્રશ્નમાં સૂરિ કહે છે – સવિપર્યય એવા શ્રુતનું ઉપગ્રહપણું હોવાથી=વિપર્યય સહિત એવા શ્રુત ઉપર વિપર્યય સહિત મતિજ્ઞાન જીવનાર હોવાથી શ્રુતથી પૃથક્ મતિજ્ઞાનનો ઋજુસૂત્રનય અસ્વીકાર કરે છે, એમ સંબંધ છે.**

**વળી, શબ્દનય શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન બે જ જ્ઞાનને સ્વીકારે છે. આમાં=પૂર્વમાં કહ્યું કે શબ્દનય શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન બે જ સ્વીકારે છે એમાં જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે, કેમ ઈતરને=શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનથી ઈતરને=છ જ્ઞાનને આશ્રય કરતો નથી=શબ્દનય સ્વીકારતો નથી. 'इति' શબ્દ જિજ્ઞાસુના પ્રશ્નની સમાપ્તિમાં છે.**

**આમાં=જિજ્ઞાસુએ કરેલા પ્રશ્નના જવાબમાં સૂરિ કહે છે - મતિ, અવધિ અને મનઃપર્યાયોને=મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાનોને શ્રુતનું જ ઉપગ્રાહકપણું છે=મતિ આદિ ત્રણે જ્ઞાનોથી નિર્ણીત થયેલો પદાર્થ બીજાને બોધ કરાવવા માટે શ્રુતનું જ મુખ મતિ, અવધિ અને મનઃપર્યાયજ્ઞાન જોનારા છે. તેથી શ્રુતજ્ઞાનથી પૃથક્ મતિ આદિ ત્રણે જ્ઞાનોને શબ્દનય સ્વીકારતો નથી.**

**વળી, શબ્દનય મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનને કેમ સ્વીકારતો નથી, તે બતાવવા અર્થે કહે છે –**

**અને સર્વ જીવોનું ચેતના જ્ઞ સ્વભાવપણું હોવાથી=ચેતના અર્થાત્ સામાન્ય બોધ, જ્ઞ અર્થાત્ વિશેષ બોધ તે બેનું સ્વભાવપણું હોવાથી, આના મતે=શબ્દનયના મતે, કોઈ મિથ્યાદૃષ્ટિ કે અજ્ઞ જીવ વિદ્યમાન નથી. તે કારણથી પણ વિપર્યયને=મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનને આશ્રય કરતો નથી=શબ્દનય આશ્રય કરતો નથી. 'इति' શબ્દ પ્રમાણમાં=પાંચે જ્ઞાનો અને ત્રણ અજ્ઞાનોમાં નયવિચારણાની સમાપ્તિમાં છે.**

જે કારણથી આ નય=શબ્દનય વિપર્યયને સહન કરતો નથી=મિથ્યાજ્ઞાનને સહન કરતો નથી અને જે કારણથી છદ્મસ્થનાં બધા જ્ઞાનોને શ્રુતમાં અંતર્ભાવ કરે છે. આથી "प्रत्यक्षमन्यत्" એ પ્રકારના સૂત્ર-૧-૧૨ના ભાષ્યમાં પ્રતિજ્ઞા કરાયેલ કે નયવાદાન્તરથી વળી જે પ્રમાણે મતિ-શ્રુતમાં વિકલ્પોથી થનારા અનુમાન આદિ છ પ્રમાણો છે, તે પ્રમાણે આગળમાં કહીશું, એ પ્રકારનું કથન ઉપપન્ન થાય છે. એથી કરીને ભાષ્યકાર 'अतः'થી કહે છે –

**અને આથી પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આપ્તવચનોનું પણ પ્રામાણ્ય સ્વીકારાય છે. 'इति' શબ્દ પ્રમાણના વિષયમાં નયોના યોજનના કથનની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

કોઈક જિજ્ઞાસુ સૂરિને પૃચ્છા કરે છે કે પાંચ જ્ઞાનો અને ત્રણ અજ્ઞાનોરૂપ આઠ પ્રમાણો છે. તેમાંથી કયા જ્ઞાનોને અને કયા અજ્ઞાનોને નૈગમ આદિ નયોમાંથી કયો નય કોને સ્વીકારે છે, તેના ઉત્તરરૂપે સૂરિ કહે છે –

નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનય પાંચે જ્ઞાનોને અને ત્રણે અજ્ઞાનોને સ્વીકારે છે અર્થાત્ પાંચે જ્ઞાનોમાંથી કોઈ જ્ઞાનોનો કોઈમાં અંતર્ભાવ કરીને પાંચ જ્ઞાનો કરતાં ન્યૂન જ્ઞાન સ્વીકારતા નથી અને ત્રણ અજ્ઞાનોમાંથી કોઈ અજ્ઞાનોનો કોઈમાં અંતર્ભાવ કરીને ત્રણ અજ્ઞાનો કરતાં ન્યૂન અજ્ઞાન સ્વીકારતા નથી. તેથી પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એમ કુલ આઠના વિષયમાં નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનયની સમાન માન્યતા છે.

વળી, ઋજુસૂત્રનય પાંચ જ્ઞાનમાંથી મતિજ્ઞાનનો શ્રુતજ્ઞાનમાં અંતર્ભાવ કરે છે અને મતિઅજ્ઞાનનો શ્રુતઅજ્ઞાનમાં અંતર્ભાવ કરે છે. તેથી શ્રુત આદિ ચાર જ્ઞાનો અને શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ કુલ છને ઋજુસૂત્રનય સ્વીકારે છે.

અહીં જિજ્ઞાસા થાય કે ઋજુસૂત્રનય મતિજ્ઞાનને અને મતિઅજ્ઞાનને કેમ સ્વીકારતો નથી. તેથી ભાષ્યકાર કહે છે –

પ્રવૃત્તિરૂપ વ્યવહાર કરતી વખતે મતિજ્ઞાન શ્રુત ઉપર જીવનાર છે અર્થાત્ શ્રુતનું મુખ નિરીક્ષણ કરીને=ભાવશ્રુતનું મુખ નિરીક્ષણ કરીને, મતિજ્ઞાન પ્રવર્તે છે. તેથી શ્રુતજ્ઞાનથી પૃથક્ મતિજ્ઞાનને ઋજુસૂત્રનય સ્વીકારતો નથી. આશય એ છે કે ઘટાદિ પદાર્થોને જોઈને "આ ઘટ છે, આ પટ છે" ઇત્યાદિ જે મતિ થાય છે તે મતિજ્ઞાન શ્રુત નિશ્રિત છે; કેમ કે પૂર્વમાં કોઈક પુરુષ દ્વારા ઘટને બતાવીને આ વસ્તુ ઘટ પદથી વાચ્ય છે અને પટને બતાવીને આ વસ્તુ પટ પદથી વાચ્ય છે, તેવો શાબ્દબોધ કરાવાયો હતો. જે શાબ્દબોધ શ્રુતજ્ઞાનરૂપ હતો અને તે શાબ્દબોધ પુનઃ પુનઃ અભ્યાસના કારણે સ્થિર થાય છે ત્યારે આ વસ્તુ ઘટપદથી વાચ્ય છે, તે પ્રકારના પ્રતિસંધાન વગર ઘટને જોઈને આ ઘટ છે, તેવી બુદ્ધિ થાય છે તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન છે. તેથી આ ઘટ છે, આ પટ છે ઇત્યાદિ વ્યવહારકાળમાં જે મતિજ્ઞાન થાય છે, તે શ્રુતજ્ઞાનના મુખને જોનાર હોવાથી શ્રુતમાં અંતર્ભાવ કરાય છે. તેથી ઋજુસૂત્રનય શ્રુતજ્ઞાનથી પૃથક્ મતિજ્ઞાન સ્વીકારતો નથી, તેથી જે જીવોને સમ્યક્ત્વ છે તેઓના શ્રુતજ્ઞાનમાં મતિજ્ઞાનનો અંતર્ભાવ કરે છે અને જે જીવોને મિથ્યાત્વ છે, તેઓમાં શ્રુતઅજ્ઞાન છે. તેઓના મતિઅજ્ઞાનને ઋજુસૂત્રનય શ્રુતઅજ્ઞાનમાં અંતર્ભાવ કરે છે, તેથી ઋજુસૂત્રનય મતિજ્ઞાન અને મતિઅજ્ઞાનને છોડીને છને સ્વીકારે છે.

અહીં જિજ્ઞાસા થાય કે ઋજુસૂત્રનયની શું દૃષ્ટિ છે કે જેના કારણે તે મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનમાં અંતર્ભાવ કરે છે ? તે સ્પષ્ટ કરવા માટે ટીકાકાર કહે છે –

વળી, ઇન્દ્રિયથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે ગ્રહણમાત્રથી પ્રવર્તમાન જ્ઞાન વસ્તુનો નિશ્ચય કરવા માટે સમર્થ નથી. જ્યારે ઇન્દ્રિયથી ગ્રહણ કરાયેલ જ્ઞાન શ્રુતજ્ઞાન દ્વારા અર્થનું આલોચન કરે છે અર્થાત્ આ કઈ વસ્તુ છે, તેનો નિર્ણય કરવા માટે વિચારણા કરે છે ત્યારે યથાવત્ નિશ્ચય થાય છે અર્થાત્ આ વસ્તુ ઘટ છે એ પ્રકારે નિર્ણય થાય છે. તેથી શ્રુતજ્ઞાનથી યથાર્થ નિર્ણય થતો હોવાને કારણે શ્રુતજ્ઞાનને સ્વીકારવું જોઈએ, મતિજ્ઞાનને સ્વીકારવાની જરૂર નથી, એ પ્રકારનો ઋજુસૂત્રનયનો આશય છે.

વળી, શબ્દનય ભાવાર્થનું='જ્ઞાન અન્યને બોધ કરાવવા માટે ઉપયોગી છે' એ પ્રકારના ભાવાર્થનું, અવલંબન કરનાર છે. તેથી શબ્દનય બે જ જ્ઞાન સ્વીકારે છે=શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન બે જ જ્ઞાનને સ્વીકારે છે. પરંતુ મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનને સ્વીકારતો નથી.

અહીં પ્રશ્ન થાય કે શબ્દનય શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન સિવાય બીજા ત્રણ જ્ઞાનને કેમ સ્વીકારતું નથી ? તેથી સૂરિ કહે છે –

મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન શ્રુતજ્ઞાનનાં જ ઉપગ્રાહક છે અર્થાત્ મતિજ્ઞાનથી, અવધિજ્ઞાનથી કે મનઃપર્યાયજ્ઞાનથી થયેલો બોધ બીજાને જણાવવો હોય ત્યારે શ્રુતનું જ=દ્રવ્યશ્રુતનું જ મુખ જોનારા મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન છે. અર્થાત્ દ્રવ્યશ્રુતને અવલંબીને જ મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન બીજાને બોધ કરાવી શકે છે, પરંતુ દ્રવ્યશ્રુતના આલંબન વગર બીજાને બોધ કરાવી શકતા નથી. તેથી શબ્દનય મતિજ્ઞાનનો, અવધિજ્ઞાનનો અને મનઃપર્યાયજ્ઞાનનો શ્રુતમાં અંતર્ભાવ કરે છે.

જોકે મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનની જેમ કેવળજ્ઞાન પણ મૂક છે, તેથી બીજાને બોધ કરાવવા અર્થે શ્રુતજ્ઞાનનું જ મુખ જોનાર છે. તેથી જેમ શબ્દનયે મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનો શ્રુતજ્ઞાનમાં અંતર્ભાવ કર્યો, તેમ કેવળજ્ઞાનનો પણ શ્રુતજ્ઞાનમાં અંતર્ભાવ કરવો જોઈએ. છતાં શ્રુતજ્ઞાન કરતાં કેવળજ્ઞાનને શબ્દનય પૃથક્ કેમ સ્વીકારે છે. તેથી ટીકાકાર સ્પષ્ટ કરે છે -

જેમ કેવળજ્ઞાન સર્વ અર્થનો બોધ કરાવે છે, તેમ શ્રુતજ્ઞાન સર્વ અર્થનો બોધ કરાવતું નથી. તેથી કેવળજ્ઞાન પ્રધાન છે માટે શબ્દનય તેનો પણ આશ્રય કરે છે. તેથી શબ્દનય શ્રુતજ્ઞાન કરતાં કેવળજ્ઞાનને પૃથક્ સ્વીકારે છે. માટે શબ્દનય શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન બેને સ્વીકારે છે.

અહીં પ્રશ્ન થાય કે શબ્દનય શ્રુતજ્ઞાનને સ્વીકારે છે, તેની જેમ શ્રુતઅજ્ઞાનને પણ સ્વીકારવું જોઈએ. આમ છતાં શબ્દનય શ્રુતઅજ્ઞાનને કેમ સ્વીકારતો નથી ? એથી ભાષ્યકાર કહે છે –

સર્વ જીવોનું 'ચેતના' સ્વભાવપણું અને 'જ્ઞ' સ્વભાવપણું છે અર્થાત્ સર્વ જીવોનો સામાન્ય બોધ કરવાનો અને વિશેષ બોધ કરવાનો સ્વભાવ છે. તેથી પૃથ્વીકાય આદિ સર્વ જીવોને સામાન્ય બોધ અને વિશેષ બોધ હોય છે અને શબ્દનયના મતે કોઈ જીવ મિથ્યાદૃષ્ટિ નથી; કેમ કે અયથાર્થ બોધ કરવો તે મિથ્યાદૃષ્ટિપણું છે અને પૃથ્વીકાય આદિ જીવો પણ જે કાંઈ સ્પર્શાદિ અંશનો બોધ કરે છે, તે યથાર્થ બોધ કરે છે; કેમ કે જ્ઞાન જ્ઞેયનું સંવેદન કરાવનાર છે. તેથી પૃથ્વીકાય આદિ જીવોના શરીરથી જે કાંઈ ગ્રહણ થાય છે, તે ગ્રહણ થતી વસ્તુના જે સ્પર્શાદિ ભાવો છે તે ભાવોનું તે રીતે જ પૃથ્વીકાય આદિ જીવો વેદન કરે છે. તેથી તેઓનું જ્ઞાન યથાર્થ છે.

વળી, શુક્તિનું રજતમાં જ્ઞાન થાય છે ત્યારે પણ વસ્તુતઃ પૂર્વવર્તી વસ્તુ છે તેનો 'ઇદમ્'થી બોધ થાય છે અને તેને જોઈને રજતની સ્મૃતિ થાય છે. તેથી "આ રજત છે" એ પ્રકારના જ્ઞાનમાં બે જ્ઞાનો છે. પરંતુ બોધ કરનારને બે જ્ઞાનો થયા હોવા છતાં પોતાને બે જ્ઞાનો થયા છે, તેના બોધનો અભાવ હોવાના કારણે આ જ્ઞાન ભ્રમાત્મક છે એવું લાગે છે. વસ્તુતઃ તે બન્ને જ્ઞાનો સાચા છે; કેમ કે સામે રહેલી વસ્તુનો 'આ' શબ્દથી બોધ થયો તે પણ યથાર્થ છે અને તેને જોઈને રજતની સ્મૃતિ થઈ તે પણ યથાર્થ છે. તેથી રજતમાં શુક્તિનું થયેલું જ્ઞાન પણ ભ્રમાત્મક નથી, પરંતુ તે જ્ઞાનમાં અનુભવાતાં બન્ને જ્ઞાનો યથાર્થ છે.

વળી, શબ્દનયના મતે કોઈ જીવ અજ્ઞ પણ નથી; કેમ કે અજ્ઞપણું એટલે જ્ઞાનનો અભાવ અને શાસ્ત્રકારો કહે છે કે સર્વ જીવોને અક્ષરનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો છે. તેથી સર્વ સંસારી જીવો નિત્ય જ્ઞાનવાળા છે, પરંતુ ક્યારેય પણ જ્ઞાનના અભાવવાળા નથી. ફક્ત જીવોમાં જ્ઞાનની અલ્પતા-અધિકતા કૃત ભેદ છે. તેથી કોઈકને અલ્પ શ્રુતજ્ઞાન હોય છે, કોઈકને અધિક શ્રુતજ્ઞાન હોય છે, તો કોઈકને ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન હોય છે, તો વળી કોઈકને પૂર્ણ જ્ઞાનરૂપ કેવળજ્ઞાન હોય છે, પરંતુ જ્ઞાનના અભાવવાળા કોઈ જીવો નથી. તેથી શબ્દનયથી સર્વ જીવો સમ્યગ્દૃષ્ટિ છે અને સર્વ જીવો જ્ઞાની છે, પરંતુ કોઈ જીવ મિથ્યાદૃષ્ટિ નથી અને અજ્ઞાની નથી. માટે શબ્દનય અજ્ઞાનને સ્વીકારતું નથી. તેથી શબ્દનયના મતે શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન એમ બે જ જ્ઞાનો છે, પરંતુ કોઈ પ્રકારનું અજ્ઞાન નથી.

સૂત્ર-૧/૧૨માં કહેલ કે મતિ-શ્રુતથી અન્ય જે જ્ઞાનો છે, તે પ્રત્યક્ષ છે. ત્યારપછી ભાષ્યમાં પ્રશ્ન કરેલ કે અનુમાન, ઉપમાન આદિ છ પ્રમાણો કેટલાક માને છે તો આ બે પ્રમાણ કેમ છે ? તેનો ઉત્તર આપતાં કહેલ કે આ છએ પ્રમાણો મતિ-શ્રુતમાં અંતર્ભાવ પામે છે. એમ કહ્યા પછી ભાષ્યમાં ખુલાસો કર્યો કે અનુમાન આદિ જે અન્ય દર્શનવાળા માને છે, તે અપ્રમાણ જ છે. માટે પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે જ પ્રમાણ છે.

અહીં પ્રશ્ન થાય કે અન્ય દર્શનકારો જે અનુમાન આદિ પ્રમાણ માને છે તે અપ્રમાણ કેમ છે ? તેથી સૂત્ર-૧/૧૨ના ભાષ્યમાં ખુલાસો કર્યો કે મિથ્યાદૃષ્ટિના મતિ-શ્રુત-અવધિ નિયમા અજ્ઞાન છે. તેથી અન્ય દર્શન વડે ગ્રહણ કરાયેલા અનુમાન આદિ અપ્રમાણ જ છે. ત્યારપછી ભાષ્યમાં ખુલાસો કર્યો કે નયવાદાન્તરથી અન્ય દર્શનકારોને અભિમત અનુમાન આદિ પ્રમાણો મતિ-શ્રુતના વિકલ્પથી થનારા છે, તે પ્રમાણે આગળમાં કહીશું. તે નયવાદાન્તર એટલે શબ્દનય. અને શબ્દનય કોઈ જીવને મિથ્યાદૃષ્ટિ માનતો નથી. તેથી શબ્દનયના મતે પૃથ્વીકાય આદિ પણ મિથ્યાદૃષ્ટિ નથી અને તે રીતે અન્ય દર્શનવાળા પણ મિથ્યાદૃષ્ટિ નથી. માટે શબ્દનયની દૃષ્ટિથી અન્ય દર્શનકારોએ સ્વીકારેલા અનુમાન આદિ પ્રમાણો મતિ-શ્રુતના વિકલ્પોમાં અંતર્ભાવ પામે છે. આથી જ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આપ્ત વચનોનું પણ પ્રામાણ્ય સ્વીકારાય છે, એ પ્રકારનો સૂત્ર-૧/૧૨ના ભાષ્ય સાથે પ્રસ્તુત ભાષ્યનો સંબંધ છે, તેમ ટીકાકારે સ્પષ્ટ કરેલ છે.

પ્રથમ અધ્યયનમાં મતિ આદિ પાંચ જ્ઞાનોરૂપ પ્રમાણનો વિચાર કર્યો અને સૂત્ર-૧/૩૪ અને ૧/૩૫માં નયનો વિચાર કર્યો. હવે પ્રથમ અધ્યયનના સકલ અર્થના ઉપસંહારને કરતા કારિકા 'आह च'થી કહે છે –

**ભાષ્ય :-**

**आह च –**

**"विज्ञायैकार्थपदान्यर्थपदानि च विधानमिष्टं च ।**
**विन्यस्य परिक्षेपान्नयैः परीक्ष्याणि तत्त्वानि ।।१।।**
**ज्ञानं सविपर्यासं, त्रयः श्रयन्त्यादितो नयाः सर्वम् ।**
**सम्यग्दृष्टेर्ज्ञानं, मिथ्यादृष्टेर्विपर्यासः ।।२।।**
**ऋजुसूत्रः षट् श्रयते, मतेः श्रुतोपग्रहादनन्यत्वात् ।**
**श्रुतकेवले तु शब्दः श्रयते नान्यत् श्रुताङ्गत्वात् ।।३।।**
**मिथ्यादृष्ट्यज्ञाने, न श्रयते नास्य कश्चिदज्ञोऽस्ति ।**
**ज्ञस्वाभाव्याज्जीवो, मिथ्यादृष्टिर्न चाप्यस्ति।।४।।**
**इति नयवादाश्चित्राः, क्वचिद्विरुद्धा इवाथ च विशुद्धाः ।**
**लौकिकविषयातीतास्तत्त्वज्ञानार्थमधिगम्याः" ।।५।।**

**ભાષ્યાર્થ :-**

**એક અર્થવાળા પદોને=જીવ, પ્રાણી, જંતુ ઈત્યાદિ એક અર્થવાળા પદોને અને અર્થપદોને=પદની વ્યુત્પત્તિવાળાં પ્રત્યક્ષ, પરોક્ષ ઈત્યાદિ પદોને, વિધાનને=નામ, સ્થાપનાદિક વિધાનને, ઈષ્ટને=નિર્દેશ, સ્વામિત્વ, સત્, સંખ્યાદિ ઈષ્ટને, જાણીને (ત્યારપછી) વિન્યાસ કરીને=નામાદિ વડે નિક્ષેપ કરીને પરિક્ષેપથી=સર્વ વ્યાપ્તિથી=નિર્દેશ, સ્વામિત્વ આદિ દ્વારો વડે સર્વ વ્યાપ્તિથી, નયો વડે તત્ત્વોની=જીવાદિ સાત તત્ત્વોની, પરીક્ષા કરવી જોઈએ. ।।૧।।**

**આદિથી=આદિથી માંડીને ત્રણ નયો=નૈગમ આદિ ત્રણ નયો, વિપર્યાસથી સહિત એવા સર્વ જ્ઞાનને સ્વીકારે છે. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન છે, મિથ્યાદૃષ્ટિને વિપર્યાસ છે. ।।૨।।**

**ઋજુસૂત્રનય છને સ્વીકારે છે; કેમ કે મતિનું, શ્રુત ઉપગ્રાહકપણું હોવાથી અનન્યપણું છે=શ્રુતથી મતિનું અનન્યપણું છે. વળી, શબ્દ=શબ્દનય શ્રુતને અને કેવલને=શ્રુતજ્ઞાનને અને કેવળજ્ઞાનને, આશ્રય કરે છે, અન્યને નહિ; કેમ કે શ્રુતનું અંગપણું છે=મતિ આદિ અન્ય જ્ઞાનોનું શ્રુતનું અંગપણું છે. ।।૩।।**

**મિથ્યાદૃષ્ટિને અને અજ્ઞાનને આશ્રય કરતો નથી=શબ્દનય મિથ્યાદૃષ્ટિને અને અજ્ઞાનને સ્વીકારતો નથી. આને=શબ્દનયને (મતે) કોઈ=કોઈ જીવ અજ્ઞ નથી; કેમ કે 'જ્ઞ' સ્વભાવપણું છે=જીવનું જ્ઞાન સ્વભાવપણું છે અને વળી, જીવ મિથ્યાદૃષ્ટિ પણ નથી. ।।૪।।**

**इति=આ પ્રકારે નયવાદો=નૈગમ આદિ વિચારો ચિત્ર છે. કોઈક સ્થાને વિરુદ્ધના જેવા છે અને (સમ્યક્ આલોચનામાં) વિશુદ્ધ છે. લૌકિક વિષયથી અતીત છે=લૌકિક દૃષ્ટિથી વૈશેષિક આદિ શાસ્ત્રોમાં કહેલા પદાર્થોથી અતીત છે અને તત્ત્વજ્ઞાન માટે અધિગમ્ય છે=અભ્યાસ કરવા યોગ્ય છે. ।।૫।। ।।૧-૩૫।।**

**ભાવાર્થ :-**

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન આવશ્યક છે. તેથી સૂત્ર-૧/૪માં જીવાદિ સાત તત્ત્વો બતાવ્યાં. તે સાત તત્ત્વોની પરીક્ષા કરવી જોઈએ. કઈ રીતે પરીક્ષા કરવી જોઈએ તેનું પ્રથમ અધ્યયનમાં અત્યાર સુધી વર્ણન કર્યું. તે સર્વનો સંક્ષેપથી બોધ કરાવવા અર્થે કહે છે.

જીવાદિ સાત તત્ત્વોને કહેનારાં એવા જે પદો છે તે દરેક પદોના એક અર્થવાચી શબ્દોને જાણવા જોઈએ.

જેમ - જીવાદિ સાત પદાર્થોમાં 'જીવ' પદ છે તેના એકાર્થવાચી પદો જીવ, પ્રાણી, જંતુ ઇત્યાદિ છે તે રીતે દરેક પદોના એકાર્થવાચી પદોનું જ્ઞાન કરવું જોઈએ, જેથી જીવાદિ શબ્દનો કંઈક સ્પષ્ટ બોધ થાય.

વળી, અર્થપદોનો બોધ કરવો જોઈએ=પ્રથમ અધ્યયનમાં આવતા દરેક પદોનો વ્યુત્પત્તિને આશ્રયીને બોધ કરવો જોઈએ.

જેમ - પ્રત્યક્ષ શબ્દ છે, તેનો વ્યુત્પત્તિ અર્થ છે કે "अक्षं प्रतिगतं प्रत्यक्षं"=અક્ષ અર્થાત્ આત્મા તેને પ્રતિગત=પ્રાપ્ત એવો બોધ તે પ્રત્યક્ષ છે. अक्ष થી પર તે પરોક્ષ છે. એ રીતે દરેક શબ્દોના વ્યુત્પત્તિ અર્થ

કરવા જોઈએ. જેથી તે શબ્દવિષયક વિસ્તારથી બોધ થાય.

વળી, વિધાનનો બોધ કરવો જોઈએ=સૂત્ર-૧-૫માં બતાવ્યા, એ પ્રમાણે નામ, સ્થાપનાદિ ચાર નિક્ષેપાનો બોધ કરવો જોઈએ.

વળી, ઇષ્ટનો બોધ કરવો જોઈએ=સૂત્ર-૧/૭ અને ૧/૮માં જે નિર્દેશ, સ્વામિત્વ, સત્, સંખ્યાદિ દ્વારો બતાવ્યાં, તે દ્વારો જીવાદિ સાત પદાર્થોનો બોધ કરવા માટે ઇષ્ટ છે. તેથી ઇષ્ટ એવા તે દ્વારોનો બોધ કરવો જોઈએ.

ત્યારપછી જીવાદિ સાત પદાર્થોનો નામાદિ દ્વારા વિન્યાસ કરવો જોઈએ=નામાદિ ચારે નિક્ષેપાથી જીવાદિ સાતેય પદાર્થોનો નિક્ષેપ કરવો જોઈએ અને નિર્દેશ, સ્વામિત્વ આદિ દ્વારો વડે પરિક્ષેપથી=સર્વ વ્યાપ્તિથી જીવાદિ પદાર્થોનો બોધ કરવો જોઈએ.

વળી, પ્રમાણ અને પ્રમેયમાં ભાષ્યકારે ઘટાવેલ એવા નૈગમ આદિ નયો વડે જીવાદિ સાતેય તત્ત્વોની પરીક્ષા કરવી જોઈએ અર્થાત્ "આ અર્થ આ પ્રમાણે છે" અને "આ અર્થ આ પ્રમાણે નથી" એ પ્રમાણે પરીક્ષા કરવી જોઈએ. કોની પરીક્ષા કરવી જોઈએ ? એથી કહે છે જીવાદિ સાતે તત્ત્વોની પરીક્ષા કરવી જોઈએ. **॥૧॥**

શ્લોક-૧માં જીવાદિ સાત તત્ત્વોનો પ્રથમ અધ્યયનમાં કહેલ પદ્ધતિથી કઈ રીતે બોધ કરવો જોઈએ, તે સંક્ષેપથી બતાવ્યું. હવે સૂત્ર-૧/૯માં મતિ આદિ પાંચ જ્ઞાનો અને સૂત્ર-૧-૩૨માં મતિ આદિ ત્રણ અજ્ઞાનો બતાવેલ તે આઠને આશ્રયીને નૈગમ આદિ નયો શું કહે છે, તે બતાવવા અર્થે કહે છે –

વિપર્યાસ સહિત પાંચ જ્ઞાનો ગ્રહણ કરીએ તો પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એમ આઠ પ્રાપ્ત થાય છે અને નૈગમ આદિ પાંચ નયોમાંથી પ્રથમના ત્રણ નયો પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ સર્વને સ્વીકારે છે.

અહીં પ્રશ્ન થાય કે જ્ઞાન કોને હોય અને અજ્ઞાન કોને હોય ? તેથી કહે છે કે સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન હોય છે અને મિથ્યાદૃષ્ટિને વિપર્યાસ હોય છે. **॥૨॥**

પ્રથમના ત્રણ નયો પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનમાંથી કોને સ્વીકારે છે, તે વાત શ્લોક-૨માં બતાવી. હવે ઋજુસૂત્રનય અને શબ્દનય પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનમાંથી કોને સ્વીકારે છે તે બતાવે છે. ઋજુસૂત્રનય પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનમાંથી છને સ્વીકારે છે, મતિજ્ઞાનને અને મતિઅજ્ઞાનને સ્વીકારતો નથી; કેમ કે મતિજ્ઞાનને શ્રુતજ્ઞાન ઉપકારક છે. તેથી મતિજ્ઞાન શ્રુતજ્ઞાનથી અભિન્ન છે માટે ઋજુસૂત્રનય શ્રુતથી પૃથક્ મતિજ્ઞાનને સ્વીકારતો નથી.

અહીં પ્રશ્ન થાય કે ઋજુસૂત્રનય શ્રુતથી મતિજ્ઞાનને પૃથક્ કેમ સ્વીકારતો નથી. તેથી ટીકાકાર ખુલાસો કરે છે કે ઋજુસૂત્રનયને મોક્ષની પ્રાપ્તિમાં ઉપયોગી એવી ક્રિયામાં ફલપ્રમાણ નથી, કારણપ્રમાણ છે. વળી, શ્રુતજ્ઞાન કારણ છે. મતિજ્ઞાન નહિ, તેથી મતિજ્ઞાનનું શ્રુતજ્ઞાન દ્વારા અન્યથાસિદ્ધપણું છે. આશય એ છે કે શ્રુતજ્ઞાનથી પરિકર્મિત થયેલી મતિ મોક્ષ ઉપયોગી ઉચિત અનુષ્ઠાન કરવામાં કારણ બને છે. તેથી શ્રુતજ્ઞાન કારણ છે અને મતિજ્ઞાન ફળ છે; કેમ કે શ્રુતજ્ઞાનથી મતિજ્ઞાન પરિકર્મિત થાય છે માટે શ્રુતજ્ઞાન કારણ છે

અને પરિકર્મિત થયેલું મતિજ્ઞાન ફળ છે. માટે મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનમાં અંતર્ભાવ કરીને ઋજુસૂત્રનય ચાર જ્ઞાન અને બે અજ્ઞાન એમ છને સ્વીકારે છે.

વળી, શબ્દનય શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન બેને જ સ્વીકારે છે.

અહીં જિજ્ઞાસા થાય કે શબ્દનય મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનને કેમ સ્વીકારતો નથી ? તેથી કહે છે - તે ત્રણે જ્ઞાનો શ્રુતનાં અંગ છે અર્થાત્ મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન એ ત્રણેય શ્રુતને પ્રતિવિશિષ્ટ બળના આધાનના હેતુ છે. આશય એ છે કે અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન દ્વારા જે બોધ થાય છે, તેનાથી વિશિષ્ટ પ્રકારનું ભાવશ્રુત થાય છે અને અવધિ-મનઃપર્યાયજ્ઞાનથી થયેલું વિશિષ્ટ ભાવશ્રુત શ્રોતાને બોધ કરવામાં પણ અત્યંત ઉપકારક થાય છે. તેથી અવધિજ્ઞાનથી અને મનઃપર્યાયજ્ઞાનથી પુષ્ટ થયેલું શ્રુતજ્ઞાન વિશિષ્ટ ચારિત્રની પ્રાપ્તિનું કારણ થાય છે. તેથી જેમ મતિજ્ઞાન વિશિષ્ટ શ્રુતની પ્રાપ્તિનું કારણ છે, તેમ અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન પણ વિશિષ્ટ શ્રુતની પ્રાપ્તિનું કારણ છે અને વિશિષ્ટ શ્રુતથી વિશિષ્ટ કોટિનું ચારિત્ર પ્રગટે છે. અને મોક્ષ પ્રત્યે ચારિત્ર કારણ છે માટે શબ્દનય મતિજ્ઞાનને, અવધિજ્ઞાનને અને મનઃપર્યાયજ્ઞાનને શ્રુતજ્ઞાનમાં અંતર્ભાવ કરે છે અને તે મતિજ્ઞાનાદિથી પ્રાપ્ત થયેલ વિશિષ્ટ શ્રુતજ્ઞાન વિશિષ્ટ ચારિત્રની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ બને છે. તેથી શ્રુતજ્ઞાનથી પૃથક્ ત્રણ જ્ઞાનને શબ્દનય સ્વીકારતો નથી અને કેવળજ્ઞાન શ્રુતજ્ઞાન કરતાં પણ વિશિષ્ટ છે; કેમ કે કેવળજ્ઞાન સર્વ દ્રવ્યના અને સર્વ પર્યાયના વિષયને કરનારું છે, તેથી શબ્દનય શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન બેને સ્વીકારે છે. **II3II**

અહીં પ્રશ્ન થાય કે શબ્દનય મતિ આદિ ત્રણ જ્ઞાનને શ્રુતજ્ઞાનમાં અંતર્ભાવ કરે છે. તેથી તેના માટે શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન એમ બે જ્ઞાન પ્રાપ્ત થાય છે. પરંતુ શબ્દનય શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનને કેમ સ્વીકારતો નથી ? એથી કહે છે –

શબ્દનય મિથ્યાદૃષ્ટિને અને અજ્ઞાનને આશ્રય કરતો નથી. કેમ આશ્રય કરતો નથી ? તેથી કહે છે –

શબ્દનયના મતે કોઈ અજ્ઞ નથી; કેમ કે સર્વ જીવોનો જ્ઞાન સ્વભાવ છે. આશય એ છે કે જીવ જ્ઞાન સ્વભાવવાળો છે અને ઉપયોગ એ જીવનું લક્ષણ છે. તેથી દરેક જીવો જ્ઞાનના ઉપયોગવાળા છે, પરંતુ જ્ઞાનના ઉપયોગ વગરના કોઈ જીવો નથી. તેથી શબ્દનયના મતે કોઈ અજ્ઞ નથી તેથી કોઈ જીવો મિથ્યાદૃષ્ટિ પણ નથી.

શબ્દનયનો આશય એ છે કે જે કંઈ જ્ઞાન હોય તે યથાર્થ જ હોય. જ્ઞાન અને વિપરીત એ સંભવે નહિ. તેથી જેને જેટલું જ્ઞાન હોય તે જ્ઞાન તે અંશમાં યથાર્થ જ બોધ કરાવે છે. ફક્ત તે જ જ્ઞાન એકેન્દ્રિયાદિને અતિ અલ્પ છે અને છદ્મસ્થનું તે જ જ્ઞાન વૃદ્ધિ પામીને ઉત્કૃષ્ટ ચૌદ પૂર્વનું થાય છે. તોપણ તે જ્ઞાન પૂર્ણ નથી. પૂર્ણ જ્ઞાન તો કેવલીને જ છે. આ રીતે શબ્દનય કોઈ જીવને અજ્ઞ અને મિથ્યાદૃષ્ટિ સ્વીકારતો નહિ હોવાથી તેના મતે શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન નથી. માટે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનમાંથી માત્ર શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાન બેને જ સ્વીકારે છે. **II४II**

આ પ્રકારે=શ્લોક-૨થી માંડીને શ્લોક-૪ સુધી બતાવ્યું એ પ્રમાણે નયવાદો=નૈગમ આદિ વિચારો ચિત્ર છે=બહુ પ્રકારના છે; કેમ કે જ્ઞેયનું વિચિત્રપણું છે.

વળી, નયવાદો કોઈક સ્થાને વિરુદ્ધના જેવા ભાસે છે; કેમ કે પદાર્થને જોનારા પુરુષને જે નયની રુચિ હોય તે નયની દૃષ્ટિથી તે પુરુષ પદાર્થને જોનાર હોવાથી પ્રતિપક્ષ નયથી પદાર્થને જોવામાં આવે તો તે પુરુષે જોયેલ નયની દૃષ્ટિનું વચન વિરુદ્ધ જેવું જણાય છે. જેમ સંસારના આશયથી કરાયેલું અનુષ્ઠાન વિષઅનુષ્ઠાન છે કે ગરઅનુષ્ઠાન છે, એ પ્રકારનું વચન કોઈક નયદૃષ્ટિનું વચન છે અને આ દૃષ્ટિથી જોનારા પુરુષને સંસારના આશયથી કરાયેલું કોઈક પ્રકારનું અનુષ્ઠાન તદ્હેતુ અનુષ્ઠાન છે, તેવું ભિન્ન નયની દૃષ્ટિનું વચન પ્રાપ્ત થાય ત્યારે પૂર્વના વચન સાથે ઉત્તરનું વચન વિરુદ્ધ જેવું જણાય છે. પરંતુ સમ્યગ્ આલોચના કરાયે છતે અન્ય નયની દૃષ્ટિ અન્ય નયના જ્ઞાનને બાધ કરતી નથી, તેવું જણાવાથી તે નયો વિશુદ્ધ બને છે=યથાર્થ ગ્રહણ કરનારા બને છે.

વળી, નયવાદો લૌકિક વિષયથી અતીત છે અર્થાત્ નયો અંશગ્રાહી હોવા છતાં પણ ભગવાનના બતાવાયેલા પ્રમાણને સ્વીકારનારા હોવાથી અનંત ધર્માત્મક વસ્તુના સ્પર્શથી લૌકિક વિષયવાળા અન્ય દર્શનનાં શાસ્ત્રોથી અતીત છે.

આશય એ છે કે અન્ય દર્શનવાદીઓ પણ કોઈક એક નય ઉપર ચાલનારા છે અને તે નયની દૃષ્ટિથી સ્વદર્શનની સર્વ માન્યતાઓનું સ્થાપન કરે છે અને ભગવાનનું શાસન તો સર્વ નયથી પદાર્થને સ્વીકારનારું છે; તેથી સર્વ નયથી ભગવાનના શાસનને સ્વીકારનાર પુરુષ અંશગ્રાહી એવા નયની દૃષ્ટિથી પદાર્થનો વિચાર કરતા હોય ત્યારે પણ પ્રમાણદૃષ્ટિથી અનંત ધર્માત્મક વસ્તુને સ્વીકારનારા છે. તેથી કોઈક નયદૃષ્ટિ પર ચાલનારા એવા લૌકિક વિષયને સ્પર્શનારા અન્ય દર્શનનાં શાસ્ત્રોથી ભગવાનનાં નયદૃષ્ટિનાં વચનો અતીત છે; કેમ કે સમગ્રગ્રાહી એવા પ્રમાણના તે તે સ્થાનમાં તે તે નય પોતાનું વક્તવ્ય કહે છે, પરંતુ અન્ય નયના સ્થાનમાં પોતાનું વક્તવ્ય તે નય કરતો નથી. જ્યારે લૌકિક વિષય પર ચાલનારા અન્ય દર્શનનાં શાસ્ત્રો તો માત્ર એક નયની દૃષ્ટિનો સ્વીકાર કરીને અન્ય નયદૃષ્ટિનો અપલાપ કરનાર છે. વળી, આ નયવાદો તત્ત્વજ્ઞાનના બોધ માટે=સમગ્ર નયોની સામગ્રીથી સંપાદ્ય એવા સપ્ત ભંગાત્મક મહાવાક્યના બોધ માટે, અધિગમ્ય છે=અભ્યાસ કરવા યોગ્ય છે.

ઉત્સર્ગથી તો ભગવાનના પ્રવચનથી પરિણત બુદ્ધિવાળા જીવોને સ્યાદ્વાદનું કથન જ ઉચિત છે; કેમ કે પરિપૂર્ણ વસ્તુનું પ્રતિપાદક છે. વળી, સ્યાદ્વાદની વ્યુત્પત્તિના અર્થીપણાથી શિષ્યોની અંશગ્રાહી એવા નયવાદોમાં પણ અપવાદથી પ્રવૃત્તિ ઉચિત જ છે. **॥૫॥ ॥૧-૩૫॥**

**॥ તત્ત્વાર્થાધિગમસૂત્ર : અધ્યાય-૧ સંપૂર્ણ ॥**

✣ ✶ ✣

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો


આશ્રવ અને અનુબંધ ૧૩ ✤

ચારિત્રાચાર ૩૬

*ચારિત્રાચાર* (હિન્દી આવૃત્તિ) ૧૯૦

પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા ૨૫


## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો


Is Jaina Order Independent Religion or Denomination ? ૫૮

Status of religion in modern Nation State theory ૬૪

અનેકાંતવાદ ૯

કર્મવાદ કર્ણિકા ૫

કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) ૧૫૭

કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય ૪૯

ગૃહજિનાલય મહામંગલકારી ૮૫

ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ ૧૨

*ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં...* (હિન્દી આવૃત્તિ) ૧૮૯

ચિત્તવૃત્તિ ૧૧

ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) ૨૮

જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? ૫૬

જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) ૫૭

દર્શનાચાર ૭

ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ ૫૫

પ્રશ્નોત્તરી ૧૦

પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) ૪૨

ભાગવતી પ્રવ્રજ્યા પરિચય ૧૫


✤ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

| | |
|---|---|
| *ભાગવતી પ્રવ્રજ્યા પરિચય* (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |
| ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) | ૨૪ |
| મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) | ૧૭૯ |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | ૧૪ |
| યોગદૃષ્ટિસમુચ્ચય | ૪ |
| લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૩૩ |
| શાસન સ્થાપના | ૮ |
| શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) | ૨૭ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો | ૩ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) | ૩૫ |
| શ્રી ઉપધાન માર્ગોપદેશિકા | ૯૩ |
| સદ્‌ગતિ તમારા હાથમાં ! | ૬ |
| સદ્‌ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) | ૧૬૩ |


**संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब**


| | |
|---|---|
| पाक्षिक अतिचार | ४१ |


## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી


| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનના ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

| | |
|---|---|
| અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન | ૧૬૯ |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૦ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-3 | ૨૨ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૬ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૮ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-3 | ૭૯ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૧૪ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૫ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૧૬ |
| અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૨૨ |
| આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન | ૧૨૪ |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | ૧૮ |
| ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૪ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૬ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૭ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-3 | ૧૭૮ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૬ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૭ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-3 | ૧૨૮ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-3) શબ્દશઃ વિવેચન ભાગ-3 | ૧૭3 |
| *ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪* | *૧૮૦* |

| | |
|---|---|
| ***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫*** | ***૧૮૧*** |
| ***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬*** | ***૧૮૨*** |
| કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન | ૩૧ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૨ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૩ |
| જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન | ૬૮ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૦ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૧ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૨ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૬૪ |
| દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન | ૧૪૭ |
| દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૧૮ |
| દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન | ૧૬૦ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૮ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૫ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૨ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૩ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૪ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૦ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૧ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૪૨ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૫૫ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૫૬ |
| ***ધ્યાનશતક શબ્દશઃ વિવેચન*** | ***૧૮૩*** |
| નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૧૭ |
| પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન | ૧૨૫ |
| પગામસિજ્જા શબ્દશઃ વિવેચન | ૧૪૪ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૪૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૮૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |

| | |
|---|---|
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| ***પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧*** | ***૧૮૪*** |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| ***પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન*** | ***૧૮૭*** |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |
| બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૯ |
| બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૨ |
| બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૪૬ |
| બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૩૯ |
| બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૧૩ |
| બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૨ |
| બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૭ |
| બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૪ |
| બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૩ |
| બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૪ |
| બત્રીશી-૧૫ : સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૧ |
| બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૫ |
| બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૧ |
| બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૦ |
| બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૧ |

| | |
|---|---|
| બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૦ |
| બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૪ |
| બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૨ |
| બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૩ |
| બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૪ |
| બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૬ |
| બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૧ |
| બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૩ |
| બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૪ |
| બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૭ |
| બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૬ |
| બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૦૬ |
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |

| | |
|---|---|
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| *વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨* | *૧૮૫* |
| *વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩* | *૧૮૬* |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |


## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત
## સંશોધનાત્મક પ્રકાશનો


| | | |
|---|---|---|
| આગમ પ્રકાશનસૂચી (હિન્દી) | સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી | ૧૭૫ |


## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો


૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

## પ્રાપ્તિસ્થાન

**❖ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**❖ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**❖ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**❖ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**❖ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**❖ BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

**❖ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

## નોંધ

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન,
સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com